સાબરકાંઠા, બનાસકાંઠા, ખેડા સિવાય બધે જ

પાનાં : ૨૪ કિંમત : રૂા. ૫-૦૦ ** તા. ૨૭ નવેમ્બર ૨૦૨૬ શુક્રવાર

અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, ભૂજ અને મુંબઈથી પ્રગટ થતું દૈનિક

# ગુજરાત સમાચાર

ચિત્રલીક

અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ ▶ સંવત ૨૦૮૩ શકે ૧૯૪૮ કારતક વદ - ૩ વર્ષ : ૯૪, અંક : ૩૨૦ ▶ ટે.નં.૨૫૫૦૮૦૦૧-૨-૩-૪ ▶ http://www.gujaratsamachar.com AHMEDABAD

મેનેજિંગ તંત્રી : શ્રેયાંસ શાંતિલાલ શાહ ▶ મુદ્રક અને પ્રકાશક : શ્રેયાંસ શાંતિલાલ શાહ ખાનપુર, અમદાવાદ-૧ ▶ RNI Reg. No. 1562/57/REG.No. GAMC-28/2025-2026 Valid upto 31 Dec., 2026 Posting at A'bad RMS 1-2-3-4

## મહિલા અનામત કાયદા-સીમાંકન બિલ પર આજે કેબિનેટમાં ચર્ચા થશે, રણનીતિ ઘડવા વિપક્ષની પણ તૈયારી

# સીમાંકન માટે સરકારનો સળવળાટ : સંસદની વિશેષ બેઠક

(પીટીઆઈ) નવી દિલ્હી, તા.૨૬

મહિલા અનામત કાયદા અને સીમાંકન સંબંધિત બંધારણીય સુધારણા બિલ મુદ્દે એક વખત પછડાટ ખાઈ ચૂકેલી કેન્દ્ર સરકારે ૧૦૦ દિવસથી પણ વધુ સમય રાહ જોયા પછી અંતે આગામી સપ્તાહે ચોમાસુ સત્રના ભાગરૂપે સંસદની વિશેષ બેઠક બોલાવવાની જાહેરાત કરી છે. સંસદીય કાર્યમંત્રી કિરેણ રિજિજૂએ કરેલી જાહેરાત મુજબ સોમવારે લોકસભા અને બુધવારે રાજ્યસભાની વિશેષ બેઠક બોલાવાશે. સરકારે બેઠકનો કોઈ એજન્ડા જાહેર નથી કર્યો, પરંતુ તેમાં મહિલા અનામત કાયદો અને સીમાંકન સંબંધિત બંધારણીય સુધારણા બિલ રજૂ કરવામાં આવે તેવી સંભાવના છે. આગામી સપ્તાહે સંસદની વિશેષ બેઠક પહેલાં કેન્દ્ર સરકારે શુક્રવારે વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં કેબિનેટ બેઠક બોલાવી છે, જેમાં આ બિલ પર ચર્ચા થવાની શક્યતા છે. બીજીબાજુ વિપક્ષે પણ આ મુદ્દે રણનીતિ ઘડવા બેઠક બોલાવી છે.

### ચોમાસુ સત્ર સ્થગિત થયાના ૧૦૮ દિવસ બાદ સોમવારે લોકસભા, બુધવારે રાજ્યસભાની વિશેષ બેઠકની કેન્દ્રની જાહેરાત

કેન્દ્ર સરકારે લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા અને રાજ્યસભા અધ્યક્ષ સીપી રાધાકૃષ્ણનને ૩૦ નવેમ્બરને સોમવારે લોકસભા અને બે ડિસેમ્બરને બુધવારે બેઠક ૧૩ ઓગસ્ટથી અનિશ્ચિતકાળ માટે સ્થગિત કરાઈ હતી, પરંતુ ત્યારથી અત્યાર સુધીમાં લોકસભા કે રાજ્યસભાનું ચોમાસુ સત્ર સમાપ્ત થયાની જાહેરાત કરાઈ નથી, જેથી ચોમાસુ સત્ર ઔપચારિકરૂપે ચાલુ છે. તેને ૧૦૦ દિવસથી વધુ થઈ ગયા છે અને તેણે ૨૦૦૮માં બનેલા ૮૭ દિવસના રેકોર્ડને પણ તોડી નાંખ્યો છે. આગામી સપ્તાહે બોલાવાયેલી વિશેષ બેઠક ચોમાસુ સત્રના ભાગરૂપ યોજાશે. સોમવારે સંસદનું સત્ર યોજાય તે પહેલા શુક્રવારે

(અનુસંધાન ૧૧મે પાને)

**મહિલા અનામત-સીમાંકન સંબંધિત બંધારણીય સુધારા બિલ પાસ કરાવવા સરકારને ૩૬૧ મતોની જરૂર**

રાજ્યસભાની બેઠક બોલાવવા વિનંતી કરી છે. સંસદીય કાર્યમંત્રી કિરેન રિજિજૂએ કહ્યું કે, જરૂરી સરકારી કામકાજ પૂરા કરવા માટે આ વિનંતી કરવામાં આવી છે. કયા-કયા મુદ્દા અને પ્રસ્તાવ પર ગૃહમાં રજૂ કરાશે તે અંગે કોઈ માહિતી સામે આવી નથી. જોકે, આ બેઠક પૂરી થવાની સાથે બંને ગૃહોની કાર્યવાહી ૩ ડિસેમ્બરને ગુરૂવારે પૂરી થઈ જશે. જોકે ૩ ડિસેમ્બરે કાર્યવાહી પૂરી થવાની બાબત હાલ પૂરતી સંભવિત છે. કાર્યવાહી પૂરી થઈ કે કેમ તે કામકાજની જરૂરિયાતો પર નિર્ભર કરશે.

સંસદના ચોમાસુ સત્રમાં બંને ગૃહોની

### કેન્દ્ર સરકારની મમતથી 'અખંડ ભારત' ફરી 'ખંડિત' થવાનો ભય !

નવી દિલ્હી, તા.૨૬

કેન્દ્ર સરકાર લાંબા સમયથી સંસદની ૫૪૩ બેઠકોને વધારીને ૮૫૦ કરવાની તૈયારી કરી રહી છે, જેના માટે સીમાંકન બિલ તૈયાર કરાયું છે. કેન્દ્ર સરકાર આ બિલ પસાર કરાવવા મમતે ચઢી છે. સરકારે આ પહેલાં ૧૭ એપ્રિલે વિશેષ સત્ર બોલાવી મહિલા અનામત-સીમાંકન બિલ સંબંધિત બંધારણીય સુધારણા બિલ રજૂ કર્યું હતું, પરંતુ તેને બહુમતી ના મળતા પીછેહઠ કરવી પડી હતી. હવે લગભગ સાત મહિના પછી ફરી એક વખત કેન્દ્ર સરકાર આ બિલ પસાર કરાવવા સંસદની વિશેષ બેઠક બોલાવી રહી છે. જોકે, આ બિલ પસાર

(અનુસંધાન ૧૧મે પાને)

## બિહારમાં અભૂતપૂર્વ લગ્નની શરણાઈઓ : ૧૦ લાખની હાજરી



બિહારના માથાભારે નેતા અનંત સિંહ ઉર્ફે 'છોટે સરકાર'ની દીકરીના લગ્નની વિશ્વભરમાં ચર્ચા થઈ રહી છે. અનંત સિંહ દ્વારા ભારત અને પાકિસ્તાનના તમામ નાગરિકોને ખુલ્લું આમંત્રણ આપવામાં આવ્યું હતું. અને પરિણામે ૧૦ લાખથી વધુ લોકો લગ્નમાં પહોંચ્યા. આ લગ્ન સમારંભના વીડિયોઝ સોશિયલ મીડિયા સાઈટ્સ પર વાયરલ થયા છે. જેમ, બેસ્ટ ફેન્ડઝ જોવા મળે. તેમ અનંત સિંહના જેલ ફ્રેન્ડનો વીડિયો વાયરલ થયો. તેમાં કોઈ માથાભારે વ્યક્તિ કહેતો સાંભળવા મળ્યો કે, છોટે સરકાર કે લિયે કુછ ભી કરેંગે. ઉન્હોને હી હમે જેલ સે છૂડાયા હૈ. આ વ્યક્તિ જોશજોશમાં બોલી પણ ગયા કે, તેઓ ડઝનથી વધુ રિવોલ્વર અને સેંકડો રાઉન્ડ કારતૂસ સાથે લગ્નમાં આવ્યા છે. વીડિયોમાં જોવા મળ્યું કે, ઘણાએ ૫-૧૦ કિમી દૂર કાર પાર્ક કરી અને ગામડાના ખેતરોમાંથી થઈને લગ્નમાં પહોંચ્યા. આ લગ્નનો ભોજન સમારંભ પણ ખાસ રહ્યો. ભોજન સમારંભમાં ડિશો ફેંકવામાં આવી. કોઈને બોક્સ મળ્યું તો તેણે બોક્સમાં વાનગીઓ ઝાપટી. તો કોઈને નસીબમાં કશું જ ન આવ્યું, તો કોઈએ રસગુલ્લાને ખીસ્સામાં ભર્યા તો કોઈએ ભરપેટ ખાધું. આ બધા વચ્ચે લગ્નમાં થયેલા ખર્ચાએ ચર્ચા જગાવી છે. અનંત સિંહે જમાઈને રૂ. ૩.૫ કરોડની ડિફેન્ડર કાર ગિફ્ટમાં આપી. આ સિવાય પણ લગ્નમાં અખૂટ ખર્ચ કરવામાં આવ્યો. સોશિયલ મીડિયામાં ચર્ચા થવા લાગી કે, આ તો કેવું ઈડી- આઈટી પ્રૂફ કામકાજ, કારણ કે, આપણે તો ભૂલથી લગ્નમાં એકાદ જ્વેલરી વધુ ખરીદી લઈએ તો આઈટી વિભાગની નોટિસ આવી જાય. અને અહીં જે જોવા મળી રહ્યું છે તે કલ્પનાશક્તિથી પણ બહાર છે. આ અનંત સિંહ પણ કોઈ સામાન્ય માણસ નથી. હા, ધારાસભ્ય છે અને એ પણ સામાન્ય નહીં. તેમના કુલ ૩૮ કેસ પેન્ડિંગ છે. તેમાંથી ૭ મર્ડર કેસ છે. ૧૧ અટેમ્પ્ટ ટુ મર્ડર, ૪ કિડનેપિંગ અને આ સિવાય એક્ટોશન, લૂંટ સહિતના ગૂના નોંધાયા છે. પહેલા જેડીયુના ધારાસભ્ય હતા. પાર્ટીએ ઓક્ટોબર મહિનામાં સસ્પેન્ડ કર્યા કારણ કે, ભાજપ જોડે તેમને સારું બનવા લાગ્યું. આ ભાજપના જ આશીર્વાદ જેના કારણે માથાભારે વ્યક્તિની દીકરીના લગ્ન વિશ્વભરમાં ચર્ચાનો વિષય બન્યા. એક તરફ, પીએમ મોદી ભારતીયોને સલાહ આપી રહ્યા છે કે, તમે સાદગીથી લગ્ન કરો. સોનું ઓછું ખરીદો અને બીજી તરફ, તેમના જ સહયોગીઓના લગ્નમાં ઈડી, આઈટીને એક રીતે ખુલ્લી ચેલેન્જ આપવામાં આવી રહી છે. એક વાત પાક્કી કે, જો કોઈ સામાન્ય નાગરિકના લગ્ન હોત તો અત્યાર સુધીમાં જેલભેગો થયો હોત. પરંતુ, આ લગ્નની તો વાત જ કંઈક અલગ. એવા લગ્ન કે જેમાં જંગલ રાજની ઝલક પણ જોવા મળી. જોવા મળ્યું કે, ઈડી, આઈટી વિભાગની અસર ભાજપના સાથીઓને નથી થતી. ખેર, ભાજપના બ્રિજ ભૂષણ શરણસિંહ, પ્રેમ કુમાર, રામ કૃપાલ યાદવ અને વિવેક ઠાકુર આ લગ્નમાં મહેમાન બન્યા હતા. ભાજપના ઉત્તર પ્રદેશના સાંસદ બ્રિજ ભૂષણ શરણસિંહ તો જાણે અહીં ચીફ ગેસ્ટ હતા. ભલે સામાન્ય લોકોને જમવાનું મળ્યું - ન મળ્યું, તેમને ભરપેટ જમવા મળ્યું હશે તે પાક્કું.

## નવા ટેરિફ મુદ્દે ટ્રમ્પ ઘરઆંગણે જ ભેરવાયા : દુનિયામાં પણ વિરોધ

# ટ્રમ્પમાં ચીન સામે ટક્કરની તાકાત નથી ટેરિફથી અમેરિકાને જ નુકસાન : ડેમોક્રેટ્સ

(પીટીઆઈ) હોંગકોંગ, તા.૨૬

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ૧૬ ટ્રેડિંગ પાર્ટનર્સ દેશો પર નવા ટેરિફ નાંખવાની જાહેરાતના અમેરિકા સહિત વિશ્વમાં આકરા પડઘા પડ્યા છે. નવા ટેરિફ મુદ્દે ટ્રમ્પ ઘરઆંગણે પર ઘેરાયા છે. અમેરિકન સાંસદોએ ટ્રમ્પને સંભળાવી દીધું કે, અમેરિકાની ખરી લડાઈ ચીન સામે છે. ટ્રમ્પમાં તેની સામે લડવાની તાકાત નથી. એટલે ભારત સહિત અન્ય ભાગીદાર દેશોને નિશાન બનાવે છે. બીજીબાજુ ચીને નવા ટેરિફને રાજકારણ પ્રેરિત ગણાવ્યા અને કહ્યું, ટ્રેડ વોર કે ટેરિફ વોર કોઈપણ દેશના હિતમાં નથી. ભારતે પણ વધુ પડતી ઉત્પાદન ક્ષમતાના ટ્રમ્પ સરકારના આક્ષેપોને નકારી કાઢ્યા હતા અને કહ્યું કે, અમેરિકા સાથે ટ્રેડ ડીલ મુદ્દે કરારની વાટાઘાટોમાં આ અંગે ચર્ચા કરીશું.

### ટ્રમ્પના નવા ટેરિફ રાજકારણ પ્રેરિત, વૈશ્વિક અર્થતંત્રનો દાટ વાળશે, અમેરિકાની મનમાની ચલાવી નહીં લેવાય : ચીન

ભારત, ચીન, જાપાન, દક્ષિણ કોરિયા સહિતના અમેરિકાના વ્યાપારિક ભાગીદાર દેશોએ ટ્રમ્પ સરકારના સૂચિત ટેરિફ વધારાની જાહેરાતનો ઉગ્ર વિરોધ કર્યો છે. વ્યાપારિક ભાગીદાર દેશો જરૂર કરતાં વધારે ઉત્પાદન ક્ષમતા ધરાવે છે તેવા ટ્રમ્પના આક્ષેપોને પણ બધા જ દેશોએ એક સૂરમાં નકારી કાઢ્યો હતો. ટ્રમ્પે જે ૧૬ દેશોને ટાર્ગેટ કરીને નવા ટેરિફની જાહેરાત કરી છે તે વૈશ્વિક અર્થતંત્રના લગભગ અડધા હિસ્સા જેટલા છે. નવા ટેરિફનો સામનો કરનારા દેશોએ આશંકા વ્યક્ત કરી છે કે આ ટેરિફ વૈશ્વિક અર્થતંત્રને ભારે નુકસાન પહોંચાડી શકે છે. ટ્રમ્પ

(અનુસંધાન ૧૧મે પાને)

## રિફાઈનરીમાં આગના ધુમાડા અવકાશમાંથી પણ દેખાયા

# સાઉદીની સૌથી મોટી રાસ તનુરા રિફાઈનરી પર હુથીઓનો હુમલો

દુબઈ, તા.૨૬

પશ્ચિમ એશિયામાં અમેરિકા અને ઈરાન યુદ્ધનો તણાવ યથાવત્ છે ત્યાં



સાઉદી અરબ અને યમેનમાં ઈરાન સમર્થિત હુથી બળવાખોરોનું યુદ્ધ વકરી રહ્યું છે. હુથી બળવાખોરોએ સાઉદી અરબની સૌથી મોટી રાસ તનુરા ઓઈલ રિફાઈનરી પર હુમલો કર્યો હતો, જેના કારણે રિફાઈનરીમાં લાગેલી આગ એટલી ભયાનક બની હતી કે તેનાથી પેદા થયેલો ધુમાડો અવકાશમાંથી સેટેલાઈટ ઈમેજમાં પણ દેખાયા હતા.

(અનુસંધાન ૧૩મે પાને)

**ગાઝામાં ઈઝરાયેલના હુમલામાં પેલેસ્ટાઈનના આઠ લોકો માર્યા ગયાનો સાફિયા હોસ્પિટલનો દાવો**

## જેન્સેન હુઆંગની મુશ્કેલી પૂરી થઈ, કંપનીની નહીં

# એનવિડિયા સામે નવો પડકાર: ગૂગલ અને ઓપનએઆઈ જાતે ચિપ બનાવશે

નવી દિલ્હી, તા.૨૬

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈમાં એનવિડિયાની બાદશાહત ભયમાં મૂકાઈ છે. તેનું કારણ એ છે તેના સૌથી મોટા ગ્રાહકો હવે પોતે જ એઆઈ ચિપ્સ બનાવવાનું આયોજન કરી રહ્યા છે, જેથી એનવિડિયા પરના તેમના અવલંબનમાં ઘટાડો થાય. તેના લીધે એનવિડિયા હવે આગામી કેટલા સમય સુધી એડવાન્સ ચિપ્સમાં તેનું પ્રભુત્વ જાળવી રાખશે તેવો સવાલ સર્જાયો છે. વોલસ્ટ્રીટ જર્નલ મુજબ ગૂગલ અને ઓપનએઆઈ પોતાની એઆઈ ચિપ્સ બનાવવા રોકાણ કરી રહ્યા છે, જેથી એનવિડિયા પર અવલંબન ઘટાડી શકાય.

### એડવાન્સ ચિપના કસ્ટમરો હવે એનવિડિયા પરનું અવલંબન ઘટાડવા આતુર બનતા કંપનીની મુશ્કેલીમાં વધારો થયો

આ હિલચાલ ત્યારે શરૂ થઈ છે જ્યારે એનવિડિયાના સીઈઓ પદે વિવાદાસ્પદ રીતે વિદાય થયા પછી તેનાથી પણ વધુ અકલ્પનીય રીતે જેન્સેન હુઆંગનું પુનરાગમન થયું છે. આમ જેન્સેન હુઆંગ કંપનીમાં પરત તો જમાઈ નિકો કેપ્રેઝે કેટલાક ચિપ ઉત્પાદકોને ખાતરી આપી છે કે તેમનો કારોબાર સ્થિર છે, પરંતુ એનવિડિયા હવે

**કસ્ટમાઈઝ્ડ ચિપની માંગ વધતા કંપનીઓ તેમાં પહેલેથી જ મોટાપાયા પર બજારહિસ્સો મેળવવા આતુર**

આવ્યા, પરંતુ કંપની માટે સ્થિતિ પહેલાં જેવી નહીં હોય. વોલસ્ટ્રીટ જનલના અહેવાલ મુજબ કસ્ટમ-મેડ ચિપ્સનું બજાર ઝડપથી વૃદ્ધિ પામી રહ્યું છે અને હરીફો આ બજારમાં મોટો હિસ્સો મેળવવા આતુર છે.

જો કે તેની જૂની ટીમમાં હુઆંગના જે પડકારોનો સામનો કરી રહ્યું છે તેની અવગણના કરવી અઘરી છે. આમ હાલમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)નું બજાર એકદમ અસ્થિર બન્યું છે અને ગ્રાહકો ચિપ્સના સપ્લાયના સ્ત્રોતનું વૈવિધ્યીકરણ કરી રહ્યા છે ત્યારે

(અનુસંધાન ૧૧મે પાને)

## ૩૦મીએ મળનારી મીટિંગ પહેલાં લીગલ એક્શન

# ટાટા સન્સના ચેરમેન તરીકે ચંદ્રશેખરનની પુનઃનિયુક્તિ સામે ટાટા ટ્રસ્ટ હાઈકોર્ટમાં

મુંબઈ, તા.૨૬

સર દોરાબજી ટાટા ટ્રસ્ટ (એસડીટીટી) અને આરડી ટાટા ટ્રસ્ટ (આરડીટીટી)એ ગુરૂવારે એન ચંદ્રશેખરનની ત્રીજી પાંચ વર્ષની મુદત માટે ટાટા સન્સના એક્ઝિક્યુટિવ ચેરમેન તરીકે પુનઃનિયુક્તિને પડકારી ટાટા સન્સ અને તેના છ ડિરેક્ટરો સામે બોમ્બે હાઈકોર્ટમાં દાવો દાખલ કર્યો છ. હાઈ કોર્ટ શુક્રવારે આ મામલાની સુનાવણી કરશે.

### ચંદ્રશેખરનની નિયુક્તિ ખોટી હોવાનું જણાવી બોર્ડ મીટિંગમાં તેમને નિર્ણાયક મત આપતા રોકવાની માંગ : આજે સુનાવણી

એસડીટીટીએ આ દાવામાં નુકસાની પેટે ૫૦ કરોડ રૂપિયાની માંગણી કરી છે, જ્યારે આરડીટીટીએ ૧૮ ટકા વાર્ષિક વ્યાજ સાથે ૧૫ કરોડ રૂપિયાનું નુકસાન માંગ્યું છે.

દાવાઓ અનુસાર, ૧૭ સપ્ટેમ્બરના રોજ ચંદ્રશેખરનને ફરીથી નિયુક્ત કરવાનો ટાટા સન્સ બોર્ડનો ઠરાવ અમાન્ય હતો આ ઠરાવ પર કંપનીના આર્ટિકલ્સ ઓફ એસોસિએશન (એઓએ) ની કલમ ૧૨૧ હેઠળ જોઈએ તે રીતે ચંદ્રશેખરનની તરફેણમાં મતો પડ્યા ન હતા. ગુરૂવારે બંને ટ્રસ્ટો

(અનુસંધાન ૧૧મે પાને)

**ભાજપ - અકાલીદળ ગઠબંધનની પંજાબના રાજકારણ પર અસર**

નવીદિલ્હી, તા. ૨૬

પંજાબ વિધાનસભાની ચૂંટણી પહેલા ભાજપ અને શિરોમણી અકાલીદળ વચ્ચેના ગઠબંધન પર કોંગ્રેસના સાંસદ અમરિંદર સિંહ રાજા વડીંગએ કહ્યું હતું કે, ભાજપ અને અકાલીદળનું ગઠબંધન કોઈ નવી વાત નથી. બંને પક્ષ વચ્ચે અંદરખાને મીલીભગત હતી જ. આ તો ફક્ત જનતાની સામે હવે દેખાડો થઈ રહ્યો છે. આ ગઠબંધનની અસર પંજાબના

(અનુસંધાન ૧૧મે પાને)

**બેધડક** -મંજુલ



આપણી સરકાર અમેરિકાની ટીકા કરવા માટે જેટલી મુક્ત છે તેટલી જ આપણા નાગરિકો પણ તેમની સરકારની ટીકા કરવા મુક્ત હોવા જોઈએ !

**યુકે છોડનારામાં ભારતીય વિદ્યાર્થીઓ-ઈમિગ્રન્ટ વર્કરો મોખરે**

**ટાટા સન્સના IPO માટે શાપૂર મિસ્ત્રીએ વડાપ્રધાન મોદીને બે વખત રજૂઆત કરેલી**

**વાંચો પાના નં. ૧૫**

# ચેન્નાઈના જૈન દંપતીનું તિરૂપતિ મંદિરને ૧૨૧ કિલો સોના સાથે ૨૦૮ કરોડનું દાન

(પીટીઆઈ) તિરૂપતિ,તા.૨૬

ચેન્નાઈમાં રહેતા ભાવિક દંપતી વર્ધમાન જૈન તથા રાધિકા જૈને ગુરૂવારે આંધ્રના મુખ્યમંત્રી એન. ચંદ્રાબાબુ



નાયડુની હાજરીમાં ૨૦૮ કરોડની કિંમતના ૧૨૧ કિલોગ્રામ સોનાના ઘરેણાં તથા હીરાનું અત્રેના તિરૂમાલા તિરૂપતિ દેવસ્થાનમ્સને દાન કર્યું છે.

દાનમાં અન્ય અલંકારોસહ નવ સેટમાં સમાવિષ્ટ ૪૬ ઘરેણાં જ્યારે ૨૩૮.૨ કેરેટના હીરાનો સમાવેશ થાય છે. ૪૬ ઘરેણાંમાં શ્રીવારૂ કાઉન અને પદ્મ પાઙાલુ (પગ માટેનાં અલંકારો) સમાવિષ્ટ છે. તિરૂમાલા જ્યારે દેવી શ્રી પદ્માવતી અમ્માવારૂને ૧૫ કિલોગ્રામ વજનના પરિધાનો ચઢાવાયા છે.

પ્રભુને કરાયેલી દેણગીમાં સોનેરી વાઘ-નખ, અનેકવિધ કડીઓ, તાજ,

**તિરૂમાલા તિરૂપતિ દેવસ્થાનમની મદદથી ૫૦૦૦ મંદિરો બંધાશે : ચંદ્રબાબુ નાયડુ**

સ્થિત ભગવાન વેંકટેશ્વરને કોઈ વ્યક્તિગત ભાવિકે અત્યાર સુધીમાં કરેલો આ મહત્તમ ચઢાવો (દાન) છે. દાન કરાયેલા રત્નો અને ઝવેરાત પૈકી શ્રીવારૂને ચઢાવાયેલા સોનાના દાગીનાનું વજન ૧૦૬ કિલોગ્રામ છે, રત્ન અને ઘરેણાંની અન્ય કેટલીક વિવિધતાઓનો સમાવેશ થયો છે. મુખ્યમંત્રી નાયડુએ પ્રભુને કરાયેલા મોટા અર્પણ બદલ દાતા જૈન-દંપતી પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી

(અનુસંધાન ૧૧મે પાને)

**શ્રીવારૂ ભગવાનને ૧૦૬ કિલોના ઘરેણાં, જ્યારે દેવી શ્રી પદ્માવતીને ૧૫ કિલો પરિધાનોનો ચઢાવો**








તસ્વીર જોતાં એવું લાગે કે કોઈ ગ્રામ્ય વિસ્તારનું આ દ્રશ્ય હશે. પણ એસ. જી. હાઈવે પરના આ દ્રશ્યમાં થલતેજમાં રહેતા માલધારી પરીવારની મહિલાઓ ઢોરઢાંખર માટે સૂકો ઘાસચારો વિણીને ભારો લઈ ઘર તરફ જઈ રહી છે. સૂકા ઘાસચારાના અભાવ પછી કલાકોની રઝળપાટ પછી પોટલું ઘાસ મેદાનોમાંથી એકઠું કરવું કઠીન હોય છે. (તસ્વીર : સુરેશ મિસ્ત્રી)

**પાડાના વાંકે પખાલીને ડામ જેવી સ્થિતિ**

# કેપ્સુલ ડિઝાઈનમાં મુર્ખામી : રસ્તો ઓળંગવા રાહદારીઓને ૧૫૦-૨૦૦ મીટરનો ફોગટ ફેરો

અમદાવાદ, ગુરૂવાર

સિગ્નલ ફ્રી સિટી અને ટ્રાફિક ઘટાડવાના નામે છેલ્લાં ૬-૮ મહિનાથી અમદાવાદમાં જંક્શનો પર કેપ્સુલ ડિઝાઈન અમલમાં મુકાઈ રહી છે. જેના ભાગરૂપે આજે એસજી હાઈવે પર પકવાન ચાર રસ્તા પર સરળતા માટે રાહદારીઓનો રસ્તો બંધ કરી દેવાતા દરેક કેપ્સુલ ડિઝાઈનના સ્થળે વાહન ચાલકોની સાથે પગપાળા જતા લોકોએ પણ ૧૫૦થી ૨૦૦ મીટરના ધક્કા ખાવા પડે છે!

એસજી હાઈવે પર કારગીલ પેટ્રોલ પંપ, પેલેડિયમ, સોલા સિવિલ ચાર રસ્તા બાદ આજે પકવાન ચાર રસ્તા પણ સવારે બંધ કરાયા હતા. ટ્રાફિક ઘટાડવા કેપ્સુલ ડિઝાઈન શરૂ કરી મ્યુનિ. અને પોલીસ પોતાની પીઠ થાબડી રહ્યા છે. પરંતુ ફક્ત વાહનચાલકોને ધ્યાને રાખી શરૂ કરાયેલી આ સીસ્ટમમાં રાહદારીઓ માટે રસ્તો રાખવાનું ભૂલાઈ ગયું છે. હાલ શહેરમાં ૨૫થી ૩૦ મુખ્ય જંક્શન પર બેરિકેડ મૂકી તથા ડિવાઈડર બનાવીને ચાર રસ્તા બંધ કરી ૨૦૦-૩૦૦ મીટર આગળ કેપ્સુલ કટ અપાયા છે. જેના લીધે રાહદારીઓ માટેના ઝિબ્રા ક્રોસિંગ પણ બંધ થઈ ગયા છે. ખાસ કરીને એસજી હાઈવે પર એક જ લાઈનમાં ચારેક જંક્શન બંધ કરાતા સત્તાવાર રીતે રસ્તો ઓળંગવા રાહદારીઓને એક-બે કિલોમીટર આગળના ઝિબ્રા ક્રોસિંગવાળા જંક્શન સુધી ધક્કા ખાવા પડે તેમ છે. માટે કેટલીક વખત રાહદારીઓ જીવના જોખમે ટ્રાફિકથી ધમધમતા રસ્તા પર ડિવાઈડર કૂદીને રસ્તો ઓળંગતા જોવા મળે છે. પરંતુ સત્તાવાર રીતે ઝિબ્રા ક્રોસિંગ સિવાય રોડ ક્રોસ કરી શકાય નહીં. અધિકારીઓની ટૂંકી દ્રષ્ટિથી રાહદારીઓની હાલાકીમાં વધારો થયો છે.



### વાહનોના સતત ચાલુ રહેતા પ્રવાહ વચ્ચે લોકોને જોખમી રીતે રોડ ક્રોસ કરવાની ફરજ

હાલ તો એસજી હાઈવેના ત્રણ સહિત દરેક કેપ્સુલ જંક્શન પર લોકો સતત વહેતા વાહનોના પ્રવાહ વચ્ચે જોખમી રીતે રસ્તો ઓળંગી રહ્યા છે. કારણ કે સિગ્નલ ન હોવાથી વાહનો બંધ રહેવાના નથી અને રસ્તા પર ક્યાંય ઝિબ્રા ક્રોસિંગ પણ નથી. માટે મજબૂર લોકો ડિવાઈડર કૂદીને અકસ્માતના જોખમ વચ્ચે રસ્તો ઓળંગી રહ્યા છે.

### ઝિબ્રા ક્રોસિંગ કાઢી નંખાયા હોવાનો ઈજનેર ખાતાનો સ્વીકાર: હવે પેલિકન સિગ્નલ મૂકાશે

મ્યુનિ.ના ટ્રાફિક સેલના એડિશનલ સિટી ઈજનેરના જણાવ્યા અનુસાર, કેપ્સુલ ડિઝાઈનથી હાલ જંક્શન પરના ઝિબ્રા ક્રોસિંગ બંધ થઈ ગયા છે. ભવિષ્યમાં ત્યાં ફરી ઝિબ્રા ક્રોસિંગ શરૂ કરી પેલિકન સિગ્નલ લગાવવાનું આયોજન છે.

**અભ્યાસ વગરના આયોજને પોલિસની ફજેતી કરી**

### સવારે પકવાન જંક્શન બંધ કરાયું, સાંજે પાટિયા ઉપાડી લેવા પડ્યા

અમદાવાદ, ગુરૂવાર

એસજી હાઈવે પર પકવાન જંક્શન પર આજે સવારે પોલીસ દ્વારા કેપ્સુલ ડિઝાઈન અમલી કરવામાં આવી હતી. પોલીસે આગોતરા અભ્યાસ કે આયોજન વગર સિગ્નલ બંધ કરી બેરિકેડ ગોઠવીને જંક્શન બંધ કરી દીધું હતું. જેના પગલે સાંજે પીકઅવર્સમાં ભારે ટ્રાફિક જામ થઈ ગયો હતો. જજીસ બંગલોથી પકવાન સુધી સેંકડો વાહન ચાલકો ટ્રાફિકમાં ફસાઈ ગયા હતા. ટ્રાફિક ઘટવાના બદલે ઉલટાનો વધી ગયો હતો. જેના પગલે સાંજે પોલીસે તાત્કાલિક બેરિકેડ હટાવીને ફરી વખત ટ્રાફિક સિગ્નલ શરૂ કરી દેવા પડ્યા હતા. અભ્યાસ વગરના આયોજને રીતસર પોલીસની ફજેતી કરી હતી. આ મામલે પોલીસ અધિકારીઓએ જણાવ્યું છે કે, ટેકનિકલ કારણોસર હાલ પૂરતી અહીં કેપ્સુલ ડિઝાઈન મોકૂફ રાખવામાં આવી છે. જરૂરિયાત અનુસાર રસ્તાઓ પહોળાં કરાયા બાદ ફરી અહીં કેપ્સુલ ડિઝાઈન અમલી બનાવવામાં આવશે.

**વાહન ચાલકોની સરળતા માટે રાહદારીઓના રસ્તા બંધ : દરેક જંક્શન પર ઝિબ્રા ક્રોસિંગ ગાયબ**

**મ્યુનિ.ની સ્થાયી સમિતિએ મગાવેલા રિપોર્ટમાં**

# લગ્નગાળા વચ્ચે તમામ ૮૫ કમ્યુનિટી હોલમાં ખામીઓ મળી, પાંચ દિવસમાં ઉકેલવા તાકીદ

અમદાવાદ, ગુરૂવાર

અમદાવાદમાં રોડ, બ્રિજ, પાણી-ડ્રેનેજ લાઈન, ગાર્ડન, લાઈટ સહિત કોઈ પણ કામ માટે એમપેનલ એટલે અગાઉથી શોર્ટલિસ્ટ કરાયેલા ડિઝાઈન કન્સલટન્ટ સિવાય બહારના કન્સલટન્ટ રાખી શકાશે નહીં. મ્યુનિ.ની સ્ટેન્ડિંગ કમિટીની આજે મળેલી બેઠકમાં આ નિર્ણય લેવાયો છે. બીજી બાજુ મ્યુનિ.ના તમામ ૮૫ કમ્યુનિટી હોલમાં ખામીઓ મળી આવતા પાંચ દિવસમાં તેમનો ઉકેલ લાવવા અધિકારીઓને સૂચના અપાઈ છે.

### અમદાવાદમાં કોઈ પણ કામગીરી માટે એમ-પેનલ સિવાયના કન્સલ્ટન્ટ રાખવા હોય તો સ્થાયી સમિતિની મંજૂરી જરૂરી

અમદાવાદમાં બ્રિજની વિવાદાસ્પદ ડિઝાઈન બાદ કન્સલટન્ટનો મુદ્દો ચર્ચા આવ્યો છે. તેવામાં હવે ફક્ત રોડ અને બ્રિજના કામ જ નહીં, પરંતુ તમામ વિભાગોએ એમપેનલ એટલે મ્યુનિ. દ્વારા અગાઉથી નક્કી કરાયેલા કન્સલટન્ટને જ કામ સોંપી શકાશે. ખાસ કિસ્સામાં બહારના કન્સલટન્ટ રાખવા પડે તો સ્ટેન્ડિંગ કમિટીમાં મંજૂરી લેવી ફરજિયાત છે. બીજી બાજુ આજની બેઠકમાં મ્યુનિ.ના ૮૫ કમ્યુનિટી હોલમાં તૂટેલા કાચ, ઉભરાતી ગટર, પાણીની લાઈનમાં લીકેજ, લાઈટનો અભાવ વગેરે જેવી ખામીઓ મળી હોવાનો રિપોર્ટ રજૂ કરાયો હતો. આ અંગે સ્થાયી સમિતિના ચેરમેન કમલેશ પટેલ જણાવે છે કે, લગ્નગાળો હોવાથી તમામ હોલમાં ત્રાણથી પાંચ દિવસમાં સમસ્યાઓ ઉકેલવા સૂચના અપાઈ છે. બાદમાં કમિટી દ્વારા સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરી પગલાં લેવાશે. તેમજ રખડતા ઢોરનો ત્રાસ વધતા ઢોર પકડવા માટે કાર્યરત ૧૯ ટીમ, તેમાં કામ કરતા કર્મીઓની સંખ્યા, પકડાયેલા ઢોરની સંખ્યા અને તેમની પાછળ કરવામાં આવતા ખર્ચનો સીએનસીડી પાસેથી હિસાબ માંગવામાં આવ્યો છે.

### નળ, ગટરના જોડાણ માટે જૂની પહોંચ બતાવવી પડશે નહીં

નળ, ગટરના જોડાણ માટે મ્યુનિ. દ્વારા જૂની પહોંચ માંગી હેરાનગતિ કરાતી હોવાની ફરિયાદો ઉઠતી હતી. સામાન્ય રીતે બીયુ પરમિશન લેતી વખતે લોકોએ નળ,ગટરના જોડાણના પૈસા ભરી દીધા હોય છે. ત્યારે હવે જૂની પહોંચ વગર પણ જોડાણ અપાશે.

### AIMIMના પ્રમુખને મક્તમપુરા જીમનો કોન્ટ્રાક્ટ આપવાની દરખાસ્ત પરત

મક્તમપુરામાં નવા જિમ્નેસિયમ, વાંચનાલય અને યોગ સેન્ટરના સંચાલનનો કોન્ટ્રાક્ટ રૂ.૬.૦૧ લાખના વાર્ષિક ભાડે એઆઈએમઆઈએમના પ્રમુખ એજાઝખાન પઠાણને આપવા દરખાસ્ત મુકાઈ હતી. ત્રણ સુવિધા હોવા છતાં બેઝ પ્રાઈઝ કરતા ઓછા ભાવે કોન્ટ્રાક્ટ આપવાની વાત હતી. તેમજ ફર્નિચર, સીસીટીવી કેમેરા અને આરઓ મ્યુનિ.એ લગાવ્યા હોવા છતાં તે કોન્ટ્રાક્ટર દ્વારા લગાવાશે તેવી વિવાદાસ્પદ જોગવાઈ હતી. ઉપરાંત વાંચનાલય અને યોગ સેન્ટરના સંચાલન માટે અનુભવની શરતની સિફતતાથી બાદબાકી કરી દેવાઈ હતી. જેના લીધે દરખાસ્ત પરત કરાઈ હતી.

**ઢોર પકડવાની ૧૯ ટીમની કામગીરી અને ખર્ચનો હિસાબ મંગાયો**

# અમદાવાદ પૂર્વ ડીઈઓ કચેરી અંતે રાયખડની સરકારી સ્કૂલ બિલ્ડિંગમાં શરૂ

અમદાવાદ,ગુરૂવાર

સરકારે અમદાવાદ શહેર ડીઈઓ કચેરીનું વિભાજન કરતા અમદાવાદ પૂર્વ અને અમદાવાદ પશ્ચિમ ડીઈઓ કચેરી અલગ અલગ થઈ છે.જો કે આ મંજૂરી આપતો ઠરાવ કર્યાના ઘણા મહિના બાદ અંતે આજથી વિધિવત રીતે અમદાવાદ શહેર પૂર્વ ડીઈઓ કચેરી રાયખડમાં સરકારી ઉચ્ચતર માધ્યમિક કન્યા શાળાના બિલ્ડીંગમાં શરૂ કરાઈ છે.આ બિલ્ડીંગ ઘણા સમયથી બંધ જ પડ્યુ હોઈ હાલ પૂર્વની કચેરીને આ બિલ્ડીંગમાં શરૂ કરાઈ છે.જેથી હવે પૂર્વની ૧૪૦૦ જેટલી સ્કૂલોના આચાર્યો,સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓ-વાલીઓની ફરિયાદ તથા વહિવટી કામ સહિતની તમામ કામગીરી આ કચેરીથી જ થશે.જ્યારે પશ્ચિમ ડીઈઓ કચેરી અમદાવાદના વસ્ત્રાપુરમાં બહુમાળી ભવનમાં જ કાર્યરત રહેશે.જો કે સરકારે પૂર્વ ડીઈઓની નિમણૂંક કરી ન હોવાથી પૂર્વ ડીઈઓનો ચાર્જ પશ્ચિમના ડીઈઓ પાસે જ રહેશે.નવી કચેરી શરૂ થતા સ્કૂલોના સંચલાકોને ઈન્સ્પેકશન, વહિવટી-હિસાબી કામગીરી કે જીપીએફ-પેન્શન સહિતની કામગીરીમાં કચેરીના અધિકારીઓ-સ્ટાફ સાથે નાણાકીય વ્યવહાર ન કરવા આદેશ કર્યો છે.

**ગત વર્ષ કરતા ૬૦થી૭૦ હજાર વિદ્યાર્થી વધ્યા**

# જેઈઈ મેઈનઃ પ્રથમવાર રેકોર્ડબ્રેક ૧૪ લાખથી વધુ વિદ્યાર્થી નોંધાયા

અમદાવાદ,ગુરૂવાર

ધો.૧૨ સાયન્સ પછીના ઈજનેરી અભ્યાસક્રમોમાં અને ખાસ કરીને આઈઆઈટી-એનઆઈટી સહિતની ટોપ નેશનલ સંસ્થાઓમાં પ્રવેશ માટેની જેઈઈ મેઈનની સેશન-૧ની પરીક્ષાનું આજે રજિસ્ટ્રેશન પૂર્ણ થઈ ગયુ છે.આ વર્ષે જેઈઈમાં પ્રથમવાર રેકોર્ડબ્રેક ૧૪ લાખથી વધુ વિદ્યાર્થીઓનું રજિસ્ટ્રેશન થયુ છે.

### ગુજરાતમાંથી પણ વિદ્યાર્થી વધતા અંદાજે ૬૦ હજારથી વધુ વિદ્યાર્થીઓનું રજિસ્ટ્રેશન થયુ

નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા દર વર્ષે જાન્યુઆરીમાં સેશન-૧ અને એપ્રિલમાં સેશન-૨ એમ બે વખત જેઈઈ મેઈન પરીક્ષા લેવામા આવે છે. જેઈઈ મેઈન સેશન-૧ માટે રજિસ્ટ્રેશનની નિયત મુદત રેગ્યુલર ફી સાથેની ૨૨ નવેમ્બર સુધીની હતી અને આજે ૨૬ મી સુધી લેઈટ ફી સાથે રજિસ્ટ્રેશન કરવાની મુદત હતી.જો કે લેઈટ સાથે પણ એક લાખથી વધુ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યુ છે.આજે સાંજ સુધીમાં જેઈઈ મેઈન સેશન-૧માં ૧૫.૮૪ લાખથી વધુ વિદ્યાર્થીઓએ ઓનલાઈન ફોર્મ સબમીટ કર્યુ હતું. જેમાંથી ૧૪.૦૬ લાખથી વધુ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન ફી સાથે ફાઈનલ ફોર્મ સબમીટ કર્યુ છે.આ વર્ષે અંદાજે ૧૪.૨૦ લાખ જેટલા વિદ્યાર્થીઓ નોંધાય તેવી શક્યતા છે.

ગત વર્ષે ૧૩.૫૫ લાખ જેટલા વિદ્યાર્થીઓએ સેશન-૧માં રજિસ્ટ્રેશન કરાવ્યુ હતું અને જેમાંથી ૧૩ લાખથી વધુ વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી.આમ આ વર્ષે ૬૦થી૭૦ હજાર જેટલા વિદ્યાર્થીઓ વધવાના હોઈ પ્રથમવાર આટલી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જેઈઈ મેઈનની પરીક્ષા આપશે.

રજિસ્ટ્રેશન બાદ બે દિવસ વિદ્યાર્થીઓને એપ્લિકેશન સુધારા માટે મળશે અને ત્યારબાદ સીટી ઈન્ફોર્મેશન સ્લિપ અપાશે.જ્યારે ૧૩ જાન્યુઆરીથી એડમિટ કાર્ડ ઓનલાઈન ઈસ્યુ થશે.એનટીએ દ્વારા ૨૦થી૨૪ જાન્યુઆરી અને ૨૮ જાન્યુઆરીએ જેઈઈ મેઈન-સેશન ૧ પરીક્ષા સમગ્ર દેશના સેન્ટરોમાં કમ્પ્યુટર બેઝ લેવામા આવશે.

### નારોલમાં ભંગારના ગોડાઉનમાં આગ ફાટી નીકળતા દોડધામ

અમદાવાદ, ગુરુવાર

નારોલ વિશાલા હાઈવે પર આવેલા ભંગારના ગોડાઉનમાં આજે આગ ફાટી નીકળતા દોડધામ મચી ગઈ હતી. એક ગોડાઉનમાં લાગેલી આગની જ્વાળાઓએ ગણતરીની મિનિટોમાં જ પાસેના ગોડાઉનને પણ ઝપેટમાં લઈ લીધું હતું. તેમજ ધુમાડાના ગોટેગોટા છવાઈ ગયા હતા. ફાયર બ્રિગેડની ૧૫થી વધુ ગાડીઓએ ઘટનાસ્થળે દોડી જઈને પાણીનો મારો ચલાવ્યો હતો. કલાકો બાદ માંડ આગ કાબૂમાં આવી હતી. સદ્નસીબે જાનહાનિ ટળી હતી. ફાયર વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર, શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું.

**૫૦ લાખની છેતરપિંડી કરનાર પિતા-પુત્ર વિરૂદ્ધ વધુ બે ફરિયાદ**

# બે નિવૃત Dysp પાસેથી રિયલ એસ્ટેટના રોકાણના નામે રૂપિયા ૭૨ લાખ પડાવ્યા

અમદાવાદ,ગુરૂવાર

સાબરમતી યુજીવીસીએલ પોલીસ સ્ટેશનના પોલીસ કર્મચારીઓ વિરૂદ્ધ થયેલી અરજીની તપાસ અટકાવીને અરજીનો નિકાલ કરાવી આપવાનું કહીને પિતા-પુત્ર ગઠિયાએ રૂપિયા ૫૦ લાખની ઠગાઈ કરવાના કેસમાં અનેક ચોંકાવનારા ખુલાસા થયા છે. જેમાં થલતેજમાં રહેતા વિષ્ણુ ચૌધરી અને તેના પુત્ર આકાશ ચૌધરીએ અન્ય પોલીસ ઈન્સ્પેક્ટર અને એસીપી કક્ષાના અધિકારીઓને બદલી અને પ્રમોશન અપાવવાની લાલચ આપીને નાણાં પડાવ્યા હતા. જેમાં તેમણે બે નિવૃત ડીવાયએસપીને રિયલ એસ્ટેટમાં રોકાણની સામે સારો નફો અપાવવાનું કહીને કુલ ૭૨ લાખની ઠગાઈ કરી હતી. જે અંગે આર્થિક ગુના નિવારણ શાખા અને ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનમાં બે અલગ અલગ ફરિયાદ નોંધાઈ છે. સાથેસાથે રૂપિયા ૫૦ લાખ આપનાર પોલીસ કોન્સ્ટેબલે પર્સનલ લોન લેવાની સાથે ઘરના દાગીના વેચીને પિતા-પુત્રને નાણાં આપ્યા હતા.

### યુજીવીસીએલ પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલે તપાસની અરજીથી છુટકારો મેળવવા પર્સનલ લોન લઈને પિતા-પુત્રને નાણાં ચૂકવ્યા

અમદાવાદના સાબરમતીમાં આવેલી યુજીવીસીએલ પોલીસ સ્ટેશનમાં નોકરી પોલીસ કોન્સ્ટેબલ વિરૂદ્ધ અરજી થતા ઉચ્ચ કક્ષાએ તે અંગે તપાસ કરવાના કેસમાં પતાવટ કરી આપવાનું કહીને થલતેજમાં રહેતા વિષ્ણુ ચૌધરી ઉર્ફે એન ડી ચૌધરી અને તેમના પુત્ર આકાશ ચૌધરીએ ૫૦ લાખ રૂપિયા પડાવ્યા હતા. જે કેસમાં ક્રાઈમબ્રાંચે પિતા પુત્રની ધરપકડ કરીને તપાસ કરતા જાણવા મળ્યું હતું કે પિતા પુત્રએ પીઆઈ અને કેટલાંક એસીપી કક્ષાના અધિકારીઓને બદલી અને પ્રમોશનના નામે લાખો રૂપિયા પડાવ્યા હતા. સાથેસાથે અન્ય લોકોને પણ પોલીસ ફરિયાદમાં યોગ્ય તપાસ કરવાની, કેટલાંક કોન્સ્ટેબલની બદલી કરવાની તેમજ અન્ય ફાઈલ પાસ કરાવવાની ખાતરી આપીને મોટા પ્રમાણમાં નાણાં પણ પડાવ્યા હતા. બીજી તરફ વિષ્ણુ ચૌધરી અને તેના પુત્ર આકાશ ચૌધરી વિરૂદ્ધ વધુ બે ફરિયાદ નોંધવામાં આવી છે. જેમાં બંને કેસમાં બે નિવૃત ડીવાયએસપી ફરિયાદી બન્યા છે. ગાયકવાડ હવેલી પોલીસ મથકે એક નિવૃત અધિકારીએ ૩૨ લાખની અને અન્ય એક અધિકારીએ આર્થિક ગુના નિવારણ શાખામાં ૪૦ લાખની છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે, જેમાં વિષ્ણુ ચૌધરીએ રિયલ એસ્ટેટમાં રોકાણ પર સારો નફો મળશે તેમ જણાવીને નાણાં મેળવ્યા હતા.

આ ઉપરાંત, બે ખાનગી વ્યક્તિઓને સરકારી અને ડેરી ક્ષેત્રમા કોન્ટ્રાક્ટ અપાવવાનું કહીને નાણાં પડાવ્યાની વિગતો સામે આવતા ફરિયાદની તજવીજ હાથ ધરવામાં આવી છે.

જ્યારે ભોગ બનનાર કોન્સ્ટેબલે પણ પોતાના નિવેદનમાં જણાવ્યું હતું કે તેણે કેસની પતાવટ કરવા માટે આપેલા ૫૦ લાખ એકઠા કરવા માટે પર્સનલ લોન લેવાની સાથે દાગીના વેચ્યા હતા. પિતા પુત્રએ ચૌધરી સમાજના યુવકોને પોલીસમાં ભરતી કરી આપવાની ખાતરી આપીને નાણાં પડાવ્યા હતા. ત્યારે ક્રાઈમબ્રાંચનો કેટલાંક ભોગ બનનાર લોકોએ સંપર્ક કર્યો છે. જેના આધારે આગામી સમયમાં વધુ ગુના નોંધાઈ તેવી શક્યતા છે.

### પોલીસ કર્મીઓને ઠગનાર આરોપી પિતા-પુત્રને છ દિવસના રિમાન્ડ

અમદાવાદ,ગુરૂવાર

ઉચ્ચ અધિકારીઓ સાથે મોટી વગ હોવાની ખોટી ઓળખ આપીને પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ પાસેથી લાખો રૂપિયા પડાવનાર ઠગ પિતા-પુત્ર વિષ્ણુભાઈ ઉર્ફે એન.ડી.ચૌધરી અને આકાશ વિષ્ણુભાઈ ચૌધરીને અત્રેની સ્પેશ્યલ એસીબી કોર્ટના જજ બી.બી.જાદવએ છ દિવસના પોલીસ રિમાન્ડ પર સોંપવા હુકમ કર્યો છે. બીજીબાજુ, પોલીસની પ્રાથમિક તપાસમાં આ બંને આરોપી ઠગ પિતા-પુત્રના ગુનાહિત કરતૂતમાં સરકારી બાબુઓ પણ ભોગ બન્યા હોવાની વિગતો સામે આવી છે, તેથી પોલીસે તે દિશામાં પણ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.


## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, શિલા કલ્પેશ શાહ, રહેવાસી-અમદાવાદનાએ જીલ્લા અમદાવાદના તાલુકા વેજલપુરના ગામ મોજે જોધપુરના સર્વે નંબર-૩૭૪/૨ (ગામ મોજે વેજલપુરના જુના સર્વે નંબર-૧૦૪૭/૨) કુલ ૨૫૨૯ચોરસમીટરના ક્ષેત્રફળની જમીન, જેને ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર-૫૧ (બોડકદેવ-મકરબા-વેજલપુર) માં ફાઈનલ પ્લોટ નંબર-૪૯/૨/૨ ની કુલ ૧૫૧૭ ચોરસમીટર જમીન ફાળવાયેલી છે, તે ફાઈનલ પ્લોટની કુલ ૧૫૧૭ ચોરસમીટરના ક્ષેત્રફળની વાણિજયના હેતુ સારૂ બીનખેતી થયેલી જમીનમાં બંધાયેલી "RE-XI" નામની કોમર્શીયલ સ્કીમમાં પાંચમા માળે આવેલી કોમર્શીયલ યુનિટ (ઓફિસ) નંબર-૫૦૫ ની કુલ ૬૫૫.૬૫ ચોરસફુટ યાને ૬૦.૯૧ ચોરસમીટર (કારપેટ એરીયા) [પાસ થયેલા પ્લાન મુજબની ૬૪.૨૦ ચોરસમીટર (બીલ્ટઅપ એરીયા)] ના ક્ષેત્રફળની બાંધકામવાળી મિલકત, તથા સદરહુ "RE-XI" નામની કોમર્શીયલ સ્કીમની ફાઈનલ પ્લોટ નંબર-૪૯/૨/૨ ની કુલ ૧૫૧૭ ચોરસમીટર જમીન પૈકીનીવગર વહેંચાયેલી વરાડે પડતી ૧૭.૦૪ ચોરસમીટર જમીન, તથા "RE-XI"સ્કીમની કોમનસ્થાવર-જંગમ મિલકતમાંના વગર વહેંચાયેલા વરાડે પડતા હકકો, એ રીતેની મિલકત તેમની સંપુર્ણ, સ્વતંત્ર, સ્વપાર્જીત, આગવી માલિકી અને કબજા ભોગવટાની બોજારહીત હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનુ નકકી કરેલુ છે અને અમારા અસીલે સદરહુ મિલકત પરત્વેના ઉપરોકત મિલકતમાલીકના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે. તો સદરહુ મિલકત ઉપર જો અન્ય કોઈ શખ્સનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય, તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહીત લેખિત જાણ નીચેના સરનામે કરવી. જો તેમ કરવામા નહીં આવે, તો સદરહુ મિલકત ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો નથી અને હોય, તો તે જતો કરેલો છે, તેમ સમજી અમો ટાઈટલ્સ કલીયરન્સનું સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઈની તકરાર ચાલશે નહીં તથા અમારા અસીલ ધ્વારા સદરહુ મિલકત ખરીદવાની કાર્યવાહી કરવામાં આવશે.

તારીખ : ૨૬-૧૧-૨૦૨૬.

**જાની એન્ડ કંપની.**
**સોલીસીટર્સ, એડવોકેટસ એન્ડ કોર્પોરેટ એટર્નીઝ,**
હાઉસ "એમ", મોન્ડીયલ રીટેઈલ પાર્ક, ઈસ્કોન મંદિર અને રાજપથ કલબની વચ્ચે, એસ.જી. હાઈવે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ફોન નંબર : ૨૯૭૧૦૧૦૦, ૨૯૭૧૦૨૦૦.

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ડિસ્ટ્રીક્ટ ગાંધીનગર રજીસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રીક્ટ તથા તાલુકા કલોલનાં ગામ મોજે હાજીપુરની સીમનાં સર્વે નંબર-૫૨૦ (જુના સર્વે/બ્લોક નંબર-૮૭૬)નાં ખાતા નંબર- ૧૨૨ નાં ક્ષેત્રફળ- ૩૨૨૪ સમચોરસમીટર ખેતીની જમીન, (૧) વાઘરી ભીખીબેન ઈશ્વરભાઈ, રહેવાસી : સીયાપુરા, આદરજ મોટી, કડી, મહેસાણાનાં, (૨) વાઘરી જલીબેન ઈશ્વરભાઈ, રહેવાસી : ૬/૭/૯૨, વણકર વાસ, કલોલ, ગાંધીનગરનાં, (૩) વાઘરી મહેશભાઈ ઈશ્વરભાઈ, રહેવાસી : ભીમાસણ, હાજીપુર, ગાંધીનગરનાં, (૪) વાઘરી ચંદરીકાબેન ઈશ્વરભાઈ, રહેવાસી : અંબાપુર, ગાંધીનગરનાં તથા (૫) વાઘરી હંસાબેન ઈશ્વરભાઈ, રહેવાસી : બહુચરપુરા વાસ, રીદ્રોલ, ગાંધીનગરનાંએ તેઓનાં સંયુક્ત માલિકી પ્રત્યક્ષ કબજા ભોગવટા તથા ખુદખેડમાં તેમજ તમામ પ્રકારનાં બોજાઓથી મુક્ત આવેલ હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરી અમારી પાસે ઉપરોકત જમીનનાં ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સબબ સર્વે શખ્સો, વ્યક્તિ, પેઢી, બેંક, નાણાંકીય સંસ્થા કે અન્ય કોઈપણ કે જેઓ વેચાણ, વારસો, ભેટ, લાયસન્સ, કબજો, ગીરો, લીયન, ચાર્જ, ભરણપોષાણ, ઈઝમેન્ટ, અદલાબદલો, ડેવલપર કે ફાઈનાન્સર તરીકે કે બાનાખતના કરાર, પાવર ઓફ એટર્ની, કબજા કરાર, સમજૂતી કરાર, હુકમનામું અન્ય કોઈ લખાણ હેઠળ કે કોર્ટ કાર્યવાહી હેઠળ કે કુટુંબના સભ્ય કે વારસદાર તરીકે કે બીજી કોઈપણ રીતે ઉપરોકત જમીન પર હક્ક, દાવો કે અલાખો ધરાવતા હોય તેમણે તેની લેખિત જાણ પુરાવાની સર્ટીફાઈડ નકલ સાથે આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત)ની અંદર નીચેના સરનામે સ્પીડ પોસ્ટથી કરવી. જો તેમ કરવામાં નહીં આવે તો ઉપરોકત જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિસ્સો પોષાતો નથી અને પોષાતો હોય તો તે જતો યાને કે વેઈવ (WAIVE) કરેલ છે તેમ સમજી મુદ્દત વિત્યે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈશ્યુ કરવામાં આવશે તેમજ અમારા અસીલ વેચાણ દસ્તાવેજને લગતી કાર્યવાહી પૂર્ણ કરશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં જેની આથી નોંધ લેવી.

તારીખ : ૨૬/૧૧/૨૦૨૬,
ફાઈલ નંબર- ૨૪૦૧૭

**B R PATEL & Co.**
**Advocates, Solicitors & Corporate Attorney's**
15, Dolly apartment, Ambawadi Circle, Ahmedabad-380006.
Phone : 26466400, 26466401

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ડિસ્ટ્રીક્ટ ગાંધીનગર રજીસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રીક્ટ તથા તાલુકા કલોલનાં ગામ મોજે હાજીપુરની સીમનાં સર્વે નંબર-૫૨૬ (જુના સર્વે/બ્લોક નંબર-૮૭૫)નાં ખાતા નંબર- ૧૨૩ નાં ક્ષેત્રફળ- ૬૦૮૫ સમચોરસમીટર પૈકી ક્ષેત્રફળ- ૩૦૪૨ સમચોરસમીટર ખેતીની જમીન, (૧) વાઘરી ભીખીબેન ઈશ્વરભાઈ, રહેવાસી : સીયાપુરા, આદરજ મોટી, કડી, મહેસાણાનાં, (૨) વાઘરી જલીબેન ઈશ્વરભાઈ, રહેવાસી : ૬/૭/૯૨, વણકર વાસ, કલોલ, ગાંધીનગરનાં, (૩) વાઘરી મહેશભાઈ ઈશ્વરભાઈ, રહેવાસી : ભીમાસણ, હાજીપુર, ગાંધીનગરનાં, (૪) વાઘરી ચંદરીકાબેન ઈશ્વરભાઈ, રહેવાસી : અંબાપુર, ગાંધીનગરનાં તથા (૫) વાઘરી હંસાબેન ઈશ્વરભાઈ, રહેવાસી : બહુચરપુરા વાસ, રીદ્રોલ, ગાંધીનગરનાંએ તેઓનાં સંયુક્ત માલિકી પ્રત્યક્ષ કબજા ભોગવટા તથા ખુદખેડમાં તેમજ તમામ પ્રકારનાં બોજાઓથી મુક્ત આવેલ હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરી અમારી પાસે ઉપરોકત જમીનનાં ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સબબ સર્વે શખ્સો, વ્યક્તિ, પેઢી, બેંક, નાણાંકીય સંસ્થા કે અન્ય કોઈપણ કે જેઓ વેચાણ, વારસો, ભેટ, લાયસન્સ, કબજો, ગીરો, લીયન, ચાર્જ, ભરણપોષાણ, ઈઝમેન્ટ, અદલાબદલો, ડેવલપર કે ફાઈનાન્સર તરીકે કે બાનાખતના કરાર, પાવર ઓફ એટર્ની, કબજા કરાર, સમજૂતી કરાર, હુકમનામું કે અન્ય કોઈ લખાણ હેઠળ કે કોર્ટ કાર્યવાહી હેઠળ કે કુટુંબના સભ્ય કે

### સ્કૂલના પ્રથમ દિવસેજ પિતા દીકરીને મુકવા જતા હતા

# ચાંદલોડિયામાં ટ્રકચાલકે બાઈકને ટક્કર મારતા છ વર્ષની વિદ્યાર્થિનીનું મોત

અમદાવાદ,ગુરૂવાર

શહેરના ન્યુ રાણીપમાં રહેતા એક વ્યક્તિ તેમની સાડા પાંચ વર્ષની પુત્રીને ગુરૂવારે સવારે બાઈક પર બેસાડીને સ્કૂલ મુકવા માટે જતા હતા ત્યારે ચાંદલોડિયા દૂર્ગા સ્કૂલ પાસે એક ટ્રક ચાલકે ટક્કર મારતા બાઈક પરથી નીચે પછડાયેલી બાળકી ટ્રકના પાછળના ટાયરમાં આવી ગઈ હતી. જેમાં તેને ગંભીર ઈજાઓ થતા કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે તેના પિતાને ઈજાઓ પહોંચી હતી. આ અંગે એ ડિવીઝન ટ્રાફિક પોલીસે ગુનો નોંધીને ટ્રકચાલકની ધરપકડ કરવા તજવીજ શરૂ કરી છે.

## ટ્રક પુરઝડપે પસાર થતો હોવાનો સ્થાનિક લોકોનો આરોપઃ ગંભીર ઈજાગ્રસ્ત થયેલી પુત્રીનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજ્યું

ન્યુ રાણપ આનંદ પાર્ટી પ્લોટ પાસે આવેલા રત્નમણિ હાઈટ્સ એપાર્ટમેન્ટમાં રહેતા હર્ષિતભાઈ પટેલની સાડા પાંચ વર્ષની પુત્રીનો સિનિયર કેજીમાં આજે પ્રથમ દિવસ હતો. અને તે ગુરૂવારે સવારે પુત્રી ત્રિષાને ઘાટલોડિયામાં આવેલી નૂતન ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ સિનિયર કેજીમાં મુકવા માટે નીકળ્યા હતા. ઘરેથી થોડા આગળ જઈને ચાંદલોડિયા દુર્ગા સ્કૂલ પાસે પહોંચ્યા ત્યારે એક ટ્રકચાલકે બેદરકારી દાખવીને ચલાવતા ટ્રક બાઈકને અથડાઈ હતી. જેમાં બાઈકની પાછળની સીટ પર બેઠેલી ત્રિષા અને તેના પિતા નીચે પટકાયા હતા. જેમાં ત્રિષાને માથામાં ગંભીર ઈજા થઈ હતી અને તેનો પગ ટ્રકના ટાયરમાં આવી ગયો હતો. બંનેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા હતા. જ્યાં ત્રિષાનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ અંગે એ ટ્રાફિક પોલીસે ત્રિષાના માતા સ્નેહલબેનની ફરિયાદને આધારે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

### મોજ શોખના ખર્ચને પહોંચી વળવા ડ્રગ વેચતી હતી

# કોંગ્રેસના મહિલા આગેવાનની બહેન વસ્ત્રાલમાં એમ ડી ડ્રગ સાથે ઝડપાઈ

અમદાવાદ,ગુરૂવાર

અમદાવાદ શહેર કોંગ્રેસના મહિલા મહામંત્રી ગીતાબેન પટેલની બહેનની વસ્ત્રાલ પોલીસે રૂપિયા ૨.૮૬ લાખની કિંમતના એમ ડી ડ્રગ્સ સાથે ધરપકડ કરી છે. હાઈપ્રોફાઈલ લાઈફ સ્ટાઈલના ખર્ચને પહોંચી વળવા માટે તેણે એમ ડી ડ્રગ્સનું વેચાણ શરૂ કર્યું હતું. આ અંગે વસ્ત્રાલ પોલીસે એનડીપીએસનો કેસ નોંધીને વધુ તપાસ શરૂ કરી છે.

## ખાડિયામાં રહેતા મોહંમદ પાસેથી એમ ડી ડ્રગ લાવીને એક-એક ગ્રામનો જથ્થો નિયમિત ગ્રાહકોને વેચતી હતી

વસ્ત્રાલ સ્વામી નારાયણ ગુરૂકુળ સામે આવેલી જલસાગર સોસાયટીમાં રહેતી સોનલ પટેલ નામની મહિલા એમ ડી ડ્રગ્સ અને અન્ય કેફી દ્રવ્યોનું છુટકમાં વેચાણ કરતી હોવાની બાતમી વસ્ત્રાલ પોલીસના અધિકારીઓને મળી હતી. જેના આધારે ગુરૂવારે પોલીસે દરોડો પાડીને તપાસ કરતા સોનલ પટેલના ઘરમાંથી રૂપિયા ૨.૫૪ લાખની કિંમતનું એમ ડી ડ્રગ્સ, ડીજીટલ વજન કાંટો, ઝીપ બેગ સહિતનો મુદ્દામાલ મળી આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે તે ખાડિયા રાયપુર ભજીયા હાઉસ નજીક રહેતા મોહંમદ નામના વ્યક્તિ પાસેથી ડ્રગ્સ લાવીને તેને ઘરે એક-એક ગ્રામની પડીકીમાં પેક કરીને વેચાણ કરતી હતી.

પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ તે પાટીદાર અનામત આંદોલનની મહિલા નેતા અને હાલ કોંગ્રેસના મહિલા મહામંત્રી ગીતા પટેલની બહેન હોવાનું પણ જાણવા મળ્યું છે.

સોનલ પટેલ આર્થિક રીતે સદ્ધર છે. પરંતુ, હાઈપ્રોફાઈલ લાઈફ સ્ટાઈલના ખર્ચને પહોંચી વળવા માટે તેણે ડ્રગ્સનો કારોબાર શરૂ કર્યો હતો. આ અંગે વસ્ત્રાલ પોલીસે એનડીપીએસનો કેસ નોંધીને કાર્યવાહી કરી છે.

## અમદાવાદમાં શિયાળો અનુભવાય તે પૂર્વે જ તાપમાન ૧ ડિગ્રી વધી ગયું

અમદાવાદ, ગુરૂવાર

અલ નીનોની અસરના કારણે આ વખતે નવેમ્બર મહિનાનો અંત આવી ગયો હોવા છતાં શિયાળાની તીવ્ર ઠંડી અનુભવાઈ રહી નથી. અમદાવાદ શહેરમાં ગઈકાલે બુધવારે લઘુતમ તાપમાનનો પારો માંડ નીચે ઉતરીને ૧૫.૬ સુધી પહોંચતા સવારે અને રાત્રે લોકો ઠંડીનો અનુભવ કરવા માંડ્યા હતા. ત્યાં આજે ગુરૂવારે ફરી વખત તાપમાન ૧ ડિગ્રી વધીને ૧૬.૭ સુધી પહોંચી ગયું હતું. જેના કારણે લોકોને શિયાળો અનુભવાય તે પહેલાં જ ઠંડી હળવી પડી ગઈ હતી. જોકે તાપમાન વધ્યુ હોવા છતાં સૂસવાટા મારતા પવનોના કારણે રાત્રે ઠંડક રહી હતી. રાજ્યના અન્ય સ્થળો પર નજર કરીએ તો નલિયામાં ૧૧.૫, કંડલામાં ૧૩, ગાંધીનગરમાં ૧૪, અમરેલીમાં ૧૪.૮, વડોદરામાં ૧૫.૮ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું.

## સોલા-ભાગવત ઓવરબ્રિજ પર કાર પલટી જતા યુવકનું મોત

અમદાવાદ, ગુરૂવાર

મુળ ઉત્તર પ્રદેશના ફિરોજાબાદમાં રહેતા ૨૪ વર્ષીય આર્યશ સક્સેના બુધવારે રાતના સમયે તેના અન્ય ત્રણ મિત્રો સાથે કાર લઈને થલતેજથી સોલા બ્રીજથી ગોતા તરફ જતા હતા ત્યારે કાર પલ્ટી જતા તેને ગંભીર ઈજાઓ થઈ હતી. જેમાં તેનું મોત નીપજ્યું હતું.

## બાઈકની પાછળની સીટ પર બાળકોને બેસાડતા વાલીઓ માટે ચેતવણી રૂપ કિસ્સો

અમદાવાદ, ગુરૂવાર

સામાન્ય રીતે જોવા મળે છે કે વાલીઓ તેમના બાળકોને શાળાએ મુકવા જતા સમયે કે અન્ય સમયે સ્કૂટર-બાઈકની પાછળની સીટ પર બેસાડે છે. નાના બાળકો પાછળની સીટ પર બેલેન્સ નથી કરી શકતા. જેના કારણે અકસ્માત થવાની સંભાવના વધુ રહે છે. ત્યારે ત્રિષાને પણ તેના પિતા બાઈકની પાછળની સીટ પર બેસાડીને લઈ જતા હતા. અકસ્માતના કારણે તે બેલેન્સ ગુમાવીને નીચે પટકાઈ હતી અને ગંભીર ઈજાઓ થતા મોત થયુ હતું. ત્યારે સંતાનોને પાછળની સીટ પર જોખમી રીતે લઈ જતા વાલીઓ માટે આ કિસ્સો ચેતવણી રૂપ છે.













### ઓઢવ, નિકોલ, રામોલ, કઠવાડા સહિત

# પૂર્વ ઝોનમાં છ મહિનામાં ૬૦૦ યુનિટના ડ્રેનેજના ગેરકાયદેસર જોડાણ કપાયા

અમદાવાદ, ગુરુવાર

પૂર્વમાં ધમધમતા કારખાના- ફેક્ટરીમાંથી બેરોકટોકપણે ગેરકાયદે જોડાણ લઈ કેમિકલયુક્ત પાણી ડોમેસ્ટિક ડ્રેનેજ લાઈનમાં છોડી દેવામાં આવે છે. જોકે પૂર્વ ઝોન ઈજનેર વિભાગે આવા એકમો સામે તવાઈ હાથ ધરી હોય તેમ છ મહિનામાં આવા ૬૦૦ યુનિટના ગેરકાયદે જોડાણ કાપી નાંખવામાં આવ્યા છે.

## પ્રદૂષણ ફેલાવતા ઈન્ડસ્ટ્રિઅલ એકમો સામે મ્યુનિ. તંત્રની કાર્યવાહી, ઈન્ડસ્ટ્રિઅલ અસોસિએશનને નોટિસ પણ અપાઈ

અમદાવાદ પૂર્વમાં ચાલતા કારખાના- ફેક્ટરીમાંથી ગેરકાયદેસર રીતે ગટર- ડ્રેનેજના જોડાણ લઈ લેવામાં આવ્યા છે. જેમાં બેરોકટોકપણે કેમિકલયુક્ત પાણી અને કચરો ઠલવાઈ રહ્યાં છે. જોકે આવા એકમો સામે મ્યુનિ.એ લાલ આંખ કરી હોય તેમ પૂર્વ ઝોનમાં રામોલ, કઠવાડા, નિકોલ, ઓઢવ સહિતના વિસ્તારમાં પ્રદૂષણ ફેલાવતા એકમો સામે કાર્યવાહી આદરી હતી. એડિ.સિટી ઈજનેર રાખી ત્રિવેદીના જણાવ્યા અનુસાર, જૂન મહિનાથી તંત્ર દ્વારા ખાસ ડ્રાઈવ શરૂ કરવામાં આવી હતી. નવેમ્બર મહિના સુધી તંત્ર દ્વારા આ વિસ્તારમાંથી ૬૦૦ યુનિટના ડ્રેનેજના ગેરકાયદે જોડાણ કાપી નાંખવામાં આવ્યા છે. હજુ પણ કાર્યવાહી ચાલી રહી છે. જેટલા ગેરકાયદે જોડાણ ધ્યાનમાં આવશે તેટલા કાપી નાંખવામાં આવશે. સાથે જ ઈન્ડસ્ટ્રિઅલ અસોસિએશનને પણ આ અંગે નોટિસ આપવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે આ વિસ્તારોમાં ડ્રેનેજ બ્રેકડાઉનની છાશવારે ફરિયાદ ઉઠે છે. ડોમેસ્ટિક લાઈનમાં પણ કચરો ભરાઈ જતાં રસ્તા તેમજ ક્યારેક ઘરોમાં દૂષિત પાણીનો ભરાવો થાય છે. સાથે જ પાણી પણ પ્રદૂષિત થવાની અનેક ફરિયાદો ઉઠતી હોય છે.

## સરકારી યુનિ.માં રજિસ્ટ્રાર માટે નવા પગાર ધોરણની મંજૂરી

અમદાવાદ,ગુરૂવાર

રાજ્યની સરકારી એવી ટીચર્સ યુનિ. (આઈઆઈટીઈ)ના રજિસ્ટ્રારના પગાર ધોરણને સાતમા પગાર પંચ મુજબ ગણવાનો નિર્ણય અંતે ૧૫ વર્ષે આવ્યો છે.અગાઉ રજિસ્ટ્રારની નિમણૂંકને લઈને પણ વિવાદ થયો છે અને અગાઉ છઠ્ઠા પગારમાં થયેલી નિમણૂંક છતાં સાતમા પગાર પંચ મુજબ પગાર લેવા બાબતે પણ તપાસ ચાલી રહી છે ત્યારે સરકારે અંતે યુનિ.ની દરખાસ્ત બાદ સાતમા પગાર પંચ મુજબ સ્કેલ ગણવાની મંજૂરી આપતો ઠરાવ આજે કરી દીધો છે.મહત્વનું છે કે રજિસ્ટ્રાર માટે પ્રોફેસર કક્ષાનો અનુભવ મંગાતો હોય અને પાંચ વર્ષ માટે જ નિમણૂંક હોઈ સીનિયર પ્રોફેસર કે અનુભવ ધરાવતા વહિવટી અધિકારી સરકારી યુનિ.ઓમાં આવતા નથી.જો કે સરકારે સાતમા પગાર પંચ મુજબ સ્લેબ ગણવા છતાં હાલો રાજ્યની પાંચથી છ સરકારી યુનિ.માં ઈન્ચાર્જ વીસી જ છે.




## તહેવારોની ઉજવણી

(છેલ્લા પાનાનું ચાલુ)

નોંધપાત્ર પ્રમાણમાં ફેલાઈ રહ્યા છે. નવેમ્બરના ૨૨ દિવસમાં મ્યુનિ. દ્વારા પાણીના ૪૭૨૯ નમૂના લેવાયા હતા. જેમાંથી ૧૦ લેબોરેટરી તપાસમાં અનફિટ તેમજ ૩૩,૭૬૪ ક્લોરિન ટેસ્ટમાંથી માત્ર પાંચમાં જ ક્લોરિન નીલ આવ્યું હોવાનો મ્યુનિ. દ્વારા દાવો કરાયો છે.

## દર્દીઓ રામભરોસે

(છેલ્લા પાનાનું ચાલુ)

જગ્યાઓ ખાલી છે. કમ્યુનિટી હેલ્થ સેન્ટર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ૪૦૧ લેબ ટેકનિશિયનોની ઘટ છે. જ્યારે ગ્રામ્ય વિસ્તારોના આરોગ્ય કેન્દ્રોમાં ૧૫૫ રેડિયોગ્રાફર અને ૧૪૭ ફાર્માસિસ્ટની જગ્યાઓ ખાલી છે.

આરોગ્ય કેન્દ્રોમાં ૨૪ કલાક સારવાર અને ઓપરેશન થિયેટરની સુવિધાની સ્થિતિ પણ ચિંતાજનક છે. ગ્રામ્ય વિસ્તારના ૧,૪૯૨ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાંથી માત્ર ૪૮૫ કેન્દ્રો જ ૨૪ કલાક કાર્યરત છે અને ૩૨૦ કેન્દ્રોમાં ઓપરેશન થિયેટર ચાલુ છે. બીજી તરફ, શહેરી વિસ્તારના ૪૨૮ આરોગ્ય કેન્દ્રોમાંથી એક પણ સેન્ટર ૨૪ કલાક માટે કાર્યરત નથી, અને માત્ર ૨૩ આરોગ્ય કેન્દ્રમાં જ ઓપરેશન થિયેટરની સુવિધા ઉપલબ્ધ છે.

રાજ્યના શહેરી વિસ્તારોમાં આશરે ૩.૬૪ કરોડની વસ્તી સામે ૭૨૮ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની જરૂરિયાત છે, પરંતુ હાલમાં માત્ર ૪૨૮ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો જ કાર્યરત છે. આમ, શહેરી વિસ્તારોમાં ૪૧ ટકા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની ઘટ છે અને નવા ૩૦૦ આરોગ્ય કેન્દ્રોની જરૂરિયાત વર્તાઈ રહી છે.ટૂંકમાં, ડોક્ટરોથી માંડીને નર્સિંગ સ્ટાફના અભાવે ગરીબ દર્દીઓને મજબૂરવશ નાછૂટકે શહેરોમાં ખાનગી હોસ્પિટલોમાં સારવાર માટે આવવું પડે છે.

## વાત વાતમાં

### ક્યુઆર કોડવાળાં મેનુ !!

આજકાલ અમુક રેસ્ટોરન્ટો સ્ટાઈલ મારવા લાગ્યાં છે. એ લોકો સાદું કાર્ડ પર છાપેલું મેનુ રાખવાને બદલે આપણને ક્યુઆર કોડ સ્કેન કરવાનું કહે છે !

પણ એમાં કેટકેટલા ત્રાસ છે, ભૈશાબ ?

* * *

એક તો ૧૦ ઈંચ બાય ૧૨ ઈંચની સાઈઝમાં આઠ પાનાંની સાઈઝ આપણા મોબાઈલમાં સાડા ત્રણ ઈંચ બાય સવા બે ઈંચની થઈ જાય છે !

એટલે શું આપણે આંખો ખેંચવાની ? જેને બેંતાલાનાં ચશ્માં આવી ગયાં છે એમણે કશું ખાવાનું જ નહીં ? ના...!

* * *

પહેલાં તો એના અક્ષરો મોટા કરવા માટે આંગળી અને અંગૂઠા વડે એને 'ઝૂઉમ' કરવાનું ! આમાં થાય છે શું...

કે એમાં લખેલી વાનગીનું નામ આમેય આ લોકોએ સ્ટાઈલ મારવા માટે બહુ અઘરું કરી નાંખ્યું હોય, એટલે સમજાય જ નહીં કે બોસ, આ ચીજ છે શું ?

ઉપરથી ડર લાગતો હોય કે એનો ઓર્ડર આપતી વખતે એનો ઉચ્ચાર બરાબર નહીં આવડે તો ? (કાર્ડવાળા મેનુમાં તો સહેલું હતું કે આંગળી મુકીને કહી શકતા હતા કે 'યે લે આઓ !' અહીં શી રીતે બતાડવાનું ? વેઈટરનું મોં છેક મોબાઈલમાં ખોસવાનું ?)

* * *

અચ્છા, છ સાત જણા ગયા હોઈએ તો કોણ કઈ આઈટમ કયા નંબરના પાને શોધી રહ્યું છે એનું જ કન્ફ્યુઝન બહુ મોટું હોય છે !

કેમકે આઈટમનો ઉચ્ચાર તો આવડતો નથી ! કાકા જેને ખાવાની આઈટમ સમજતા હોય એ જ્યુસ નીકળે ! અને કાકી જેને પંજાબી સબ્જી સમજતા હોય એ સાલું સલાડ નીકળે !

* * *

પછી ભયંકર કન્ફ્યુઝનો ચાલે : 'તમારા મોબાઈલમાં દેખાડે છે તો મારામાં કેમ નથી દેખાતું ?' 'તમે પેલી ૩૫૦ વાળી આઈટમ કહો છો ? મારામાં તો ૩૯૫ લખ્યું છે !' 'અરે એ નહીં, એની ઉપરવાળી...' 'ભૈશાબ, મારાથી તો ડિલીટ થઈ ગયું ! હવે શું કરવાનું ?'

* * *

કહેવાય છે કે એ લોકો 'પર્યાવરણ' બચાવવા માટે કાગળનો વપરાશ ઘટાડી રહ્યા છે !

શું કહ્યું ? પર્યાવરણ ? જ્યાં તમે છ છ એરકંડીશનર, ચાર-ચાર માઈક્રોવેવ ઓવન, સામટી ૧૨૦ લાઈટો વડે બેફામ કાર્બન-પ્રોડકશન કરી રહ્યા છો અને રોજનું ૨૦-૩૦ કિલો ભોજન એંઠવાડમાં ફેંકી રહ્યા છો...

એનાથી કેટલું 'પર્યાવરણ' બચી રહ્યું છે ?

- મન્નુ શેખચલ્લી

## ખેડૂતોને દાઝ્યા પર

(છેલ્લા પાનાનું ચાલુ)

વાડીઓ પર વીજકંપનીની રેડ પાડી રહી છે. ખેતરોમાં પાણી કે સિંચાઈની કોઈ વ્યવસ્થા ન હોવા છતાં, વીજ તંત્ર દ્વારા ખેડૂતોના બિલ પર લાખ-દોઢ લાખ રૂપિયાના દંડ ફટકારવામાં આવી રહ્યા છે. દુકાળની સ્થિતીમાં હજારો રૂપિયાનું વીજબિલ ભરવું કેવી રીતે એ પ્રશ્ન સર્જાયો છે.

પંચાયતથી લઈને વિધાનસભા સુધી ભાજપના જ પ્રતિનિધિઓ સત્તા પર બેઠા છે, તેમ છતાં દુષ્કાળ સહાય અને ખેડૂતોના આ પ્રશ્નો મુદ્દે એક પણ ધારાસભ્ય એક હરફ ઉચ્ચારવા તૈયાર નથી. ખેડૂતોનુ કહેવુ છેકે, આ બધીય પજવણીનો હિસાબ ચૂંટણી વખતે કરવામાં આવશે.

લોક પ્રકાશન લી. અમદાવાદ વતી મુદ્રક, પ્રકાશક શ્રી શ્રેયાંસ શાંતિલાલ શાહે (૧) પ્રજાબંધુ પ્રેસ, ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧. (૨) નીલગીરી પ્રેસ, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૫૯ ખાતે છાપ્યું અને ગુજરાત સમાચાર ભવન, ખાનપુર ખાતેથી પ્રસિધ્ધ કર્યું. અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ
Regd. NI. GAMC 28

## અવસાન નોંધ

**ખત્રી :** સ્વ. હીરાલાલ હરજીવનદાસ ખત્રી(નિર્મળ)નું બેસણું સોરઠિયા બ્રહ્મક્ષત્રિય પંચની વાડી, પુષ્પકુંજ, ભૈરવનાથ રોડ, કાંકરિયા, સાંજે ૪થી ૬

**સોની :** સ્વ.પ્રમેશભાઈ હસમુખલાલ સોનીનું બેસણું ''તારા શાંતિ''હોલ, ભઠ્ઠા, પાલડી, સવારે ૮.૩૦ થી ૧૦.૩૦

**વાચકોએ નોંધ લેવી કે કોઈપણ જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંયેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.**
**- જાહેરખબર મેનેજર**

Owned by Lok Prakashan Limited for Ahmedabad Edition, Printer & Publisher Shri Shreyansh S. Shah Printed at (1) prajabandhu press, khanpur, Ahmedabad-380001 (2) Nilgiri press, satelite,Ahmedabad- 380059 and Published from Gujarat Samachar Bhavan Khanpur, Ahmedabad. Founder Editor: Lt. Shantilal A.Shah
Regd.NI.GAMC 28

### ગુજરાત યુનિ.માં અગાઉ પણ ઘણી જાહેરાતો પૂરી થઈ નથી

# ઈન્ચાર્જ વીસીએ જાહેર કરેલા નવા કામો નવા વીસી પૂરા કરશે કે નહીં

અમદાવાદ,ગુરૂવાર

ગુજરાત યુનિ.માં ચાર મહિનાથી વધુ સમય માટે રહેલા ઈન્ચાર્જ કુલપતિ ડૉ.જગદીશ જોશીએ વાઈફાઈ કેમ્પસ, પ્રોફેસરોને પબ્લિકેશન ગ્રાન્ટ થી માંડી ઓનલાઈન ફરિયાદ એપ્લિકેશન શરૂ કરવા સહિતની ઘણી જાહેરાતો કરી હતી.જો કે આ બધી જાહેરાતો પુરી થાય કે આ કામો શરૂ થાય તે પહેલા જ નવા કાયમી કુલપતિનો ઓર્ડર થઈ ગયો અને ઈન્ચાર્જ વીસી કાયમી ન બની શક્યા .હવે ઈન્ચાર્જ કુલપતિએ કરેલી આ નવા કામોની જાહેરાતોને કાયમી કુલપતિ પુરી કરાવશે કે પછી અભરાઈએ ચડાવી દેવાશે તેને લઈને હાલ યુનિ.કેમ્પસમાં ચર્ચા ઉઠી છે.કારણકે અગાઉ યુનિ.ની પરંપરા મુજબ નવા કુલપતિ આવતા પોતાની રીતે નવા કામો શરૂ કરાવે છે અને જુના કામો પુરા થતા નથી કે બંધ કરાય છે.

## નવા વીસી આવતા જૂની જાહેરાતો-કામોને પદલે પોતાની રીતે નવા કામો જાહેર-શરૂ કરવાની પરંપરા હવે બદલાશે?

ગુજરાત યુનિવર્સિટીના ઈન્ચાર્જ કુલપતિ જગદિશ જોશીની કામચી કુલપતિ બનવાની ઈચ્છા ભલે પુરી ન થઈ હોય પરંતુ કુલપતિ તરીકે શિક્ષણ વિભાગ માટેના વાઈબ્રન્ટ ગુજરાતના એમઓયુને લઈને તેઓ ડેલીગેશન સાથે વિદેશ પ્રવાસે ગયા છે એટલે કે વાઈબ્રન્ટ ગુજરાત સમિટ માટેની કમિટીમાં તેઓને મુકાયા છે.ગુજરાત યુનિ.માં ઈન્ચાર્જ વીસી તરીકે ચાર મહિનાથી વધુ સમય માટે રહેલા ડૉ.જગદીશ જોશીએ તેમના ટૂંકા કાર્યકાળમાં મહત્વની પાંચ જાહેરાતો કરી હતી અને સીએમને બોલાવીને અલ્યુમ્ની એસોસિએશન માટેનું નવુ પોર્ટલ શરૂ કરાવી નવેસરથી રજસ્ટ્રેશન કરાવ્યુ હતું.

### ઈન્ચાર્જ કુલપતિએ આ જાહેરાત કરી હતી

* સમગ્ર કેમ્પસ વાઈફાઈ કરાશે
* પ્રોફેસરોને રિસર્ચ-પબ્લિકેશન માટેની ૨-૨ લાખની ગ્રાન્ટ અપાશે.
* ૧ ડિસેમ્બરથી વિદ્યાર્થીઓને ફરિયાદ માટે એપ્લિકેશન લોન્ચ કરવી
* હાયર પેમેન્ટ કોર્સીસ માટેની સેન્ટ્રલ પોલીસી લાગુ કરવી
* તમામ વિભાગોમાં બિલ્ડીંગ ઈન્ચાર્જ નિમાશે

ઈન્ચાર્જ કુલપતિ રહેલા જગદીશ જોશી કાયમી કુલપતિ તો ન બની શક્યા પરંતુ તેઓએ નાના કાર્યકાળમાં કરેલી મોટી જાહેરાતો હવે નવા આવેલા કાયમી કુલપતિ પુરી કરાવશે કે નહીં તેને લઈને હાલ યુનિ.કેમ્પસમાં ગણગણાટ છે.કારણકે ગુજરાત યુનિ.માં પરંપરા રહી છે કે પૂર્વ કુલપતિએ કરેલી જાહેરાતો નવા આવેલા કુલપતિ પુરી કરતા નથી મેનેજમેન્ટ સંસ્થા શરૂ કરવા સહિતની ઘણી જાહેરાતો જાહેરાતો જ રહી છે.૧લી ડિસેમ્બરથી વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન ફરિયાદ એપ્લિકેશન લોન્ચ કરવાની જાહેરાત પણ પુરી નહીં થાય અને વાઈફાઈ કેમ્પસ પણ નહીં થાય તેમજ પ્રોફેસરોને ગ્રાન્ટ પણ નહીં અપાય એટલે કે હાલ તો આ કામો નજીકના સમયમાં શરૂ થાય તેમ નથી.

## મુસાફરોના આરોગ્ય

(છેલ્લા પાનાનું ચાલુ)

ફટકારી તંત્રએ સંતોષ માણ્યો છે. જાણકારોના મતે, આઈસક્રીમ અને ફ્રોઝન ડેઝર્ટ દેખાવ અને સ્વાદમાં લગભગ સરખાં લાગે છે પણ લોકોને હજુ એ વાતની ખબર નથીકે, આ બંને જુદા જુદા છે. આઈસ્ક્રીમ શુધ્ધ દૂધ અને ક્રીમમાંથી બને છે જ્યારે ફ્રોઝન ડેઝર્ટમાં દૂધની ચરબીને બદલે પામ ઓઈલનો ઉપયોગ કરાય છે જેમાં ખાંડ, મિલ્ક પાવડર અને ફ્લેવર્સ ઉમેરવામાં આવે છે. ગ્રાહકો શુદ્ધ આઈસ્ક્રીમ માનીને જે ખાય છે, તે હકીકતમાં વનસ્પતિ તેલમાંથી બનેલું 'ફ્રોઝન ડેઝર્ટ 'હોય છે. આ છેતરપિંડી અટકાવવા આરોગ્ય વિભાગે ૭૬૮ સ્થળોએ તપાસ કરી તો જાણવા મળ્યુકે, ૩૨ સ્થળોએ ફક્ત વનસ્પતિ તેલવાળું ફ્રોઝન ડેઝર્ટ વેચાઈ રહ્યુ હતું જ્યારે ૧૬૪ દુકાનોમાં આઈસ્ક્રીમ અને ફ્રોઝન ડેઝર્ટ બંનેનું વેચાણ ચાલુ હતું. ગ્રાહકોને જાણ થાય તે માટે દુકાનદારે દુકાન પર 'આઈસ્ક્રીમ કે 'ફ્રોઝન ડેઝર્ટનું બોર્ડ લગાવવું ફરજિયાત છતાં ક્યાંય અમલ થઈ રહ્યો નથી.

## જાહેર ચેતવણીમાં સુધારો

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદ, સબ-ડીસ્ટ્રીક્ટ અને તાલુકે ધોલેરાનાં મોજે-ગામ સાંગાસરનાં જુના સર્વે નંબર ૨૮૭/૫ પૈકી ૪ જેના નવા રી-સર્વે નંબર ૧૫૮ ની તારીખ ૨૫/૧૧/૨૦૨૬ ના રોજ પ્રસિધ્ધ થયેલ જાહેર નોટીસમાં ''એડવોકેટ વિપુલ કે. લુકુમ'' ભુલથી છપાયેલ છે તેની જગ્યાએ ''એડવોકેટ મનીષ ડી. પટેલ'' વાંચવું અને સમજવું.

**મનીષ ડી. પટેલ, એડવોકેટ**
ઓફીસ : ૧૦, મુનલાઈટ કોમ્પલેક્ષ, ડ્રાઈવ-ઈન રોડ, ગુરૂકુળ, અમદાવાદ-૫૨
મો. નંબર : ૯૭૧૪૬૦૯૭૪૬

## જાહેર નોટિસ

જત રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ સબ-ડિસ્ટ્રીક્ટ અમદાવાદ - ૧૨ (નિકોલ) ના તાલુકા દશકોઈ ના મોજે કઠવાડા ની સીમના રિ-સર્વે/બ્લોક નં.૧૧૪૮/૧ (જુના સર્વે નં. ૭૮) ની ૫૨૨૧ ચો.મી. જમીનનો સમાવેશ ટી.પી. સ્કીમ નં.૧૧૭ માં થતા ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નં.૨૦ પૈકી ની ૩૧૦૪ ચો.મી.ના ક્ષેત્રફળવાળી બહુહેતુક ઉપયોગની બીનખેતીની જમીન HARE INFRA ની માલિકી, કબજા-ભોગવટાની બોજાઓથી મુક્ત ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ આવેલી છે તેમ જણાવી તેઓએ અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરીને અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવાના અભિપ્રાય અંગેના સર્ટીફીકેટ માંગણી કરેલ છે તો સદરહુ જમીનમાં કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો હોય તો દિન-૭ (સાત) માં પ્રમાણીત પુરાવા સહિત લેખીતમાં રજી.એ.ડી. થી જાણ કરવી (પ્રમાણિત પુરાવા વગરનાં વાંધા ધ્યાને લેવાશે નહી) અને જો તેમ કરવામાં કસુર થશે તો કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો ઈત્યાદી નથી અને જો હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ સમજી ટાઈટલ ક્લીયરન્સના અભિપ્રાય અંગેનું સર્ટીફીકેટ આપીશું ત્યારબાદ કોઈની કોઈ તકરાર ચાલશે નહી.

**દિનેશ બી. પટેલ, એડવોકેટ**
ઓફીસ : ૪૦૩ તથા ૪૦૪, બ્લોક-સી, ફોર્થ ફ્લોર, રેવતી પ્લાઝા, ભક્તિ સર્કલ પાસે, ઓફ એસ. પી. રીંગ રોડ, ન્યુ નિકોલ, અમદાવાદ - ૩૮૦૦૪૯. મો. નં. ૯૮૭૯૦ ૫૭૨૯૦.

## જાહેર નોટિસ

અમારા અસીલની સુચનાથી જાહેર જનતાને જણાવવાનુ કે, જત જીલ્લે અમદાવાદ તાલુકો સાબરમતીના અમદાવાદ-૩ (મેમનગર વિભાગ) ના મોજે ચંગીસપુરની સીમમાં ટી.પી. સ્કીમ નંબર-૨૦ ના ફાઈનલ પ્લોટ નંબર-૧૫૮ ની ચોરસમીટર-૪૫૪૧ ની જમીન કે જેનો વોર્ડ ગુલબાઈ ટેકરામાં સમાવેશ થવાથી તેનો સીટી સર્વે નંબર-૫૫૧૧ પડેલ છે તે જમીનમાં સી.જી. રોડ ઉપર, લાલ બંગલા પાસે, 'સુપરમૉલ' (ડાયમંડ કો.ઓ.હા.સો.લિ.)ના નામથી ઓળખાતી મીલકતમાં સેકન્ડ ફ્લોર ની ઓફિસ/યુનિટ નંબર-૨૧૨/એ ની ચોરસફૂટ-૧૬૧ યાને ચોરસમીટર-૧૫ ના બાંધકામવાળી મિલકત તથા સદર મિલકત અંગે જમીનમાં વગર વહેંચાયેલ વરાડે હક્કો સહિતની મિલકત નયનકુમાર બબલદાસ પટેલ રહેવાસી-૧૨, સનીપાર્ક સોસાયટી, રાધનપુર રોડ, મહેસાણાનાએ પોતાની સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની હોવાની જણાવેલ છે, તેમજ સદર ઉપર જણાવેલ સમગ્ર મિલકતના ઉપર કોઈપણ બેન્ક, વ્યક્તિ કે સંસ્થાનો બોજો નથી તેમ પણ તેઓએ જણાવેલ છે અને સદર મિલકત તેઓએ અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. સદર મિલકત અંગે અમારા અસીલે અમારી પાસે ના-વાંધા પ્રમાણપત્રની માંગણી કરેલ છે તો સદર મીલકતના ઉપર કોઈપણ બેન્ક, વ્યક્તિ કે સંસ્થાના કોઈપણ પ્રકારના હકક દાવા બોજા હીસ્સા કે હીતસંબંધ હોય તો આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૭ (સાત) માં પુરાવા સહીત અમોને લેખિતમાં ખબર આપવી અને જો તેમ કરવામાં કસુર થશે સદર મીલકતના ઉપર મજકુર કોઈના કોઈપણ જાતના હકક દાવા બોજા હીસ્સા કે હીતસંબંધ નથી અને હોય તો તે જતા કર્યા છે તેમ સમજી ઉપરોકત મુદત વિતે સદર મીલકત અંગે અમો ના-વાંધા પ્રમાણપત્ર ઈસ્યુ કરીશુ અને અમારા અસીલ સદર મીલકતનો પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તકરાર ચાલશે નહીં.

તારીખ-૨૬/૧૧/૨૦૨૬

**દીનેશભાઈ દેવચંદ પાલખીવાળા**
**એડવોકેટ,**
ઠે.બી/૨, નવદીપ એપાર્ટમેન્ટ, સી.યુ. શાહ કોલેજના ખાંચામાં, નવજીવન પ્રેસ સામે, આશ્રમ રોડ, અમદાવાદ-૧૪.

## જાહેર નોટિસ

**મોજે - જેસંગપુરા**

ડીસ્ટ્રીકટ મહેસાણા રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીકટ કડી તાલુકાના મોજે-જેસંગપુરા ગામની સીમનાં રી-સર્વે મુજબનાં સર્વે નં. ૨૬૯ (જુના સર્વે નં. ૧૭૩) ની હે.આરે.ચો.મી. ૨-૨૪-૦૮ પૈકી ઉત્તર દિશા તરફના ભાગની હે.આરે.ચો.મી. ૧-૧૨-૦૪ ની ખેતીની જમીન પટેલ યસવંતકુમાર હરજીભાઈની સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેના અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઈનો બોજો, ચાર્જ, ખેડહક્ક, ગણોતહક્ક, ઈઝમેન્ટ રાઈટસ કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયનું પ્રમાણપત્ર આપીશું અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૨૭-૧૧-૨૦૨૬

**મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,**
**ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,**
**BALCHANDBHAI ASSOCIATES**
ઠે. એ / ૨૦૨, સેકન્ડ ફ્લોર, એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો.૯૮૭૯૩૪૪૩૩૩

## જાહેર નોટિસ

**મોજે-શેખપુર - ખાનપુર**

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ (મેમનગર) સાબરમતી તાલુકાના મોજે : શેખપુર-ખાનપુર ગામની સીમના ટી.પી. સ્કીમ નં. ૧૯ના ફાઈનલ પ્લોટ નં. ૩૮૪ની જમીન ઉપર અચલાયતન કો.ઓ.હા.સો.લી. (અચલાયતન સોસાયટી) આવેલ છે. તેમાં આવેલ બંગલા નં. ૧ની ચો.વાર : ૨૨૩.૬૩ (રોડ - રસ્તા તથા કોમન પ્લોટના હક્ક સહિત) ની જમીન તથા તેમાં આવેલ ગ્રાઉન્ડ ફ્લોર તથા ફર્સ્ટ ફ્લોરના કુલ ચો.મી. ૧૬૭.૯૪ ના બાંધકામવાળી મીલકત કે જેનો સીટી સર્વે વોર્ડ : ટી.પી. ૧૯ મેમનગરમાં સમાવેશ કરીને ફાળવેલ સીટી સર્વે નં. ૨૬૨૮ ની ચો.મી. ૬૫.૫૨ ના ક્ષેત્રફળવાળી મીલકત શ્રેણીક નંદુભાઈ પટેલની સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેના અભિપ્રાયની માંગણી કરેલ છે, સદર મીલકતમાં કોઈનો કોઈપણ પ્રકારનો બોજો, ચાર્જ, લીયન, બાના હક્ક, કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર મીલકતમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર મીલકતનું ટાઈટલ ક્લીયરન્સ અંગેનાં અભિપ્રાયનું સર્ટીફિકેટ ઈસ્યુ કરી દઈશું અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૨૭-૧૧-૨૦૨૬

**મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,**
**ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,**
**BALCHANDBHAI ASSOCIATES**
ઠે. એ / ૨૦૨, સેકન્ડ ફ્લોર, એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો.૯૮૭૯૩૪૪૩૩૩

## જાહેર નોટિસ

**મોજે - પાલજ**

ડીસ્ટ્રીકટ ગાંધીનગર રજીસ્ટ્રેશન સબ - ડીસ્ટ્રીકટ ગાંધીનગર (ઝોન - ૩) ગાંધીનગર તાલુકાના મોજે -પાલજ ગામની સીમના સર્વે નં. ૨૨૭/૦૦૧ ની હે.આરે.ચો.મી. ૬૬-૬૩-૭૩ પૈકી હે.આરે.ચો.મી. ૧-૬૧-૮૭ પૈકી હે.આરે.ચો.મી. ૧-૦૭-૯૧ ની ખેતીની જમીન કૈલાશબા કચરાજી રાઠોડ તથા રણજીતસિંહ કચરાજી રાઠોડની સંયુક્ત માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઈનો બોજો, ચાર્જ, ખેડહક્ક, ગણોતહક્ક, ઈઝમેન્ટ રાઈટસ કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૧૫ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ ક્લીયરન્સ અંગેનાં અભિપ્રાયનું સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૨૭-૧૧-૨૦૨૬.

**મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,**
**ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**અમીત દશરથભાઈ પટેલ

### અમરાઇવાડીમાં રહેતો યુવક જીટીયુમાં પીએચડીનો અભ્યાસ કરે છે

# સરખેજના મુદ્દસ્સરને કેમિકલ સપ્લાય કરનાર જીટીયુના વિદ્યાર્થીની ધરપકડ

અમદાવાદ,ગુરૂવાર

સરખેજના લબ્બેક પાર્કમાં એનસીબી અને સ્થાનિક પોલીસ દ્વારા પાડવામાં આવેલા દરોડામાં અગાઉ રાજસ્થાનના પ્રતાપગઢ જિલ્લા અને મધ્યપ્રદેશના મંદસૌરથી બે અક્ષર પઠાણ અને જુનેદખાનની ધરપકડ કરી હતી. બાદમાં તપાસ દરમિયાન કેસની તપાસમાં અમરાઈવાડી વિસ્તારમાં રહેતા અને ગુજરાત ટેકનીકલ યુનિવર્સિટીમાં પીએચડીનો અભ્યાસ કરતા હર્ષિલ પરીખની સંડોવણી સામે આવતા ગુરૂવારે તેની ધરપકડ કરવામાં આવી હતી. હર્ષિલ પરીખની આર્થિક સ્થિતિ સારી ન હોવાથી મુદ્દસરે તેને મદદ કરી હતી. જેના બદલામાં તેની પાસેથી પ્રતિબંધિત કેમીકલ મેળવ્યા હતા. તેણે ક્યા ક્યા કેમિકલ આપ્યા હતા ? અને ક્યાંથી લાવ્યો હતો? તે અંગે એનસીબીએ વધુ તપાસ શરૂ કરી છે.

## કેમિકલ એન્જિયરિંગ કરતા હર્ષિલ પરીખને મુદ્દસ્સરે આર્થિક મદદ કરીને કેમિકલનો જથ્થો મેળવ્યો હતો : વેપારીઓ રડારમાં

એનસીબી અને સરખેજ પોલીસે સરખેજમાં આવેલા લબ્બેક પાર્કમાં આવેલા મકાનમાં દરોડો પાડીને ભોયરામાં લેબ બનાવીને એમ ડી ડ્રગ્સ તૈયાર કરવાના આરોપસર મુદ્દસર પઠાણની ધરપકડ કરીને કરોડોનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. પોલીસે તેની લેબમાંથી પ્રતિબંધિત કેમિકલ અને રસાયણનો જથ્થો પણ જપ્ત કર્યો હતો. જે અંગે મુદ્દસરની પુછપરછ કરવામાં આવતા ચોંકાવનારો ખુલાસો થયો હતો કે અમરાઈવાડી વિસ્તારમાં રહેતો અને જીટીયુમાં કેમિકલ એન્જિનિયરીંગમાં પીએચડીનો અભ્યાસ કરતા હર્ષિલ પરીખે તેને કેમિકલ-રસાયણનો જથ્થો પુરો પાડ્યો હતો.

જેના આધારે એનસીબીએ હર્ષિલની ધરપકડ કરીને પુછપરછ કરતા જાણવા મળ્યું હતું કે તેની આર્થિક સ્થિતિ સારી નહોતી. જેથી મુદ્દસરે તેને અનેકવાર મદદ કરી હતી. જેના બદલામાં મુદ્દસરે તેની પાસેથી ચોક્કસ કેમિકલ મંગાવ્યું હતું. સાથેસાથે કે કેમિકલમાં એક્સપર્ટ હોવાથી માર્ગદર્શન પણ આપતો હતો. આ કેમિકલ કેટલા રૂપિયામાં ખરીદી કર્યા હતા? ક્યાથી ખરીદી કર્યા હતા? તે અંગે એનસીબીએ તપાસ શરૂ કરી છે.

ઉલ્લેખનીય છે કે અગાઉ રાજસ્થાનના પ્રતાપગઢથી અખ્તરખાન પઠાણ અને મધ્યપ્રદેશના મંદસૌરથી જુનેદખાનની પણ ધરપકડ કરવામાં આવી હતી. જેમના દ્વારા રાજસ્થાનના જંગલ વિસ્તારમાં પોલ્ટ્રી ફાર્મની આડમાં એમ ડી ડ્રગ્સની ફેક્ટરી ચલાવવામાં આવતી હતી.

### ૭૭૦ ગ્રામ સોનાની દાણચોરીના કેસમાં

# સોનાની દાણચોરીના કેસમાં ટ્રાવેલ કંપનીના પ્રમોટરની ધરપકડ કરાઈ

(પ્રતિનિધિ તરફથી) અમદાવાદ,ગુરૂવાર

ગત જુલાઈ માસમાં વિદેશ પ્રવાસે લઈ જવામાં આવેલા પેસેન્જરને પાછા લાવતી વખતે તેમને થોડુ થોડું સોનું પકડાવી લઈને અંદાજે ૭૭૦ ગ્રામ સોનાની દાણચોરી કરાવવામાં સંડોવાયેલા મહેસાણાની ટ્રાવેલ કંપનીના પ્રમોટર કિરીટ પટેલની આજે મહેસાણાથી ધરપકડ કરવામાં આવી છે.

## રાજ ટ્રાવેલના માલિકે આઠ પેસેન્જર દાણચોરીના કેસમાં સંડોવાયેલા હોવાની કબૂલાત કરી

સોનાની દાણચોરી કરવાના મહેસાણાની ટ્રાવેલ કંપનીના પ્રમોટર કિરીટ પટેલ સંડોવાયેલા હોવાનું અને તેમણે પેસેન્જરના માધ્યમથી સોનું આયાત જકાત જમા કરાવ્યા વિના સોનું ઘૂસાડવાનો પ્રયાસ કર્યો હતો. એરપોર્ટ કસ્ટમ્સના અધિકારીઓ જુલાઈ મહિનાથી કિરીટ પટેલને શોધી રહી હતી. છેક આજે તેમનો અંગેની માહિતી મળતા મહેસાણા જઈને ધરપકડ કરવામાં આવી હતી. આજે તેમને મહેસાણાથી અમદાવાદ લઈ આવવામાં આવ્યા છે.

આ કેસમાં અન્ય આઠ સાથી પેસેન્જરની સંડોવણી હોવાની કબૂલાત કિરીટ પટેલે કરી છે.



ઐતિહાસિક નગરી સિદ્ધપુરમાં સરસ્વતી નદીના તટે યોજાયેલા સાત દિવસીય કાર્તિકી પૂર્ણિમાના કાત્યોક મેળામાં માનવ મહેરામણ ઉમટી પડ્યું છે. ચૌદશથી પાંચમ સુધી ચાલનારા આ મેળામાં ભરાયેલા ઊંટ બજારમાં રાજસ્થાનના બાડમેર, જેસલમેર, બિકાનેર, જાલોર, સાંચોર, નાગોર તેમજ ઉત્તર ગુજરાતના વિવિધ ગામોમાંથી ૨૦૦૦થી વધુ જાતવાન ઊંટો વેચાણ અર્થે આવ્યા છે. પુષ્કરના મેળાની જેમ પ્રખ્યાત આ બજારમાં વેપારીઓ દ્વારા અત્યાર સુધીમાં રૂ. ૨૦ હજારથી લઈને ૭૦ હજાર સુધીની કિંમતના ૩૦૦ થી ૪૦૦ જેટલા ઊંટોની લે-વેચ કરવામાં આવી છે.

# બે કરોડના કિસાન ક્રેડિટ કાર્ડ લોન કૌભાંડનો આરોપી ૨૧ વર્ષે પકડાયો

અમદાવાદ, ગુરૂવાર

રાજસ્થાનમાં ૨૧ વર્ષ અગાઉ ૨.૦૮ કરોડની ૯૯ કિસાન ક્રેડિટ કાર્ડ લોન લીધા પછી પલાયન થયેલા આરોપીને સુરતમાંથી સીબીઆઈએ ઝડપી પાડ્યો છે. સુરતમાં નામ બદલીને રહેતા આરોપીની પૂછપરછમાં ખેડૂતોના નામે લોન લેવાના કૌભાંડમાં ચોંકાવનારાં ખુલાસા થઈ શકે છે.

## કિસાન ક્રેડિટ કાર્ડ ઉપર ૯૯ લોન લીધા પછી સુરતમાં નામ બદલીને રહેતો આરોપી સકંજામાં

ઠગાઈ કેસમાં ૨૧ વર્ષથી ફરાર આરોપી કનવરલાલ લખોટિયાની સીબીઆઈએ સુરતથી ધરપકડ કરી છે. રાજસ્થાનના બિકાનેર જિલ્લામાં આવેલી સ્ટેટ બેંક ઓફ બિકાનેર એન્ડ જયપુરની ઝાલુ શાખા સાથે સંકળાયેલા કેસમાં ૯૯ કિસાન ક્રેડિટ કાર્ડ લોન ગેરકાયદેસર રીતે મંજૂર કરીને વિતરિત કરવામાં આવી હતી. આ કૌભાંડ આશરે રૂ. ૨.૦૮ કરોડનું છે. બે દશકાથી નાસતા ફરતા આરોપી કનવરલાલ લખોટિયાએ તપાસ એજન્સીઓથી બચવા માટે રાજકુમાર મહેશ્વરી એવું બીજું નામ ધારણ કર્યું હતું. પોતાની ઓળખ છુપાવવા માટે બનાવટી ઓળખ દસ્તાવેજોનો ઉપયોગ પણ કર્યો હતો. જો કે, સીબીઆઈની ટીમે પાક્કી બાતમીના આધારે આરોપીને સુરતથી ઝડપી રાજસ્થાન પોલીસને સોંપવા કાર્યવાહી કરી છે.

### નાગપુર જેલમાંથી ટ્રાન્સફર વોરંટના આધારે ધરપકડ

# ઉંઝાના ૪૦ લાખની નકલી ચલણી નોટોના કેસમાં આરોપીની ધરપકડ

અમદાવાદ,ગુરૂવાર

ઉંઝા માર્કેટયાર્ડના જીરૂ-વરિયાળીના વેપારીને લીધેલા માલ પેટે રૂ.૪૦ લાખની બનાવટી ચલણી નોટો પધરાવવાના તેમ જ ઓનલાઇન આંગડિયા પેઢી ખોલી દેશમાં જુદા જુદા વેપારીઓને અસલીની જગ્યાએ બનાવટી તેમ જ ચિલ્ડ્રન નોટ પધરાવી દેવાના પ્રકરણમાં પોલીસે ટ્રાન્સફર વોરન્ટના આધારે આરોપી નિતેશકુમાર સંજીવ શર્માની નાગપુર જેલમાંથી ધરપકડ કરી છે.

## પોલીસે અમદાવાદની મેટ્રો કોર્ટમાં રજૂ કરતાં આરોપી નિતેશકુમાર શર્માને ૪ દિવસના રિમાન્ડ પર સોંપાયો

ઘાટલોડિયા પોલીસે આરોપી નિતેશકુમાર શર્માને મેટ્રોપોલીટન કોર્ટમાં રજૂ કરતાં એડીશનલ ચીફ જયુડીશયલ મેજિસ્ટ્રેટ કે.એમ.ગોહિલે આરોપી નિતેશકુમાર શર્માને ચાર દિવસના પોલીસ રિમાન્ડ પર સોંપવા હુકમ કર્યો છે.

ઉલ્લેખનીય છે કે, પોલીસે તાજતરમાં જ આ પ્રકરણના બે આરોપીઓ રાહુલસિંહ વિજયસિંહ ઠાકુર અને માલચંદ પ્રમેશ્વરલાલ શર્માની ધરપકડ કરી ત્રણ દિવસના પોલીસ રિમાન્ડ મેળવ્યા હતા. ઘાટલોડિયા પોલીસે નિતેશકુમાર સંજીવ શર્માની નાગપુરની જેલમાંથી ટ્રાન્સફર વોરન્ટના આધારે ધરપકડ કરીને અમદાવાદની મેટ્રોપોલીટન કોર્ટમાં રજૂ કરી સાત દિવસના રિમાન્ડની માંગણી કરતા સરકારપક્ષ દ્વારા કોર્ટને જણાવાયું કે, તાજેતરમાં પકડાયેલા બંને આરોપીઓની પૂછપરછમાં આરોપીને નાગપુરની આંગડિયા પેઢીમાં અસલ નાણાં લેવા રાજસ્થાન, બિકાનેરના પંકજ શર્મા અને તેના દાદા બજરંગ મોઢ શર્માએ મોકલ્યા હોવાનું જણાવે છે પરંતુ બનાવટી ચલણી નોટો આપવા આવનાર આરોપીઓ બાબતે કોઇ હકીકત જણાવતો નથી. આ બનાવટી ચલણી નોટો પંકજ શર્મા રાજસ્થાનના બિકાનેરવાળાએ આપી હતી તેની તપાસ કરવાની છે.

# ૨૫મી જાન્યુઆરીથી વસતી ગણતરીનો બીજો તબક્કો, જનતાને ૪૦ પ્રશ્નો પૂછાશે

(પ્રતિનિધિ દ્વારા) સુરત,ગુરૂવાર

દેશમાં આગામી વસતી ગણતરી-૨૦૨૭ને લઈને વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓ તેજ કરવામાં આવી છે. આગામી તા. ૨૫મી જાન્યુઆરીથી બીજો તબક્કો શરૂ થવા જઈ રહ્યો છે. જે તા. ૨૮મી ફેબ્રુઆરીએ પૂર્ણ થશે. સુરત મહાપાલિકા વિસ્તારમાં વસતી ગણતરી માટે અધિકારીઓને તાલીમ અપાઈ છે. કર્મચારીઓને પ્રશ્નોત્તરીથી માંડીને ડેટા સુરક્ષા અને હાઉસ લિસ્ટિંગ સુધીની તમામ પ્રક્રિયા સમજાવાઈ છે.

## બીજા તબક્કાની કામગીરી પહેલાં કર્મચારીઓને પ્રશ્નોત્તરીથી માંડીને ડેટા સુરક્ષા અને હાઉસ લિસ્ટિંગ સુધીની તમામ પ્રક્રિયા સમજાવાઈ

વસ્તી ગણતરીનો પ્રથમ રાઉન્ડ પૂર્ણ થઈ ચૂક્યો છે. દિવાળી બાદ હવે બીજા તબક્કાનું બ્યૂગલ વાગી ચૂક્યું છે. બીજા તબક્કામાં ડોર ટુ ડોર કામગીરી શરૂ થાય તે પહેલા ગાંધીનગરથી આવેલા માસ્ટર ટ્રેનર્સ દ્વારા મહાપાલિકાના કર્મચારીઓ માટે તા.૨૫ નવેમ્બર અને ૨૬ નવેમ્બરે બે દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો હતો.

આગામી વસતી ગણતરી ડિજિટલ પદ્ધતિથી હાથ ધરવામાં આવશે. આ વખતે કામગીરીની પદ્ધતિમાં પણ મહત્વપૂર્ણ ફેરફાર જોવા મળશે. કર્મચારીઓને અપાયેલી તાલીમ દરમિયાન કુલ ૪૦ પ્રશ્નો આધારિત પ્રશ્નોત્તરી અંગે વિસ્તૃત સમજ અપાઈ હતી. વસતી ગણતરીની કામગીરીનું સંચાલન, માહિતીનું સંકલન અને સમગ્ર પ્રક્રિયાનું વ્યવસ્થાપન કેવી રીતે કરવું તે અંગે પણ માર્ગદર્શન અપાયું છે. ચાર્ટ અધિકારીઓને તેમની કામગીરીમાં ચોકસાઈ જાળવવા તેમજ ડેટાની ગુણવત્તા બાબતે વિશેષ ભાર મુકવામાં આવ્યો હતો.

### બેંક ખાતાઓની કુલ સંખ્યા, એક વર્ષ દરમિયાન જીવિત જન્મેલા બાળકોની સંખ્યા, કોવિડ-૧૯નું રસીકરમ સ્થળ સહિત આ ૪૦ પ્રશ્નો લોકોને પૂછવામાં આવશે

વ્યક્તિનું નામ, પરિવારના વડા/મુખિયા સાથેનો સંબંધ, લિંગ, જન્મ તારીખ અને ઉંમર, વર્તમાન વૈવાહિક સ્થિતિ, લગ્ન સમયની ઉંમર, પતિ કે પત્નીનું નામ, જાહેર કરેલી રાષ્ટ્રીયતા, ધર્મ, અનુસૂચિત જાતિ કે અનુસૂચિત જનજાતિ, પિતાની વિગત, માતાની વિગત, દિવ્યાંગતા/નિઃશક્તતા, માતૃભાષા અને અન્ય ભાષાઓનું જ્ઞાન, સાક્ષરતા અને ડિજિટલ સાક્ષરતાની સ્થિતિ, શૈક્ષણિક સંસ્થામાં શિક્ષણ મેળવવાની સ્થિતિ, મેળવેલ શિક્ષણનું ઉચ્ચતમ સ્તર તથા વિદ્યાશાખા/વિષય, ગયા વર્ષે કોઈ પણ સમયે કોઈ કામકાજ કર્યું છે કે કેમ?, આર્થિક પ્રવૃત્તિની શ્રેણી, વ્યવસાય, ઉદ્યોગ કે વેપાર અથવા સેવાનું સ્વરૂપ, કર્મચારી/કર્મીનો વર્ગ, બિન-આર્થિક પ્રવૃત્તિ (અલ્પકાલિક, અર્ધ-અલ્પકાલિક અને બિન-કર્મી માટે), કામની શોધમાં અથવા કામ માટે ઉપલબ્ધ (અલ્પકાલિક, અર્ધ-અલ્પકાલિક અને બિન-કર્મી માટે), કાર્યસ્થળ સુધીની મુસાફરી, જન્મ સ્થળ, અગાઉનું નિવાસ સ્થળ, સ્થળાંતર/સ્થળ પરિવર્તનનું કારણ, સ્થળ પરિવર્તન પછી આ ગામ/શહેરમાં નિવાસનો સમયગાળો, કાયમી નિવાસ સ્થળનું સરનામું, હાલમાં જીવિત બાળકોની સંખ્યા (માત્ર હાલમાં પરિણીત, વિધવા, છૂટાછેડા લીધેલ અને અલગ થયેલી મહિલા માટે), અત્યાર સુધીમાં જીવિત જન્મેલા બાળકોની સંખ્યા (માત્ર હાલમાં પરિણીત, વિધવા, છૂટાછેડા લીધેલ અને અલગ થયેલ મહિલા માટે), છેલ્લા એક વર્ષ દરમિયાન જીવિત જન્મેલા બાળકોની સંખ્યા (માત્ર હાલમાં પરિણીત મહિલા માટે), કોવિડ-૧૯ રસીકરણનું સ્થળ, બેંક ખાતાઓની કુલ સંખ્યા, મોબાઈલ નંબર (જો ઉપલબ્ધ હોય તો), આધાર નંબર, મતદાર આઈડી નંબર (જો ઉપલબ્ધ હોય તો), પાસપોર્ટ નંબર (જો ભારતીય પાસપોર્ટ ધારક હોય તો), ડ્રાઈવિંગ લાઈસન્સની ઉપલબ્ધતા.

### અમદાવાદના નિવૃત્ત જજની પુત્રી પિતાની શોધ માટે હાઈકોર્ટના શરણે

# ગુમ નિવૃત્ત ન્યાયાધીશને પોલીસ ત્રણ વર્ષથી શોધી ન શકતા હાઈકોર્ટ ખફા

અમદાવાદ,ગુરૂવાર

અમદાવાદ મેટ્રોપોલીટન કોર્ટમાં એક સમયે એડિશનલ ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ તરીકે ફરજ બજાવતાં ગુજરાતના એક નિવૃત્ત જજ રાજેશભાઇ વિનોદરાય ઓઝા છેલ્લા ત્રણ વર્ષથી રહસ્યમય સંજોગોમાં ગુમ થઈ જતાં અને પોલીસ દ્વારા હજુ સુધી આ નિવૃત્ત જજને શોધી નહી શકાતાં આખરે આ નિવૃત્ત જજની પુત્રીએ ગુજરાત હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા છે.

## શું આપણે કાયદા વિનાના શાસનમાં જીવી રહ્યા છીએ? તો પછી શું ચાલી રહ્યું છે આ બધુ ? જવાબદારોને ઘરભેગા કરવાની હાઈકોર્ટની ચિમકી

જસ્ટિસ ભાર્ગવ કારીઆ અને જસ્ટિસ હેમંત પ્રચ્છકની ખંડપીઠે એક નિવૃત્ત જજની ભાળ મેળવવામાં ત્રણ ત્રણ વર્ષ સુધીની ઉદાસીનતા અને પોલીસની નિષ્ફળતાને લઇ બહુ ગંભીર નારાજગી વ્યકત કરી હતી. હાઇકોર્ટે પોલીસની ભારે ટીકા કરતાં જણાવ્યું કે, શું આપણે કાયદા વિનાના શાસનમાં જીવી રહ્યા છીએ..? તો પછી શું ચાલી રહ્યું છે આ બધું...? હાઇકોર્ટે એક તબક્કે રાજયના પોલીસ વડાને કોર્ટમાં હાજર કરવાની અને કસૂરવાર સ્ટાફને ઘરભેગા કરવાની ચીમકી ઉચ્ચારતાં સરકાર ફફડી ઉઠી હતી.

હાઇકોર્ટે પ્રસ્તુત કેસમાં રાજય સરકાર, રાજયના ડીજીપી, શહેર પોલીસ કમિશનર, શાહીબાગ પીઆઇ સહિતના પક્ષકારોને નોટિસ કાઢી ત્રણ વર્ષથી ગુમ થયેલા નિવૃત્ત ન્યાયાધીશને શોધવાના પૂરતા પ્રયાસો કેમ નથી કરાયા એ મુદે જવાબ માંગ્યો હતો. હાઇકોર્ટે આક્રમક સ્વરમાં વધુમાં જણાવ્યું કે, જો કોઇ ન્યાયિક અધિકારી સાથે પોલીસનું આવું વલણ છે તો એક સામાન્ય વ્યકિત સાથે શું થઇ શકે છે તે સમજી શકાય તેમ છે. એક વ્યકિત(નિવૃત્ત જજ) ત્રણ-ત્રણ વર્ષથી ગુમ-લાપતા છે અને તમે એફઆઇઆર નથી નોંધી રહ્યા...આપણે કેવી અરાજકતાની સ્થિતિમાં જીવી રહ્યા છીએ.

નિવૃત્ત જજ રાજેશભાઇ ઓઝાની પુત્રી દ્વારા હાઇકોર્ટ સમક્ષ કરાયેલી હેબીયર્સ કોર્પસ અરજીમાં અદાલતનું ધ્યાન દોરાયું હતું કે, તેના પિતા રાજેશભાઇ ઓઝા વર્ષ ૨૦૧૬માં અમદાવાદમાં એડિશનલ ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ તરીકે ફરજ બજાવતા હતા અને બાદમાં નિવૃત્ત થયા હતા. તેઓ સપ્ટેમ્બર-૨૦૨૩થી રહસ્યમય સંજોગોમાં ઘરેથી ગુમ થઇ ગયા છે. અરજદારે ઓકટોબર-૨૦૨૩માં શાહીબાગ પોલીસને જાણ કરી હતી પરંતુ પોલીસે આ મામલે એફઆઇઆર દાખલ નહી કરી માત્ર જાણવા જોગ એન્ટ્રી કરી હતી. સૌથી મહત્ત્વની બાબત એ છે કે, તેના પિતાનું નિવૃત્ત જજ તરીકેનું ફેમીલી પેન્શન મેળવવા માટે પણ એફઆઇઆર જરૂરી છે. અરજદારે તેના પિતાને શોધવા માટે પોલીસને સીટ અથવા માનવ તસ્કરી વિરોધી એકમ દ્વારા તપાસની પણ માંગ કરી હતી.

### આરોપી વિરૂધ્ધ સમન્સ જારી કરવા પણ કોર્ટનો હુકમ

# સગીરાની છેડતીના કેસમાં પોલીસનો બી સમરી રિપોર્ટ પોક્સો કોર્ટે ફગાવ્યો

અમદાવાદ,ગુરૂવાર

વટવા ડીઆઈડીસી વિસ્તારમાં સગીરાને હેરાનગતિ કરવા અંગે પોલીસમાં થયેલી ફરિયાદ ખોટી હોવાનો તપાસનીશ અધિકારીએ રજૂ કરેલ સમરી રિપોર્ટ અત્રેની સ્પેશ્યલ પોક્સો કોર્ટના જજ અસ્મિકાબેન બી.ભટ્ટે ધરાર ફગાવી દીધો હતો. પોક્સો કોર્ટે માર્મિક ટકોર કરતાં જણાવ્યું કે, માત્ર સીસીટીવી ફુટેજમાં આરોપી ના દેખાય તેટલા માત્રથી ઘટના બની જ નથી તેવું નિશ્ચિતપણે માની શકાય નહી.

## પોલીસે ફરિયાદ ખોટી હોવાનો રિપોર્ટ રજૂ કર્યો પરંતુ કોર્ટે નામંજૂર કરી દીધો સીસીટીવીમાં આરોપી ન દેખાય, તેથી ઘટના બની નથી તેવું ના કહી શકાય

તપાસનીશ અધિકારીએ મૌખિક પુરાવાના આધારે જ આરોપો ચકાસવાની જરૂરિયાત પૂરતી ધ્યાને લીધા વિના નિષ્કર્ષ કાઢયો છે પરંતુ વાસ્તવમાં કેસમાં મૌખિક પુરાવા અને સંજોગોની ચકાસણી ટ્રાયલ દરમ્યાન થવી જરૂરી હોય છે. આમ ઠરાવી કોર્ટે તપાસનીશ અધિકારીએ ફરિયાદી દ્વારા કરાયેલી ફરિયાદ ખોટી હોઇ ફરિયાદી સામે કાર્યવાહી કરવા અંગે રજૂ કરેલ બી સમરી રિપોર્ટ નામંજૂર કરી દીધો હતો.

વધુમાં, સ્પેશ્યલ પોક્સો કોર્ટે આ કેસમાં આરોપી રજનીકાંત બાબુભાઈ કટારિયા વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા(બીએનએસ)ની કલમ ૭૮(૧) તથા પોક્સો એક્ટની કલમ-૧૧ અને ૧૨ની સંબંધિત પેટાકલમો અન્વયે સ્પેશ્યલ પોક્સો કેસ તરીકે રજિસ્ટર કરી આરોપી વિરૂધ્ધ સમન્સ જારી કરવા હુકમ કર્યો હતો. ચકચારભર્યા કેસની વિગતો મુજબ, શહેરના વટવા ડીઆઈડીસી વિસ્તારમાં સગીરાને હેરાનગતિ કરવા અંગે રજનીકાંત બાબુભાઈ કટારિયા સામે વટવા પોલીસ મથકમાં ફરિયાદ થઈ હતી. જે મુજબ, ગત તા. ૬-૮-૨૦૨૬ના રોજ સવારે આશરે નવ વાગ્યે સગીરા કપડાં સૂકવવા ટેરેસ પર જતી વખતે ચોથા માળે પોતાના ફ્લેટ બહાર ઊભેલા આરોપીએ તેની સામે તાકીને જોયું, બિભત્સ ઈશારા કર્યા હતા. બીજા દિવસે તા.૭-૮-૨૦૨૬ના રોજ બપોરે સગીરા શાળાએથી છૂટ્યા બાદ સાઈકલ પર ઘરે જતી હતી ત્યારે આરોપીએ મહાલક્ષ્મી તળાવથી વિઝોલ રેલવે ક્રોસિંગ સુધી એક્ટિવા પર પીછો કર્યો હતો.આ કેસમાં તપાસનીશ અધિકારીએ ફરિયાદીની ફરિયાદ ખોટી હોવાનું જણાવી બી સમરી રિપોર્ટ ભરીને કોર્ટમાં રજૂ કર્યો હતો. તપાસ અધિકારીએ મહાલક્ષ્મી તળાવ, સુખડિયા સ્વીટમાર્ટ, દાગીના જ્વેલર્સ અને બચ્ચુભાઈ કૂવા ક્રોસ રોડ સહિતના સ્થળોના સીસીટીવી ફૂટેજ તથા નિવેદનોના આધારે કોર્ટમાં જણાવ્યું કે, આરોપીએ સગીરાનો પીછો કર્યાના પુરાવા મળ્યા નથી અને અગાઉના ઝઘડાને લઈને ખોટી ફરિયાદ કરાઈ છે.

### સરકારી યુનિ.ઓમાં પહેલેથી

# કુલપતિ હોવા છતાં મોટી સરકારી યુનિ.માં કુલપતિ બનવાના અભરખા

અમદાવાદ,ગુરૂવાર

રાજ્યમાં આવેલી વિવિધ સરકારી યુનિ.ઓમાંથી કેટલીક યુનિ.ઓમાં હાલ કુલપતિ હોવા છતાં પણ જીટીયુ કે ગુજરાત યુનિ.જેવી મોટી સરકારી યુનિ.ઓમાં કુલપતિ બનવા માટેની ઈચ્છતા ઘણા સીનિયર કુલપતિઓ ધરાવે છે.જેને લઈને ગુજરાત યુનિ.બાદ હવે જીટીયુમાં પણ નવા વીસીની પસંદગી પ્રક્રિયામાં કેટલાક કુલપતિઓએ અરજી કરી છે.

## સૌથી મોટી યુનિ.એવી જીટીયુમાં પણ કુલપતિ માટે અન્ય કેટલીક યુનિ.ના કુલપતિઓએ અરજી કરી

જીટીયુ રાજ્યની સૌથી મોટી અને રાજ્યના તમામ ઝોનમાં ફેલાયેલી સરકારી ટેકનોલોજીકલ યુનિવર્સિટી છે ત્યારે જીટીયુમાં નવા કુલપતિ માટેની પસંદગી પ્રક્રિયા હાલ ચાલી રહી છે. અરજી પ્રક્રિયા પૂરી થયા બાદ સ્ક્રુટિની ચાલી રહી છે ત્યારે ૫૩ જેટલા ઉમેદવારો અરજી કરી છે.જેમાં ઘણા સીનિયર પ્રોફેસરો હોવા ઉપરાંત અન્ય સરકારી યુનિ.ના કુલપતિ પણ છે. અગાઉ ભાવનગરની સરકારી યુનિ.માં કુલપતિ માટે મુકેલા એક સીનિયર પ્રોફેસરે ભાવનગર યુનિ.ના આંતરિક રાજકારણ બાદ કુલપતિ તરીકે રહેવા ઈન્કાર કરી દીધો હોય હવે તેઓએ જીટીયુમાં કુલપતિ બનવા માટે અરજી કરી છે.જો કે અગાઉ કુલપતિ તરીકે રહેવાની ના પાડ્યા બાદ હવે સરકાર જીટીયુમાં મુકશે કે નહીં તે પ્રશ્ન છે.

હાલ રાજ્યની અન્ય નાની સરકારી સરકારી યુનિ.ઓ કે અમદાવાદ - ગાંધીનગર સિવાયના અન્ય ઝોન-જિલ્લામાં આવેલી યુનિ.ઓમાં એક-બે વર્ષ પહેલા કુલપતિ બનેલા અને હાલ કુલપતી તરીકેનું પદ ભોગવનારામાંથી પણ કેટલાક જીટીયુમાં નવા કુલપતિ બનવા અરજી કરી છે.જીટીયુના કુલપતિ માટેની સર્ચ કમિટીની આગામી બેઠક બાદ ત્રણ નામો નક્કી કરીને થોડા દિવસોમાં સરકારને સોંપી દેવાશે ત્યારે જીટીયુના કુલપતિ બનવા માટે એલ.ડી કોલેજના આચાર્ય તેમજ ટેકનિકલ શિક્ષણના એક અધિકારી તથા પૂર્વ કુલપતિથી માંડી સંઘ સાથે જોડાયેલા એક સીનિયર પ્રોફેસર સહિતના ચારથીપાંચ નામો મજબૂત દાવેદારીમાં છે.

### વાપીના કાર્યક્રમમાં શહેર વિકાસ મંત્રીની જાહેરાત

# નવરચિત ૯ મ્યુનિ. કોર્પોરેશનમાં આગામી ત્રણ વર્ષ સુધી એકપણ વેરો વધારાશે નહીં

વાપી,ગુરુવાર

**વાપી મહાનગરપાલિકા દ્વારા ડુંગરા ખાતે રૂ. ૩૧.૧૫ કરોડના ખર્ચે તૈયાર થયેલા ૪૫ એમએલડી પ્લાન્ટનું લોકાર્પણ કરાયું હતું. વાપી સહિત નવરચિત નવ મહાનગરપાલિકાઓને એક વર્ષ થઈ ગયા બાદ હજુ ત્રણ વર્ષ સુધી એકપણ વેરો વધારવામાં નહીં આવે તેવી શહેરી વિકાસ મંત્રીએ જાહેરાત કરી હતી.**

## એક વર્ષનો સમય વીતી ગયા બાદ વધુ ત્રણ વર્ષ એટલે કે કુલ ચાર વર્ષ સુધી વેરામાં વધારો નહીં થાય

વાપી મહાનગરપાલિકાઓમાં સમાવિષ્ટ કરાયેલા છીરી, કરવડ, ચણોદ અને ડુંગરા વિસ્તારના લોકોને પુરતા પ્રેશરમાં અને પુરતી માત્રામાં પીવાનું શુદ્ધ પાણી મળી રહે તે માટે ડુંગરા ખાતે રૂ. ૩૧.૧૫ કરોડના ખર્ચે તૈયાર કરાયેલા ૪૫ એમએલડી ક્ષમતા ધરાવતા ફિલ્ટરેશન પ્લાન્ટનું આજે નાણાં અને શહેરી વિકાસમંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેઓએ વાપી મનપા વિસ્તારમાં વધુ એક ૪૫ એમએલડીનો ફિલ્ટરેશન પ્લાન્ટ દમણગંગા નદી કિનારે ઊભો કરાશે તેવી જાહેરાત કરી હતી. વાપી મનપાનો વિસ્તાર અને વસ્તી વધે તો પણ આગામી ૨૫ વર્ષ સુધી પાણીની કોઈ તકલીફ નહીં પડે તેવી વ્યવસ્થા કરાઈ રહી છે. તેમણે જણાવ્યું હતું કે વાપી સહિતની નવરચિત નવ મહાનગરપાલિકા વિસ્તારમાં ત્રણ વર્ષ સુધી એકપણ વેરો નહીં વધારવાની રાજ્ય સરકારે જાહેરાત કરી હતી. જે પેટે એક વર્ષ વીતી ગયું છે ત્યારે હજુ બીજા ત્રણ વર્ષ સુધી એટલે કે કુલ ચાર વર્ષ માટે નવ મહાનગરપાલિકાઓમાં એકપણ વેરો વધારવામાં નહીં આવે તેવી આજે જાહેરાત કરવામાં આવી હતી.

## અમદાવાદ-દરભંગા સાપ્તાહિક ટ્રેન ૧૧ ડિસેમ્બર સુધી દોડશે

અમદાવાદ, ગુરૂવાર

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોના ધસારાને ધ્યાને લઈને અમદાવાદ-દરભંગા વચ્ચે શરૂ કરવામાં આવેલી સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન વધારે સમય દોડાવવાનો નિર્ણય કરાયો છે. અમદાવાદથી ૨૭ નવેમ્બર સુધી જ આ ટ્રેન ચલાવવાની હતી, જે હવે ૧૧ ડિસેમ્બર સુધી લંબાવવામાં આવી છે. આવી રીતે દરભંગાથી આવતી ટ્રેન ૧૪ ડિસેમ્બર સુધી લંબાવવામાં આવી છે.

## ફી નિર્ધારણ સુધારા કમિટી રિપોર્ટ બાદ બે વર્ષથી નિર્ણય પેન્ડિંગ

અમદાવાદ,ગુરૂવાર

સરકારે ૨૦૧૭માં ખાનગી સ્કૂલોની ફી માટે લાગુ કરેલા ફી રેગ્યુલેશન એક્ટ અંતર્ગત નક્કી થયેલા ફી સ્લેબમાં સુધારો તેમજ અન્ય બાબતોને લઈને સુધારા-વધારા માટે ૨૦૨૩માં સરકારે એક કમિટી રચી હતી.આ કમિટીએ ૨૦૨૪માં રિપોર્ટ પણ આપી દીધો હતો.પરંતુ સ્લેબમાં સુધારા સહિતની બાબતોને લઈને હજુ સુધી સરકાર દ્વારા કોઈ નિર્ણય લેવાયો નથી.

# સુરત કમિશનર અને સ્ટે. ચેરમેનને હાઈકોર્ટમાં હાજર નહીં રહેવું પડે

અમદાવાદ,ગુરૂવાર

**સુરતના નાસીરનગર વિસ્તારમાં થયેલા ગેરકાયદે ડિમોલિશન અને અસરગ્રસ્તોને વૈકલ્પિક આવાસ નહી આપવાના પ્રકરણમાં સુરત મ્યુનિસિપલ કમિશનર અને સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેન સામે ક્રિમીનલ કન્ટેમ્પ્ટ કાર્યવાહી શરૂ કરવા અંગેના તેમ જ બંને જણાંને તા.૨૭મી નવેમ્બરના રોજ અદાલત સમક્ષ રૂબરૂ હાજર રહેવાનું ફરમાન કરતાં સીંગલ જજના હુકમ સામે હાઈકોર્ટની ખંડપીઠે આજે સ્ટે જારી કર્યો હતો.**

## ડિમોલિશનની ઘટના બની ત્યારે સુરત મ્યુનિ. કમિશનર અને સ્ટે.ચેરમેન અલગ વ્યકિતઓ હતા, તેઓની કોઈ ભૂમ

# ગાંધીધામઃ એજન્ટે જ ૧૮ ટ્રકની નકલી વીમા પોલિસી પધરાવી ઠગાઈ આચરી

ગાંધીધામ,ગુરૂવાર

ગાંધીધામમાં વાહનોના વીમા ઉતારવાનું કામ કરતા એક વીમા એજન્ટે બે ટ્રાન્સપોર્ટરોને કુલ ૧૮ ટ્રકની નકલી વીમા પોલીસી પધરાવીને રૂપિયા ૮.૮૬ લાખની ઠગાઈ અને વિશ્વાસઘાત કર્યા હોવાનો બનાવ સામે આવ્યો છે. વર્ષ ૨૦૧૮થી ૨૦૨૦ દરમિયાન આપવામાં આવેલી આ પોલીસીઓ નકલી હોવાનું વર્ષ ૨૦૨૬માં સ્પષ્ટ થયા બાદ સમગ્ર મામલે અંજાર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે અને પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ગાંધીધામના સેક્ટર-૨માં જે.એમ. લોજિસ્ટીક્સ નામથી ટ્રાન્સપોર્ટ પેઢી ધરાવતા ૭૨ વર્ષિય હરિલાલ રવજીભાઈ ઠક્કરે નોંધાવેલી ફરિયાદ મુજબ તેઓ વર્ષ ૨૦૧૬થી તેમના વાહનોના વીમાનું કામ નજીકમાં આવેલા મંગલમ પાર્ક ટાવર પાસે પ્રાયોરિટી ઈન્સ્યોરન્સ નામથી પેઢી ચલાવતા ભાર્ગવ મહેન્દ્રભાઈ ઠક્કરને સોંપતા હતા. ફરિયાદીનો પુત્ર જેમ્સ ટ્રાન્સપોર્ટની સાથે વાહનોની લે-વેચનો વ્યવસાય કરતો હોવાથી તે પણ કમિશનથી ભાર્ગવને વીમાનું કામ આપતો હતો. વર્ષ ૨૦૧૮માં ફરિયાદીએ જૂની ૧૬ ટ્રકો ખરીદી હતી અને તે સમયે ફરિયાદીના પુત્રને કમિશન પેટે ભાર્ગવ પાસેથી નાણાં લેવાના બાકી નીકળતા હોવાથી, ભાર્ગવે તે નાણાંની અવેજમાં ૧૬ ટ્રકોની વીમા પોલીસીનું રૂપિયા ૭.૮૦લાખનું પ્રિમિયમ ભરી આપવાનું જણાવ્યું હતું. ત્યારબાદ ભાર્ગવે આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડ કંપનીમાંથી તમામ ટ્રકોનો વીમો ઉતાર્યાનું જણાવી પોલીસીના પેપર્સની નકલ વોટ્સએપ અને ઈમેઈલ મારફતે મોકલી આપી હતી.












## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે,રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદના સબ-ડિસ્ટ્રીકટ અને તાલુકા સાણંદના ગામ મોજે કુંડલની સીમના નવા સર્વે નંબર-૮૦૧(જુનો સર્વે નંબર-૩૦૩)ની કુલ ૧૬૦૦૧ ચોરસમીટર પૈકી ૪૭૫૬ ચોરસમીટર ખેતીની જમીન રુદ્રદત્તસિંહ મહીપતસિંહ વાઘેલાએ તેઓની સંપુર્ણપણે સ્વતંત્ર, માલિકી, કબજા,ભોગવટાની તમામ બોજા રહીત હોવાનું જણાવી અમારી પાસેથી સદરહુ જમીનના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની માંગણી કરેલ છે. તો સદરહુ જમીન ઉપર જો કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ,હક્ક,હીત,હીસ્સો, દાવો કે બોજો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭(સાત)માં અમોને તે બદલના જરૂરી પુરાવાઓ સહીત લેખિતમાં જાણ નીચેના સરનામે કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈપણ વ્યક્તિનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ,હક્ક, હીત,હીસ્સો,દાવો કે બોજો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ માનીને અમો સદરહુ જમીનનું ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશુ અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં.

તારીખ-૨૭/૧૧/૨૦૨૬

**કૌશિક.જી.પટેલ**
**(એડવોકેટ એન્ડ નોટરી)**
**(બી.એસ.સી.,એલ.એલ.બી.)**

ઓફીસ :-૧૨,બીજો માળ, જે. બી. આર. આર્કેડ,આર.કે.રોયલ હોલની બાજુમાં, સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦.
મો.નં.૯૮૨૪૬૭૮૭૬૯

## જાહેર નોટિસ

જત ડિસ્ટ્રીકટ અમદાવાદના સબ ડિસ્ટ્રીકટ અને તાલુકા સાણંદના ગામ મોજે નિધરાડની સીમના સર્વે નંબર - ૬૩૯/૧ વિગેરેની બીનખેતીની જમીન ઉપર આવેલ શ્રી વલ્લભ કો. ઓ. હા. સો. લી. ની ''રવિજા'' ના નામથી ઓળખાતી યોજનામાં સેક્ટર નંબર - ૩ માં આવેલ પ્લોટો પૈકી પ્લોટ નંબર - ૧૨૭ ની ૫૦૦ ચોરસવારની બીનખેતીની જમીન કિષ્ણા અશોકકુમાર સિંહ એ તેઓની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની તમામ પ્રકારના બોજા મુક્ત આવેલ હોવાનું જણાવીને સદર જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને આ અંગે અમારા અસીલએ અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ ક્લીયરન્સ સર્ટિફિકેટની માંગણી કરેલ છે. સદરહુ પ્લોટ ની જમીન ઉપર કોઈપણ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, દાવો, લાગભાગ, લીઝ, ગીરો કે બોજો હોય તો તે અંગેના લેખિત પુરાવા સાથે અમોને દિન-૭ (સાત)માં નીચેના સરનામે જાણ કરવી અને જો તેમ કરવામાં કસુર થશે તો સદરહુ જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો બોજો કે હક્ક દાવા કે અધિકાર નથી અને જો હોય તો તે તમામ જતા કરેલ છે તેમ સમજીને અમો સદરહુ જમીનનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ ઈશ્યુ કરીશું. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી. જેની નોંધ લેવી.

અમદાવાદ. તા. ૨૭-૧૧-૨૦૨૬.

**મુકેશ જી.પંડ્યા, એડવોકેટ**
૪૦૩, વિશ્વનાથ નોર્થ વ્યુ, એલ.ડી. એન્જીનીયરીંગ કોલેજની સામે, સેંટ ઝેવિયર્સ કોલેજની પાસે, નવરંગપુરા, અમદાવાદ.
Offi. : 98258 09777
Mob. : 98259 09777

## જાહેર નોટિસ

જત રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદ સબ ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૯(બોપલ) ના ઘાટલોડીયા તાલુકાના ગામ મોજે ઘુમાની સીમના બ્લોક નંબર - ૪૫૩ વિગેરેની જમીનમાં શ્રી વ્રજશ્યામ કો. ઓ. હા. સો. લી. આવેલ છે. જે ગ્રીન સીટી' ના નામથી ઓળખાય છે. તેમાં આવેલ પ્લોટ નંબર - ૧૩ ની ૪૯૦ ચોરસવારની બીનખેતીની જમીન નેહાબેન હિતેશભાઈ દિક્ષિત તથા ભારતીબેન પિયુષભાઈ ભટ્ટ એ તેઓની સંયુક્ત માલીકી કબજા ભોગવટાની તમામ પ્રકારના બોજા મુક્ત આવેલ હોવાનું જણાવીને સદર જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને આ અંગે અમારા અસીલએ અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ ક્લીયરન્સ સર્ટિફિકેટની માંગણી કરેલ છે. સદરહુ જમીન ઉપર કોઈપણ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, દાવો, લાગભાગ, લીઝ, ગીરો કે બોજો હોય તો તે અંગેના લેખિત પુરાવા સાથે અમોને દિન-૭ (સાત)માં નીચેના સરનામે જાણ કરવી અને જો તેમ કરવામાં કસુર થશે તો સદરહુ જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો બોજો કે હક્ક,દાવા કે અધિકાર નથી અને જો હોય તો તે તમામ જતા કરેલ છે તેમ સમજીને સદરહુ જમીન અંગેનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ ઈશ્યુ કરીશું. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી, જેની નોંધ લેવી.

અમદાવાદ. તા. ૨૭-૧૧-૨૦૨૬.

**મુકેશ જી.પંડ્યા, એડવોકેટ**
૪૦૩, વિશ્વનાથ નોર્થ વ્યુ, એલ.ડી. એન્જીનીયરીંગ કોલેજની સામે, સેંટ ઝેવિયર્સ કોલેજની પાસે, નવરંગપુરા, અમદાવાદ.
Offi. : 98258 09777
Mob. : 98259 09777

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, મોજે-થલતેજના-ટી.પી.સ્કીમ નં.૨, ફાઈનલ પ્લોટ નં.૨૮ ની જમીન ઉપર આવેલ 'ઓમકૃપા એપાર્ટમેન્ટ ઓનર્સ એસોશીએશન' (સરનામું - ઓમકૃપા એપાર્ટમેન્ટ,લવ-કુશ એપાર્ટમેન્ટની સામે,જયઅંબેનગર ઢાળ પાસે,થલતેજ, અમદાવાદ-૩૮૦૦૫૯) નામની સ્કીમમાં આવેલ ફલેટ નં.૧૦ નાં બાંધકામવાળી મિલકત જે ઓમકૃપા એપાર્ટમેન્ટ ઓનર્સ એસોશીએશનનાં સભાસદ અને શેરહોલ્ડર તરીકે (૧) કેતન પ્રફુલચંદ્ર દવે,(૨) દવે સરોજબેન પ્રફુલ્લભાઈનાઓનાં ધારણ કરેલ મિલકત છે,તે મિલકત તેઓએ સદર એસોશીએશનની પુર્વ મંજુરી મેળવીને સબ-રિસ્ટ્રીકટ અમદાવાદ-૯ (બોપલ)ની કચેરીમાં તારીખ ૨૯/૦૯/૨૦૨૬ ના રોજ અનુક્રમ નંબર-૨૩૭૫૩ હેઠળ નોંધાયેલ વેચાણ દસ્તાવેજની રૂએ (૧)સંદીપ રુઘનાથભાઈ પટેલ,(૨)જયશ્રી સંદીપ પટેલનાઓની તરફેણમાં વેચાણ આપેલ છે.સદર મિલકતમાં (૧)સંદીપ રુઘનાથભાઈ પટેલ,(૨)જયશ્રી સંદીપ પટેલનાઓનાં એસોશીએશનનાં સભાસદ તરીકે દાખલ કરવા તેમજ શેરસર્ટીફીકેટ નંબર-૧૫ તેમના નામે તબદીલ કરવા એસોશીએશનને અરજી કરેલીછે. તો તે અંગે કોઈને પણ કોઈપણ પ્રકારનો વાંધો હોય તો તેમણે તે અંગેની લેખીત જાણ આ નોટીસ પ્રસિદધ થયેથી દિન-૭ માં અમોને અથવા એસોશીએશનનાં ઉપરોકત સરનામે કરવી અને જો તેમ કરવામાં નહી આવે તો મુદત વીતે એસોશીએશન તરફથી તબદીલી અંગેની કાર્યવાહી પુરી કરવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈજ તકરાર ચાલશે નહી તેમજ એસોશીએશનની કોઈજ જવાબદારી રહેશે નહી તે નકકી જાણશો.

તારીખ-૨૭-૧૧-૨૦૨૬

**Smiten M. Kothari (Advocate)**
708, Maple Trade Centre, Thaltej, Ahmedbad.
M-9429343545

## જાહેર નોટિસ

**ગામ - ગંગાદાસના મુવાડા**

આથી અમો એડવોકેટ નિખીલકુમાર જી. પ્રજાપતિ જાહેર જનતાને તથા લાગતા વળગતાને આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે :- જત રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ ખેડા, સબ - ડીસ્ટ્રીક્ટ કઠલાલના, કઠલાલ તાલુકાના, મોજે ગંગાદાસના મુવાડાની સીમના સર્વે/બ્લોક નં. ૬૩ (જુના સર્વે /બ્લોક નં.૩૫-૨) ની કુલ ૫૩૩૪ ચો.મી. ખેતીની જમીન, હસમુખભાઈ ભોગીલાલે તેમની કુલ, સંપુર્ણ, સ્વતંત્ર, માલીકીની તથા પ્રત્યક્ષ કબજા ભોગવટાની આવેલ જણાવીને અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. અને તે હેતુ માટે અમારા અસીલે મજકુર જમીન પરત્વેના ઉપરોકત માલીકના તમામ રાઈટ્સ, ટાઈટલ્સ, ચોખ્ખે ચોખ્ખા, માર્કેટેબલ અને બોજા મુક્ત હોવા બદલના ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટના અભિપ્રાયની અમારી પાસે માંગણી કરેલીછે. તો મજકુર જમીનમાં, અગર તે અંગે, તેના ઉપર જણાવેલા માલીક સિવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીત, હીસ્સો, દાવો, બોજા, અલોખો, ગણોતહક્ક, ઈઝમેન્ટનો હક્ક કે અન્ય કાંઈપણ રહેલું હોય તો અમોને આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં તેના દસ્તાવેજ પુરાવાઓની પ્રમાણીત નકલ સહિત, રજી.એ.ડી. થી નીચેના સરનામે લેખીત જાણ કરી તેની ખાત્રી આપવી. (દસ્તાવેજ પુરાવાની પ્રમાણીત નકલ વગર આવેલ વાંધો ધ્યાને લેવામાં આવશે નહીં,જેની ખાસ નોંધ લેવી.) જો તેમ કરવામાં નહીં આવે તો, મજકુર જમીનમાં તેના ઉપર જણાવેલા માલીક સિવાય બીજા કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિતસંબંધ, હિસ્સો, બોજા કે અલોખો, ગણોત હક્ક કે ઈઝમેન્ટનો હક્ક વિગેરે કાંઈપણ નથી અને હોય તો તે તમામ જતા કરેલા છે, તેમ સમજી મજકુર મીલકતમાં અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ હક્ક, હિત, હિસ્સો પોષાતો હોયતો નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી ત્યારબાદ કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો તકરાર ચાલશે નહી અને જે તે શખ્સનો પોષાતો લાગભાગ હક્ક, હીત, હીસ્સો જતો યાને વેવ કરેલ છે તેમ સમજી ટાઈટલ ઓપીનીયન સર્ટિફિકેટ આપવામાં આવશે.

**નીલેશ એન. પટેલ, એસોસીએટસ**
**પરેશા બી. પટેલ (એડવોકેટ)**
૫૦૭, પાંચમો માળ, શીવાલીક સત્યમેવ, વકીલ બ્રીજ પાસે, આંબલી, અમદાવાદ. મો. ૯૦૫૪૬૮૪૧૫૯

## જાહેર નોટિસ

અમદાવાદ જીલ્લાના તાલુકા સાણંદના મોજે સાણંદ ની સીમના બ્લોક/સર્વે નંબર ૨૩૫ પૈકી ૧ વિગેરેની બીનખેતીની જમીન ઉપર "વૈશલ કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિમિટેડ" ની "પ્લેઝર સીટી" ના નામથી આવેલ પ્લોટીંગ સ્કીમના સબ-પ્લોટ નંબર ઈ/૫૫ ની આશરે ૧૧૨૪ ચોરસવાર ક્ષેત્રફળ વાળી બીનખેતીની જમીન નીરૂપાબેન પ્રફુલચંન્દ્ર શાહ તથા તૃપ્તિ એન. શાહ ની સ્વતંત્ર માલીકી, કબજા, ભોગવટાની બોજારહીતની આવેલી હોવાનું જણાવી ટાઈટલ ઓપીનીયન સર્ટીફીકેટ માંગેલ છે જેથી જમીન પરત્વે કોઈપણ વ્યક્તિ, બેન્ક કે નાણાકીય સંસ્થાનો કોઈપણ પ્રકારનો લાગભાગ કે હક હિસ્સો કે બોજો હોય તો દિન-૭ માં પુરાવા સહિત નીચેના સરનામે લેખિત જાણ કરવી, જો તેમ કરવામાં નહીં આવે તો તેઓએ પોતાનો લાગભાગ હક્ક હિસ્સો જતો યાને વેવ કરેલો છે તેમ સમજી ટાઈટલ ક્લીયર સર્ટિફિકેટ આપવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં. જેની જાહેર જનતાએ ખાસ નોંધ લેવી.

તા.૨૭ / ૧૧ / ૨૦૨૬
અમદાવાદ

**મુકુંદ નિરંજનભાઈ ઠકકર, એડવોકેટ**
૭૨૫, સાતમો માળ, સિલ્વર રેડિયન્સ-૨,સાયન્સ સિટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦
મો.નં- ૯૪૨૯૫ ૫૩૯૨૭

## જાહેર નોટિસ

રજીસ્ટ્રેશન ડિસ્ટ્રિક્ટ-અમદાવાદના, સબ-ડિસ્ટ્રિક્ટ ઘાટલોડીયા તાલુકાના, મોજે-શીલજ ગામની સીમનાં ખાતા નંબર-૧૪૨૯ ના રી-સર્વે મુજબ ચાલતા બ્લોક/સર્વે નંબર-૧૧૨૯-બ ની હે.આરે.૦-૩૮-૪૪ ચો.મી જુની શરતની ખેતીની જમીન (૧) પરસોતમભાઈ ભીખાજી ઠાકોર (૨) સોમાભાઈ ભીખાજી ઠાકોર ની સંયુક્ત માલીકીની અને પ્રત્યક્ષ કબજા ભોગવટાની, ખુદ ખેડની તેમજ તમામ પ્રકારના બોજાઓથી મુક્ત હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને તેના કામે અમારી પાસે ઉપરોક્ત જમીનના ટાઈટલ ક્લીયરન્સ સર્ટિફિકેટની માંગણી કરેલ છે. સબબ ઉપરોક્ત જમીન પરત્વે કોઈપણ વ્યક્તિ, બેન્ક કે નાણાકીય સંસ્થાનો કોઈપણ પ્રકારનો લાગભાગ કે હક હિસ્સો કે બોજો હોય તો દિન-૭ માં પુરાવા સહિત નીચેના સરનામે લેખિત જાણ કરવી, જો તેમ કરવામાં નહીં આવે તો તેઓએ પોતાનો લાગભાગ હક્ક હિસ્સો જતો યાને વેવ કરેલો છે તેમ સમજી ટાઈટલ ક્લીયર સર્ટિફિકેટ આપવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં. જેની જાહેર જનતાએ ખાસ નોંધ લેવી.

તા.૨૭ / ૧૧ / ૨૦૨૬
અમદાવાદ

**મુકુંદ નિરંજનભાઈ ઠકકર, એડવોકેટ**
૭૨૫, સાતમો માળ, સિલ્વર રેડિયન્સ-૨,સાયન્સ સિટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦
મો.નં- ૯૪૨૯૫ ૫૩૯૨૭

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, જત ડીસ્ટ્રીક્ટ અમદાવાદ સબ-ડીસ્ટ્રીક્ટ તથા તાલુકા ધોલેરા ગામ મોજે ભાણગઢની સીમના ખાતા નંબર ૧૦૫૮ સર્વે નંબર ૧૮૧/પૈકી ૨ હે.આરે.ચો.મી ૩-૪૨-૯૯ ની જુની શરતની ખેતીની જમીન ભરતભાઈ ધીરૂભાઈ બારૈયા, ચંપાબેન લાભુભાઈ બારૈયા તથા મંજુબેન ધીરૂભાઈ બારૈયાના કુલ સંયુક્ત સ્વતંત્ર માલીકી અને કબજા ભોગવટાની તથા બોજામુક્ત હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે, અને અમારા અસીલએ અમારી પાસે સદર મિલકતના ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સદર મિલકત ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીત, હીસ્સો, દાવો, અલાખો, બોજો, ચાર્જ, લીયન નથી અને જો હોય તો જતો કર્યો છે તેમ સમજી સદર મિલકતનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે., અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં, તેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૨૫/૧૧/૨૦૨૬

**Kavya Manish Shah, Advocate**
910, Sun Avenue One, Shyamal-Manekbaug Road, Ahmedabad – 380 015.
Ph.no.- 87809 42447

## જાહેર નોટિસ

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદના સબ ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૬(નરોડા) ના તાલુકા અસારવાના ગામ મોજે એણાસણની સીમના સીટીસર્વે ન.એનએ૨૦૬ (જુના સર્વે નં.૨૦૬, જુના બ્લોક નં.૧૬૯/અ) ની ૯૭૮૦ ચો.મી. બીનખેતી થયેલ જમીન પૈકી પુર્વ દીશા તરફની ૧૧૨૪ ચો.મી. બીનખેતી થયેલ જમીન (૧) પટેલ દિપકકુમાર રામાભાઈ (૫૦ ટકાના હીસ્સેદાર) (૨) નારણભાઈ રાયમલભાઈ પટેલ (૫૦ ટકાના હીસ્સેદાર) નાઓએ તેઓની પોતાની કુલ સ્વતંત્ર માલીકી તથા કબજા ભોગવટાની તેમજ તમામ પ્રકારના બોજા માથી મુકત અને નાકરજી આવેલ હોવાનુ જણાવી સદર જમીન અમારા અસીલને વેચાણ આપવાનુ નકકી કરેલ છે. અને અમારા અસીલે અમારી પાસે સદરહુ જમીન અંગેના ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. જેથી ઉપરોકત જણાવેલ જમીન અંગે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હીત, હીસ્સો, દાવો, અલાખો, બોજો, ચાર્જ, લીયન હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૭(સાત) માં અમોને લેખિત પુરાવાઓ સહીત રજી.એ.ડી.થી નીચે જણાવેલ સરનામે જાણ કરવી અને જો તેમ કરવામાં કસુર થશે તો મુદત વીતે સદર જમીનમાં અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીત, હીસ્સો, દાવો, અલાખો, બોજો, ચાર્જ, લીયન નથી અને જો હોય તો જતો કર્યો છે તેમ સમજી સદર મિલકતનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે અને કબજા ભોગવટાની તથા બોજામુક્ત હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે, અને અમારા અસીલએ અમારી પાસે સદર મિલકતના ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સદર મિલકત ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીત, હીસ્સો, દાવો, અલાખો, બોજો, ચાર્જ, લીયન નથી અને જો હોય તો જતો કર્યો છે તેમ સમજી સદર મિલકતનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે., અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં, તેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૨૫/૧૧/૨૦૨૬

**Kavya Manish Shah, Advocate**
910, Sun Avenue One, Shyamal-Manekbaug Road, Ahmedabad – 380 015.
Ph.no.- 87809 42447

## જાહેર નોટિસ

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદના સબ ડીસ્ટ્રીકટ અમદાવાદ-૬(નરોડા) ના તાલુકા અસારવાના ગામ મોજે એણાસણની સીમના સીટીસર્વે ન.એનએ૨૦૬ (જુના સર્વે નં.૨૦૬, જુના બ્લોક નં.૧૬૯/અ) ની ૯૭૮૦ ચો.મી. બીનખેતી થયેલ જમીન પૈકી પુર્વ દીશા તરફની ૧૧૨૪ ચો.મી. બીનખેતી થયેલ જમીન (૧) પટેલ દિપકકુમાર રામાભાઈ (૫૦ ટકાના હીસ્સેદાર) (૨) નારણભાઈ રાયમલભાઈ પટેલ (૫૦ ટકાના હીસ્સેદાર) નાઓએ તેઓની પોતાની કુલ સ્વતંત્ર માલીકી તથા કબજા ભોગવટાની તેમજ તમામ પ્રકારના બોજા માથી મુકત અને નાકરજી આવેલ હોવાનુ જણાવી સદર જમીન અમારા અસીલને વેચાણ આપવાનુ નકકી કરેલ છે. અને અમારા અસીલે અમારી પાસે સદરહુ જમીન અંગેના ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. જેથી ઉપરોકત જણાવેલ જમીન અંગે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હીત, હીસ્સો, દાવો, અલાખો, બોજો, ચાર્જ, લીયન હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૭(સાત) માં અમોને લેખિત પુરાવાઓ સહીત રજી.એ.ડી.થી નીચે જણાવેલ સરનામે જાણ કરવી અને જો તેમ કરવામાં કસુર થશે તો મુદત વીતે સદર જમીનમાં

# NSE વિશ્વનું ત્રીજું સૌથી મોટું લિસ્ટેડ એક્સચેન્જ

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ, તા.૨૬

ભારતીય મૂડી બજાર માટે આજે એક મહત્વપૂર્ણ સિદ્ધિરૂપ ઘટનામાં નેશનલ સ્ટોક એક્સચેન્જ (એનએસઈ) વિશ્વનું ત્રીજું સૌથી મોટું લિસ્ટેડ સ્ટોક એક્સચેન્જ ઓપરેટર બન્યું છે. એનએસઈના શેરમાં સતત તેજી સાથે આજે-ગુરૂવારે ૨૬, નવેમ્બર ૨૦૨૬ના શેરનો ભાવ ઈન્ટ્રા-ડે રૂ.૨૪૦૦ની નવી રેકોર્ડ સપાટીને આંબી ગયો હતો. આ સાથે કંપનીનું માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૬ લાખ કરોડની સપાટી નજીક પહોંચી ગયું છે.

## શેર રૂ.૨૪૦૦ નવી ટોચે: માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૬ લાખ કરોડની નજીક પહોંચી ગયું : જર્મનીના ડોઈશે બોર્સ અને લંડન શેર બજારને પાછળ મૂકી દીધા



એનએસઈએ વૈશ્વિક એક્સચેન્જ ઓપરેટરોની માર્કેટ વેલ્યુએશનની યાદીમાં જર્મનીના ડોઈશ બોર્સ અને લંડન સ્ટોક એક્સચેન્જને પણ પાછળ મૂકી દીધા છે. આ સિદ્ધિ ભારતીય શેર બજારની વધતી વૈશ્વિક ઓળખ અને એનએસઈના મજબૂત બિઝનેસ મોડલનું પ્રતિબિંબ માનવામાં આવે છે.

માર્કેટ કેપિટલાઈઝેશન મુજબ એનએસઈનું મૂલ્ય ૬૪.૧ અબજ અમેરિકન ડોલર થયું છે. જેની સરખામણીએ ડોઈશ બોર્સનું માર્કેટ કેપિટલાઈઝેશન ૬૩.૪ અબજ ડોલર અને લંડન સ્ટોક એક્સચેન્જનું મૂલ્ય ૬૨.૪ અબજ ડોલર નોંધાયું છે. આ યાદીમાં એનએસઈ હવે ત્રીજા સ્થાને પહોંચી ગયું છે. ભારતીય એક્સચેન્જ ઓપરેટર માટે આ એક નોંધપાત્ર વૈશ્વિક સ્થાન છે. સીએમઈ ગ્રુપ ઈન્ક, ૧૧૧.૬ અબજ ડોલર સાથે પ્રથમ અને ઈન્ટરકોન્ટિનેન્ટલ એક્સચેન્જ ૯૯.૪ અબજ ડોલર સાથે બીજા સ્થાને છે.

ઉલ્લેખનીય છે કે એનએસઈના શેરમાં છેલ્લા કેટલાક દિવસોથી મજબૂત તેજી જોવા મળી રહી છે. નવેમ્બર મહિનામાં અત્યાર સુધીના ૧૮ ટ્રેડિંગ દિવસમાંથી ૧૪ દિવસ શેરના ભાવમાં વધારો જોવાયો છે. આ પહેલા ઓકટોબર મહિનામાં પણ એનએસઈના શેરમાં લગભગ ૩૪ ટકાનો જોરદાર ઉછાળો નોંધાયો હતો. શેર આજે બીએસઈ એક્સચેન્જ પર રૂ.૨૩૨૦ ભાવે ખુલીને ઉપરમાં રૂ.૨૪૦૦ અને નીચામાં રૂ.૨૩૧૭.૬૫ થઈ અંતે રૂ.૩૦.૯૫ વધીને રૂ.૨૩૪૮.૬૦ બંધ રહ્યો હતો. આ સાથે કંપનીનું માર્કેટ કેપિટલાઈઝેશન અંતે રૂ.૫,૮૧,૨૭૮.૫૦ કરોડ રહ્યું હતું.

આ દરમિયાન એનએસઈના શેરમાં તેજી વચ્ચે વૈશ્વિક બ્રોકિંગ હાઉસ એચએસબીસીએ કંપનીના શેર પર કવરેજ શરૂ કર્યું છે. એચએસબીસીએ એનએસઈને હોલ્ડ રેટિંગ આપ્યું છે. જ્યારે આઈસીઆઈસીઆઈ સિક્યોરિટીઝે શેર માટે રૂ.૨૬૫૦ ટાર્ગેટ ભાવ જાહેર કર્યો છે.

# અલ નિનોઃ વર્તમાન મોસમમાં ખાંડ ઉત્પાદન દાયકાની નીચી સપાટીએ રહેશે

મુંબઈ, તા. ૨૬



ઓકટોબરથી શરૂ થયેલી ૨૦૨૬-૨૭ની વર્તમાન ખાંડ મોસમમાં દેશમાં ખાંડનું ઉત્પાદન ૨.૬૫ કરોડ ટન સાથે દાયકાની નીચી સપાટીએ રહેવાની ધારણાં છે. વર્તમાન વર્ષમાં ચોમાસુ નબળુ રહેતા શેરડીના ઉત્પાદન પર પડેલી અસરને પરિણામે સાકરનું ઉત્પાદન નીચુ ઊતરવાનો અંદાજ છે, એમ ઈન્ડિયન સુગર એન્ડ બાયો-એનર્જિ મેન્યુફેકચરર્સ એસોસિએશન (ઈસ્મા)એ તેના પ્રાથમિક અંદાજમાં જણાવ્યુ છે.૨૦૧૬-૧૭ની મોસમમાં દેશમાં ખાંડ ઉત્પાદન ૨.૦૩ કરોડ ટન રહ્યુ હતું ત્યારબાદ વર્તમાન વર્ષનું ઉત્પાદન સૌથી નીચુ રહેવાનો અંદાજ છે.

ગઈ મોસમમાં ખાંડ ઉત્પાદન ૩.૨૧ કરોડ ટન રહ્યુ હતું તેની સરખામણીએ વર્તમાન મોસમનું ઉત્પાદન ૧૫ ટકા નીચુ રહેવાનો અંદાજ છે.

દેશમાં ખાંડનો મોટા ઉત્પાદક રાજ્ય મહારાષ્ટ્રમાં ઉત્પાદન જે ૨૦૨૫-૨૬ની મોસમમાં ૧.૧૨ કરોડ ટન રહ્યુ હતું તે ૨૦૨૬-૨૭ની મોસમમાં ૨૩ ટકા જેટલુ નીચુ રહી ૮૬.૮૦ લાખ ટન રહેવાની ધારણાં છે. ઉત્તર પ્રદેશમાં ઉત્પાદન ૯૫.૪૦ લાખ ટન પરથી ૬.૮૦ ટકા ઘટી ૮૮.૯૦ લાખ ટન રહેવાનો પ્રાથમિક અંદાજ હોવાનું ઈસ્માની યાદીમાં જણાવાયુ હતું.દેશમાં ખાંડના કુલ વાર્ષિક ઉત્પાદનમાંથી ૮૦ ટકા કર્ણાટક, મહારાષ્ટ્ર તથા ઉત્તર પ્રદેશમાં થાય છે.

ખાંડના નીચા ઉત્પાદનને ધ્યાનમાં રાખી દસ લાખ ટન ખાંડની ડયૂટી ફ્રી આયાત મુદત જે ૩૧ ડિસેમ્બરના સમાપ્ત થઈ રહી હતી તેને વધુ ત્રણ મહિના લંબાવી ૩૧મી માર્ચ સુધી કરવા નિર્ણય લેવાયો છે. ટેરિફ રેટ કવોટા હેઠળ આ છૂટ આપવામાં આવી છે. ખાંડનો પૂરવઠો વધારવાના હેતુ સાથે સરકારે ઓગસ્ટમાં ડયૂટી ફ્રી આયાત છૂટ આપી હતી.

શક્તિશાળી અલ નિનોને કારણે વર્તમાન વર્ષનું ચોમાસુ દાયકાનું સૌથી નબળું રહ્યું છે જેને પરિણામે વિશ્વમાં ખાંડના બીજા મોટા ઉત્પાદક ભારતમાં શેરડીનો પાક ઓછો જોવાઈ રહ્યો છે. ઓકટોબરથી શરૂ થયેલી નવી ખાંડ મોસમ ૨૦૨૬-૨૭માં સરકારે વીસ લાખ ટન સાકરની આયાત કરવાની ફરજ પડી શકે છે.

નીચા ઉત્પાદનને ધ્યાનમાં રાખી વર્તમાન મોસમમાં ઈથેનોલ ઉત્પાદન માટે ખાંડના ઉપયોગ પર પ્રતિબંધ મુકાયો છે. વર્તમાન મોસમમાં શેરડીનો એકંદર વાવેતર વિસ્તાર ૫૫.૫૦ લાખ હેકટર રહ્યો છે જે ગયા વર્ષ કરતા ૩ ટકા જેટલો નીચો છે.

**ઓછા વરસાદથી શેરડીના નીચા પાકથી વર્તમાન મોસમમાં ખાંડની ઉપજ પર અસર**

# સપ્ટેમ્બરમાં નેટ FDIમાં ૪.૯ બિલિયન ડોલરનો ચોખ્ખો આઉટફ્લો

અમદાવાદ, તા. ૨૬

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)ના બુલેટિન મુજબ, ભારતનું પ્રત્યક્ષ વિદેશી રોકાણ (એફડીઆઈ) સપ્ટેમ્બરમાં ૪.૯ બિલિયન ડોલરના નેટ આઉટફ્લો (બહાર જતા પ્રવાહ)માં ફેરવાઈ ગયું છે, જેની સરખામણીમાં અગાઉના મહિને ૩.૩ બિલિયન ડોલરનો નેટ ઈનફ્લો (આવક) નોંધાયો હતો.

## સપ્ટેમ્બરમાં ભારતમાં કુલ વિદેશી રોકાણના પ્રવાહમાં ૧૧.૬ બિલિયન ડોલરનો નેટ આઉટફ્લો નોંધાયો



વિદેશી રોકાણનું પરત ખેંચાણ (રિપેટ્રિએશન) કુલ આવક કરતાં વધી જવાને કારણે અને ભારતીય કંપનીઓ દ્વારા વિદેશમાં કરવામાં આવતું રોકાણ ઊંચું રહેવાને કારણે આ સ્થિતિ સર્જાઈ છે. રિઝર્વ બેંકએ જણાવ્યું હતું કે, સપ્ટેમ્બરમાં નેટ એફડીઆઈ ઘટ્યું છે, જે કુલ આવકમાં ઘટાડાની સાથે રિપેટ્રિએશન અને ભારતીય એકમો દ્વારા વિદેશમાં કરાયેલા રોકાણમાં થયેલા વધારાને દર્શાવે છે.

ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ છ મહિના દરમિયાન નેટ એફડીઆઈમાં સુધારો થયો હોવા છતાં આ વિપરીત પરિસ્થિતિ જોવા મળી છે. નાણાકીય વર્ષ ૨૦૨૭ના એપ્રિલ-સપ્ટેમ્બર દરમિયાન નેટ એફડીઆઈ ૮.૮ બિલિયન ડોલર રહ્યું હતું, જે અગાઉના નાણાકીય વર્ષના સમાન સમયગાળાના ૭.૪ બિલિયન ડોલર કરતાં વધુ છે.

સપ્ટેમ્બરમાં ભારતમાં કુલ એફડીઆઈ આવક ૫.૯ બિલિયન ડોલર રહી હતી, જેની સામે ૬.૫ બિલિયન ડોલરનું રિપેટ્રિએશને અને ડિસઈન્વેસ્ટમેન્ટ (રોકાણ પાછું ખેંચવું) થયું હતું. આના પરિણામે ૫૩૮ મિલિયન ડોલરનો નેટ ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ આઉટફ્લો થયો હતો.

વધુમાં, આ મહિના દરમિયાન ભારતીય કંપનીઓ દ્વારા વિદેશમાં કરાયેલું પ્રત્યક્ષ રોકાણ ૪.૪ બિલિયન ડોલર રહ્યું હતું, જેના કારણે કુલ નેટ એફડીઆઈ આઉટફ્લો ૪.૯ બિલિયન ડોલર પર પહોંચી ગયો હતો.

એપ્રિલ-સપ્ટેમ્બર માટે કુલ એફડીઆઈ આવક ૬૦.૯ બિલિયન ડોલર રહી હતી, જ્યારે રિપેટ્રિએશન અને ડિસઈન્વેસ્ટમેન્ટ ૨૯.૯ બિલિયન ડોલર રહ્યું હતું.

# આઉટવર્ડ રેમિટેન્સ ૧૫ ટકા વધી ૩.૨૦ અબજ ડોલર, બે વર્ષની ટોચે

મુંબઈ, તા. ૨૬

લિબરલાઈઝ્ડ રેમિટેન્સ સ્કીમ (એલઆરએસ) હેઠળ આઉટવર્ડ રેમિટેન્સ ઓગસ્ટની સરખામણીએ સપ્ટેમ્બરમાં ૧૫ ટકા વધી ૩.૨૦ અબજ ડોલર સાથે બે વર્ષની ઊંચી સપાટીએ રહ્યુ હતું.

## વિદેશ પ્રવાસને કારણે આઉટવર્ડ રેમિટેન્સમાં વધારો



ભારતીયો દ્વારા વિદેશ પ્રવાસમાં વધારાને પરિણામે આઉટવર્ડ રેમિટેન્સમાં વધારો જોવા મળ્યો હોવાનું રિઝર્વ બેન્કના સુત્રોએ જણાવ્યુ હતું.

સપ્ટેમ્બરમાં આઉટવર્ડ રેમિટેન્સમાં થયેલા એકંદર વધારામાં ૮૪ ટકા હિસ્સો પ્રવાસ ખર્ચ માટેનો હતો. ઓગસ્ટમાં ૧.૬૦ અબજ ડોલરની સરખામણીએ સપ્ટેમ્બરમાં પ્રવાસ ખર્ચ માટે રેમિટેન્સનો આંક બે અબજ ડોલર જેટલો રહ્યો હતો.

આ અગાઉ ૨૦૨૪ના ઓગસ્ટમાં આઉટવર્ડ રેમિટેન્સ ૩ અબજ ડોલરને પાર જોવા મળ્યુ હતું. ઈક્વિટી તથા ઋણ સાધનમાં ઈન્વેસ્ટમેન્ટ માટે પણ રેમિટેન્સમાં વધારો જોવા મળ્યો છે. આ સેગમેન્ટમાં રેમિટેન્સ ૧૩ ટકા વધી ૩૬.૩૦ કરોડ ડોલર રહ્યું હોવાનું રિઝર્વ બેન્કના ડેટા જણાવે છે.

# ટેરિફ મુદ્દે અમેરિકાની નવી દરખાસ્તથી ભારતના એશિયાના સ્પર્ધકોને લાભ મળશે

મુંબઈ, તા. ૨૬

**અમેરિકા તેની દરખાસ્ત પ્રમાણે વિવિધ દેશો પર વધારાના ટેરિફ લાગુ કરવામાં આગળ વધશે અને અમેરિકા સાથે વેપાર કરાર કરવામાં નિષ્ળતા મળશે તો ભારતની પાંચ અબજ ડોલરથી વધુની નિકાસને એશિયાના હરિફ દેશો તરફથીની ભારે સ્પર્ધાનો સામનો કરવો પડી શકે છે.**

## અમેરિકા સાથે વેપાર કરારમાં ભારતની સ્થિતિ હરિફો કરતા મજબૂત



વિવિધ દેશોની ઉત્પાદનની વધારાની માળખાકીય ક્ષમતાની તપાસ કર્યા બાદ યુનાઈટેડ સ્ટેટસ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ ઓફિસે ભારતના માલસામાન પર ૨૫ ટકા સુધીના ટેરિફ લાગુ કરવા દરખાસ્ત રજૂ કરી છે.

આ નવા ટેરિફ ૨૦૨૭ના પ્રારંભથી અમલી બનવા વકી છે. એશિયાના અન્ય દેશો જેમ કે બાંગલાદેશ, મલેશિયા, થાઈલેન્ડ, કમ્બોડિયા તથા ઈન્ડોનેશિયાના માલસામાન પર ૧૮ ટકા ટેરિફની દરખાસ્ત છે. જો કે ભારત સાથે વેપાર કરાર થશે તો ટેરિફ દર ૧૭ ટકા રાખવાની પણ જોગવાઈ છે.

એક રિસર્ચ પેઢી દ્વારા કરાયેલા અભ્યાસમાં જણાયુ છે કે અમેરિકા ખાતે ભારતમાંથી માલસામાનની થતી નિકાસમાંથી કેટલીક નિકાસ એવી છે જે મલેશિયા, ઈન્ડોનેશિયા તથા બાંગલાદેશ ખાતેથી પણ થાય છે. જો આ દેશો પર ભારતની સરખામણીએ ઓછા ટેરિફ લાગુ થશે તો ભારતે સ્પર્ધાનો સામનો કરવાનો વારો આવી શકે છે, એમ પણ રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે.

અન્ય દેશો જેમ કે જાપાન, દક્ષિણ કોરિઆ, યુરોપ વગેરે પર ૧૫ ટકા ટેરિફની દરખાસ્ત છે.

ભારત તથા અમેરિકા વચ્ચે રિસેમ્બર પહેલા વેપાર કરાર થઈ જશે તો ભારતના માલસામાન પર ૧૭ ટકા ડયૂટી લોગુ કરવાની દરખાસ્ત છે જે તેને બાંગલાદેશ, મલેશિયા, થાઈલેન્ડ, કમ્બોડિયા તથા ઈન્ડોનેશિયાની સામે એક ટકાનો લાભ અપાવી શકે છે અને આ દેશો ખાતેથી થતી પાંચ અબજ ડોલરની નિકાસ પર ભારતને લાભ મળી શકે છે.

વિયેતનામ સામે ૩૫ ટકાની દરખાસ્ત છે. જો કે વેપાર કરારની સરખામણીએ તેના માલસામાન પર વીસ ટકા ટેરિફ લાગુ થશે. આવી સ્થિતિમાં પણ ભારતને ત્રણ ટકાના તફાવતનો લાભ મળી રહેશે.

એશિયાના દેશો ખાતેથી જે નિકાસનો ભારતે સામનો કરવાનો આવી શકે છે તેમાં ટેકસટાઈલ તથા એન્જિનિયરિંગ માલસામાનનો મુખ્યત્વે સમાવેશ થાય છે.

# રૂપિયામાં તેજીને બ્રેકઃ પાઉન્ડ વધી રૂ.૧૨૧ની સપાટીને પાર

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ,ગુરૂવાર

**મુંબઈ કરન્સી બજારમાં આજે રૂપિયા સામે ડોલરના ભાવ ઘટતા અટકી ફરી ઉંચકાયા હતા. શેરબજાર વધવા છતાં કરન્સી બજારમાં રૂપિયો આજે વધતો અટકી આઠ મહિનાની ટોચ પરથી ઘટાડા પર રહ્યો હતો.**

## યુરોના ભાવ ઉંચકાઈ રૂ.૧૦૧ની ઉપર ગયાઃ ડોલર ઈન્ડેક્સમાં બેતરફી વધઘટ

| ફોરેક્સ ભાવ | |
|---|---|
| ડોલર | રૂા. ૯૨.૪૪ |
| પાઉન્ડ | રૂા. ૧૨૧.૧૮ |
| યુરો | રૂા. ૧૦૧.૪૨ |
| યેન | રૂા. ૦.૫૮ |
| બ્રેન્ટ ક્રૂડ | ૯૫.૫૦ ડોલર |

મુંબઈ કરન્સી બજારમાં ડોલરના ભાવ રૂ.૯૨.૨૪ વાળા સવારે રૂ.૯૨.૫૫ ખુલ્યા પછી ઉંચામાં ભાવ રૂ.૯૨.૬૬ થયા પછી નીચામાં ભાવ ૯૨.૩૨ થઈ રૂ.૯૨.૪૪ રહ્યા હતા. ડોલરના ભાવ આજે ૨૦ પૈસા વધતાં રૂપિયો ૦.૨૨ ટકા ઘટયો હતો.

દરમિયાન, વિશ્વ બજારમાં ડોલરનો ગ્લોબલ ઈન્ડેક્સ આજે નીચામાં ૧૦૩.૬૭ તથા ઉંચામાં ૧૦૩.૮૪ થઈ ૧૦૩.૭૩ રહ્યાના સમાચાર હતા. મુંબઈ બજારમાં રૂપિયા સામે બ્રિટીશ પાઉન્ડના ભાવ આજે ૭૬ પૈસા વધી રૂ.૧૨૧.૧૮ રહ્યા હતા. યુરોપીયન કરન્સી યુરોના ભાવ ૫૪ પૈસા વધી રૂ.૧૦૧.૪૨ રહ્યા હતા. જાપાનની કરન્સી રૂપિયા સામે આજે ૦.૧૯ ટકા વધી હતી જ્યારે ચીનની કરન્સી રૂપિયા સામે ૦.૩૫ ટકા ઉંચકાઈ હતી.

## PLI ઓટો સ્કીમ હેઠળ ૪,૩૮૫ કરોડની ફાળવણી

અમદાવાદ, તા. ૨૬

ઓટોમોબાઈલ અને ઓટો કોમ્પોનન્ટ ઉદ્યોગ માટેની પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ (પીએલઆઈ) યોજના હેઠળ વર્તમાન નાણાકીય વર્ષમાં ૨૫ નવેમ્બર સુધી રૂ. ૪,૩૮૫ કરોડના પ્રોત્સાહક ભંડોળની ફાળવણી નોંધાઈ છે તેમ સરકારી સુત્રોએ જણાવ્યું હતું.

# R&D ખર્ચમાં ખાનગી ક્ષેત્રનો હિસ્સો ૩૦%થી વધીને ૪૫% થયો

અમદાવાદ, તા. ૨૬

સંશોધન અને વિકાસ (R&D) ખર્ચમાં ખાનગી ક્ષેત્રનો હિસ્સો સતત વધી રહ્યો છે, અને તેનું યોગદાન થોડા વર્ષો પહેલાના માત્ર ૩૦ ટકાથી વધીને કુલ ખર્ચના ૪૫ ટકા પર પહોંચી ગયું છે, એમ નીતિ આયોગના સુત્રોએ જણાવ્યું હતું. આ જ સમયગાળા દરમિયાન આરએન્ડડી ખર્ચમાં જાહેર ક્ષેત્રનો હિસ્સો ૭૦ ટકાથી ઘટીને ૫૫ ટકા થઈ ગયો છે. ખાનગી ક્ષેત્રના વધતા હિસ્સાને પ્રોત્સાહક વલણ ગણાવતા સુત્રોએ કહ્યું હતું કે ઈનોવેશન ઈકોસિસ્ટમ હવે જાહેર વૈજ્ઞાનિક R&D પ્રયોગશાળાઓથી આગળ વધીને ડીપ-ટેક સ્ટાર્ટઅપ્સ, ઉદ્યોગો અને ખાનગી ક્ષેત્રના મૂડીરોકાણને પણ આવરી રહી છે.

૨૦૨૪-૨૫માં R&D પર ભારતનો કુલ ખર્ચ રૂ. ૨.૫ લાખ કરોડ સુધી પહોંચી ગયો છે, જે કુલ ઘરેલું ઉત્પાદન (જીડીપી)ના ૦.૯ ટકા જેટલો છે.

જુલાઈ ૨૦૨૫માં સ્થપાયેલા RDI ફંડ યુનિવર્સિટીઓ કે શૈક્ષણિક સંસ્થાઓ માટે નથી, પરંતુ તેનો ઉદ્દેશ્ય લવચીક (ફ્લેક્સિબલ) નાણાકીય માધ્યમો દ્વારા ખાનગી ક્ષેત્રના સંશોધન અને વિકાસને ટેકો આપવાનો છે.

# સપ્ટેમ્બર ક્વાર્ટરમાં હવાઈ મુસાફરીનો ફુગાવો વધીને ૩૫.૫ ટકા પહોંચ્યો

અમદાવાદ, તા. ૨૬

**પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધ વચ્ચે ઊર્જાના ભાવમાં થયેલા વધારાની અસરને કારણે જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટરમાં હવાઈ મુસાફરીના ખર્ચમાં ૩૫.૫૨%નો ઉછાળો આવ્યો છે તેમ તાજેતરમાં જાહેર કરાયેલા સર્વિસીસ પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડિસીસના ડેટા પરથી જાણવા મળ્યું છે.**

## બેંકિંગ સેવા યોગદાન ફુગાવો વધીને છ ક્વાર્ટરની ઊંચી સપાટીએ

હવાઈ મુસાફરી સેવાઓમાં ફુગાવો એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં નોંધાયેલા ૩૧.૯૪% કરતા વધારે હતો, જે ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ દ્વારા આવરી લેવામાં આવેલા સાત સેવા ક્ષેત્રોમાં સૌથી વધુ રહ્યો છે.

હવાઈ મુસાફરીના ફુગાવાના આંકડા માત્ર ૨૦૨૬ના એપ્રિલ-જૂન ક્વાર્ટરથી જ ઉપલબ્ધ છે. ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રીએ જણાવ્યું હતું કે અગાઉના ક્વાર્ટર માટે ફુગાવાની ગણતરી કરી શકાઈ નથી કારણ કે આ ઈન્ડેક્સ ૨૦૨૫-૨૬ને તેના ભાવ સંદર્ભ સમયગાળા (પ્રાઈસ રેફરન્સ પીરિયડ) તરીકે લે છે.

જોકે, ત્રિમાસિક ધોરણે (ક્રમિક રીતે), જુલાઈ-સપ્ટેમ્બરમાં હવાઈ મુસાફરીનો ખર્ચ ૧.૧% વધ્યો હતો, જે અગાઉના ક્વાર્ટરમાં થયેલા ૧૮.૨% ના વધારા કરતા નોંધપાત્ર રીતે ધીમો છે.

નાણાકીય વર્ષ ૨૦૨૭ના બીજા ક્વાર્ટરમાં બેંકિંગ સેવા યોગદાન ફુગાવો છ ક્વાર્ટરની ઊંચી સપાટી ૩.૮૬% પર પહોંચ્યો છે. એપ્રિલ-જૂનનો બેંકિંગ સેવા યોગદાન ફુગાવો ૬.૯૦%ના કામચલાઉ અંદાજથી ઘટાડીને ૨.૬૨% પર સુધારવામાં આવ્યો હતો.

બેંકિંગ સેવા યોગદાન ઈન્ડેક્સ લોન અને થાપણો (ડિપોઝિટ) માટેની મધ્યસ્થી સેવાઓમાં ભાવના ફેરફારો અથવા પ્રવૃત્તિને દર્શાવે છે, અને ઈન્ડેક્સમાં ઊંચો ફુગાવો લોન અને થાપણોની વૃદ્ધિમાં થયેલા વધારાને પ્રતિબિંબિત કરે છે.

બેંકિંગ સેવા પ્રાઈસ ઈન્ડેક્સ, જે ફી અને કમિશનને આવરી લે છે, તે સતત સાતમા ક્વાર્ટરમાં ભાવઘટાડા (ડિફ્લેશન)માં રહ્યો છે, જેમાં સપ્ટેમ્બર ક્વાર્ટરમાં વાર્ષિક ધોરણે ભાવમાં ૩.૯૬%નો ઘટાડો થયો છે. એપ્રિલ-જૂનમાં બેંકિંગ સેવાના ભાવમાં વાર્ષિક ધોરણે ૪.૯૮%નો ઘટાડો થયો હતો.

# રૂપિયાની મજબૂતી અટકી છતાં ફોરેન ફંડોની સાથે લોકલ ફંડો તેજીમાં આવતા

# ઐતિહાસિક તેજીની આગેકૂચ: IT શેરો પાછળ સેન્સેક્સ ૩૯૦ પોઈન્ટ વધીને ૮૪૩૨૯

(ગુજરાત સમાચાર પ્રતિનિધિ) મુંબઈ, ગુરૂવાર

અમેરિકાના ફરી ટેરિફ શસ્ત્ર ઉગામવાને વૈશ્વિક બજારોએ અવગણવાનું ચાલુ રાખીને વૈશ્વિક ચલણો સામે અમેરિકી ડોલરનું અવમૂલ્યન ચાલુ રહેતાં તેમ જ વૈશ્વિક બજારોમાં યુરોપ, એશિયાના બજારોમાં તોફાની તેજી પાછળ ભારતીય શેર બજારોમાં તેજીનો દોર આગળ વધ્યો હતો. અમેરિકી ડોલર સામે આજે ભારતીય રૂપિયો ૨૦ પૈસા નબળો પડ્યો હતો, પરંતુ વિદેશી ફંડોના સતત રોકાણ પ્રવાહના જોરે બજારે ઐતિહાસિક તેજી તરફ દોટ જાળવી આજે મોટી ખરીદી કરી હતી. વિદેશી સંસ્થાકીય રોકાણકારોની સાથે ગઈકાલે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ પણ શેરોમાં નેટ ખરીદદાર બની તેજીમાં સહભાગી થતાં આજે સેન્સેક્સ, નિફ્ટી બેઝડ મર્યાદિત તેજી છતાં સાઈડ માર્કેટમાં સ્મોલ, મિડ કેપ, એ ગ્રુપના સિલેક્ટિવ શેરોમાં તેજીનો સળવળાટ જોવાયો હતો. બેંકિંગ-ફાઈનાન્સ શેરોમાં આજે પ્રોફિટ બુકિંગ સામે તેજીની દોર આઈટી-સોફ્ટવેર સર્વિસિઝ, ટેકનોલોજી શેરોએ સંભાળી હતી.એફએમસીજી, ઓટો, કન્ઝયુમર ડયુરેબલ્સ શેરોમાં પણ ફંડો હળવા થયા હતા. જો કે મેટલ-માઈનીંગ શેરો સાથે કેપિટલ ગુડઝ શેરોમાં ખરીદીનો બજારને સપોર્ટ મળ્યો હતો. ફાર્મા શેરોમાં પણ સિલેક્ટિવ ખરીદી રહી હતી. સેન્સેક્સ ૩૯૦.૩૧ પોઈન્ટ વધીને ૮૪૩૨૮.૫૯ અને નિફ્ટી ૫૦ સ્પોટ ઈન્ડેક્સ ૬૫.૨૫ પોઈન્ટ વધીને ૨૫૮૮૪.૫૦ બંધ રહ્યા હતા.

### આઈટી ઈન્ડેક્સની ૧૦૩૫ પોઈન્ટની છલાંગ : ઝેગલ, રામકો, એચસીએલ, ટીસીએસ, ઈન્ફોસીસ ઉછળ્યા

વૈશ્વિક મોરચે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ-એઆઈ શેરોમાં ધોવાણ ચાલુ રહ્યા સામે ભારતીય આઈટી ઉદ્યોગ માટે ભાવિ ઉજળું દેખાવા લાગતાં અને આઈટી કંપનીઓ માટે બિઝનેસ તકો વધવાના સંકેતોએ આજે આઈટી શેરોમાં ફંડોએ મોટી ખરીદી કરી હતી. ઝેગલ રૂ.૧૨.૮૫ ઉછળીને રૂ.૧૬૧.૯૫, રામકો સિસ્ટમ્સ રૂ.૩૪.૧૫ ઉછળીને રૂ.૫૩૪.૯૦, એચસીએલ ટેકનોલોજી રૂ.૮૬.૬૦ વધીને રૂ.૧૪૬૫, ટીસીએસ રૂ.૧૨૫ વધીને રૂ.૨૬૪૦, ઈન્ફોસીસ રૂ.૫૩.૧૦ વધીને રૂ.૧૧૮૨.૧૦, વિપ્રો રૂ.૭.૮૦ વધીને રૂ.૧૯૬.૫૦, ઝેનસાર ટેકનોલોજી રૂ.૨૦.૯૦ વધીને રૂ.૫૫૩.૬૦, સાસ્કેન રૂ.૭૨ વધીને રૂ.૧૯૧૦.૭૦, ટેક મહિન્દ્રા રૂ.૫૯.૮૦ વધીને રૂ.૧૮૫૪.૮૦ રહ્યા હતા. બીએસઈ આઈટી ઈન્ડેક્સ ૧૦૩૫.૦૯ પોઈન્ટ ઉછળીને ૩૧૪૦૬.૪૯ બંધ રહ્યો હતો.

### ઓટો શેરોમાં ફંડો હળવા થયા : અપોલો ટાયર, ટાટા મોટર્સ કમર્શિયલ, એક્સાઈડ, આઈશર મોટર્સ ઘટ્યા

ઓટોમોબાઈલ કંપનીઓના શેરોમાં ફંડોએ આજે ફરી તેજીની ઓવરબોટ પોઝિશન હળવી કરી હતી. અપોલો ટાયર રૂ.૧૦.૬૦ ઘટીને રૂ.૪૨૬.૫૫, ટાટા મોટર્સ કમર્શિયલ વ્હીકલ રૂ.૧૦.૫૦ ઘટીને રૂ.૪૩૧.૫૦, એક્સાઈડ રૂ.૯.૧૫ ઘટીને રૂ.૩૮૬.૬૫, આઈશર મોટર્સ રૂ.૧૪૦.૫૦ ઘટીને રૂ.૮૧૯૦, અશોક લેલેન્ડ રૂ.૧.૮૦ ઘટીને રૂ.૧૫૬.૩૦ રહ્યા હતા. બીએસઈ ઓટો ઈન્ડેક્સ ૪૧૪.૭૬ પોઈન્ટ ઘટીને ૬૨૮૩૫.૫૩ બંધ રહ્યો હતો.

### કન્ઝયુમર ડયુરેબલ્સ શેરોમાં ફંડો વેચવાલ : એશીયન પેઈન્ટ, બ્લુ સ્ટાર, ડિક્સન, ક્રોમ્પ્ટન, અંબર ઘટ્યા

કન્ઝયુમર ડયુરેબલ્સ શેરોમાં આજે ફંડો ફરી વેચવાલ બન્યા હતા. ખાસ સોના અને ચાંદીના ભાવ ફરી વિશ્વ બજાર સાથે સ્થાનિકમાં તૂટવા લાગતાં જવેલરી કંપનીઓને ફટકો પડવાના અંદાજોએ ફંડો શેરોમાં હળવા થયા હતા. એશીયન પેઈન્ટ રૂ.૭૬.૨૦ ઘટીને રૂ.૨૫૪૩, બ્લુ સ્ટાર રૂ.૫૧ ઘટીને રૂ.૧૭૩૬, ડિક્સન ટેકનોલોજી રૂ.૨૬૦ ઘટીને રૂ.૧૨,૭૪૦, ક્રોમ્પ્ટન રૂ.૪.૧૫ ઘટીને રૂ.૨૧૫.૦૫ રહ્યા હતા. બીએસઈ કન્ઝયુમર ડયુરેબલ્સ ઈન્ડેક્સ ૮૨૮.૫૦ પોઈન્ટ ઘટીને ૬૧૧૪૨.૫૫ બંધ રહ્યો હતો.

### એલ્યુમીનિયમ પર ઈમ્પોર્ટ ડયુટીની માંગના પગલે મેટલ શેરોમાં ફંડો લેવાલ : હિન્દાલ્કો, નાલ્કો વધ્યા

ભારતમાં એલ્યુમીનિયમની સસ્તી આયાત રોકવા આયાત ડયુટી વધારવાની ઉદ્યોગની માંગ સાથે ફંડો શેરોમાં લેવાલ બન્યા હતા. મેટલ-માઈનીંગ શેરોમાં ટાટા સ્ટીલની એપીએલ અપોલો એક્વિઝિશન ડિલને લઈ અને વૈશ્વિક નરમાઈ પાછળ ફંડો વેચવાલ રહ્યા બાદ આજે મંદી અટકી શોર્ટ કવરિંગ સાથે પસંદગીના શેરોમાં ફંડો ખરીદદાર રહ્યા હતા. હિન્દાલ્કો રૂ.૨૬.૧૦ વધીને રૂ.૯૧૫.૧૦, નાલ્કો રૂ.૭.૬૫ વધીને રૂ.૨૯૪.૮૫, હિન્દુસ્તાન ઝિંક રૂ.૭.૪૦ વધીને રૂ.૫૨૭.૫૦, ટાટા સ્ટીલ રૂ.૪.૨૫ વધીને રૂ.૧૬૩.૩૫, જિન્દાલ સ્ટીલ રૂ.૮.૪૫ વધીને રૂ.૧૧૧૩.૪૫, જેએસડબલ્યુ સ્ટીલ રૂ.૪ વધીને રૂ.૧૩૦૫ રહ્યા હતા. બીએસઈ મેટલ ઈન્ડેક્સ ૪૨૬.૫૬ પોઈન્ટ વધીને ૩૭૩૮૬.૨૨ બંધ રહ્યો હતો.

### રિ

ગુજરાત સમાચાર

# પંજાબમાં ભાજપના દાવપેચ

કદાચ કોઈ પણ પક્ષ ભારતીય જનતા પાર્ટી કરતાં વધુ સારી રીતે ફર્સ્ટ-પાસ્ટ-ધ-પોસ્ટ (FPTP) સિસ્ટમના ગણિતને અને જ્યાં તે નબળી સ્થિતિમાં છે તેવા રાજ્યોમાં ગઠબંધનની જરૂરિયાતને સમજી શકતો નથી. ભાજપે ક્યારેય એવી ભાગીદારી બનાવવામાં સંકોચ કર્યો નથી કે જ્યાં વૈચારિક સમતુલાનો અભાવ પણ હોય, પણ તેને ચૂંટણીલક્ષી રીતે સુસંગત બનાવવા માટે ભાજપનું મન ખુલ્લું હોય છે. તેઓ રાજવિદ્યાને કોઈ નિયમોમાં બાંધતાં નથી. માત્ર સત્તાનું ગણિત જ સર્વોપરિ છે. ભારતની બહુ-પક્ષીય રાજકીય પ્રણાલી આમ તો નાના પક્ષો પ્રત્યે ખાસ કરીને ક્રૂર છે, ખાસ કરીને જ્યારે તેમનો ટેકો આધાર મર્યાદિત કે આંશિક હોય. છતાં ભાજપ નાના મોતીના દાણા પણ પોતાની મૌક્તિકમાલામાં પરોવી રાખે છે. એ એની ચતુરાઈ છે.

મત ફક્ત ત્યારે જ બેઠકોમાં રૂપાંતરિત થાય છે જ્યારે સમર્થન ચોક્કસ અંતરાયોને પાર કરે છે. એ માટે શું અને કેમ કરવું એ પણ ભાજપ જાણે છે. પંજાબમાં, તમામ પ્રયાસો છતાં, ભાજપ શહેરી હિન્દુ મતદારોના બહુ નાના ભાગ સુધી સીમિત રહ્યો છે. વ્યાપક લોકમત સાથે એનો નાતો બંધાયો નથી. કોંગ્રેસ પાર્ટીના નેતાઓને શિકાર બનાવ્યા પછી, જે વર્ષોથી આંતરિક ઝઘડા સાથે ઝઝૂમી રહી છે, અને ૨૦૨૪ની સામાન્ય ચૂંટણીઓમાં એક પણ બેઠક જીત્યા વિના કુલ મત હિસ્સાના લગભગ પાંચમા ભાગ મેળવ્યા પછી, પાર્ટીને સમજાયું છે કે તે મજબૂત ગ્રામીણ હાજરી ધરાવતા ભાગીદાર વિના રાજ્યમાં સુસંગત રહી શકતી નથી. શિરોમણી અકાલી દળ (બાદલ)એ સન ૨૦૨૦માં કેન્દ્ર સરકાર દ્વારા પાછળથી રદ કરાયેલા કૃષિ કાયદાઓના વિરોધમાં ભાજપની આગેવાની હેઠળના રાષ્ટ્રીય લોકશાહી જોડાણ સાથેના સંબંધો તોડી નાખ્યા હતા, કારણ કે ખેડૂતોના આંદોલનથી ગ્રામીણ પંજાબમાં પાર્ટીના સમર્થનનો આધાર ખતમ થવાનું જોખમ હતું. જોકે, ત્યાર પછી તો આ ઉત્તરીય રાજ્યની ઘણી નદીઓમાં ઘણું પાણી વહી ગયું છે.

આમ આદમી પાર્ટી (આપ)એ ભરચક રાજકીય પરિદ્રશ્યમાં પોતાની પકડ મજબૂત કરી છે અને તેનો કાર્યકાળ હવે પૂર્ણ થવાની નજીક છે. એક સમયે શિરોમણી અકાલી દળ (બાદલ)નો મુખ્ય આધાર રહેલો ધાર્મિક મતભંડાર હવે વિભાજીત થઈ ગયો છે. એવું લાગે છે કે શિરોમણી અકાલી દળ(બાદલ) માને છે કે તે તેના ધાર્મિક અને ગ્રામીણ મતવિસ્તારોથી આગળ વધીને જ ખોવાયેલો પાયો પાછો મેળવી શકે છે, અને ભાજપ સામે ખેડૂતોનો ગુસ્સો હવે ભૂતકાળની વાત છે. ખેડૂતો આમ પણ ભાજપને માફ કરતા આવ્યા છે જેનો ગુજરાતમાં તો લાંબો ઇતિહાસ છે. ભાજપ અને અકાલીદળની સમજુતીએ પંજાબમાં નવા વાતાવરણને જન્મ આપ્યો છે. છેલ્લા છ વર્ષમાં એકબીજા પર તીક્ષ્ણ હુમલાઓ છતાં, આ વ્યવહારિક ગણતરીએ હવે બંને પક્ષોને એક સાથે બાંધી દીધા છે. અને આ જ કારણ છે કે જોડાણને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યા પછી, કેન્દ્રીય ગૃહમંત્રીએ સ્પષ્ટપણે શિરોમણી અકાલી દળ (બાદલ) ને પંજાબમાં મોટા ભાઈ તરીકે ઓળખાવ્યા. ગરજે કોઈને પણ વડીલ બનાવવાનો રિવાજ અહીં પણ દેખાયો છે.

શિરોમણી અકાલી દળ (બાદલ)ની એ ગણતરી કદાચ એટલી સારી રીતે કામ ન કરે જેટલી તે આશા રાખે છે. એક ધારણા પ્રમાણે ગ્રામીણ પંજાબમાં ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકાર સામે ખેડૂતોનો ગુસ્સો હજુ સંપૂર્ણપણે શાંત થયો નથી. અગાઉના જોડાણોમાં, બંને પક્ષોએ સફળતાપૂર્વક એકબીજાને મત આપ્યા. આનું કારણ એ હતું કે તેમના મતદારો પાસે ઓછા વિકલ્પો હતા. જોકે, પુનઃસર્જિત કોંગ્રેસ અને નવી સ્થાપિત AAP એ દર્શાવ્યું છે કે તેઓ અકાલી દળ પ્રત્યે શંકા ધરાવતા શહેરી હિન્દુ મતદારો અને ભાજપ સાથે જોડાયેલા પક્ષોને ટેકો આપવા તૈયાર ન હોય તેવા ગ્રામીણ મતદારો બંનેને આકર્ષિત કરી શકે છે. તેથી, એ ચોક્કસ નથી કે આ બંને જૂથોના મત આ જોડાણ માટે ભેગા થશે. શ્રેષ્ઠ રીતે, આ જોડાણ પૂરતા પ્રમાણમાં AAP વિરોધી મતોને એકીકૃત કરી શકે છે જેથી સ્પર્ધા સ્પષ્ટ રીતે ત્રિકોણાકાર બને. પંજાબ એક સંવેદનશીલ સરહદી રાજ્ય છે અને ભારતના મુખ્ય અનાજ ભંડારો પૈકીનું એક રાજ્ય છે.

તે ભારતના સૌથી દેવાદાર રાજ્યોમાંનું એક પણ છે, સ્થિર કૃષિ-આધારિત અર્થતંત્ર સાથે, અને રાજ્ય સરકારે તેની નબળી નાણાકીય પરિસ્થિતિ હોવા છતાં કલ્યાણ યોજનાઓ પર ખર્ચ વધાર્યો છે. રાજ્યને કયા પ્રકારનો કલ્યાણ ખર્ચ પરવડી શકે છે અને વિકાસને કેવી રીતે પુનર્જીવિત કરવો તે અંગે ગંભીર વૈચારિક ચર્ચાની જરૂર છે.

# અમેરિકા, ચીન, રશિયા વચ્ચે સ્પેસમાં પરમાણુ હથિયારો તૈનાત કરવાની હરીફાઈ

**વર્લ્ડ વિન્ડો**

'અવકાશ પર અંકુશ મેળવવાથી પૃથ્વી પર અંકુશ મેળવી શકાશે. હથિયાર કરતાં મહત્ત્વનું છે તેની તૈનાતીનું સ્થાન. પૃથ્વી પર નિયંત્રણનું એ સ્થાન સ્પેસ છે. અંતરીક્ષને નિયંત્રિત કરવાથી પૃથ્વીનું વાતાવરણ, પૂર, દૂકાળ, સમુદ્રો, ભરતી-ઓટમાં ફેરફાર કરવાની ક્ષમતા મેળવી શકાશે.'

વિશ્વયુદ્ધ પછી અમેરિકા-રશિયા વચ્ચે શીતયુદ્ધ બરાબર જામ્યું હતું ને બંને દેશો વચ્ચે સ્પેસમાં આગળ વધવાની હરીફાઈ પૂરજોશમાં હતી ત્યારે અમેરિકાના તત્કાલિન સેનેટર અને નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ કાઉન્સિલના ચેરમેન ને પછી ૧૯૬૩થી ૧૯૬૯ સુધી પ્રમુખ બનેલા લીન્ડન બી. જોહન્સને ૧૯૫૮માં અમેરિકન સેનેટમાં આપેલા ભાષણમાં ઉપરોક્ત વાક્યો કહ્યા હતા. જ્હોન એફ. કેનેડી પછી અમેરિકાના પ્રમુખ બનેલા લીન્ડન બી. જોહન્સને જ નાસાને જોઈએ એટલું ફંડ આપીને અપોલો પ્રોગ્રામને મક્કમ ગતિએ આગળ વધાર્યો હતો અને તેના પરિણામે અમેરિકા સ્પેસ-રેસમાં રશિયાને પાછળ રાખીને માણસને ચંદ્ર પર ઉતારવામાં સફળ થયું હતું.

લીન્ડન બી. જોહન્સનનું આ વિધાન આજેય વ્યૂહાત્મક રીતે હંમેશા ટાંકવામાં આવે છે. અમેરિકામાં સ્પેસ પ્રોગ્રામની વાત આવે કે પછી અંતરીક્ષનું લશ્કર બનાવવાની વાત આવે ત્યારે જોહન્સનને ટાંકીને કહેવામાં આવે છે કે અમેરિકાએ પૃથ્વી પર દબદબો જાળવવા માટે સ્પેસમાં દબદબો જાળવવો જરૂરી છે. અમેરિકાએ સ્પેસમાં અંકુશ મેળવવામાં બીજા દેશોની સરખામણીએ ધારી સફળતા પણ મેળવી છે. જ્યાં બીજા કોઈ દેશો પહોંચી નથી શક્યા એ ગ્રહો પર અમેરિકાએ સૌપ્રથમ સંશોધનો શરૂ કર્યા હતા. સૂર્યમાળાના દૂર-દરાજના ગ્રહોનો ડેટા અમેરિકાએ મેળવવાની મથામણ દાયકાઓ પહેલાં આદરી દીધી હતી.

અવકાશમાં અંકુશની પૂર્વ અમેરિકી પ્રમુખ લીન્ડન બી. જોહન્સનની વાત અમેરિકા સિવાયના દેશોએ પણ અમલી બનાવી છે. રશિયાએ શરૂઆતમાં અવકાશી રેસમાં પાછળ રહ્યા બાદ પણ સતત મિશનો શરૂ રાખ્યા. વિશ્વનું પ્રથમ સ્પેસ સ્ટેશન સલ્યુટ અમેરિકાએ નહીં, રશિયાએ બનાવ્યું હતું અને પછી અત્યારે જે આંતરરાષ્ટ્રીય સ્પેસ સ્ટેશન ચાલી રહ્યું છે એમાં પણ અમેરિકા-રશિયા બંને પાર્ટનર્સ છે. બંને અવકાશમાં એટ-એટલા સંશોધનો કરી રહ્યા છે તેનો મહામૂલો ડેટા એકઠો કરી રહ્યા છે કે હજુ બીજા બધા દેશોએ ત્યાં સુધી પહોંચવામાં દાયકા નીકળી જવાના છે. શરૂઆતી સ્પેસ-રેસમાં પાછળ રહ્યા પછી પણ રશિયાએ અંતરીક્ષમાં અંકુશ જાળવવા



માટે સ્પેસ આર્મીથી માંડીને જાસૂસી સેટેલાઈટ સુધીના પ્રોજેક્ટ પાર પાડ્યા છે ને અમેરિકાને બરાબરની ટક્કર આપી છે.

આ બંનેને સ્પેસમાં ટક્કર આપનારો ત્રીજો દેશ હવે ચીન બન્યો છે. ચીને છેલ્લાં થોડાં દાયકામાં એક તરફ ઈકોનોમી મજબૂત કરી છે, વ્યૂહાત્મક રીતે દુનિયામાં પહોંચ બનાવી છે અને વિશ્વમાં રાજકીય કદ પણ વધાર્યું છે, બીજી તરફ સ્પેસ પ્રોગ્રામ આગળ વધારીને અમેરિકા-રશિયાને બરાબરની ટક્કર આપી છે. હવે તો સ્થિતિ એવી આવી ચૂકી છે કે રશિયા-ચીન સંયુક્ત રીતે જે સ્પેસ-પાવર સર્જે છે તેનાથી તો અમેરિકાની પણ ઊંઘ ઉડી ગઈ છે. અમેરિકાને તાજેતરમાં એવી

**સેટેલાઈટનો નાશ કરતી કિલર સેટેલાઈટ મિસાઈલોથી માંડીને લેઝર બીમ સુધીની તૈયારી શરૂ ચૂકી છે. ન કરે નારાયણ ને આવું યુદ્ધ થશે તો દુનિયા ફરીથી અંધારયુગમાં પહોંચી જશે**

માહિતી મળી છે કે ચીન-રશિયાએ સંયુક્ત રીતે અંતરીક્ષમાં પરમાણુ હથિયારો તૈનાત કરવાની મિશન શરૂ કર્યું છે. રશિયા-ચીને મળીને સેટેલાઈટનો નાશ કરી શકે એવી કિલર સેટેલાઈટ મિસાઈલો બનાવી દીધી છે. તેનાથી જરૂર પડ્યે અમેરિકાના કે ભારત-ફ્રાન્સ-ઈઝરાયલ-બ્રિટન જેવા અમેરિકાના મિત્ર દેશોના ઉપગ્રહો તોડી પાડીને સેટેલાઈટ કોમ્યુનિકેશનની કરોડરજ્જુ તોડી શકાય.

હમણાં એક ઘટના બની એ પણ જાણવા જેવી છે. એ ઘટનાએ સ્પેસ-વૉરના ટીઝર જેવી છે. ગયા મહિને અમેરિકાના અંતરીક્ષ વિજ્ઞાનીઓ નોંધ્યું કે રશિયા કોસમોસ-૨૬૧૨ નામના સેટેલાઈટે તેની ભ્રમણકક્ષા વારંવાર બદલીને અમેરિકન સેટેલાઈટની સાવ નજીક જવાની કોશિશ કરી. કેટલીક વખત તો બંને સેટેલાઈટ વચ્ચે માત્ર ૧થી ૨ કિલોમીટરનું જ અંતર રહી ગયું હતું. રસ્તા પર દોડતાં બે વાહનોના સંદર્ભમાં આ અંતર હોય તો એ ઘણું વધારે કહેવાય ને એમાં અકસ્માતનું કોઈ દેખીતું જોખમ નથી, પરંતુ વાત જો અવકાશના સંદર્ભમાં હોય તો આ ખૂબ ઓછું અંતર કહેવાય. નીચલી ભ્રમણ કક્ષામાં સેટેલાઈટ લગભગ ૨૭ હજાર કિલોમીટર પ્રતિકલાકની ઝડપે ઘૂમતા હોય ત્યારે ગમે ત્યારે ટક્કર થઈ શકે છે. રશિયન સેટેલાઈટે અમેરિકન રડાર સેટેલાઈટ પર હુમલો કર્યો ન હતો, પરંતુ એક મેસેજ આપ્યો હતો. અમેરિકાના સેટેલાઈટથી યુક્રેનને ડ્રોન અને મિસાઈલના રડારનો રીઅલ ટાઈમ ડેટા મળે છે. રશિયા બતાવવા માંગતું હતું કે ભવિષ્યમાં યુક્રેનની મિસાઈલો અને ડ્રોનને રીઅલ ટાઈમ રડારનો ડેટા આપતા સેટેલાઈટ પર હુમલો કરીને તેને દિશાહીન કરી શકે છે.

કલ્પના કરો! જો રશિયા યુક્રેનને મદદ કરતાં અમેરિકાનો સેટેલાઈટ તોડી નાખે તો અંતરીક્ષમાં અમેરિકા-રશિયા વચ્ચે જ સેટેલાઈટને તોડવાની સ્પર્ધા જામી શકે છે અને તો એ દુનિયાના કોમ્યુનિકેશન સિસ્ટમ માટે બહુ મોટું જોખમ સર્જાઈ શકે છે. ચીન-ભારત-બ્રિટન-ફ્રાન્સ-જાપાન જેવા દેશોના અનેક સેટેલાઈટ પણ આ બંનેના રસ્તે આવે તો આ તમામ દેશોમાં કોમ્યુનિકેશન ઠપ થઈ શકે. જો આવું થાય તો દુનિયામાં કોમ્યુનિકેશનની અંધાધૂંધી સર્જાઈ શકે. દુનિયા રાતોરાત અંધારયુગમાં પહોંચી શકે. વાયરલેસ કોમ્યુનિકેશન ભૂતકાળ બની જાય અને ફરીથી કેબલથી સંચાલિત કોમ્યુનિકેશનનો યુગ શરૂ કરવો પડે.

ઉપરોક્ત ઘટનાથી આવી ભીતિ વ્યક્ત થઈ રહી છે એમાં વળી પેન્ટાગોનને નવી માહિતી મળી છે કે રશિયા-ચીને એક ગુપ્ત પ્રોજેક્ટ આદરીને અવકાશમાં અંકુશ મેળવવાનો પ્રોજેક્ટ ટોપ ગીઅરમાં નાખી દીધો છે. ચીને એવા સેન્સર્સ બેઝ્ડ લેઝર બીમ તૈયાર કર્યા છે કે જે જમીન પરથી જ અમેરિકાના કે ભારત જેવા બીજા કોઈ પણ દેશના લો-અર્થ ઓર્બિટમાં ચક્કર લગાવતા સેટેલાઈટને ખોરવી શકે છે. એટલું જ નહીં, ચીન-રશિયા સેટેલાઈટના બહાને કે પછી બીજી કોઈ રીતે અંતરીક્ષમાં પરમાણુ હથિયારો તૈનાત રાખવા માંગે છે. ભવિષ્યમાં અમેરિકા સાથે યુદ્ધ થાય તો એ પરમાણુ હથિયારો સેટેલાઈટની આખી શ્રૃંખલા નષ્ટ કરી શકે છે. એ પરમાણુ હથિયારો અલગ રીતે ડિઝાઈન કર્યા છે. પૃથ્વી પર તૈનાત થાય એના કરતાં ઓછી ક્ષમતાના એ પરમાણુ હથિયારો એટલા માટે કામના થઈ પડે કે જો અમેરિકાએ સ્પેસ-વૉરની શરૂઆત કરીને રશિયા-ચીનના સેટેલાઈટ તોડી પાડ્યો હોય તો આ બંને દેશો અવકાશમાં છુપાવી રાખેલા પરમાણુ હથિયારો એક્ટિવ કરીને અમેરિકાના સેટેલાઈટ પણ એવી જ હાલત કરી શકે.

વેલ, ૧૯૬૭માં થયેલી આઉટર સ્પેસ ટ્રીટી પ્રમાણે કોઈ પણ દેશ અવકાશમાં હથિયારો તૈનાત કરી શકે નહીં. ખાસ તો પરમાણુ હથિયારો સ્પેસમાં લઈ જનારા દેશને પૃથ્વી પર અનેક પ્રતિબંધો સહિત પડકારોનો સામનો કરવો પડે. એટલે કોઈ પણ દેશ સીધી રીતે આવો પ્રોગ્રામ શરૂ કરી શકે નહીં, પરંતુ ગુપ્ત રીતે સેટેલાઈટના સ્વાંગમાં જો પરમાણુ હથિયારો સ્પેસમાં પહોંચવા માંડે તો માનવજાતનું ભવિષ્ય શું હશે તે કલ્પના જ થથરાવી દેનારી છે!

## અવતરણ

પ્રીતિ શાહ



એક બાજુ પાકિસ્તાન આતંકી કેમ્પ, હેડક્વાર્ટર, ટ્રેનિંગ ગ્રાઉન્ડ વગેરે રાખીને અમારા લોકો પર હિંસા કરવામાં એનો ઉપયોગ કરે છે અને બીજીબાજુ વાતચીતની અપેક્ષા રાખે છે. માથા પર બંદૂક તાકીને વાત કરવા કોઈ ઈચ્છે નહીં અને અમે પણ એવું કરવા માંગતાં નથી.

- શશિ થરૂર (સાંસદ)



રાહુલ વિદેશમાં ભારતની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડીને આપણી પરંપરાઓને બદનામ કરી રહ્યા છે. તેમણે દેશની અર્થવ્યવસ્થાને કમજોર બતાવતા પહેલાં એશિયા પાવર ઈન્ડેક્સ ૨૦૨૬નો હેવાલ વાંચવો જોઈએ. ભારત એશિયાની ત્રીજી પ્રમુખ શક્તિના રૂપમાં સામે આવ્યું છે.

- રવિશંકર પ્રસાદ (પૂર્વ કેન્દ્રીયમંત્રી)



આપણે એક એવી દુનિયામાં પ્રવેશ કરી રહ્યા છીએ જે બહુ જટિલ છે અને જેના વિશે પહેલેથી અનુમાન લગાવવાનું મુશ્કેલ છે. આપણે આપણી રાષ્ટ્રીય ક્ષમતાઓને મજબૂત કરવાની, એનું જોખમ ઓછું કરવાની અને એમાં વિવિધતા લાવવાની જરૂર છે.

- એસ. જયશંકર (કેન્દ્રીયમંત્રી)



કેટલાંક રૂપિયા આપવાથી ગરીબી આપોઆપ નાબૂદ થઈ જશે એવી વિચારસરણી એક દાયકામાં બદલાઈ ગઈ છે. ગરીબી વારંવાર જન્મે છે તે મૂળ પર જ અમે પ્રહાર કર્યો. વિકાસનો લાભ જરૂરતમંદ સુધી પહોંચે તેવા 'અંત્યોદય'ના મંત્રને અપનાવીને અમારી સરકારે મુશ્કેલ, પરંતુ સ્થાયી માર્ગ અપનાવ્યો.

- નિર્મલા સીતારમણ (કેન્દ્રીય મંત્રી)



રામને ભલે એક વ્યક્તિના રૂપમાં જોવામાં આવે, પરંતુ એમનું મહત્ત્વ એનાથી ઘણું વધારે છે. તે એક આદર્શ, નૈતિકતા અને જીવન જીવવાની રીત છે. ભગવાન રામ દરેક હિન્દુસ્તાનીના લોહીમાં છે, એનો ધર્મ ભલે ગમે તે હોય.

- જાવેદ અખ્તર (જાણીતા પટકથા લેખક અને ગીતકાર)



પ્રકૃતિ વૈશ્વિક અર્થતંત્રની કરોડરજ્જુ છે અને તેનું રક્ષણ કરવું એ સર્વોચ્ચ પ્રાથમિકતા હોવી જોઈએ. ૯.૫ ટ્રિલિયન ડોલરની ફૂડ ઈન્ડસ્ટ્રી ગુણવત્તાયુક્ત માટી પર આધારિત છે. ૧.૫ અબજ લોકોની આજીવિકા જંગલ પર નિર્ભર છે. પર્યાવરણની સમસ્યાને હળવાશથી ન લેવી જોઈએ.

- મેરી રોબિન્સન (આયર્લેન્ડના પૂર્વ રાષ્ટ્રપતિ)



મને ફિલ્મમાં નકારવામાં આવે તેની સામે કોઈ વાંધો નથી, પરંતુ સંબંધિત સર્જકો તે અંગે કોઈ યોગ્ય કારણ સુધ્ધાં ન આપે તે બહુ દુઃખદ છે. ક્યારેક તો એવા વાહિયાત અને હાસ્યાસ્પદ બહાનાં આપે કે તમને વિચાર આવે કે ખરેખર આવું કારણ હોઈ શકે ?

- તાપસી પન્નુ (અભિનેત્રી)



ભ્રષ્ટ તાનાશાહીવાળી સરકાર બીજી ભ્રષ્ટ ફાસિસ્ટ સરકાર સાથે વેપાર કરવાનું પસંદ કરે છે, કારણ કે એમાં બંને પક્ષોને અંગત લાભ થાય છે, ન તેમાં રાષ્ટ્રને, કારણ કે એના ભ્રષ્ટાચારો પર ન તો દેખરેખ રાખવામાં આવે છે કે ન તો કોઈ તપાસ થાય છે.

- ગેરી કાસ્પારોવ (રશિયાનો પૂર્વ શતરંજ વિશ્વ ચેમ્પિયન)

## નોએલ ટાટાનો અહમ કંપનીને બદનામ કરી રહ્યો છે

# ટાટા ગૃપમાં સીઈઓની નિમણૂકના વિવાદનો જંગ હવે કોર્ટમાં લડાશે

૧૮૬૮માં સ્થપાયેલું દેશનું ટાટા ગૃપ સીઈઓની નિમણૂકના વિવાદમાં એવું ફસાયેલું છે કે હવે તે બદનામ પણ થઈ રહ્યું છે. આર્ટિફિશ્યલ ઈન્ટેલીજન્સ ક્ષેત્રે ટોચની અમેરિકાની એનવિડિયા કંપનીમાં સીઈઓ પર હની ટ્રેપ સહીતના આક્ષેપો હોવા છતાં તેમની ફેર નિમણૂક માટે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રસ લીધો હતો અને કંપનીના બોર્ડે માન આપીને જેન્સન હૂઆંગને ફરી સીઈઓ તરીકે નિમ્યા હતા.

જ્યારે બીજી તરફ ભારતની ટાટા સન્સ સીઈઓની નિમણૂક બાબતે કોર્ટમાં જઈ રહ્યું છે. આ પગલાનો મુખ્ય હેતુ ૧૭ સપ્ટેમ્બરના રોજ યોજાયેલી ટાટા સન્સની અગાઉની બોર્ડ મીટિંગના નિર્ણયોને પડકારવાનો અને ૩૦ નવેમ્બરના રોજ યોજાનારી આગામી બોર્ડ મીટિંગના કેટલાક મહત્વપૂર્ણ મુદ્દાઓને અટકાવવાનો છે.

કોર્પોરેટ સર્કલમાં ચાલતી કાનાફૂસી અનુસાર ટાટા ગૃપના ચેરમેન નોએલ ટાટા આખા કેસમાં ખલનાયકની ભૂમિકા ભજવી રહ્યા છે.

૩૦ નવેમ્બરના રોજ યોજાનારી ટાટા સન્સની બોર્ડ મીટિંગના એજન્ડાનો મુખ્ય મુદ્દો ટાટા સન્સના સૂચિત સ્ટોક એક્સચેન્જ લિસ્ટિંગનો છે. ભારતીય રિઝર્વ બેંકે ૧૬ નવેમ્બરના રોજ ફરી ચેતવણી આપી હતી કે ટાટા સન્સે અપર-લેયર નોન-બેંકિંગ ફાઇનાન્શિયલ કંપનીઓને લાગુ પડતા નિયમોનું પાલન કરવું પડશે અને જણાવ્યું હતું કે કંપનીનું લિસ્ટિંગ એ આગળ વધવાનો માર્ગ છે. કહે છે કે ભૂતકાળમાં ટાટા ગૃપના દરેક મહત્વના લોકોને ગૃહપ્રધાન અને નાણાપ્રધાને રૂબરૂ બોલાવીને ચર્ચા કરીને કહ્યું હતું કે વૈશ્વિક તખ્તા પર કંપનીના વિવાદો બહુ ના ચગે તેનું ધ્યાન રાખો. જોકે તેમની સલાહ શેઠની શિખામણ ઝાંપા સમાન સાબિત થઈ હતી.

ટાટા ટ્રસ્ટ્સની મુખ્ય સંસ્થા સર દોરાબજી ટાટા ટ્રસ્ટ (SDTT)ના ટ્રસ્ટીઓને ગુરુવારે વહેલી સવારે ડ્રાફ્ટ ઠરાવ મોકલવામાં આવ્યો હતો. તેને બહુમતી ટ્રસ્ટીઓ દ્વારા પસાર કરવામાં



ડાબે...નોએલ ટાટા, ચંદ્રશેખરન

આવ્યો હતો. SDTTમાં પાંચ ટ્રસ્ટીઓ છે. જેમાં ટાટા ટ્રસ્ટ્સના ચેરમેન અને ટાટા સન્સ બોર્ડમાં નોમિની ડિરેક્ટર નોએલ ટાટા, ભાસ્કર ભટ (જેમણે ઠરાવ રજૂ કર્યો હતો), નેવિલ ટાટા (નોએલના પુત્ર), વેણુ શ્રીનિવાસન (બીજા નોમિની ડિરેક્ટર) અને વિજય સિંહનો સમાવેશ થાય છે.

માહિતગાર સૂત્રોના જણાવ્યા અનુસાર આ દાવામાં ટાટા ટ્રસ્ટ એવું

**પ્રસંગપટ**

કરવા જઈ રહી છે કે ટાટા સન્સના એક્ઝિક્યુટિવ ચેરમેન તરીકે ચંદ્રશેખરનની પુનઃનિમણૂક કરતો ૧૭ સપ્ટેમ્બરનો ઠરાવ 'આર્ટિકલ્સ ઓફ એસોસિએશનની સત્તા બહારનો, અમાન્ય, ગેરકાયદેસર, નલ એન્ડ વોઈડ છે. તે ટાટા સન્સના એક્ઝિક્યુટિવ ચેરમેન તરીકે ચંદ્રશેખરનની પુનઃનિમણૂક કરતા 'ટાટા સન્સના બોર્ડ ઓફ ડિરેક્ટર્સના ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજના ઠરાવ પર કોઈપણ રીતે અમલ કરવા અથવા તેને અસર આપવા સામે ટાટા સન્સ, તેના ડિરેક્ટરો, અધિકારીઓ અને એજન્ટોને રોકવા માટે કાયમી આદેશ અને મનાઈ હુકમ' પણ માગ્યો છે.

ટાટા સન્સની બોર્ડ મીટિંગની તારીખમાં ફેરફાર કરવાની માંગ કર્યા પછી, નોએલ ટાટાએ બુધવારે કંપનીને મોકલેલા એક પત્રવ્યવહારમાં એજન્ડા સામે પણ વાંધો ઉઠાવ્યો હતો. તેમણે એજન્ડામાં સુધારો કરવાની માંગ કરી હતી, અને ટાટા સન્સના સૂચિત લિસ્ટિંગને ટોચના મુદ્દા તરીકે રાખવા સામે લાલ બત્તી ધરી હતી, તેમજ જણાવ્યું હતું કે અન્ય કોઈપણ બાબત પહેલાં કંપનીના પુનર્ગઠન પર ચર્ચા કરવાની જરૂર છે. નોએલે ટાટા સન્સના પુનર્ગઠનનો પ્રસ્તાવ મૂક્યો હતો જેથી તે એક ખાનગી સંસ્થા તરીકે જળવાઈ રહે.

ટાટા ટ્રસ્ટનો કોર્ટમાં જવાનો નિર્ણય સમગ્ર કોર્પોરેટ જગત પર પણ નોંધપાત્ર અસર પાડે તેવી શક્યતા છે. એનવિડિયા કંપનીમાં સીઈઓને પરત લેવા અને વિવાદ ટકાવવા પ્રમુખ ટ્રમ્પે દરમ્યાનગીરી કરી હતી પરંતુ ટાટા ગૃપમાં હજુ ભારત સરકારે કોઈ દરમ્યાનગીરી કરી નથી. નામાંકીત ગૃપોના વિવાદમાં કેન્દ્ર સરકાર ચંચુપાત કરે તે જરૂરી છે. ભારતના કોર્પોરેટ જગતમાં ચાલતી ઘટનાઓ પર વિશ્વની કંપનીઓની નજર હોય છે.

જે સીઈઓ માટે ટાટા સન્સમાં વિવાદ ચાલે છે તેની સામે હનીટ્રેપનો કે કંપનીની માહિતી અન્યત્ર મોકલવા જેવા કોઈ ગંભીર આક્ષેપો નથી. વિવાદ માત્ર નોએલ ટાટાનો અહમ સંતોષવાનો છે. હવે જ્યારે વિવાદ કોર્ટમાં ચર્ચાશે ત્યારે અનેક નવા વિવાદના ફણગા પણ ફૂટશે તે નક્કી છે.

**એનવિડિયામાં સીઈઓને પરત લેવા પ્રમુખ ટ્રમ્પે દરમ્યાનગીરી કરી હતી પરંતુ ટાટા ગૃપમાં સુલેહ માટે ભારત સરકારે કોઈ પહેલ કરી નથી**

# સ્વર્ગમાં નિર્માયેલા લગ્ન માટે ધરતી પર ધક્કા મુક્કી

**મેરા ભારત મહાન**

અક્ષય અંતાણી

વેડિંગ એટલે બે પાત્રો વચ્ચેના સંબંધોનું વેલિંગ. ઘણાં પીડિત પતિદેવો કહેતા હોય છે કે પરણે એ સમસ્યાને શરણે, તો બીજી બાજુ લાયક કન્યાની શોધમાં ભટકતા અને વાંઢાજનક સ્થિતિમાં રહેતા પુરૂષો પરણવા માટે માથું નમાવે પ્રભુને શરણે. લગ્નને એટલે જ લાકડાના લાડુ કહે છે ને? ખાય એ પણ પસ્તાય અને ન ખાય એ પણ પસ્તાય. એટલે જ પરણ્યા વિના રહી ગયેલા અને કેટલાય દિવસોથી... કેદાડાનું પૈણું પૈણું કરતા પુરૂષોનો પાટો બાજી જાય અને લાયક પાત્ર મળી જાય એ માટે કેરળ (કેરલમ)ના કોઝિકોડ જિલ્લામાં આવેલા હરહર મહાદેવ મંદિરમાં પ્રશાસન તરફથી તાજેતરમાં જ મોટા પાયે લગ્ન શિબિરનું આયોજન થયું હતું. શિબિરના આયોજકોને એવી ધારણા હતી કે એક



દિવસની શિબિરમાં હજાર પંદરસો લોકો આવશે. પણ શિબિર શરૂ થઈ ત્યારે પરણવા ઈચ્છુક પાત્રોનું જાણે પૂર આવ્યું. ધક્કામુક્કી થવા માંડી. બધાને લાઈનમાં ઊભા રાખવામાં આવતા આ લર્ઠિન મંદિર પરિસરની બહાર ઠેઠ હાઈવે સુધી પહોંચી. ગણતરી કરવામાં આવતાં આંકડો સાત હજાર ઉપર પહોંચ્યો હતો જેમાં ૮૦ ટકાથી વધુ પુરૂષો હતા. આમાં ૪૦-૫૦થી મોટી ઉંમરના પરણવાઈચ્છુક પુરૂષો પણ હતા. આ પ્રચંડ ઘસારાને ખાળવા માટે લાઉડ સ્પીકરમાં જાહેરાત કરવામાં આવી હતી કે હવે ચાર રવિવાર સુધી આ શિબિર યોજાશે. એક જમાનામાં લેન્ડલાઈન ટેલિફોનમાં નંબર લગાડીએ અને સામેનો નંબર એન્ગેજ હોય ત્યારે રેકોર્ડેડ મેસેજ આવતોઃ ઠહરિયે આપ કતાર મેં હૈ... જયારે કેરળમાં પરણવાઈચ્છુક પાત્રોને જરા શાંત કરવા મેસેજ આપવો પડ્યો હતોઃ ઠહરિયે આપ કતાર મેં હૈ. એવું કહેવાય છે ને કે લગ્નો તો સ્વર્ગમાં જ નિર્માયા હોય છે, પણ લગ્ન માટે ધક્કામુક્કી ધરતી ઉપર કરવી પડે છે.

### બુઢ્ઢાકાકાએ કર્યો બહેરાશનો ડોળ

સૂનોજી સૂનોં હમારી ભી સૂનો...

લગ્નજીવન ટકાવવું હોય તો ઘણી-ઘણીયાણીએ એકબીજાની વાત સાંભળવી જોઈએ. પરંતુ મોટાભાગના કિસ્સામાં એવું થતું હોય છે કે નવાસવા લગ્ન થાય ત્યારે પતિ બોલે અને પત્ની સાંભળે છે. બે-પાંચ વર્ષ વિતે પછી પત્ની બોલે અને પતિ સાંભળે છે અને છેવટે સુખી સંસારનો ગેરન્ટી પિરિયડ પુરો થયા પછી પતિ-પત્ની બન્ને મોટે મોટેથી બોલે અને પાડોશીઓ સાંભળે છે. હમણાં જ સોશ્યલ મિડિયામાં વાઈરલ થયેલા આધારવિહોણા રમૂજી સમાચાર મુજબ એક ૮૦ વર્ષના ડોશીમા તેના ૮૪ વર્ષના ધરડા ધણીને છૂટાછેડા આપવા તૈયાર થયા છે. કારણ શું ખબર છે? ડ

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, જી-અમદાવાદ, તાલુકા-સાણંદ, મોજે મણીપુર ની સીમના સીટી સર્વે નંબર-NA214/1 (બ્લોક નંબર-૨૧૪/૧, પ્રમોલગેશન પહેલાના બ્લોક નંબર-૯૮) ની ૨૯૩૫ સમચો.મી. ના ક્ષેત્રફળવાળી બહુહેતુક ઉપયોગની પરવાનગી વાળી બીનખેતીની જમીન (૧) બીજલભાઈ ચીમનભાઈ ચોવટીયા, (૨) રવિ વિનોદભાઈ ગણાત્રા, (૩) તુષાર જયંતભાઈ મહેતા, (૪) પાર્થ ભાવેશભાઈ તળાવીયા, (૫) આદિત્ય ભાવેશભાઈ તળાવીયા, (૬) પ્રેમલત્તા વિનયકુમાર કોચર, (૭) મોનીક અરવિંદભાઈ પંચાલ ની સંયુક્ત માલીકી, કબજા ભોગવટાની, બોજા તંકરાર રહીતની હોવાનું જણાવી સદર જમીન અંગેના તેઓના નામના રાઈટ ટાઈટલ અંગેના અભિપ્રાયના પ્રમાણપત્રની માંગણી અમારી પાસે કરેલી છે. જો સદર જમીન ઉપર તેઓ સીવાય અન્ય કોઈપણ વ્યક્તિ, સંસ્થા, બેંક, પેઢીનો કે ઈત્યાદી અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, દાવો, અધિકાર, વાંધો, તકરાર, ધિરાણ, તારણ, લોન, ઈઝમેન્ટ વિગેરે હોય તો તેની લેખીત જાણ દિન-૭ માં પ્રમાણીત પુરાવા સાથે રજીસ્ટર્ડ એ.ડી. પોસ્ટથી નીચેના સરનામે કરવી. અન્યથા મુદ્દત વીત્યેથી અમો ટાઈટલ અંગેના અભિપ્રાયનુ પ્રમાણપત્ર આપીશુ. ત્યારબાદ કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર ચાલશે નહીં જેની નોંધ લેશો.

તારીખ: ૨૬/૧૧/૨૦૨૬

સ્થળ : અમદાવાદ

**નિરવ આર. કાયસ્થ એન્ડ કુ.**
**એડવોકેટસ**
**નિરવ આર. કાયસ્થ**
**પાર્થ કે. ભગત,**
**રાહિન એમ. પટેલ,**
**રાજ એન. મીરાણી**

૨૦૫-૨૦૬, સંસ્કાર કોમ્પલેક્ષ-૧, પોલીટેકનીક રોડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.

મોબાઈલ નંબર-૯૮૨૫૦ ૫૦૪૦૮

## જાહેર નોટિસ

ડીસ્ટ્રીકટ મહેસાણા સબ ડીસ્ટ્રીકટ તથા તાલુકા કડીનાં મોજે ગામ કણઝરીની સીમનાં ખાતા નં.૧૫૭૯ ની રી-સર્વે પ્રમાણેનાં નવા સર્વે/બ્લોક નં.૧૧૨૦ (રી-સર્વે અગાઉનાં જુના સર્વે/બ્લોક નં.૬૯૨/૨ પૈકી ૧) વાળી કુલે હે.આરે.ચો.મી.: ૧-૦૨-૧૪, આકાર રૂા.૩-૮૦ પૈસાવાળી જમીન પૈકીની હે.આરે.ચો.મી. : ૦-૫૧-૦૭ વરાડે આકાર વાળી ખેતરની ખેતીની જમીન, નિશીતકુમાર ભરતભાઈ પટેલએ તેઓની કુલ સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની તેમજ તમામ પ્રકારનાં બોજાઓથી મુક્ત નાકરજી હોવાનું જણાવી અમારી પાસે ટાઈટલ કલીયરન્સ સર્ટીફિકેટની માંગણી કરેલ છે. સબબ ઉપરોકત જમીન પરત્વે હરકોઈ શખ્સનો હરકોઈ પ્રકારનો બોજો યા હકક- દાવો આવેલ હોય તો લેખિત પુરાવાની સર્ટીફાઈડ નકલ સહિત દિન-૭ માં નીચેના સરનામે સ્પીડ પોસ્ટ દ્વારા જાણ કરવી, જો તેમ કરવામાં કસુર યા વિલંબ થશે તો ઉપરોકત જમીન પરત્વે હરકોઈ શખ્સનાં કોઈ હકકો આવેલ નથી અગર આવેલ હોય તો જમીનનાં માલિકની તરફેણમાં જતાં કરેલ છે તેમ સમજી ઉપરોકત જમીનનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફિકેટ કાઢી આપવામાં આવશે ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં જેની જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

તા.૨૭/૧૧/૨૦૨૬ અમદાવાદ

**મોદી લૉ એસોસીએટ્સ**
**મૌલીક દિલીપભાઈ મોદી**
**એડવોકેટ**

અમદાવાદ ઓફીસ : ૬૦૯-૬૧૪, છઠ્ઠો માળ, 'બી' બ્લોક, શીલ્પ કોર્પોરેટ પાર્ક, એરોન સ્પેકટ્રાની બાજુમાં, રાજપથ રંગોલી રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૯.

ટે.નં. : ૪૦૦૭૨૮૨૮ / ૪૦૦૭૧૯૨૮

ગાંધીનગર ઓફીસ : વેસ્ટ-૫૧૨, પાંચમા માળે, સિધ્ધરાજ ઝેડસ્કવેર, ધી લેન્ડમાર્કની સામે, કુડાસણ, તા.જી. ગાંધીનગર, ગુજરાત - ૩૮૨૪૨૧

ટે.નં. : ૯૫૧૦૦ ૬૭૪૫૩

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને ખબર આપવામાં આવે છે કે, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ-૩ (મેમનગર) તાલુકા સાબરમતીના મોજે ચંગીસપુરની સીમના ટાઉનપ્લાનીંગ સ્કીમ નંબર ૩ ના ફાઈનલ પ્લોટ નંબર ૪૨૦/૨ ની ૧૧૫૪ ચોરસમીટર (જુના સરવે નંબર ૧૦૮ પૈકી) જેનો સમાવેશ સીટી સરવે ઓફિસ અમદાવાદ-૩ ના વોર્ડ ટી.પી. ૩/૩-૪ શેખપુર-ખાનપુર-ચંગીસપુરમાં થતા સીટી સરવે નંબર ૩૭૦૮ ની ૧૧૫૪ ચોરસમીટર ફાળવેલ છે તેવી જમીન ઉપર આવેલ ૪૮૩.૬૯ ચોરસમીટરની (અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ટેક્ષ બિલ મુજબ) રહેણાંકના બંગલાના બાંધકામ સહીતની મીલ્કત કમલ પાન્તીલાલ નાણાંવટી, મૌલીક કનક નાણાંવટી અને તમન્ના કનક નાણાંવટી ધરાવે છે. તેઓએ સદરહુ મીલ્કત તેઓની કુલ સ્વતંત્ર સહમાલીકી પ્રત્યક્ષ સહકબજા ભોગવટાની તેમજ સર્વે પ્રકારના બોજાઓથી મુક્ત હોવાનું જણાવી વેચાણના હેતુથી ટાઈટલ ચકાસણીની કામગીરી અમોને સોંપેલી છે. સર્વે શખ્સો, વ્યક્તિ, પેઢી, બેંક, નાણાંકીય સંસ્થા કે અન્ય કોઈપણ કે જેઓ વેચાણ, વારસો, ભેટ, લાયસન્સ, કબજો, ગીરો, લીયન, ચાર્જ, ટ્રસ્ટ, ભરણપોષણ, ઈઝમેન્ટ, અદલાબદલો, ડેવલપર, બીલ્ડર, ઓર્ગેનાઈઝર, કોંન્ટ્રાક્ટર, પ્રોજેક્ટ કન્સલ્ટન્ટ, કે ફાઈનાન્સર તરીકે, કે બાનાખતના કરાર, ભાડાચીઠ્ઠી ભાડા કરાર, પાવર ઓફ એટર્ની, કબજા કરાર, સમજુતી કરાર, હુકમનામું કે કોર્ટ કાર્યવાહી હેઠળ, અન્ય કોઈ લખાણ હેઠળ કે કુટુંબના સભ્ય/સહવારસ, સગીર કે અગાઉ ગુજરનારના વારસદાર તરીકે કે મજકુર મીલ્કતના જુના દસ્તાવેજો-ટાઈટલ ડીડ્સ બાબતે કે રેવન્યુ રેકર્ડમાં થયેલ વખતોવખતના ફેરફારો બાબતે કે બીજી કોઈપણ રીતે સદરહુ મીલ્કત પર સીધો કે આડકતરો હક્ક, દાવો, કે અલાખો ધરાવતા હોય તેમણે તેની લેખિત જાણ પુરાવા સાથે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ સાતની અંદર નીચેના સરનામે કરવી. નહિતર આવા હક્ક, દાવા કે અલાખા પર કોઈપણ જાતનું લક્ષ આપ્યા સિવાય અને જતા (waive) કરેલા છે તેવું ગણી સદરહુ મીલ્કતનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફિકેટ આપવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તકરાર ચાલશે નહીં.

**મેસર્સ એચ. દેસાઈ એન્ડ કંપની**
**એડવોકેટસ એન્ડ સોલીસીટર્સ,**

૨૦૨, સેકન્ડ ફ્લોર, ટાઈટેનીયમ વન, રાજપથ ક્લબની પાસે, એસ.જી.હાઈવે, અમદાવાદ-૩૮૦૦૫૯

ફાઈલ નંબર-૧૮૭/૨૦૨૬/HHD/KHD

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદના સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ-૩(મેમનગર), તાલુકા વેજલપુરના ગામ મોજે વસ્ત્રાપુરની સીમના ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર-૧ના ફાઈનલ પ્લોટ નંબર-૪૨/૨/એ(સર્વે નંબર-૧૧૮)ની ૪૮૩૪ ચોરસમીટરની જમીન ઉપર આવેલ ''અભિશ્રી એટ્રોઈટ'' નામથી ઓળખાતી સ્કીમમાં પહેલા માળે આવેલ નીચે દર્શાવેલ મિલકતો તેના માલિકોની પોત-પોતાની સંપૂર્ણ, સંયુક્ત માલિકી તથા કબજા ભોગવટાની હોવાનું જણાવી સદરહુ મિલકતો અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને અમારા અસીલે સદરહુ મિલકતોના નીચે જણાવ્યા અનુસારના માલિકોના ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલ છે. (૧) મેઘના ઉદિત દિવેટીયાની માલિકીની યુનિટ નંબર-૧૦૧ની ૨૨૧૭ ચોરસફુટ યાને કે ૨૦૫.૯૬ ચોરસમીટર સુપર બિલ્ટઅપ એરીયા(૧૮૨૨.૧૧ ચોરસફુટ યાને કે ૧૬૯.૨૮ ચોરસમીટર બિલ્ટઅપ એરીયા અને ૧૫૧૮.૪૩ ચોરસફુટ યાને કે ૧૪૧.૦૬ ચોરસમીટર કારપેટ એરીયા)ના બાંધકામવાળી મિલકત. (૨) (એ) મેઘના ઉદિત દિવેટીયા તથા (બી) ઉદિત અરુણ દિવેટીયાની માલિકીની યુનિટ નંબર- ૧૦૨ની ૧૯૪૫ ચોરસફુટ યાને કે ૧૮૦.૬૯ ચોરસમીટર સુપર બિલ્ટઅપ એરીયા(૧૬૪૬.૫૦ ચોરસફુટ યાને કે ૧૫૨.૯૬૪ ચોરસમીટર બિલ્ટઅપ એરીયા અને ૧૩૭૨ ચોરસફુટ યાને કે ૧૨૭.૪૭ ચોરસમીટર કારપેટ એરીયા)ના બાંધકામવાળી મિલકત. (૩) (એ) શ્રેયસ વિષ્ણુપ્રસાદ પંડ્યા એચ.યુ.એફ.ના કર્તા અને મેનેજર તરીકે મેઘના ઉદિત દિવેટીયા તથા (બી) ઉદિત અરુણ દિવેટીયાની માલિકીની યુનિટ નંબર-૧૦૩ની ૧૯૪૮ ચોરસફુટ યાને કે ૧૮૦.૬૭ ચોરસમીટર સુપર બિલ્ટઅપ એરીયા(૧૬૪૬.૫૦ ચોરસફુટ યાને કે ૧૫૨.૯૬૪ ચોરસમીટર બિલ્ટઅપ એરીયા અને ૧૩૭૨ ચોરસફુટ યાને કે ૧૨૭.૪૭ ચોરસમીટર કારપેટ એરીયા)ના બાંધકામવાળી મિલકત. તો ઉપરોકત જણાવ્યા અનુસારની સદરહુ મિલકતો ઉપર કોઈપણ શખ્સ, બેંક કે મંડળીનો બોજો, ચાર્જ, લીયન હોય કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન- ૭(સાત)માં તે બદલના પુરાવા સહિત(પુરાવા વિનાના વાંધા ધ્યાને લેવામાં આવશે નહિ) લેખિત જાણ રજી. પોસ્ટ એ.ડી. પત્ર દ્વારા નીચેના સરનામે કરવી અને જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ મિલકતો ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, વાંધો, તકરાર, દાવાદુવી કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો નથી અને હોય, તો તે જતા (વેવ) કરેલ છે, તેમ સમજી અમો સદરહુ મિલકતના ટાઈટલ અંગેના પ્રમાણપત્ર આપીશું તથા અમારા અસીલ વેચાણની કાર્યવાહી પૂર્ણ કરશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં. તેની નોંધ લેશો.

તારીખ ૨૬-૧૧-૨૦૨૬.

**નરેન્દ્ર એસ. ઠાકોર, એડવોકેટ**
**મેસર્સ ઠાકોર એન્ડ કંપની, એડવોકેટ્સ,**

ઓફિસ-બી/૪૦૭, ગોપાલ પેલેસ, શિરોમણી રેસીડેન્સી પાસે, વિનસ સ્ટ્રેટમ સામે, નહેરુનગર, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.

મો.૯૯૨૫૨૩૪૯૬

### યેમનના હાઉથી જૂથે સાઉદીની રિફાઈનરી પર હુમલો કરતાં

# ક્રૂડતેલ ઉછળી ૯૬ ડોલર પારઃ ચાંદી રૂ.૪૦૦૦ વધી : સોનામાં પણ તેજી

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ,ગુરૂવાર

મુંબઈ ઝવેરી બજારમાં આજે સોના-ચાંદી તથા પ્લેટીનમના ભાવ આંચકા પચાવી ફરી ઉછળ્યા હતા. વિશ્વ બજારના સમાચાર નવેસરથી તેજી બતાવી રહ્યા હતા. વિશ્વ બજાર ઉછળતાં ઘરઆંગણે કિંમતી ધાતુઓની ઈમ્પોર્ટ કોસ્ટમાં વૃદ્ધી થતાં દેશના ઝવેરી બજારોમાં આજે ભાવ ફરી ઉછળતાં જોવા મળ્યા હતા. વિશ્વ બજારમાં આજે સોનાના ભાવ ઔંસના ૩૫૨૦થી ૩૫૨૧ ડોલર વાળા વધી ઉંચામાં ભાવ ૩૬૦૭ થઈ ૩૫૬૬થી ૩૫૬૭ ડોલર રહ્યા હતા.

## પ્લેટીનમ વધી રૂ.૪૭ હજાર નજીક પહોંચ્યું: વિશ્વ બજારમાં સોનાના ભાવ વધી ઉંચામાં ૩૬૦૦ ડોલર કુદાવી ગયા

વિશ્વ બજાર પાછળ ઘરઆંગણે પણ ભાવ ઉછળ્યા હતા. અમદાવાદ ઝવેરી બજારમાં આજે સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૦૦ વધ્યા હતા અમદાવાદ ચાંદીના ભાવ કિલોદીઠ ઝડપી રૂ.૪૦૦૦ ઉછળ્યા હતા. અમદાવાદ બજારમાં આજે ચાંદીના ભાવ વધી રૂ.૧ લાખ ૫૦ હજારને આંબી ગયા હતા. અમદાવાદ સોનાના ભાવ ૧૦ ગ્રામના વધી ૯૯૫ના રૂ.૧૨૬૭૦૦ તથા ૯૯૯ના રૂ.૧૨૭૦૦૦ બોલાતા થયા હતા. વિશ્વ બજારમાં સોના પાછળ ચાંદીના ભાવ ઔંસદીઠ ૩૯.૯૪ વાળા વધી ઉંચામાં ભાવ ૪૨.૨૮ થઈ ૪૧.૬૨થી ૪૧.૬૩ ડોલર રહ્યા હતા. વિશ્વ બજારમાં સોનામાં ફંડોની લેવાલી વધ્યાના સમાચાર હતા. વૈશ્વિક ડોલર ઈન્ડેક્સ ઉંચેથી ઘટતાં વૈશ્વિક સોનામાં નીચા મથાળે ફંડો ફરી બજારમાં દાખલ થયા હતા.

દરમિયાન, મુંબઈ બુલિયન બજારમાં આજે સોનાના ભાવ જીએસટી વગર રૂ.૧૬૦૦ વધી ૯૯૫ના ભાવ રૂ.૧૨૨૧૫૦ તથા ૯૯૯ના ભાવ રૂ.૧૨૨૬૪૧ રહ્યા હતા મુંબઈ ચાંદીના ભાવકિલોના જીએસટી વગર રૂ.૪૦૦ ઉછળી રૂ.૧૪૭૩૪૭ રહ્યા હતા.

દરમિયાન, મુંબઈ બુલિયન બજારમાં આજે પ્લેટીનમના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૦૦ વધી રૂ.૪૬૮૦૦ બોલાતા થયા હતા. વિશ્વ બજારમાં પ્લેટીનમના ભાવ ૧૩૦૪ ડોલર રહ્યા હતા. પેલેડીયમના વૈશ્વિક ભાવ ૮૮૧ ડોલર રહ્યા હતા. વૈશ્વિકકોપરના ભાવ આજે૦.૯૭ટકા પ્લસમાં રહ્યા હતા. વિશ્વ બજારમાં આજે ક્રૂડતેલના ભાવ પણ ફરી ઉંચકાયા હતા. બ્રેન્ટ ક્રૂડના ભાવ બેરલના ૯૧.૮૦ વાળા વધી ઉંચામાં ભાવ ૯૬.૨૦ થઈ ૯૫.૧૮ ડોલર રહ્યા હતા. યુએસ ક્રૂડના ભાવ વધી ઉંચામાં ૮૫.૨૩ થઈ ૮૪.૬૫ ડોલર રહ્યા હતા. ક્રૂડ વધતાં તેની ઈમ્પેક્ટ પણ વૈશ્વિક સોનાના ભાવ પર દેખાઈ હતી. વિશ્વ બજારના સમાચાર મુજબ યમનના હાઉથી જૂથે સાઉદી અરેબિયાની રિફાઈનરી પર હુમલો કર્યાના સમાચાર હતા.

## વર્તમાન વર્ષના પ્રથમ છ મહિનામાં દેશનું ૬૦ ટન સોનું પરત લવાયું

મુંબઈ, તા. ૨૬

સપ્ટેમ્બરના અંતે સમાપ્ત થયેલા છ મહિનામાં રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)એ પોતાનું ૬૦.૦૮ ટન સોનુ ભારત પાછુ લાવી હતી. પોતાની પાસેના રિઝર્વ ગોલ્ડમાંથી ૮૪ ટકા ગોલ્ડ રિઝર્વ બેન્કે હવે ઘરઆંગણે રાખ્યુ છે જે માર્ચના અંતે ૭૭.૨૫ ટકા હતું.

ફોરેકસ રિઝર્વના સંચાલન પર અર્ધવાર્ષિક રિપોર્ટમાં રિઝર્વ બેન્કે જણાવ્યુ છે કે, પોતાની પાસેના કુલ ૮૮૦.૫૨ ટન સોનાના રિઝર્વમાંથી સપ્ટેમ્બરના અંતે ૭૪૦.૧૩ ટન સોનુ ઘરઆંગણેના સ્થળોએ રખાયુ છે.

બેન્ક ઓફ ઈન્ગ્લેન્ડ તથા બેન્ક ઓફ સેટલમેન્ટ પાસે હવે ભારતનું ૧૪૦.૩૯ ટન સોનુ પડયું છે. સપ્ટેમ્બર અંતે રિઝર્વ બેન્ક પાસેના ગોલ્ડ રિઝર્વનું મૂલ્ય ૧૦૬.૦૮ અબજ ડોલર રહ્યુ હતું. સોનાના ભાવમાં વોલેટિલિટીને પરિણામે માર્ચની સરખામણીએ સપ્ટેમ્બરના મૂલ્યમાં ઘટાડો જોવા મળ્યો હતો.

### છ યુરિયા પ્રોજેક્ટ્સને મંજૂરી અપાઈ

અમદાવાદ, તા. ૨૬

સરકારે નવી રોકાણ નીતિ હેઠળ રૂ. ૫૪,૦૦૦ કરોડના અંદાજિત રોકાણ સાથે છ નવા બ્રાઉનફિલ્ડ યુરિયા પ્રોજેક્ટ્સને મંજૂરી આપી છે. આ પ્રોજેક્ટ્સ મુખ્યત્વે ઉત્પાદન કાર્યક્ષમતા સુધારવા અને ક્ષમતા વધારવા માટે હાલના પ્લાન્ટ્સનું વિસ્તરણ કરીને જૂના એકમોને બદલવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.

# નવેમ્બરમાં ખાદ્ય ચીજવસ્તુઓના ભાવ પર વ્યાપક દબાણ યથાવત

અમદાવાદ, તા. ૨૬

નવેમ્બરમાં પણ ખાદ્ય ચીજવસ્તુઓના ભાવ પર વ્યાપક દબાણ યથાવત રહ્યું છે, જેમાં મુખ્ય અનાજ, કઠોળ, ખાદ્યતેલ અને અમુક શાકભાજીના ભાવમાં વધારો જોવા મળ્યો છે તેમ તાજેતરમાં રજૂ થયેલા રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના માસિક બુલેટિનમાં જણાવ્યું હતું.

## ઊંચા ભાવને કારણે થોડા મહિનાઓ સુધી ફુગાવો ૬%ની આસપાસ રહેશેઃ રિઝર્વ બેંક

પડકારજનક વૈશ્વિક વાતાવરણ સામે ભારતના સ્થાનિક વિકાસના પરિબળો અને એકંદર મેક્રોઈકોનોમિક ફંડામેન્ટલ્સ (આર્થિક પાયા) મજબૂત રક્ષણાત્મક કવચ બની રહ્યા છે. ૧૯ નવેમ્બર સુધીના હાઈ-ફ્રિક્વન્સી રેટાને ટાંકીને બુલેટિનમાં જણાવ્યું હતું કે તમામ મુખ્ય અનાજ અને કઠોળના ભાવમાં વધારો થયો છે. સરસવના તેલની આગેવાની હેઠળ ખાદ્યતેલના ભાવમાં વ્યાપક વધારો નોંધાયો છે.

મુખ્ય શાકભાજીના ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું. ડુંગળીના ભાવમાં પ્રમાણમાં સાધારણ વધારો થયો હતો જ્યારે ટામેટાના ભાવમાં તીવ્ર ઘટાડો અને બટાટાના ભાવમાં વધારો થયો હતો.

ઓક્ટોબરમાં ખાદ્ય ફુગાવો વધીને ૮.૬% થયો હતો, જે લગભગ બે વર્ષનું સૌથી ઊંચું સ્તર છે. ખાદ્ય ચીજવસ્તુઓના ભાવમાં થયેલા વધારાને કારણે ઓક્ટોબરમાં હેડલાઈન કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ ફુગાવો આરબીઆઈના ૨-૬% ના સહનશીલતા બેન્ડ (મર્યાદા)ને વટાવીને ૬.૧% પર પહોંચી ગયો છે. કોર ફુગાવો, જેમાં ખાદ્ય અને ઈંધણનો સમાવેશ થતો નથી, તે પણ પાછલા મહિનાના ૪.૩% થી વધીને ઓક્ટોબરમાં ૪.૫% થયો છે.

પાછલા મહિનાની સરખામણીમાં ઓક્ટોબરમાં ૪%થી વધુ અને ૬%થી વધુ ફુગાવો નોંધાવતી વસ્તુઓના હિસ્સામાં વધારો થયો છે, જે ફુગાવાના દબાણના વધુ વ્યાપક ફેલાવાને સૂચવે છે. ખાદ્ય ચીજવસ્તુઓના ઊંચા ભાવને કારણે આગામી થોડા મહિનાઓ સુધી ફુગાવો ૬%ની આસપાસ રહેવાની ધારણા છે

### કેશ એન્ડ ફ્યુચર
### ઓપ્શન સ્ટ્રેટેજીસ

**નિફ્ટી ડિસેમ્બર ફ્યુચર : ૨૬૦૨૯**

શુક્રવારના રોજ નિફ્ટીની રેન્જ ૨૫૮૫૦થી ૨૬૧૫૦ વચ્ચે જોવાય.

**બેંક નિફ્ટી ડિસેમ્બર ફ્યુચર : ૬૩૮૫૮**

શુક્રવારના રોજ બેંક નિફ્ટીની રેન્જ ૬૩૫૦૦થી ૬૪૩૦૦ વચ્ચે જોવાય.

**ફ્યુચર માર્કેટ**

- ડાબર ઈન્ડિયા : (૧૮૩૮૦)નો ડિસેમ્બર માસનો ફ્યુચર ૧૮૩૮૦ ઉપર ૧૭૯૦૦નો સ્ટોપલોસ રાખી ખરીદો. આગામી દિવસોમાં ટાર્ગેટ -૧ ૧૮૬૫૦, ટાર્ગેટ -૨ ૧૮૮૫૦ સુધી સુધારાની શક્યતા છે.

- કેઈન્સ ટેકનોલોજી : (૧૩૩૯)નો ડિસેમ્બર માસનો ફ્યુચર ૧૩૩૯ નીચે ૧૩૭૫ સ્ટોપલોસ રાખી વેચો. આગામી દિવસોમાં ટાર્ગેટ -૧ ૧૩૧૦, ટાર્ગેટ -૨ ૧૩૦૫ સુધી ઘટાડાની શક્યતા છે.

**કેશ માર્કેટ**

- એથર ઈન્ડસ્ટ્રીઝ : (૩૩૮૦) ૩૩૮૦ ઉપર ૩૨૫૦ સ્ટોપલોસ રાખી ખરીદો. આગામી દિવસોમાં ટાર્ગેટ -૧ ૩૪૬૦, ટાર્ગેટ -૨ ૩૫૦૦ સુધી સુધારાની શક્યતા છે.

- એથર એનર્જી : (૭૪૪૭) ૭૪૪૭ નીચે ૭૭૫૦ સ્ટોપલોસ રાખી વેચો. આગામી દિવસોમાં ટાર્ગેટ -૧ ૭૩૦૦, ટાર્ગેટ -૨ ૭૨૨૫ સુધી ઘટાડાની શક્યતા છે.

**- નિલેશ કોટક**

# પામતેલમાં ઘરઆંગણે ભાવ ઘટયા જ્યારે મલેશિયામાં તેજી જોવા મળી

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ,ગુરૂવાર

મુંબઈ તેલ-બિયાં બજારમાં આજે આયાતી પામતેલના ભાવમાં ફરી ઘટાડો જોવા મળ્યો હતો. કોપરેલના ભાવ પણ નરમ હતા. જોકે અન્ય ખાદ્યતેલો શાંત હતા. નવા વેપાર ધીમા હતા. દિવેલ તથા હાજર એરંડાના ભાવ માં ઘટાડો આગળ વધ્યો હતો. વિશ્વ બજારમાં મલેશિયા ખાતે પામતેલ વાયદાના ભાવ આજે ૬૧થી ૬૪ પોઈન્ટ ઉછળ્યા હતા.

## ક્રૂડબજાર ઉંચકાતાં વૈશ્વિક ખાદ્યતેલોના ભાવ ઉંચકાયાના નિર્દેશોઃ દિવેલ તેમજ હાજર એરંડામાં થયેલી પીછેહઠ

મુંબઈ ખોળ બજારમાં આજે ટનના ભાવ એરંડા ખોળના રૂ.૨૦૦ ઘટયા હતા જ્યારે સોયાખોળના ભાવ ટનના રૂ.૪૦૦૦ તૂટ્યા હતા. જો કે અન્ય ખોળો શાંત હતા. દરમિયાન, મુંબઈ દિવેલના હાજર ભાવ ૧૦ કિલોદીઠ વધુ રૂ.૩ ઘટતાં હાજર એરંડાના ભાવ ક્વિ.ના વધુ રૂ.૧૫ નીચા બોલાતા થયા હતા. દરમિયાન, મુંબઈ બજારમાં આજે ૧૦ કિલોના ભાવ સિંગતેલના રૂ.૧૮૬૦ રહ્યા હતા. જ્યારે કપાસિયા તેલના ભાવ રૂ.૧૪૨૦ તથા સનફલાવરના ભાવ રૂ.૧૫૦૦ તથા રિફાઈન્ડના રૂ.૧૬૧૫ રહ્યા હતા. મસ્ટર્ડ-સરસવના ભાવ રૂ.૨૦૦૦ તથા રિફાઈન્ડના ભાવ રૂ.૨૦૩૦ રહ્યા હતા. ગાંધીધામ ખાતે સુપર પામોલીનના ભાવ રૂ.૧૨૭૫ રહ્યા હતા.

દરમિયાન, વિશ્વ બજારમાં ક્રૂડતેલ બજારમાં બ્રેન્ટ ક્રૂડના ભાવ વધી ઉંચામાં બેરલના ૯૬ ડોલર ઉપર ગયાના સમાચાર હતા તથા ક્રૂડતેલ બજાર પાછળ વિશ્વ બજારમાં ખાદ્યતેલોના ભાવ ઉંચકાયાના સમાચાર મળ્યા હતા.

### સોના-ચાંદી બજાર

**અમદાવાદ**

ચાંદી ચોરસા ૧૪૭૦૦૦-૧૫૦૦૦૦
ચાંદી રૂપુ ૧૪૬૮૦૦-૧૪૯૮૦૦
ચાંદી સિક્કા જુના ૨૫૦૦-૨૮૦૦
સોનું (૯૯.૯) ૧૨૬૦૦૦-૧૨૭૦૦૦
સોનું (૯૯.૫) ૧૨૫૭૦૦-૧૨૬૯૦૦
હોલમાર્ક ૧૨૪૪૬૦

**મુંબઈ**

ચાંદી ૧૪૭૩૪૭
સોનું (૯૯.૫) ૧૨૨૧૫૦
સોનું (૯૯.૯) ૧૨૨૬૪૧

**રાજકોટ**

ચાંદી ૧૫૦૬૦૦
૨૪ કેરેટ ૧૦ ગ્રામ ૧૩૦૦૦૦
સીક્કા (૧ ગ્રામ) ૧૩૦૦૦
૨૨ કેરેટ ૧૦ ગ્રામ ૧૧૫૫૦૦

### છેલ્લા ભાવ

મુંબઈ ચાંદી ૧૪૭૩૪૭
મુંબઈ સોનું (૯૯.૫) ૧૨૨૧૫૦
મુંબઈ સોનું (૯૯.૯) ૧૨૨૬૪૧
અમ. ચાંદી ૧૫૦૦૦૦
અમ. સોનું (૯૯.૯) ૧૨૭૦૦૦
અમ. સોનું (૯૯.૫) ૧૨૬૭૦૦
અમ. સિંગતેલ નવો ડબો ૩૨૩૦
અમ. કપાસિયા નવો ૨૬૨૦

### રાજકોટ છેલ્લા ભાવ

રાજકોટ સીંગતેલ લુઝ ૧૭૫૦-૧૭૭૫
રાજકોટ મગફળી ૧૮૫૦-૧૮૬૦
સોનુ ૨૪ કેરેટ ૧૩૦૦૦૦
૧ કિલો ચાંદી ૧૫૦૬૦૦

### અમદાવાદ ફુલ બજાર

ગુલાબ ૧૫૦-૨૦૦
ટગર ૬૦૦-૮૦૦
ડમરો ૧૫-૨૦
લીલી ૧૦-૧૫
હજારી ગલ ૫૦૦-૮૦૦

### અમદાવાદના બજારો

**તેલતેલીબિયા**

સિંગતેલ નવો ડબો (૧૫ કિલો) ૨૮૫૦-૩૨૩૦
સિંગતેલ નવો ડબ્બો (૧૫ લીટર) ૩૦૩૦
કપાસીયાતેલ નવો ડબો (૧૫ કિલો) ૨૪૫૦-૨૬૨૦
રાઈસ બ્રાન્ડ (૧૫ કિલો) ૨૫૦૦
સોયાબીન નવો ડબો ૨૫૦૦
દિવેલ ૨૭૦૦
પામોલીન જુનો ડબો ૨૧૦૦
પામોલીન નવો ડબો ૨૩૦૦
કોપરેલ ૪૩૦૦
વનસ્પતિ ૨૦૦૦-૨૩૦૦
મોળું સરસીયું ૩૩૦૦
તીખું સરસીયું ૩૫૦૦
સનફ્લાવર ૨૬૫૦
મકાઈ તેલ ૨૩૨૫૦

### ચીમનભાઈ માર્કેટ

**૨૦ કિલો**

બટાકા દેશી ૮૦-૧૪૦
બટાકા ડીસા ૧૦૦-૨૬૦
ઁુગળી મહારાષ્ટ્ર ૭૦૦-૧૨૨૦
ઁુગળી સૌરાષ્ટ્ર ૪૦૦-૮૦૦

### BSE સૌથી વધુ વધ્યા

| કંપની | બંધ ભાવ | વધારો (ટકામાં) |
|---|---|---|
| HCL ટેક | ૧૪૬૫.૦૦ | ૬.૨૮ |
| TCS | ૨૬૪૦.૦૦ | ૪.૬૭ |
| ઈન્ફોસીસ | ૧૧૮૨.૧૦ | ૪.૭૦ |
| ટેક મહિન્દ્રા | ૧૮૫૪.૮૦ | ૩.૩૩ |
| HDFC બેંક | ૮૬૬.૭૫ | ૨.૭૦ |
| ટાટા સ્ટીલ | ૧૬૩.૩૫ | ૨.૬૭ |
| રિલાયન્સ | ૧૩૯૬.૬૦ | ૧.૭૭ |
| NTPC | ૩૨૦.૬૦ | ૧.૧૪ |
| સન ફાર્મા | ૧૯૧૨.૯૫ | ૦.૮૫ |

### NSE સૌથી વધુ વધ્યા

| કંપની | બંધ ભાવ | વધારો (ટકામાં) |
|---|---|---|
| HCL ટેક | ૧૪૬૮.૬૦ | ૬.૪૨ |
| BSE | ૩૬૬૦.૪૦ | ૫.૭૦ |
| TCS | ૨૬૪૦.૩૦ | ૪.૮૬ |
| ઈન્ફોસીસ | ૧૧૮૩.૦૦ | ૪.૬૬ |
| ટેક મહિન્દ્રા | ૧૮૫૪.૭૦ | ૨.૬૭ |
| હિંદાલ્કો | ૬૧૫.૫૦ | ૨.૮૮ |
| ટાટા સ્ટીલ | ૧૬૩.૫૪ | ૨.૬૬ |
| HDFC બેંક | ૮૬૨.૦૦ | ૧૫૮૭ |
| જીયો ફીન | ૨૨૭.૦૦ | ૧.૮૬ |

### BSE સૌથી વધુ ઘટ્યા

| કંપની | બંધ ભાવ | ઘટાડો (ટકામાં) |
|---|---|---|
| એ. પેઈન્ટ | ૨૫૪૫.૦૦ | ૨.૬૧ |
| બજાજ ફાય | ૧૦૬૬.૦૦ | ૨.૭૪ |
| બજાજ ફીન | ૧૮૮૮.૬૫ | ૧.૬૭ |
| ટ્રેન્ટ | ૩૨૬૨.૬૦ | ૧.૫૮ |
| ICICI બેંક | ૧૬૧૫.૫૦ | ૧.૪૬ |
| ઈન્ડિગો | ૫૬૨૬.૮૦ | ૧.૩૬ |
| ભારતી એરટેલ | ૨૦૬૨.૦૦ | ૧.૨૨ |
| મારૂતિ | ૧૪૦૨૦.૦૦ | ૧.૦૭ |
| ઈટરનલ | ૩૬૭.૬૫ | ૦.૮૨ |

### NSE સૌથી વધુ ઘટ્યા

| કંપની | બંધ ભાવ | ઘટાડો (ટકામાં) |
|---|---|---|
| એ. પેઈન્ટ | ૨૫૪૩.૦૦ | ૨.૬૮ |
| બજાજ ફાય | ૧૦૬૭.૮૫ | ૨.૬૬ |
| શ્રીરામ ફીન | ૬૬૧.૮૫ | ૨.૮૪ |
| નેસ્લે | ૧૩૨૦.૩૦ | ૨.૮૧ |
| બજાજ ફીન | ૧૮૮૫.૬૦ | ૨.૦૩ |
| આઈશર મોટર્સ | ૮૧૮૦.૦૦ | ૧.૮૭ |
| ચાચા કન્ઝ્યુમર | ૧૧૬૪.૦૦ | ૧.૮૪ |
| ICICI બેંક | ૧૬૧૧.૦૦ | ૧.૭૭ |
| ટ્રેન્ટ | ૩૨૬૨.૬૦ | ૧.૭૨ |

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ''નિર્મલ કોર્પોરેશન''(NTC G - ૧૦૪૧ તા. ૨૩-૪-૧૯૮૪) ના વતી અને તરફથી તેના ચેરમેન/પ્રમુખશ્રી રણવીરસિંહ નાથુસિંહ ચંપાવત, ઠેકાણું - દીપલેક્ષ એપાર્ટમેન્ટ, નહેરૂપાર્ક, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦૦૧૫નાએ રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદ તથા સબ-ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૩ (મેમનગર) ના વેજલપુર તાલુકાના મોજે ગામ વસ્ત્રાપુરની સીમમાં આવેલ સર્વે નં. ૧૧૯+૧૨૨ +૧૨૩+૧૨૪+૧૨૬+૧૨૮ પૈકી સબ-પ્લોટ નં. ૨-એની જમીનનો સમાવેશ ટી.પી. સ્કીમ નંબર - ૧ (વસ્ત્રાપુર)માં થતા ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નંબર - ૧૭૨ ની કુલ ૩૫૦ ચો.મીટર ક્ષેત્રફળની બિનખેતીની જમીન જેનો સમાવેશ વસ્ત્રાપુર વોર્ડના સીટી સર્વે રેકર્ડમાં થતા આપવામાં આવેલ સીટી સર્વે નં. ૮૫૯ ની કુલ ૩૫૦ ચો.મીટર ક્ષેત્રફળની સબ-પ્લોટ એરીયાવાળી બિનખેતીની જમીન ઉપર સદર કોર્પોરેશન દ્વારા તેમના સભ્યોના વસવાટ માટે બનાવવામાં આવેલ ''દીપલેક્ષ એપાર્ટમેન્ટ'' ના નામથી ઓળખાતી સ્કીમનું આયોજન કરવામાં આવેલ તે સદર બિનખેતીની જમીન સદર કોર્પોરેશન/એસોસીએશનની માલિકી તથા પ્રત્યક્ષ કબજા ભોગવટાની અને તમામ પ્રકારના બોજારહિત આવેલ છે તેમજ સદર બિનખેતીની જમીનના ઉપરદળના બાંધકામવાળી મિલકતના એલોટી હક્કો સદર કોર્પોરેશનના હાલના સભ્યોના કબજા ભોગવટામાં આવેલ હોવાનું જણાવેલ છે. પરંતુ સદર કોર્પોરેશન દ્વારા સદર બિનખેતીની જમીનના ખરીદ અંગેના તમામ માલીકી પુરાવા જેવા કે નોટરી કે રજીસ્ટર્ડ થયેલ દસ્તાવેજો અને સરકારી કે અર્ધ-સરકારી હુકમો તથા પ્લાનો અને પરવાનગી એટલે કે (એ) અગાઉના માલીકો (૧) ડૉ. જુલી સેમસન હાઈમ્સ તથા (૨) સેમસન એન. હાઈમ્સના કુલ મુખત્યારશ્રી મોહનભાઈ રઈજીભાઈ ભરવાડએ તા. ૧૨-૩-૧૯૮૫ના રોજ રજીસ્ટ્રેશન નં. ૩૮૪૧ (જુનો રજીસ્ટ્રેશન નં. ૭૫૮૫ તા. ૨૨-૫-૧૯૮૪ ના રોજ)થી સદર કોર્પોરેશનની તરફેણમાં સદર સર્વે નં. ૧૧૯, ૧૨૨, ૧૨૬, ૧૨૪, ૧૨૮, ૧૩૭ તથા ૧૨૩ પૈકી સબ-પ્લોટ નં. ૨-એની ૬૫૭ સ.ચો.વારની બિનખેતીની જમીનનો વેચાણ દસ્તાવેજ રજીસ્ટર્ડ કરી આપેલ તે અસલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અને તેની અસલ રજીસ્ટર્ડ પહોંચ તેમજ લાગુ પડતા અધિકારી દ્વારા આપવામાં આવેલ અસલ બીનખેતી હુકમ તથા ઓડા દ્વારા પાસ કરવામાં આવેલ અસલ પ્લાનો અને વિકાસ પરવાનગી જેવા તમામ માલીકી પુરાવા સદર કોર્પોરેશનથી શરતચુકથી ખોવાઈ ગયેલ છે યાને કે ગુમ થયેલ છે તે અસલ ગુમ થયેલ દસ્તાવેજો, હુકમ તથા પ્લાનો અને પરવાનગી ઉપર હાલના કે અગાઉના માલીકો દ્વારા સદર બિનખેતીની જમીન ઉપર કોઈપણ પ્રકારનો બોજો, ચાર્જ, લિયન કે ઈત્યાદી કોઈપણ પ્રકારના વ્યવહાર કે અન્ય કોઈપણ ત્રાહીત વ્યક્તિઓને કોઈપણ પ્રકારના લેખો કે લખાણ કરી આપેલ નથી તેમ જણાવી સદર કોર્પોરેશનની માલીકીમાં આવેલ સદર બિનખેતીની જમીન તથા તેની ઉપરદળના બાંધકામવાળી મિલકતના હાલના સભ્યોના એલોટી હક્કો સહિતની મિલકત સદર એસોસીએશનએ હાલના સભ્યોની સંમતિથી અમારા અસીલશ્રી ભાવિનભાઈ ગોવિંદલાલ મહેતાને વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને અમારા અસીલે ઉપરોકત સદર બિનખેતીની જમીન અંગે અમારી પાસે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સબબ સદર કોર્પોરેશન સિવાય સદર બિનખેતીની જમીન કે ખોવાઈ ગયેલ અસલ તમામ માલીકી પુરાવા જેવા કે નોટરી કે રજીસ્ટર્ડ થયેલ દસ્તાવેજો અને સરકારી કે અર્ધ-સરકારી હુકમો તથા પ્લાનો અને પરવાનગી ઉપર બીજા કોઈનાં કોઈપણ જાતનાં લેણાં વિગેરેના બોજા, લાગભાગ, કબજા હક્ક, અલાખો, ઈઝમેન્ટ, હિત, સબંધ, વાંધા, તકરાર, ગીરો, લીયન કે એટેચમેન્ટ, જામીનગીરી, વેચાણ લેવાના હક્કો, બાનાખત, ગણોત હક્ક, ડેવલપમેન્ટ હક્કો, રી-ડેવલપમેન્ટ હક્કો, લીસપેન્ડન્સ, વારસાઈ કે ચૂક વારસાઈથી રહી ગયેલ વારસદારોના હક્કો કે બીજી કોઈપણ રીતે હક્ક બોજા વિગેરે પોષાતા હોય તો તે અંગે આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન -૭ (સાત) માં અમોને તે બદલના યોગ્ય આધાર પુરાવાની પ્રમાણીત નકલ સાથે લેખિત જાણ રજી. એડી (પોસ્ટ)થી નીચેના સરનામે કરવી, જો તેમ કરવામાં નહીં આવે તો સદર જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક કે લેણાં વિગેરેનો બોજો નથી અને હોય તો તેમણે સદર કોર્પોરેશનની તરફેણમાં જતા (વેવ) કરેલ છે તેમ સમજી મુદત વિત્યે સદર જમીનનું અમો ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ/અભિપ્રાય આપી દઈશું અને અમારા અસીલ હાલના જે કાંઈ રેવન્યુ/સીટી સર્વે રેકર્ડમા કે દસ્તાવેજો ઉપલબ્ધ છે તેના આધારે સદર જમીનનો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં તેની આથી સ્પષ્ટ નોંધ લેવી.

તા.૨૭-૧૧-૨૦૨૬

**હિતેશ એચ. પરમાર, (એડવોકેટ)**

ઓફીસ :- ૨૦૨, પહેલો માળ, અંબિકા કોમ્પલેક્ષ, બાવીસી હોસ્પીટલની બાજુમાં, પાલડી બસ સ્ટેન્ડની નજીક, અમદાવાદ- ૩૮૦૦૦૭, મોબાઈલ : ૮૮૬૬૬ ૨૭૪૭૪, ૮૪૬૦૨ ૧૯૩૬૦

## જાહેર નોટિસ

ડિસ્ટ્રીકટ ગાંધીનગર તથા ગાંધીનગર તાલુકાના ગામ મોજે વાવોલની સીમમાં સર્વે નં. ૨૬૪ ની જમીન કે જેનો સમાવેશ ટી.પી. સ્કીમ નં. ૧૩ (વાવોલ) માં થતાં તેની ૂઇએ ફાળવેલ ફા.પ્લોટ નં. ૯૯ તથા સીટી સર્વે રેકર્ડ મુજબ સીટી સર્વે નં. NA૨૬૪ ની જમીનમાં ફોરચ્યુન૯૯ (Fortune99) નામની સ્કીમના ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલ દુકાન નં. ૧૦ જે ૨૫.૬૬ ચો.મીટર કાર્પેટ એરીયાના બાંધકામ વાળી મીલકત ''શ્રીનાથ ઈન્ફાટ'' નામની ભાગીદારી પેઢીની માલીકી, કબ્જા, ભોગવટાની અને બોજારહિત હોવાનું જણાવી અમારી પાસે ટાઈટલ અભિપ્રાયની માંગણી કરેલ છે. સદરહુ મીલકત ઉપર જો અન્ય કોઈપણ વ્યક્તિ, બેંક, પેઢી કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭(સાત)માં અમોને તે બદલના દસ્તાવેજ પુરાવા સહિત લેખિત જાણ નીચેના સરનામે રજીસ્ટર્ડ પોસ્ટથી કરવી. જો તેમ કરવામાં નહીં આવે તો સદરહુ મીલકત ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો નથી અને હોય તો તે જતો યાને વેવ કરેલ છે, તેમ સમજી અમો સદરહુ મીલકતનું ટાઈટલ ક્લીયરન્સ અભિપ્રાય આપીશું તેની નોંધ લેવી.

તા. ૨૬/૧૧/૨૦૨૬

**ઓઝા એન્ડ એસોસીએટ્સ**
**કલ્પના ડી. ઓઝા**
**એડવોકેટ એન્ડ નોટરી**

૮૫, મેનેજમેન્ટ એન્કલેવ વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦૦૧૫
ફોન નં. ૦૭૯-૪૮૦૦૧૫૭૧

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદ, સબ-ડીસ્ટ્રીકટ-૩ (મેમનગર) ના વેજલપુર તાલુકાના મોજે ગામ વસ્ત્રાપુરની સીમમાં આવેલ સર્વે નં. ૧૧૯+૧૨૨+૧૨૩+૧૨૪+૧૨૬+૧૨૮ પૈકી સબ-પ્લોટ નં. ૨-એની જમીનનો સમાવેશ ટી.પી. સ્કીમ નંબર - ૧ (વસ્ત્રાપુર)માં થતા ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નંબર - ૧૭૨ ની કુલ ૩૫૦ ચો.મીટર ક્ષેત્રફળની બિનખેતીની જમીન જેનો સમાવેશ વસ્ત્રાપુર વોર્ડના સીટી સર્વે રેકર્ડમાં થતા આપવામાં આવેલ સીટી સર્વે નં. ૮૫૯ ની કુલ ૩૫૦ ચો.મીટર ક્ષેત્રફળની સબ-પ્લોટ એરીયાવાળી બિનખેતીની જમીન ''નિર્મલ કોર્પોરેશન''(NTC G - ૧૦૪૧ તા. ૨૩-૪-૧૯૮૪)ના માલીકીમાં આવેલ તે બિનખેતીની જમીન ઉપર સદર કોર્પોરેશન દ્વારા તેમના સભ્યોના વસવાટ માટે બનાવવામાં આવેલ ''દીપલેક્ષ એપાર્ટમેન્ટ''ના નામથી ઓળખાતી સ્કીમમાં આવેલ ફ્લેટ નં. ૧ ની આશરે ૧૪૦ ચો.વાર ક્ષેત્રફળના બાંધકામવાળી મિલકત તથા સદર કોર્પોરેશનના સભાસદ, એલોટી તથા તેની સાથે જોડાયેલ સદર કોર્પોરેશનના શેર હોલ્ડરના તથા કોમન માર્જીન, સ્પેસીંગ, કોમન રોડ, રસ્તા, કોમન પ્લોટ, પાર્કીંગ, કનેકશન રાઈટ્સ ઈત્યાદી તમામ પ્રકારના સગવડો સહિયારા વાપરવાના હકકો, હિતો, સહિતની કુલ સઘળી મિલકત હાલ રણવીરસિંહ નાથૂસિંહ ચંપાવત, રહેવાસી :- ૧, દીપલેક્ષ એપાર્ટમેન્ટ, નહેરૂપાર્ક, વસ્ત્રાપુર, અમદાવાદ-૩૮૦૦૧૫ની સ્વપાર્જીત રૂઈએ કુલ સંપૂર્ણ સ્વતંત્ર માલિકીપણામાં તથા પ્ર

## ચેન્નાઈના

(પહેલા પાનાનું ચાલુ)

અને જણાવ્યું કે શ્રીવારૂની ભવ્યતા ગહન છે.

આ ઐતિહાસિક પળનો સાક્ષી બનવા બદલ પોતે ભાગ્યશાળી નીવડ્યા હોવાનું જણાવી નાયડુએ જણાવ્યું કે આજે સોનાના અલંકારોની સાથે અમૂલ્ય હીરાઓનું દાન પણ કરાયું છે, જેમની કુલ કિંમત ૨૦૬ કરોડ જેટલી છે.તિરૂમાલામાં આજે એક અપૂર્વ બનાવ બન્યો છે. ભગવાનની રોજ ૧૨૦ કિલો સોનાથી સજાવટ થાય છે, એમ નાયડુએ કહ્યું.

મધ્યયુગીન રાજા શ્રીકૃષ્ણ દેવારાયાના સમયથી માંડીને વર્તમાન જૈનો સુધી ઈશ્વરને દાનરૂપે કરાતો ચઢાવો ચાલુ જ રહ્યો છે અને એમાં વધારો થઈ રહ્યો છે, એમ મુખ્યમંત્રીએ ઉમેર્યું.

પાલ્લાવા, ચેરા, ચોલા અને પાંડ્યા રાજાઓએ તિરૂપતિ મંદિરને વિકસાવ્યું. જયારે મૈસુરૂ તથા મરાઠી રાજાઓએ એને કેટલીક ભેટો તથા ઘરેણાં ચઢાવ્યા. વિજયનગરના રાજા શ્રીકૃષ્ણ દેવારાયાએ હિંદુ ધર્મને ઉત્તેજન આપ્યું તથા ભગવાન શ્રી વેંકટેશ્વરને કેટલાક દાગીના ચઢાવ્યા, એમ નાયડુએ ઉમેર્યું.

એમણે ભારપૂર્વક કહ્યું કે દાન કરાયેલા 'રત્ન કીર્તમ' (તાજમાં જડેલા અમૂલ્ય પથ્થર) અને પીતામ્બરમ, આભૂષણો વગેરેનો વૈવિધ્યપૂર્ણ ઈતિહાસ છે. ભૂતકાળમાં કેટલાક મંદિરો પર હુમલા થયા હતા. પરંતુ કોઈએ શ્રી વેંકટેશ્વર ભગવાનના મંદિર પર કુદૃષ્ટિ કરવાનું દુઃસાહસ કર્યું નથી.

ટીટીડી (તિરૂમાલા તિરૂપતિ દેવસ્થાનમ્સ) અત્યંત પારદર્શક સંસ્થા છે, એમ નાયડુએ કહ્યું. એમણે મંદિરના સંચાલકોને પ્રભુના સ્થાનકની પવિત્રતા જાળવવાનો અને ગૌવંશના રક્ષણનો આગ્રહ કરતા ઉમેર્યું કે તિરૂપતિ મંદિર પવિત્રતાનો પર્યાય બની રહેવું જોઈએ. નાયડુએ કહ્યું કે ટીટીડીની મદદથી ૫૦૦૦ મંદિરો બાંધવામાં આવશે, જ્યાં ભકતોને નિઃશુલ્ક આહાર મળશે. એમણે હિંદુઓ જ્યાં મોટી સંખ્યામાં વસે છે એ વિદેશી ભૂમિ પર પણ મંદિરો બાંધવાનો અનુરોધ કર્યો.

## અભિજીત દીપકે

(૧૫મા પાનાનું ચાલુ)

યાદીઓના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર)માં કથિત ગેરરીતિઓ બદલ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગણી સાથે એક વ્યાપક ઝુંબેશ શરૂ કરી હતી. મુંબઈ પોલીસે પરવાનગી આપવાનો ઈનકાર કર્યો હોવા છતાં તે સાંજે મુંબઈના શિવાજીપાર્કમાં ચાર હજારથી વધુ લોકો એકઠા થયા હતા. આ સમયે દીપકેએ ભીડને સંબોધિત કરી હતી અને દાસ અને રાંકા પણ હાજર લોકોમાં ઉપસ્થિત હતા.

## ટાટા સન્સના

(પહેલા પાનાનું ચાલુ)

તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ જનક દ્વારકાદાસે જસ્ટિસ આરિફ ડોક્ટરની સિંગલ બેન્ચ સમક્ષ દાવાનો ઉલ્લેખ કરી તાત્કાલિક સુનાવણીની માંગ કરી હતી.

જોકે, જસ્ટિસ ડોક્ટરે કોઈ કારણ જણાવ્યા પોતે આ કેસથી અલિપ્ત રહેશે તેમ જણાવ્યું હતું. ત્યારબાદ વૈકલ્પિક બેન્ચ પર બેઠેલા જસ્ટિસ અભય આહુજા સમક્ષ દાવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. દ્વારકાદાસે કોર્ટને જણાવ્યું હતું કે ટાટા સન્સની ૩૦ નવેમ્બરની બોર્ડ મીટિંગ પહેલાં સુનાવણી જરૂરી છે. ત્યારબાદ જસ્ટિસ આહુજાએ કહ્યું કે અરજીઓની સુનાવણી શુક્રવારે કરવામાં આવશે. આ દાવામાં આગામી તા. ૩૦ નવેમ્બરના રોજ યોજાનારી બોર્ડ મીટિંગ દરમિયાન નોમિની ડિરેક્ટરો વચ્ચે મંતવ્ય વિભાજીત થવાની સ્થિતિમાં ટાટા સન્સના ચેરમેનને તેમના નિર્ણાયક મતનો ઉપયોગ કરતાં રોકવામાં આવે તેવી તત્કાળ રાહત માગવામાં આવી છે. દાવામાં ટ્રસ્ટોએ બોર્ડ મીટિંગ પર સ્ટે માંગ્યો નથી પરંતુ ચંદ્રશેખરન પોતાનો મત ન આપે તેવો નિર્દેશ માંગ્યો છે.

દાવામાં કહેવામાં આવ્યું છે કે ટાટા સન્સના એઓએની કલમ ૧૨૧ બોર્ડ મીટિંગના ચેરમેનને જ્યાં બહુમતી ટ્રસ્ટીઓના હકારાત્મક મતની જરૂર હોય એવા કિસ્સાઓમાં નિર્ણાયક મત આપવાની મંજૂરી આપતી નથી

૧૭ સપ્ટેમ્બરના રોજ યોજાયેલી બોર્ડ મીટિંગમાં ટાટા સન્સના એક્ઝિક્યુટિવ ચેરમેન તરીકે એન ચંદ્રશેખરનની ફરીથી પાંચ વર્ષ માટે પુનઃનિયુક્તિ બાદ આ વિવાદ શરૂ થયો છે. દાવાઓમાં કહેવામાં આવ્યું છે કે આ નિર્ણય આર્ટિકલ્સ ઓફ એસોસિએશનની વિરુદ્ધ છે અને અમાન્ય, ગેરકાયદેસર તથા રદબાતલ છે. ૧૭ સપ્ટેમ્બરથી આ અંગે સતત સંદેશાવ્યવહાર કરવામાં આવ્યો હતો. પરંતુ ટાટા સન્સ તરફથી તેનો કોઈ સંતોષકારક જવાબ ન મળતાં બંને ટ્રસ્ટોએ બુધવારે રાત્રે હાઈકોર્ટમાં જવાના ઠરાવો પસાર કરવા માટે મતદાન કર્યું હતું.

## એનવિડિયા સામે

(પહેલા પાનાનું ચાલુ)

હુઆંગે આ સ્થિતિમાં ફરીથી પુરવાર કરવું પડશે કે તે કંપની ચલાવવા સક્ષમ છે. હુઆંગની સામે હજી પણ તેની વર્તણૂકને લઈને તપાસ જારી જ છે, તેમણે ત્રીજી ડિસેમ્બરે સેનેટની સમિતિ સમક્ષ લાઈવ સ્ટ્રીમ જુબાની આપવાની છે. આમ હુઆંગના પડકારો હજી પૂરા થયા નથી. હુઆંગના પુનરાગમનના સમાચાર પછી વધેલો શેર મંગળવારે પાછો છ ટકા તૂટ્યો હતો. હુઆંગને પોતાને ચિંતા છે કે તેના ગ્રાહકો હવે પોતે જ ચિપ બનાવી રહેવાનું આયોજન ધરાવે છે, જેથી તેમણે એનવિડિયાની ચિપ પર આધારિત રહેવું નહીં પડે. સ્ટાફ મીટિંગમાં તેમણે આ ડેવલપમેન્ટને બહુ જ મોટી ઘટના ગણાવી હતી.

એનવિડિયાના સીઈઓ તરીકે અત્યંત ટૂંકો કાર્યકાળ ધરાવનારા સીએફઓ કોલેટ કેસે જણાવ્યું હતું કે કંપનીએ એકદમ શિસ્તબદ્ધ અને સતત વિચારતા રહેવું પડશે. તેણે ભાવિ ડીલ્સની આકરી સમીક્ષા કરવી પડશે. એનવિડિયા હાલમાં ઓપનએઆઈની જલપેનો ચિપ્સની અને ગૂગલના નવી પેઢીના ટીપીયુ પ્રોસેસર્સની હરીફાઈનો સામનો કરી રહ્યું છે, જે એઆઈ વર્કલોડ માટે ડિઝાઈન કરાયા છે. બંને કંપનીઓ ચિપ્સને લઈને એનવિડિયા પરનું અવલંબન ઘટાડવા માંગે છે.જો એનવિડિયા ચિપના ભાવ વધારે તો પુરવઠો મોરચે સ્થિતિ વિપરીત બની શકે છે અથવા તો કોમર્સિયલ ટર્મ્સ બદલવી પડે. આથી પોતાની જ ચિપ વિક્સાવીને ગૂગલ અને ઓપનએઆઈને ખર્ચ, પુરવઠો અને કમ્પ્યુટિંગ ઈન્ફ્રાસ્ટ્રકચર મોરચે વ્યાપક અંકુશ મેળવી શકે છે. બર્નસ્ટેઈન એનાલિસ્ટના અંદાજમાં દાવો કરાયો છે કે કસ્ટમ એઆઈ એક્સીલરેટર અથવા એઆઈ ડેટા સેન્ટરને પાવર આપતી કસ્ટમ ચિપ્સનું બજાર ૨૦૨૭માં ૨૦ ટકા સુધી વધી શકે છે, જે આ વર્ષે ૧૦ ટકા છે.

## કેન્દ્ર સરકારની

(પહેલા પાનાનું ચાલુ)

**થઈ જશે તો સરદાર પટેલે મહામનેતે એક કરેલું ભારત ફરી એક વખત ખંડિત થઈ જાય તેવો ભય સેવાઈ રહ્યો છે. કારણ કે, આ બિલ પાસ થાય તો કેન્દ્ર સરકાર લોકસભા અને વિધાનસભા બેઠકોના એવા વિભાજન કરે કે લાંબા સમય સુધી ભાજપને સત્તા પરથી હટાવવો મુશ્કેલ બની જાય તેવો વિપક્ષને ભય છે. બીજીબાજુ વસતીના આધારે બેઠકોમાં વધારો થાય તો સંસદમાં ઉત્તર ભારતના રાજ્યોનું પ્રભુત્વ વધી જાય તેવો દક્ષિણના રાજ્યોને ભય છે. આ કારણોથી દક્ષિણના રાજ્યો સીમાંકનનો વિરોધ કરી રહ્યા છે.**

## ચીન-ભારત સરહદે

(૧૫મા પાનાનું ચાલુ)

વચ્ચે થયેલી સમજૂતીને લાગુ કરી શકાય અને ચીન-ભારત સરહદ પર શાંતિ અને સ્થિરતા સુનિશ્ચિત કરી શકાય.

તેમણે અરુણાચલ પ્રદેશ પર બેઇજિંગનાં વલણને ફરી એક વખત પુનરાવર્તિત કરતા દાવો કર્યો હતો કે આ ચીનનું ક્ષેત્ર છે. ઉલ્લેખનીય છે કે ચીન અરૂણાચલ પ્રદેશને ઝાંગનાન કહે છે અને તેને દક્ષિણ તિબેટનો હિસ્સો ગણાવે છે.

તેમણે જણાવ્યું હતું કે ઝાંગનાન ક્ષેત્ર ચીનનો ક્ષેત્ર છે. ભારત દ્વારા ગેરકાયદે બનાવવામાં આવેલા અરૂણાચલ પ્રદેશને માન્યતા આપતું નથી.

# ઘરેલુ ઉદ્યોગોના ફાયદા માટે સ્ટ્રક્ચરલ એક્સેસ કેપેસિટીના આક્ષેપો બધા દેશોએ નકાર્યા

## ટ્રમ્પમાં ચીન

(પહેલા પાનાનું ચાલુ)

સરકારે નવા ટેરિફની દરખાસ્તની જાહેરાત કરતાં જ ડેમોક્રેટ્સ સાંસદોએ કહ્યું કે, અમેરિકાની ખરી લડાઈ ચીન સામે છે પરંતુ ભારત જેવા દેશોને નિશાન બનાવાય છે. આ નીતિથી અમેરિકાને માત્ર નુકસાન જ થશે. ડેમોક્રેટ્સ સાંસદોએ ટ્રમ્પ તંત્ર ઉપર સમજ્યા-કારવ્યા વિના જ નિર્ણય લેવાનો આક્ષેપ કર્યો છે. ડેમોક્રેટ્સે સોશ્યલ મીડીયા પ્લેટફોર્મ એક્સ ઉપર એક પોસ્ટમાં લખ્યું કે, આવી નીતિઓનું પરિણામ અમેરિકાના લોકોએ મોંઘવારીરૂપે ભોગવવું પડે છે.

આ વર્ષે અનેક અમેરિકનો માટે થેન્કસ-ગિવિંગમાં સારા ખાદ્ય પદાર્થો ખરીદવા મુશ્કેલ બની રહ્યા છે. શા માટે ? કારણ કે ટ્રમ્પ અને રીપબ્લિકન્સની ટેરિફ અને અન્ય નીતિઓએ રોજબરોજની ચીજોના ભાવ આસમાને પહોંચાડી દીધા છે. સેનેટના એક વરિષ્ટ નેતા ચક શૂમરે ટ્રમ્પ પર હુમલો કરતાં કહ્યું કે સાચું દુશ્મન ચીન છે. પરંતુ ટ્રમ્પ સાથી દેશો વિરૂદ્ધ જ પગલાં લે છે. તે કદી સુધરશે નહીં. ખરો ખલનાયક તો ચીન છે. ટ્રમ્પ તેની શરતો સ્વીકારવા તૈયાર છે, બીજી તરફ આપણા સાથીઓ આપણાથી દૂર થઈ રહ્યા છે અને અમેરિકાની જનતા ઉપર બોજો વધી રહ્યો છે. દુનિયામાં તેની શાખ નબળી પડી રહી છે. બીજીબાજુ ચીને પણ ટ્રમ્પના ટેરિફનો આકરો વિરોધ કરતા કહ્યું કે, આ ટેરિફ ખોટી માન્યતા પર લગાવાયા છે અને અમેરિકાની મનમાની ચલાવી લેવાશે નહીં.

ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ગુઓ જિયાકુને કહ્યું કે, ચીન આ ટેરિફનો વિરોધ કરે છે, કારણ કે તે રાજકારણ પ્રેરિત છે.

ટેરિફ યુદ્ધ અને વેપાર યુદ્ધથી કોઈનું ભલું થયું નથી. અમેરિકાના નવા ટેરિફની સૌથી વધુ પ્રતિકૂળ અસર ચીન પર પડી શકે છે, કારણ કે તેમાં ચીન પર ૨૦ ટકા ટેરિફ નંખાયો છે, જે અગાઉના ટેરિફ સાથે કુલ ૪૦થી ૪૫ ટકા સુધી થઈ શકે છે. ટ્રમ્પ અને જિનપિંગ વચ્ચે તાજેતરમાં યોજાયેલી બેઠકમાં બંને દેશ તેમની વ્યાપારિક સમજૂતીઓને બે મહિના લંબાવી હતી, જે જાન્યુઆરી ૧૦, ૨૦૨૭ના રોજ પૂરી થશે. આથી નવા ટેરિફ ૧૦ જાન્યુઆરી પછી જ અમલમાં આવે તેવી સંભાવના છે.

અમેરિકાએ જાપાન સહિતના અન્ય દેશો પર ૧૫થી ૨૦ ટકા સુધીના ટેરિફ નાંખવાની દરખાસ્ત કરી છે ત્યારે જાપાન સરકારે કહ્યું કે, તેમણે અમેરિકન સરકાર સમક્ષ વિરોધ નોંધાવ્યો છે. સિંગાપોરે કહ્યું કે, તેઓ ટ્રમ્પના નવા ટેરિફથી ખૂબ જ નિરાશ છે. મલેશિયાએ કહ્યું કે, તેના ઉત્પાદન ક્ષેત્રોમાં એવી વધારાની કોઈ ક્ષમતા નથી જે વૈશ્વિક બજારો પર અસર કરી શકે.

## દિલ્હીની વાત

(પહેલા પાનાનું ચાલુ)

રાજકારણ પર પડશે અને એનો સીધો ફાયદો કોંગ્રેસને થશે. ભાજપ - અકાલીદળના ગઠબંધનથી કોંગ્રેસને ૧૫ બેઠકો પર લાભ થશે. પંજાબની ધરતી ગુરુનાનક દેવજીના સર્વધર્મ સમભાવ સંવાદ અને ભાઈચારાના સંદેશાની ધરતી છે. ભાજપ અને શિરોમણી અકાલીદળના ગઠબંધનની આકરી ટીકા આમ આદમી પાર્ટીએ પણ કરી છે. આપના નેતાઓનુ કહેવું છે કે આ ગઠબંધન ફક્ત સત્તા માટે કરવામાં આવેલું ગઠબંધન છે અને અવસરવાદી રાજકારણ છે.

**'ભાજપએ મારા શેઠને લીધા તો અમે પણ ધન્નાશેઠને લઈ આવ્યા'**

સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવએ મજાક કરતા ટીપ્પણી કરી છે કે ભાજપે અમારા શેઠને લઈ લીધા તો અમે પણ ધન્નાશેઠને લઈ આવ્યા. અખિલેશ યાદવને પૂછવામાં આવ્યું કે તમે રાજ્યસભાની બેઠક કોર્પોરેટ કુટુંબના ધનરાજ નથવાણીને કેમ આપી? અખિલેશ યાદવનો ઈશારો રાજ્યસભા સાંસદ સંજય શેઠ તરફ હતો. જે પહેલા સમાજવાદી પાર્ટીમાં હતા અને પછી ભાજપના રાજ્યસભા સાંસદ બન્યા હતા. આ ચૂંટણીમાં સમાજવાદી પાર્ટીના ધારાસભ્યોએ ભાજપને ટેકો આપ્યો હતો. અખિલેશ યાદવનો આક્ષેપ છે કે ભાજપમાં ભગવા કુટુંબવાદ છે. ૫૬ ધારાસભ્યો, ૧૩ સાંસદો, ૧૦ વિધાન પરિષદના સભ્યો, ૪ રાજ્યસભા સાંસદ અને બીજા ૩ નેતા સગાવાદને કારણે જ સફળ થયા છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પણ મહંત અવૈદ્યનાથના સંબંધી છે.

**હિન્દુ સંતની ફિલ્મ પ્રાઈમ ટાઈમમાં બતાવો : બંગાળમાં શુભેન્દુનો આદેશ**

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી શુભેંદુ અધિકારીએ રાજ્યના થિયેટરોના માલિકો અને મલ્ટીપ્લેક્સના સંચાલકોને સાફ સૂચના આપી છે કે સંતના જીવન પરથી બનેલી બંગાળી ફિલ્મ 'સાધક બામા ખેપા'નું પ્રદર્શન પ્રાઈમ ટાઈમમાં કરવું પડશે. એવા સમાચાર આવ્યા હતા કે કેટલાક થિયેટરો અને મલ્ટીપ્લેક્સએ નવી રિલિઝ થનારી એક હિન્દી ફિલ્મ માટે 'સાધક બામા ખેપા'ને રિલિઝના એક અઠવાડિયાની અંદર જ હટાવી રહ્યા છે. મુખ્યમંત્રીએ રાજ્યના સચીવાલયમાં ફિલ્મના નિર્માતાઓ, નિર્દેશકો, વિતરકો અને સિનેમા ઘરના સંચાલકોની મીટીંગ બોલાવી હતી. બેઠકમાં એમણે કહ્યું હતું કે જે થિયેટરોએ 'સાધક બામા ખેપા' બતાવવી છે તેઓ ફિલ્મ બતાવી શકે છે. બપોરના ૩ વાગ્યાથી ૧૧ વાગ્યાના પ્રાઈમ ટાઈમમાં આ ફિલ્મ બતાવવી પડશે. નિયમોનું પાલન નહીં કરનાર થિયેટર માલિકો સામે આકરા પગલા લેવામાં આવશે.

**ઈન્દોરમાં ફિલ્મ યુનિટ અને પોલીસ વચ્ચે વિવાદ**

મધ્યપ્રદેશના ઈન્દોર શહેરમાં વેબ સીરીઝનું શુટીંગ ચાલી રહ્યું છે. શુટીંગને લઈને ફિલ્મના યુનિટ અને કનાડિયા પોલીસ વચ્ચે વિવાદ થયો છે. ફિલ્મ નિર્માતા કપીલ ખાદીવાળાએ સોશ્યલ મીડિયા પર વીડિયો મૂકીને કહ્યું છે કે, પોલીસ શુટીંગમાં અડચણ ઉભી કરી રહી છે અને પૈસા માંગે છે. વીડિયો સાથે એમણે 'શેઈમ ઓન ઈન્દોર પોલીસ' પણ લખ્યું હતું. વિવાદ વધ્યા પછી ઈન્દોરના પોલીસ કમિશનર સંતોષ કુમાર સિંહે સમગ્ર મામલે ખુલાસો કર્યો છે. પોલીસ કમિશનરના ખુલાસા પ્રમાણે કનાડિયા પોલીસ ક્ષેત્રના એક કાફેમાં મોડી રાત સુધી શુટીંગ ચાલી રહ્યું હતું. પોલીસની ટીમે સ્થળ પર જઈને નિયમો અને શરતોનું પાલન કરવા માટે સમજાવવાની કોશિષ કરી હતી. પોલીસનો દાવો છે કે નિર્માતા નારાજ થઈ ગયા હતા અને સોશ્યલ મીડિયા પર પોલીસ વિરુદ્ધની પોસ્ટ મૂકી દીધી હતી.

**પંજાબમાં વધુ એક ગઠબંધન થઈ શકે છે**

પંજાબમાં થનારી વિધાનસભાની ચૂંટણી પહેલા વિવિધ પક્ષો વચ્ચે ગઠબંધનની પ્રક્રિયા ચાલુ થઈ ગઈ છે. અકાલીદળ અને ભાજપ વચ્ચેના ગઠબંધન પછી હવે કોંગ્રેસ પણ બીજા પક્ષો સાથે હાથ મેળવી શકે છે. આ વાતનું સમર્થન ખુદ કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ પરગટ સિંહે કર્યું હતું. પરગટ સિંહે કહ્યુ હતુ કે, કોંગ્રેસ સીપીઆઈ કે સીપીઆઈએમ સાથે ચૂંટણીના ગઠબંધન બાબતે વાતચીત કરી રહી છે. પંજાબ વિધાનસભા વિરોધપક્ષના નેતા પ્રતાપ સિંહ બાજવાએ પણ સંકેત આપ્યો હતો કે સામ્યવાદી પક્ષો સાથે કોંગ્રેસ ગઠબંધન કરી શકે છે.

જોકે બીજા રાજ્યોમાં કોંગ્રેસ અને સામ્યવાદી પક્ષો હંમેશા ચૂંટણી દરમિયાન એક બીજા સામે રહ્યા છે. જો કોંગ્રેસ પંજાબમાં સામ્યવાદી પક્ષો સાથે ગઠબંધન કરશે તો સામ્યવાદી વિચારસરણી વિરુદ્ધના કોંગ્રેસ સમર્થકો નારાજ થઈ જાય એવી શક્યતા પણ છે.

**દીપથુન પર દીવો પ્રગટાવવાના વિવાદ પર સુપ્રિમ કોર્ટ કડક**

તામિલનાડુના મદુરાઈ સ્થિત તિરુપરનકુંદ્રમ ડુંગર ઉપર કાર્તીગઈ દિપમનો દિવો પ્રગટાવવાનો વિવાદ વધી રહ્યો છે. સુપ્રિમ કોર્ટે આ બાબતે કરવામાં આવેલી અવમાનના અરજીઓની સુનાવણી આજે એટલે કે ૨૭મી નવેમ્બરે રાખી છે.

જસ્ટીસ અરવિંદ કુમાર અને જસ્ટીસ વીપુલ એમ પાંચોલીની બેંચે કહ્યું હતું કે, આ કિસ્સા સાથે જોડાયેલી તમામ અરજીઓ બીજા દિવસે સૂચિબદ્ધ થશે. આગલા દિવસે તામિલનાડુ સરકારે સુપ્રિમ કોર્ટમાં માફી માંગીને દોષનો તોપલો મંદિર પ્રશાસન પર ધોળ્યો હતો. સરકારે એમ કહીને હાથ ઉચા કરી દીધા હતા કે દીપ પ્રગટાવવાની જવાબદારી મંદિરના અધિકારીઓની હતી. જોકે દિપ પ્રગટાવવા માટે જતા શ્રદ્ધાળુઓને સેંકડો પોલીસોએ રોક્યા હતા. સુપ્રિમ કોર્ટે પણ કડક વલણ લઈને કહ્યું છે કે, જો અવમાનનાની કોઈ અરજી મળશે તો ચોક્કસ સુનાવણી કરવામાં આવશે.

**ભૂતપૂર્વ સાંસદ આનંદ મોહનને ફટકો**

સુપ્રિમ કોર્ટે ભૂતપૂર્વ સાંસદ આનંદ મોહનને મોટો ફટકો આપ્યો છે. કોર્ટે બિહાર સરકારનો ૨૦૨૩ના વર્ષનો નિર્ણય રદ કરી દીધો છે જે હેઠળ આનંદ મોહનને સજામાં માફી આપીને છોડી દેવામાં આવ્યા હતા. ૧૯૯૪માં ગોપાલગંજના તત્કાલીન જિલ્લા અધિકારી જી કૃષ્ણૈયાની એક ભીડએ મારમારીને હત્યા કરી હતી. આનંદ મોહન આ કેસમાં આરોપી હતા કોર્ટે આનંદ મોહનને એક મહિનાની અંદર આત્મસમર્પણ કરવા કહ્યું છે. કોર્ટને લાગ્યું છે કે બિહાર સરકારે ૨૦૨૩માં સજામાં માફી આપવાની નીતિ બદલી હતી. આ નીતિ હેઠળ સરકારી કર્મચારીઓની હત્યાના કેસમાં ઉમર કેદની સજા ભોગવતા લોકોને પણ સજામાં છૂટ આપવાની માંગણી મંજૂર કરવામાં આવે એમ હતું. કોર્ટે આ ફેરફારને ગેરબંધારણીય ગણાવ્યો હતો.

# બંધારણીય બિલ ૧૭ એપ્રિલે સંસદના વિશેષ સત્રમાં પાસ કરાવવામાં સરકાર નિષ્ફળ ગઈ હતી

## સીમાંકન માટે

(પહેલા પાનાનું ચાલુ)

કેન્દ્રીય કેબિનેટની વિશેષ બેઠક યોજાશે.

સંસદનું ચોમાસુ સત્ર અનિશ્ચિતકાળ માટે સ્થગિત કરાયું હતું ત્યારથી મહિલા અનામત કાયદો લાગુ કરવા અને સીમાંકન સંબંધિત બંધારણીય સુધારણા બિલને પાસ કરાવવા માટે કેન્દ્ર સરકાર સંસદનું વિશેષ સત્ર બોલાવી શકે છે તેવી ચર્ચાઓ ચાલતી હતી.

સૂચિત બંધારણીય સુધારણા બિલ હેઠળ સીમાંકન મારફત લોકસભાની વર્તમાન ૫૪૩ બેઠકોની સંખ્યા વધારીને મહત્તમ ૮૫૦ કરવાની દરખાસ્ત છે. તેનો આશય ૨૦૨૯ની લોકસભા ચૂંટણી પહેલા સંસદ અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામત લાગુ કરવાનો રસ્તો સાફ કરવાનો છે. જોકે, આ બિલ પસાર કરાવવા માટે સરકાર સમક્ષ સંખ્યાબળ મોટો પડકાર છે.

કેન્દ્ર સરકારે મહિલા અનામત કાયદા અને સીમાંકન બિલ મુદ્દે ચર્ચા કરવા માટે શુક્રવારે પીએમ મોદીના અધ્યક્ષપદે સેવાતીર્થ ખાતે બપોરે ૧.૦૦ કલાકે કેબિનેટની બેઠક બોલાવી છે, જેમાં આ મુદ્દા પર વિસ્તૃત ચર્ચા હાથ ધરાશે. બીજીબાજુ કોંગ્રેસના નેતૃત્વમાં વિપક્ષે પણ સાંજે ૪.૩૦ કલાકે સંસદીય રણનીતિ સમૂહની બેઠક બોલાવી છે.

આ બેઠકનું અધ્યક્ષપદ સોનિયા ગાંધી સંભાળશે. આ બેઠકમાં વિપક્ષના અન્ય નેતાઓ પણ જોડાય તેવી સંભાવના છે.

બંધારણીય સુધારણા બિલને લોકસભામાં પસાર કરાવવા માટે બે તૃતિયાંશ બહુમતની જરૂર પડશે. ૫૪૩ સભ્યોના ગૃહમાં તેના માટે ૩૬૧ મત જોઈએ. ત્રણ બેઠક ખાલી હોવાના કારણે હાલ ગૃહમાં ૫૪૦ સભ્યો છે. એનડીએ પાસે ૩૨૦ સભ્યો છે અને તેને આ બિલ પસાર કરાવવા માટે વિપક્ષના સમર્થનની જરૂર પડી શકે છે. સૂત્રો મુજબ કેન્દ્ર સરકારને બંધારણીય સુધારા બિલ લોકસભામાં ૧૫થી ૧૮ મતોથી પસાર થઈ જવાની આશા છે. આ પહેલાં ૧૭ એપ્રિલે સંસદના વિશેષ સત્રમાં આ બિલ પાસ કરાવવા માટે સરકાર જરૂરી સમર્થન મેળવી શકી નહોતી.

## આજનુ પંચાંગ

તા.૨૭/૧૧/૨૦૨૬,શુક્રવાર



### ક્ષય તિથિ

**દિવસના ચોઘડિયા** : ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વગ, ચલ
**રાત્રિના ચોઘડિયા** : રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ
**અમદાવાદ સૂર્યોદય** : ૭ ક. ૦૩ મિ. સૂર્યાસ્ત : ૧૭ ક. ૫૨ મિ.
**નવકારસી સમય** (અ) ૭ ક. ૫૧ મિ. **જન્મ રાશિ** : મિથુન (ક. છ. ઘ.) રાશિ આવે.
**નક્ષત્ર** : આદ્રા ૧૫ ક. ૦૯ મિ. સુધી પછી પુનર્વસુ નક્ષત્ર આવે.
**ગોચર ગ્રહ** : સૂર્ય- વૃશ્ચિક, મંગળ- સિંહ, બુધ- તુલા, ગુરૂ- સિંહ, શુક્ર- તુલા, શનિ- મીન, રાહુ- કુંભ, કેતુ- સિંહ, ચંદ્ર- મિથુન, હર્ષલ (યુરેનસ)- વૃષભ, નેપચ્યુન- મીન, પ્લુટો- મકર, રાહુકાળ : ૧૦.૩૦થી ૧૨.૦૦ (દ. ભા.)
**વિક્રમ સંવત** : ૨૦૮૩, કાલયુક્ત સંવત્સર શાકે :૧૯૪૮ પરાભવ, જૈનવીર સંવત : ૨૫૫૩ દક્ષિણાયન હેમંત ઋતુ, રાષ્ટ્રીય દિનાંક : માર્ગશીર્ષ ૬ વ્રજ માસ : માગશર- ૩, **માસ- તિથિ- વાર** : કારતક વદ ત્રીજ.
- સંકષ્ટ ચતુર્થી ચંદ્રોદય - રાતના ૮ ક. ૪૬ મિ.
- પૂ. દેવશંકર બાપાની જન્મ જયંતિ - ક્ષય તિથિ.
**મુસલમાની હિજરીસન** : ૧૪૪૮ જમાદીઉલઆખર માસનો ૧૭મો રોજ
**પારસી શહેશનાહી વર્ષ** : ૧૩૯૬ તીર માસનો ૧૫મો રોજ દેપમહેર.

## આજનું ભવિષ્ય

- અગ્નિદત્ત પદમનાભ

**મેષ** : આપને કામમાં ઉપરી વર્ગ- સહકાર્યકર વર્ગ, નોકર-ચાકર વર્ગનો સાથ સહકાર મળી રહે. યાત્રા- પ્રવાસમાં ધ્યાન રાખવું પડે.

**વૃષભ** : બેંકના, વીમા કંપનીના શેરોના કામકાજમાં આપે ઉતાવળ કરવી નહીં. કૌટુંબિક પારિવારિક પ્રશ્ને ચિંતા- ઉચાટ જણાય.

**મિથુન** : માનસિક પરિતાપ, વ્યગ્રતા છતાં આપના કામમાં વ્યસ્ત રહેવાનો પ્રયાસ કરો. વિચારોની અસમંજસતા દ્વિધા અનુભવાય.

**કર્ક** : આપના કામમાં કોઈને કોઈ રૂકાવટ મુશ્કેલી રહ્યા કરે. કોર્ટ કચેરીના કામમાં આપે સાવધાની રાખવી પડે. ખર્ચ જણાય.

**સિંહ** : આપના કામમાં કોઈના દોરવાયા દોરવાઈ જવું નહીં. પરદેશના કામમાં અડચણ રહે.

**કન્યા** : સામાજિક વ્યવહારિક કામમાં આપે ઉતાવળ કરવી નહીં. ઘર- પરિવારની ચિંતાના લીધે કામકાજમાં ધ્યાન આપી શકો નહીં.

**તુલા** : નોકરી- ધંધાના કામકાજ અંગે બહાર કે બહારગામ જવાનું બને પરંતુ અગત્યના કામકાજ અંગેની મુલાકાતમાં સાવધાની રાખવી.

**વૃશ્ચિક** : દિવસ દરમ્યાન આપને સુસ્તી બેચેની જેવું લાગ્યા કરે. તબિયતની અસ્વસ્થતા જણાય. કામ કરવાની ઈચ્છા થાય નહીં.

**ધન** : જાહેર ક્ષેત્રના કામ, સંસ્થાકીય કામમાં સંભાળવું પડે. રૂકાવટ જણાય. પત્ની સાથે વાદ- વિવાદ ગેરસમજ થઈ જાય.

**મકર** : સીઝનલ ધંધામાં માલનો વધુ પડતો ભરાવો કરવો નહીં, ગ્રાહક વર્ગનું ધ્યાન રાખવું. આકસ્મિક ખર્ચને લીધે નાણાંભીડ જણાય.

**કુંભ** : આપે મહત્ત્વના નિણયો લેવાના હોય તો મુલત્વી રાખવા. વાણીની સંયમતા રાખીને શાંતિથી પોતાનું કામકાજ કરી લેવું.

**મીન** : આપ હરો ફરો કામકાજ કરો પરંતુ આપના હૃદય-મનને શાંતિ રાહત જેવું જણાય નહીં. વાહન ચલાવવામાં સાવધાની રાખવી.

## જન્મ તારીખ વર્ષ સંકેત

તા.૨૭/૧૧/૨૦૨૬,શુક્રવાર

આજથી શરૂ થઈ રહેલું આપનું જન્મવર્ષ મધ્યમ રહે. **આરોગ્ય સુખાકારી** : વર્ષ જેમ જેમ પસાર થાય તેમ તેમ આપે આરોગ્ય સુખાકારીની દ્રષ્ટિએ સંભાળવું પડે. જૂની બીમારી ફરી ઉથલો મારતા, વારસાગત બીમારી લાગુ પડતા આપની મુશ્કેલીમાં વધારો થાય. આંખ- પગની તકલીફ અનુભવાય. **નોકરી- ધંધો** : નોકરી- ધંધામાં કુટુંબ પરિવારનો સહકાર મળી રહે. ધંધામાં આવક જણાય. સહકાર્યકર વર્ગ, નોકરચાકર વર્ગનો સાથ-સહકાર મળી રહે પરંતુ કામની અસર આપના સ્વાસ્થ્ય પર ન થાય તેની કાળજી રાખવી પડે નવું કોઈ સાહસ કરવામાં ઉતાવળ ન કરવી. **સ્ત્રી વર્ગ** : સ્ત્રી વર્ગ માટે વર્ષ મધ્યમ રહે. વર્ષ દરમ્યાન કુંટુંબ પરિવાર આપને મદદરૂપ થવાના પ્રયાસ કરે પરંતુ આપને કોઈને કોઈ બાબતે તકલીફ જણાય. વર્ષ દરમ્યાન આપે આરોગ્યની બાબતમાં બેકાળજી રાખવી નહીં.

## મંત્રમુગ

# સ્પોર્ટ્સ રાઉન્ડ અપ

ભારત ન્યુઝીલેન્ડની ભૂમિ પર રમાયેલી ૧૦માંથી માત્ર બે જ શ્રેણી જીતી શક્યું છે

## ટીમ ઈન્ડિયાને ૧૭ વર્ષ બાદ ન્યુઝીલેન્ડની ભૂમિ પર યજમાનો સામે ટેસ્ટ શ્રેણી જીતવાની તક

### ન્યુઝીલેન્ડ ઘરઆંગણે રમાયેલી છેલ્લી ત્રણમાંથી માત્ર એક જ ટેસ્ટ શ્રેણી જીત્યું છે

ક્રાઈસ્ટચર્ચ, તા.૨૬

પ્રવાસી ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે શ્રેણીની બીજી અને આખરી ટેસ્ટ મેચ ક્રાઈસ્ટચર્ચમાં આજથી શરૂ થઈ ચૂકી હશે. વેલિંગ્ટનમાં રમાયેલી પ્રથમ ટેસ્ટ હાઈસ્કોરિંગ રહી હતી અને આખરે ડ્રોમાં પરિણમી હતી. જે પછી હવે ટીમ ઈન્ડિયાને ૧૭ વર્ષ બાદ ન્યુઝીલેન્ડની ભૂમિ પર યજમાનો સામે ટેસ્ટ શ્રેણી જીતવાની તક છે. ટીમ ઈન્ડિયા છેલ્લે ૨૦૦૯ના ન્યુઝીલેન્ડ પ્રવાસમાં રમાયેલી ત્રણ ટેસ્ટની શ્રેણીમાં ૧-૦થી વિજેતા બની હતી. જે પછી રમાયેલી બંને ટેસ્ટ શ્રેણીમાં યજમાન ન્યુઝીલેન્ડની ટીમે વિજય મેળવ્યો હતો.

ક્રાઈસ્ટચર્ચના હેગ્લી ઓવલમાં ભારતીય સમય પ્રમાણે મેચ પરોઢે ૩.૩૦ વાગ્યાથી શરુ થઈ ચૂકી છે. ગિલની આગેવાની હેઠળની ટીમ ઈન્ડિયાના બેટ્સમેનોએ પ્રથમ વેલિંગ્ટન ટેસ્ટમાં યાદગાર દેખાવ કરતાં ન્યુઝીલેન્ડની ભૂમિ પર તેમજ ન્યુઝીલેન્ડ સામે ૭૦૦ કે વધુ રન ફટકારનારી ઈતિહાસની સૌપ્રથમ ટીમ તરીકેનો રેકોર્ડ સર્જ્યો હતો.

**ટીમ ઈન્ડિયાને રેકોર્ડ સુધારવાની તક**

ટીમ ઈન્ડિયાને ન્યુઝીલેન્ડની ભૂમિ પર ટેસ્ટ શ્રેણી વિજયનો રેકોર્ડ સુધારવાની તક છે. ભારતીય ટીમ ૧૯૬૮થી લઈને અત્યાર સુધી ન્યુઝીલેન્ડના ૧૦ પ્રવાસ ખેડ્યા છે અને આ દરમિયાન રમાયેલી ટેસ્ટ શ્રેણીમાંથી માત્ર બે જ પ્રવાસી ટીમ જીતી શકી છે. જ્યારે યજમાન ટીમે છ ટેસ્ટ શ્રેણીમાં વિજય મેળવ્યો છે અને બે શ્રેણી ડ્રો રહી છે. હવે ભારતીય ટીમને ૧૧મા પ્રવાસમાં ત્રીજી ટેસ્ટ શ્રેણી જીતવાની આશા છે. ભારતે મંસૂર અલી ખાન પટૌડીના નેતૃત્વ હેઠળ ૧૯૬૮ના સૌપ્રથમ ન્યુઝીલેન્ડ પ્રવાસમાં ચાર ટેસ્ટની શ્રેણી ૩-૧થી જીતી હતી. આ પછી ૨૦૦૯માં રમાયેલી ત્રણ ટેસ્ટની શ્રેણીમાં ધોનીની ટીમે ૧-૦થી ન્યુઝીલેન્ડને હરાવ્યું હતું. શ્રેણીની બીજી ટેસ્ટમાં ધોનીની ગેરહાજરીમાં સેહવાગે સુકાન સંભાળ્યું હતું. જોકે આ પછી ભારત ૨૦૧૪ના ન્યુઝીલેન્ડ પ્રવાસમાં બે ટેસ્ટની શ્રેણી ૦-૧થી અને ૨૦૨૦ના પ્રવાસમાં બે ટેસ્ટની શ્રેણી ૦-૨થી હાર્યું હતું.



**ન્યુઝીલેન્ડની ભૂમિ પર ભારતનો ટેસ્ટ શ્રેણીમાં દેખાવ**

| વિજેતા | પરિણામ | વર્ષ |
|---|---|---|
| ભારત | ૪ ટેસ્ટની શ્રેણી ૩-૧થી જીતી | ૧૯૬૮ |
| ડ્રો | ૩ ટેસ્ટની શ્રેણી ૧-૧થી ડ્રો | ૧૯૭૬ |
| ન્યુઝીલેન્ડ | ૩ ટેસ્ટની શ્રેણી ૧-૦થી જીત્યું | ૧૯૮૧ |
| ન્યુઝીલેન્ડ | ૩ ટેસ્ટની શ્રેણી ૧-૦થી જીત્યું | ૧૯૯૦ |
| ડ્રો | ૧ ટેસ્ટની શ્રેણી ૦-૦થી ડ્રો | ૧૯૯૪ |
| ન્યુઝીલેન્ડ | બે ટેસ્ટની શ્રેણી ૧-૦થી જીત્યું | ૧૯૯૮ |
| ન્યુઝીલેન્ડ | બે ટેસ્ટની શ્રેણી ૨-૦થી જીત્યું | ૨૦૦૨ |
| ભારત | ૩ ટેસ્ટની શ્રેણી ૧-૦થી જીત્યું | ૨૦૦૯ |
| ન્યુઝીલેન્ડ | બે ટેસ્ટની શ્રેણી ૧-૦થી જીત્યું | ૨૦૧૪ |
| ન્યુઝીલેન્ડ | બે ટેસ્ટની શ્રેણી ૨-૦થી જીત્યું | ૨૦૨૦ |

**ન્યુઝીલેન્ડનો ઘરઆંગણાનો દેખાવ કથળ્યો**

ન્યુઝીલેન્ડની ટેસ્ટ ટીમનો ઘરઆંગણાનો દેખાવ કથળ્યો છે અને યજમાન ટીમ ઘરઆંગણે રમાયેલી છેલ્લી ત્રણમાંથી બે ટેસ્ટ શ્રેણી ગુમાવી ચૂકી છે. તેઓ ફેબ્રુઆરી/માર્ચ-૨૦૨૪માં હોમગ્રાઉન્ડ પર ઓસ્ટ્રેલિયા સામેની બે ટેસ્ટની શ્રેણી ૦-૨થી હાર્યા હતા. આ પછી નવેમ્બર-૨૦૨૪માં પ્રવાસી ઈંગ્લેન્ડ સામેની કો-થોર્પ ટ્રોફીમાં પણ તેઓને ૧-૨થી પરાજય સહન કરવો પડ્યો હતો. જોકે છેલ્લે ઘરઆંગણે તેઓ ગત વર્ષે ડિસેમ્બરમાં રમ્યા હતા અને ન્યુઝીલેન્ડે સાત વિકેટથી વિરાટ કોહલીની ટીમ ઈન્ડિયાને હરાવી હતી. ન્યુઝીલેન્ડે ટોસ જીતીને ફિલ્ડિંગ પસંદ કરી હતી અને વિહારીના ૫૫ તેમજ પૂજારા-શૉના ૫૪-૫૪ રન છતાં ભારત પ્રથમ ઈનિંગમાં ૨૪૨માં ઓલઆઉટ થયું હતું.

ભારત ૨૦૨૦માં અહીં રમાયેલી એકમાત્ર ટેસ્ટ હાર્યું હતું

### ક્રાઈસ્ટચર્ચના હેગ્લી ઓવલમાં ટીમ ઈન્ડિયાને સૌપ્રથમ ટેસ્ટ વિજયની તલાશ

ક્રાઈસ્ટચર્ચ, તા.૨૬

ભારતીય ટીમને ક્રાઈસ્ટચર્ચના હેગ્લી ઓવલમાં સૌપ્રથમ ટેસ્ટ વિજયની તલાશ છે. આ મેદાન પર ટીમ ઈન્ડિયા અગાઉ એકમાત્ર ટેસ્ટ ૨૦૨૦માં રમી હતી અને તેમાં ન્યુઝીલેન્ડનો સાત વિકેટથી વિજય થયો હતો. આ મેદાન પર ન્યુઝીલેન્ડની ટીમ ૨૦૧૪ થી અત્યાર સુધીમાં ૧૫ ટેસ્ટ રમી છે અને તેમાંથી નવ ટેસ્ટમાં વિજેતા બની છે. જ્યારે ચાર ટેસ્ટમાં તેમને હારનો સામનો કરવો પડ્યો છે, બાકીની ટેસ્ટ ડ્રોમાં પરિણમી હતી.

**૨૦૨૦માં કોહલીની ટીમ ૭ વિકેટથી હારી**

વર્ષ ૨૦૨૦માં ૨૯ ફેબ્રુઆરીથી બીજી માર્ચ દરમિયાન એટલે કે ત્રણ જ દિવસમાં પૂરી થયેલી મેચમાં ન્યુઝીલેન્ડે ત્યારે વિન્ડિઝને ૩ ટેસ્ટની શ્રેણીમાં ૨-૦થી હરાવ્યું હતું.



**સિરાજની શક્યતા ઓછી : ગુરનૂરના ચાન્સ વધુ**

ભારતીય ટીમમાં ફાસ્ટ બોલર સિરાજને તક મળે તેવી શક્યતા ખુબ જ ઓછી જોવામાં આવી રહી છે. પ્રથમ ટેસ્ટમાં તેને અને જાડેજાને ઈલેવનમાં સામેલ કરવામાં ન આવતા વિવાદ સર્જાયો હતો. જે પછી પણ ભારતીય ટીમ મેનેજમેન્ટ સિરાજને ધરાર ન રમાડવાના નિર્ણયને જારી રાખશે તેમ મનાય છે. જોકે જાડેજા માટે ઈલેવનમાં જગ્યા થઈ શકે તેમ રિપોર્ટ જણાવે છે. ૧૨મૂનરના પણ ઈલેવનમાં સ્થાન મેળવવાના ચાન્સ વધુ છે. આવી સ્થિતિમાં ગુરનૂરને કંબોજ કે ક્રિષ્નાનું સ્થાન આપવામાં આવી શકે છે. જોકે આવતીકાલે પરોઢે ૩.૩૦થી મેચ શરૂ થવાની હોવાથી ભારતમાં સવાર પડશે, ત્યાં સુધીમાં ઈલેવન જાહેર થઈ ચૂકી હશે.

ફ્રેન્ચાઈઝીઓની આર્થિક અને વહીવટી મુશ્કેલીનો અંત આવશે

## હોકી ઈન્ડિયા લીગને જીવતદાન મળ્યું આગામી જાન્યુઆરીથી ફરી પ્રારંભ થશે

### ૭ ડિસેમ્બરે પુરુષ અને મહિલા ખેલાડીઓની હરાજી કરવામાં આવશે

નવી દિલ્હી, તા. ૨૬

ભારતીય હોકીના વ્યાવસાયિક માળખાને મજબૂત બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવનારી હોકી ઈન્ડિયા લીગ ફરી એક વખત મેદાનમાં પરત ફરવા તૈયાર છે. આર્થિક મુશ્કેલીઓ, ફ્રેન્ચાઈઝીઓ વચ્ચેની અનિશ્ચિતતા અને ખેલાડીઓની ચૂકવણીના વિવાદને કારણે લીગનું ભવિષ્ય જોખમમાં મુકાયું હતું. જોકે, રમત મંત્રાલયની દરમિયાનગીરી અને હોકી ઈન્ડિયા સહિતના સંબંધિત પક્ષોની બેઠક બાદ લીગને નવું જીવનદાન મળ્યું છે. હવે ૭ ડિસેમ્બરે પુરુષ અને મહિલા બંને વિભાગની ખેલાડીઓની હરાજી યોજાશે, જ્યારે ૨૦૨૬-૨૭ની નવી સિઝન જાન્યુઆરી ૨૦૨૭ના પ્રથમ સપ્તાહમાં શરૂ થવાની જાહેરાત કરવામાં આવી છે.

હોકી ઈન્ડિયા લીગનું પુનરાગમન ૨૦૨૪માં સાત વર્ષના વિરામ બાદ થયું હતું. શરૂઆતમાં લીગને સારો પ્રતિસાદ મળ્યો હતો. ભારતીય અને વિદેશી ખેલાડીઓ એક જ મંચ પર રમતા હોવાથી ભારતીય ખેલાડીઓને આંતરરાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાનો અનુભવ મળતો હતો. મહિલા લીગની શરૂઆત પણ ભારતીય હોકી માટે મહત્ત્વનું પગલું બની હતી. પરંતુ બીજી તરફ લીગના આર્થિક મોડેલ અને ફ્રેન્ચાઈઝીઓની જવાબદારીઓ અંગે મુશ્કેલીઓ ઊભી થવા લાગી. રાંચી રોયલ્સ ફ્રેન્ચાઈઝીને ખેલાડીઓની ચુકવણી થઈ હતી. જેના લીધે રાંચી રોયલ્સ ફ્રેન્ચાઈઝીને બહાર કરવામાં આવી. પરિણામે અન્ય ટીમોના ભવિષ્ય અંગે પણ પ્રશ્નો ઊભા થયા.



આ સ્થિતિમાં ભારતીય મહિલા હોકી ટીમની કેપ્ટન સલીમા ટેટે અને અનુભવી ગોલકીપર સવિતા પુનિયાએ લીગ ચાલુ રાખવા માટે રમત મંત્રાલય સમક્ષ અપીલ કરી હતી. ઓગસ્ટમાં મહિલા વર્લ્ડ કપ દરમિયાન પણ ભારતીય ખેલાડીઓએ આ મુદ્દે પોતાની ચિંતા વ્યક્ત કરી હતી. ખેલાડીઓની આ અપીલ બાદ રમત મંત્રીએ સપ્ટેમ્બરમાં હોકી ઈન્ડિયાના અધિકારીઓ અને ફ્રેન્ચાઈઝીના પ્રતિનિધિઓ સાથે બેઠક કરી હતી. ત્યારબાદ લીગના ભવિષ્ય, સંચાલન અને આર્થિક માળખાની સમીક્ષા કરવા સાત સભ્યોની સમિતિ બનાવવામાં આવી હતી.તેઓએ ફ્રેમ વર્ક ગોઠવવામાં હવે સફળતા મેળવી હતી. ફ્રેંચાઈઝીઓને પણ વિશ્વાસમાં લેવાયા છે. તેઓને તેમની ટીમની ૬૦ ટકા જવાબદારી જ લેવાનું જણાવાયું છે બાકીની જવાબદારી હોકી ઈન્ડિયાની રહેશે.

જાહેરાત થયા મુજબ ૨૦૨૬-૨૭ની સિઝનમાં પુરુષ વિભાગમાં છ અને મહિલા વિભાગમાં ચાર ફ્રેન્ચાઈઝી ભાગ લેશે. આગામી સિઝન માટે દરેક પુરુષ ફ્રેન્ચાઈઝી પાસે ખેલાડીઓની ખરીદી માટે ચાર કરોડ રૂપિયાની મર્યાદા રહેશે, જ્યારે મહિલા ફ્રેન્ચાઈઝી માટે આ મર્યાદા બે કરોડ રૂપિયા રાખવામાં આવી છે.

ભારતે ૨૦૩૬ના ઓલિમ્પિકના યજમાન બનવા માટેની તૈયારી અંગે IOCને વર્ચ્યુઅલ પ્રેઝન્ટેશન કર્યું

## મહિલા હોકી : આજે ભારત-મલેશિયા વચ્ચે સેમિ ફાઈનલ

ભોપાલ, તા. ૨૬

ભારતીય મહિલા હોકી ટીમ આવતીકાલે મહિલા એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીની સેમી ફાઈનલમાં મલેશિયા સામે ટકરાશે. આ મેચ ભારતીય સમય અનુસાર સાંજે ૭ વાગ્યે શરૂ થશે. યજમાન ભારત આ મુકાબલો જીતીને ફાઈનલમાં પ્રવેશ મેળવવા ઉપરાંત સતત ત્રીજી વખત અને કુલ ચોથી વખત ટાઈટલ જીતવાની દિશામાં આગળ વધવા ઈચ્છશે. મેચ સાંજે ૭.૦૦ થી શરૂ થશે.

રાઈઝિંગ સ્ટાર્સ એશિયા કપ : એસ.જયવર્દનેના ૧૦૫

## ઈન્ડિયા-એનો શ્રીલંકા-એ સામેની સેમિ ફાઈનલમાં આઠ વિકેટથી પરાજય

દોહા, તા.૨૬

ઈન્ડિયા-એ ટીમના ૨૦૧૩ પછી એશિયા કપ રાઈઝિંગ સ્ટાર્સ ટુર્નામેન્ટ જીતવાના ઈતજારને લંબાવતા શ્રીલંકા-એ ટીમે ૮.૩ ઓવર બાકી હતી, ત્યારે આઠ વિકેટથી સેમિ ફાઈનલ જીતી લીધી હતી. શ્રીલંકા-એ ટીમે ૩૧૮નો ટાર્ગેટ ૪૧.૩ ઓવરમાં બે વિકેટ ગુમાવી પાર પાડ્યો હતો. પ્લેયર ઓફ ધ મેચ એસ. જયવર્દનેએ ૭૦ બોલમાં ૧૦ ચોગ્ગા અને છ છગ્ગા સાથે ૧૦૫ તેમજ લાસિથ ક્રૂસપુલેએ ૧૧૬ તેમજ મદુશંકાએ ૫૮* રન કર્યા હતા.

અગાઉ ટોસ જીતીને બેટિંગ કરતાં ઈન્ડિયા-એ તરફથી અભિષેકે ૬૩ બોલમાં ૭૮, તિલક વર્માએ ૫૩, શાહબાઝે ૫૪* તેમજ વૈભવ સૂર્યવંશીએ ૨૭ બોલમાં ૪૦ (૪ ચોગ્ગા, ૩ છગ્ગા) રન નોંધાવ્યા હતા. ભારતે ૫૦ ઓવરમાં ૩૧૭/૮ સ્કોર કર્યો હતો. શ્રીલંકા-એ રવિવારે રમાનારી ફાઈનલમાં પાકિસ્તાન-એ અને બાંગ્લાદેશ-એ વચ્ચેની સેમિ ફાઈનલના વિજેતા સામે ટકરાશે.

## સાઉથ આફ્રિકાના માફાકા અને કોઈત્ઝી ઈજાગ્રસ્ત

જોહનીસબર્ગ : સાઉથ આફ્રિકાના ફાસ્ટ બોલરો માફાકા અને કોઈત્ઝી ઈજાગ્રસ્ત બની ગયા છે અને આ કારણે તેઓ ઘરઆંગણે રમાનારી બાંગ્લાદેશ સામેની વન ડે અને ટી-૨૦ શ્રેણીમાંથી બહાર થઈ ગયા છે. સાઉથ આફ્રિકાએ વન ડે ટીમમાં ટિઆન વાન વુવુરેનને અને ટી-૨૦ ટીમમાં જેજે બાસ્સોન તેમજ ઈથન બોસ્ચને સામેલ કર્યા છે. બંને દેશો વચ્ચે તારીખ ૧, ૪ અને ૭ ડિસેમ્બરે વન ડે તેમજ ૧૦, ૧૨ અને ૧૩ ડિસેમ્બરે ટી-૨૦ રમાશે.



## આજે ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ વચ્ચે ત્રીજી ટી-૨૦

બ્રિસબેન, તા.૨૬

ઓસ્ટ્રેલિયા અને પ્રવાસી ઈંગ્લેન્ડ વચ્ચે આવતીકાલે શ્રેણીની ત્રીજી ટી-૨૦ રમાશે. બ્રિસબેનમાં રમાનારી મેચ ભારતીય સમય પ્રમાણે બપોરે ૧.૪૫ વાગ્યાથી શરૂ થશે. ઓસ્ટ્રેલિયાએ પ્રથમ ટી-૨૦માં ત્રણ વિકેટથી જીત હાંસલ કરી હતી. જ્યારે ઈંગ્લેન્ડે બીજી ટી-૨૦ આઠ વિકેટથી જીતી હતી. હવે પાંચ મેચની શ્રેણીમાં મહત્વની સરસાઈ મેળવવા માટે બંને ટીમો ઝઝુમશે.

સૈયદ મુસ્તાક અલી ટ્રોફી ટી-૨૦ ટુર્નામેન્ટ

## કર્ણાટક સામેની હારવા છતાં બરોડા સુપર લીગમાં ક્વોલિફાય : ગુજરાત-સૌરાષ્ટ્ર બહાર

### ગુજરાતે આખરી લીગ મેચમાં ગોવાને હરાવ્યું : સૌરાષ્ટ્રનો તમિલનાડુ સામે પરાજય

મુંબઈ/કોલકાતા/ઈન્દોર, તા.૨૬

બરોડાની ટીમ આખરી લીગ મેચમાં કર્ણાટક સામે આઠ વિકેટથી પરાજીત થઈ હોવા છતાં તેમણે સૈયદ મુસ્તાક અલી ટ્રોફી ટી-૨૦ ટુર્નામેન્ટના સુપર લીગ રાઉન્ડમાં ક્વોલિફાય કરી લીધું હતુ. જ્યારે ગુજરાતે આખરી લીગ મેચમાં ગોવાને ૩૨ રનથી પરાજય આપ્યો હતો, છતાં ટીમ ઈલાઈટ ગ્રૂપ-ડીમાં પાંચમા ક્રમે રહેતા બહાર ફેંકાઈ હતી. સૌરાષ્ટ્ર આખરી લીગ મેચમાં તમિલનાડુ સામે હારતાં ઈલાઈટ ગ્રૂપ-બીમાં ચોથા ક્રમે રહેતા ટાઈટલની રેસમાંથી બહાર થઈ ગયું હતુ.

**અભિષેક શર્માના ૧૮ બોલમાં ૪૮***

અભિષેક શર્માએ ચાર છગ્ગા અને ત્રણ ચોગ્ગા સાથે ૧૮ બોલમાં ૪૮* તેમજ આર્ય દેસાઈએ ૩૭ બોલમાં ૪૭ રન ફટકારતાં ગુજરાતે ૧૯૪/૫ સ્કોર કર્યો હતો. જવાબમાં ગોવા તેજરાણાના ૩૨ બોલમાં ૫૮ રન છતાં ૧૬૨/૯ રન કરી શક્યું હતું ને ગુજરાતે જીત મેળવી હતી. અઝાન નાગવાસવાલા, જપજ્ઞ ભટ્ટ, યશ દોશી અને અમિત દેસાઈ ૨-૨ વિકેટ ઝડપી હતી. જોકે ગુજરાત ઈલાઈટ ગ્રૂપડીમાં સાતમાંથી માત્ર બે જીત અને ચાર હાર તેમજ એક અનિર્ણિત મેચ સાથે ૧૦ પોઈન્ટ મેળવી પાંચમા ક્રમે રહ્યું હતુ.



**સુપર લીગ**

ગ્રૂપ-એ : બરોડા, દિલ્હી,કેરલમ, વિદર્ભ.
ગ્રૂપ-બી : રાજસ્થાન, પંજાબ, આંધ્ર, મુંબઈ.
બંને ગ્રૂપની ટીમો અંદરોઅંદર મેચ રમશે અને ટોચ પર રહેનારી ટીમો ૬ ડિસેમ્બરે ફાઈનલ રમશે.

**કાવેરપ્પા-શ્રીશાની ચાર-ચાર વિકેટ**

કર્ણાટકના કાવેરપ્પા અને શ્રીશા એચારે ૪-૪ વિકેટ ઝડપતાં બરોડા ૧૧૮ (ધ્રુવ પટેલ ૩૩)માં સમેટાયું હતુ. જવાબમાં કર્ણાટકે ૧૬.૧ ઓવરમાં બે વિકેટે ૧૨૦ રન કર્યા હતા. બરોડા હાર છતાં ઈલાઈટ ગ્રૂપ-એમાં સાતમાંથી પાંચ મેચની જીત અને બે હાર સાથે ૨૦ પોઈન્ટ સાથે ટોચ પર રહ્યું હતુ.

**સૌરાષ્ટ્રની ટીમનો પરાજય**

પ્લેયર ઓફ ધ મેચ સની સંધુએ ૧૭ બોલમાં ૬ ચોગ્ગા સાથે ૪૪ રન કર્યા બાદ ૪૪ રનમાં ચાર વિકેટ ઝડપતાં તમિલનાડુ સામે સૌરાષ્ટ્ર ૩૮ રનથી હાર્યું હતુ. તમિલનાડુના ૧૯૨/૮ (ચેતન સાકરિયા ૩/૩૭) સામે સૌરાષ્ટ્ર ૧૬.૪ ઓવરમાં ૧૫૪માં ઓલઆઉટ થયું હતુ. ૧૧માં ક્રમના બેટર ઉનડકટે ૨૬ બોલમા૪૦ તેમજ પ્રેરક માંકડે ૧૯ બોલમાં ૩૮ રન ફટકાર્યા હતા. સૌરાષ્ટ્ર ઈલાઈટ ગ્રૂપબીમાં સાત મેચમાંથી ચાર જીત્યું અને ત્રણ હાર્યું હતુ. તેઓ ૧૬ પોઈન્ટ સાથે ચોથા ક્રમે હતા.

'ડહોળાયેલા વાતાવરણની અસર ખેલાડીઓના પરિવાર પણ થાય છે'

## સ્ટોકસે ઓસ્ટ્રેલિયાના બોલ ટેમ્પરિંગ વિવાદને વેગ આપ્યો : 'પારદર્શક તપાસ જરૂરી'

લંડન, તા. ૨૬

૨૦૧૮માં સાઉથ આફ્રિકાના પ્રવાસમાં થયેલા બોલ ટેમ્પરિંગ કાંડ બાદ ઓસ્ટ્રેલિયાના સ્ટીવ સ્મિથ, વોર્નર અને બેન્ક્રોફ્ટ પર પ્રતિબંધાત્મક સજા તેમના બોર્ડ દ્વારા થઈ હતી. આ વિવાદના આઠ વર્ષ બાદ ખ્વાજાએ તેનાં પુસ્તકમાં ધડાકો કર્યો કે, બોલ ટેમ્પરિંગ કાંડમાં ઓસ્ટ્રેલિયાની પુરી ટીમ તે કાંડમાં સામેલ હતી. ખ્વાજાના દાવાને વોર્નરે ખરો ગણાવ્યો હતો અને કમિન્સે મીડિયાને કહ્યું હતું કે 'હું તો બોલ ટેમ્પરિંગ થવાનું હતુ તેવી હકીકતથી અજાણ હતો.' હવે ઓસ્ટ્રેલિયાના અમુક તે અરસાના ક્રિકેટરો ખ્વાજાના દાવાને સાચો કહે છે અને અમુક કમિન્સની જેમ કહે છે કે 'અમને તો ખબર જ નહોતી.' ઓસ્ટ્રેલિયા બોર્ડ પણ હવે આ તપાસ અને પ્રકરણ ફરી ઉખેળવાના મૂડમાં નથી.વિવાદને વધુ વેગ આપતા ઈંગ્લેન્ડના અને મિત્રોને પણ ભોગવવી પડી રહી છે.

સ્ટોક્સના મતે, બોલ ટેમ્પરિંગ થયું હતુ તે હકીકત અંગે વિવાદ નથી. પરંતુ તેમાં કોણ-કોણ સામેલ હતું, ટીમના અન્ય



### ઓસ્ટ્રેલિયાની ટીમમાં જુથવાદ વકરી શકે છે : સ્ટોકસે ભય વ્યક્ત કર્યો

પૂર્વ કેપ્ટન સ્ટોક્સે કહ્યું છે કે 'આ પ્રકરણનો અંત લાવવો હોય તો તેની પાછળનું સંપૂર્ણ સત્ય બહાર આવવું જોઈએ.' જોકે, તેમણે આ સાથે એક મહત્ત્વનો માનવીય મુદ્દો પણ ઉઠાવ્યો છે કે મેદાન પર બનેલી ઘટનાની સજા માત્ર ખેલાડીઓ જ નહીં, પરંતુ તેમનાં પત્ની, બાળકો, પરિવારજનો સભ્યોને તેની જાણ હતી કે નહીં અને તે સમયે ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ આ ઘટનાની તપાસ કેટલી પારદર્શક રીતે કરી હતી, તેવા પ્રશ્નોના જવાબ હજુ મળ્યા નથી. સ્ટોકસે પોતાના પોડકાસ્ટમાં ઊમેર્યું કે, બે પક્ષો એકબીજાની વિપરિત દાવા કરી રહ્યા છે, ત્યારે ખરેખર સત્ય શું છે તે કદાચ ક્યારેય બહાર નહીં આવે તેવી પણ તેમને આશંકા છે. આવી પરિસ્થિતિને લીધે ટીમમાં જુથવાદ ઉભો થશે. કેટલાક ખેલાડીઓને તેમના બોર્ડ પર વિશ્વાસ નહીં રહે.' સ્ટોકસે એક મહત્વનો મુદ્દો પણ ઉમેર્યો હતો કે મીડિયા અને કેમેરામેન સતત ખેલાડીઓની અંગત પળો, કુટુંબ સાથેના જીવન અને તેઓ વચ્ચેની વાતચીત રેકોર્ડ કરવાનો પ્રયત્ન કરશે. તેઓનો પીછો થતો રહેશે. આથી જ બોર્ડ દ્વારા તપાસ પારદર્શક થવી જરૂરી છે જેથી બધાને શંકાની નજરે ન જોવાય.

## ઓલ ઈન્ડિયા પોલીસ બેડમિંટન-ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં ગુજરાતને ત્રણ મેડલ

અમદાવાદ : તાજેતરમાં અમદાવાદ ખાતે યોજાઈ ગયેલી ઓલ ઈન્ડિયા પોલીસ બેડમિંટન અને ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં ગુજરાતના પોલીસ અધિકારીઓએ બે ગોલ્ડ અને એક બ્રોન્ઝ મેડલ જીત્યા હતા. ગુજરાત ડીવાયએસપી મિની જોસેફ અને ડીવાયએસપી જીતેન્દ્ર યાદવે મિક્સ ડબલ્સ ૫૦+ કેટેગરીની બેડમિંટનની ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. જીતેન્દ્ર યાદવે હરિયાણા કેડરના ડીવાયએસપી વિપિન કાદિયાન સાથે મળીને ૪૦+ ની કેટેગરીની બેડમિંટનની ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. ગુજરાતના પોલીસ વડા જી.એસ. મલિક અને આંધ્રપ્રદેશના સ્વરુપા રાનીએ મિક્સ ડબલ્સ ટેબલ ટેનિસમાં ૫૫+ કેટેગરીમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

## આજે અમદાવાદમાં ઓલ ઈન્ડિયા ટેનિસ એસોસિએશનની ચૂંટણી, પણ પરિણામ જાહેર નહીં થાય

નવી દિલ્હી : ઓલ ઈન્ડિયા ટેનિસ એસોસિએશન (એઆઈટીએ)ની એક્ઝિક્યુટીવ કમિટિની ચૂંટણી આવતીકાલે તારીખ ૨૭મી નવેમ્બરને શુક્રવારે અમદાવાદમાં યોજાવાની છે. જોકે આ પહેલા દિલ્હી હાઈકોર્ટે ચૂંટણીનું પરિણામ જાહેર કરવા પર રોક લગાવી છે. દિલ્હી હાઈકોર્ટે જણાવ્યું છે કે, ચૂંટણીના પરિણામને આગામી સુનાવણી તારીખ ૧૪મી ડિસેમ્બરે ન યોજાય ત્યાં સુધી એક કવરમાં સીલ કરીને રાખવામાં આવે. કાર્યકારી ચીફ જસ્ટીસ નિતિન વાસુદેવ સામ્બ્રેની અધ્યક્ષતાવાળી બેન્ચે એ બાબત પણ સ્પષ્ટ કરી હતી કે, અમે વધુ આદેશો ન આપીએ ત્યાં સુધી એઆઈટીએ કોઈ નીતિગત કે પછી મહત્વના નાણાંકીય નિર્ણયો લઈ નહીં શકે.

## ચેમ્પિયન્સ લીગ : માંચેસ્ટર યુનાઈટેડ સામેની મેચ સ્પોર્ટિંગે ૨-૨થી ડ્રોમાં ખેંચી

### લિલેએ બાયર્નને આંચકો આપ્યો : બાર્સેલોના-લીવરપૂલની જીત

લિસ્બન : ગોલકિપર સેન લામ્મેન્સના છબરડાના કારણે માંચેસ્ટર યુનાઈટેડને સ્પોર્ટિંગ લિસ્બન સામેની ચેમ્પિયન્સ લીગની મેચ ૨-૨થી ડ્રો કરવી પડી હતી. આખરી ૧૦ મિનિટ બાકી હતી, ત્યારે યુનાઈટેડના ગોલકિપરે જમ્પ લગાવીને બોલ ઝીલ્યો હતો, પણ બોલ તેના હાથમાંથી સરકી ગયો હતો અને બાઉન્સ થયેલા બોલ પર લુઈસ સુઆરેઝે બાઈસિકલ કીકની મદદથી ગોલ ફટકારતા સ્કોર ૨-૨ થયા મેચ ડ્રો થઈ હતી. અગાઉ સુઆરેઝે (૩૩મી મિનિટે) લિસ્બનને સરસાઈ અપાવી હતી. જે પછી ફર્નાન્ડેઝે ૪૮મી અને ૫૦મી મિનિટે સ્કોર કરતાં યુનાઈટેડને લીડ અપાવી હતી. લામ્મેન્સે એક પેનલ્ટીને પણ અટકાવી હતી.



ડિફેન્ડિંગ ચેમ્પિયન પીએસજીની વિજયકૂચને અટકાવતા રોમાએ મેચ ૨-૨થી ડ્રો કરી હતી. લિલેએ ૨-૧થી બાયર્નને આંચકાજનક હાર આપી હતી. લીવરપૂલે ૩-૦થી ક્લબ બ્રુગ્ગાને અને બાર્સેલોનાએ ૪-૧થી સાબાહને મહાત આપી હતી.

સઈદ મોદી ઈન્ટરનેશનલ બેડમિંટન ટુર્નામેન્ટ

## ગુજરાતની તસ્નીમ સહિત ચાર ભારતીય મહિલા ખેલાડી ક્વાર્ટર ફાઈનલમાં

ગુજરાતની તસ્નીમ મીરની સાથે તન્વી શર્મા, અનમોલ ખરબ અને ઉન્નતિ હૂડાએ ઘરઆંગણે ચાલી રહેલી સઈદ મોદી ઈન્ટરનેશનલ બેડમિંટન ટુર્નામેન્ટ સુપર ૩૦૦ ટુર્નામેન્ટની ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ મેળવી લીધો હતો. જ્યારે તુષાર સુવીર મેન્સ સિંગલ્સની ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશનારો એકમાત્ર ભારતીય બન્યો હતો.



લખનઉમાં બાબુ બનારસી દાસ ઈન્ડોર સ્ટેડિયમમાં ચાલી રહેલી ટુર્નામેન્ટમાં તસ્નીમે સ્કોટલેન્ડની જુલ્મોરને ૨૧-૧૯, ૨૧-૧૫થી અને તન્વી શર્માએ ઈન્ડોનેશિયાની પુષ્પિતાસારીને ૧૮-૨૧, ૨૧-૧૮, ૨૧-૧૮થી મહાત આપી હતી. અનમોલે ભારતની અસ્મિતા ચાહિલાને ૨૧-૧૬, ૨૧-૧૫થી અને ઉન્નતીએ અમેરિકાની જયસ્વાલને ૨૧-૧૪, ૨૧-૧૮થી પરાજીત કરી હતી. તુષાર સુવીરે ભારતના જ શાશ્વત દલાલને ૨૧-૧૪, ૨૧-૧૧થી હરાવ્યો હતો.

## સિનરને ઘુંટણમાં ઓપરેશન કરાવવું પડ્યું ઓસ્ટ્રેલિયન ઓપનમાં ભાગ નહીં લે

જુલાઈમાં રમાયેલી વિમ્બલડન ચેમ્પિયનશિપ બાદ સિનર એક પણ મેચ રમ્યો નથી

ટુરિન : ભૂતપૂર્વ વર્લ્ડ નંબર વન ઈટાલીયન ખેલાડી આવતા વર્ષના પ્રારંભમાં યોજાનારી ઓસ્ટ્રેલિયન ઓપન ગ્રાન્ડ સ્લેમમા ભાગ લેશે કે નહીં તે અંગે અનિશ્ચિતતાનું વાતાવર

## સાઉદીનું શાનદાર રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર



આ તસવીર સાઉદી અરેબિયાની રાજધાની રિયાધની છે. જેમાં, રિયાધના ખૂબ જ સુંદર રીતે ડિઝાઈન કરેલા રસ્તાઓ જોઈ શકાય છે. આપણે વિકાસની કંઈક અલગ જ પરિભાષા કરી છે. કદાચ તેના કારણે જ આ પ્રકારના સુંદર રીતે ડિઝાઈન કરેલા રસ્તાઓ નથી જોવા મળતા. જે પ્રકારે ટુ-વ્હીલર્સ અને ફોર વ્હીલર્સ વધી રહ્યા છે તેને જોતા આપણે રસ્તા બનાવવા નહીં યોગ્ય ડિઝાઈન કરવા પડશે. બાકી, ઘણાની જિંદગીનો અડધો સમય ટ્રાફિકજામમાં વિતશે.

# ઈજીપ્તમાં તેલ ભરેલી ટ્રક પલટી જતા પ્રચંડ વિસ્ફોટ : ૩૧નાં મોત, ૧૫ ઘાયલ

કેરો, તા. ૨૬

**ઈજીપ્તના વિશ્વ વિખ્યાત ગીઝા પિરામીડના ગીઝા પ્રાંતના મુખ્ય શહેર ગીઝામાં તેલ ભરેલો ટ્રક રોડ પરનાં ડીવાઈડર સાથે અથડાઈ પલ્ટી ખાઈ જતાં ટ્રક આગના ગોળામાં પલટાઈ ગયો હતો અને રસ્તા ઉપર પથરાયેલું તેલ પણ સળગી ઊઠતાં સમગ્ર વિસ્તારમાં અગ્નિકાંડ ફેલાઈ રહ્યો હતો. આથી રોડની બંને બાજુએ રહેલા મકાનો સુધી આગની જ્વાળાઓ લપકી હતી પરંતુ સદ્‌ભાગ્યે કોઈ મકાનને આગ લાગી ન હતી.**

## વિશ્વ વિખ્યાત ગીઝા પિરામીડનાં શહેર ગીઝામાં થયેલા ભીષણ અકસ્માતથી રોડની બંને બાજુનાં મકાનો સુધી જ્વાળાઓ પહોંચી

આ વ્યાપક અગનજ્વાળાઓને લીધે ૩૧નાં મૃત્યુ થયાં હતાં. ૧૫થી વધુને ભારેદાહ થયા હતા. દાઝેલાઓને તુર્ત જ હોસ્પિટલોમાં સારવાર માટે લઈ જવાયા હતા. અકસ્માતની જાણ થતાં અને અગનજ્વાળાઓ નજરે જોનારાએ કહ્યું હતું કે, ટેન્કરનો ડ્રાઈવર બેધ્યાન રહ્યો હશે તેથી જ આ ઘટના બની હશે. ડ્રાઈવર કે તેનો સાથી પણ અગનજવાળાને લીધે મૃત્યુ પામ્યો હતો.

ઘટનાનો વિડીયો ફૂટેજ દર્શાવે છે કે ગાઢ-વસ્તીવાળા અલ-બાર્રાક વિસ્તારમાં ઉપર આગની જ્વાળાઓ અને ધૂમાડાના ગોટાઓ દેખાતા હતા.

આ દુર્ઘટના અંગે ઈજીપ્તનાં આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે પ્રાથમિક આંકડા પ્રમાણે મૃતકોની સંખ્યા ૩૧ હોવાનું જાણવા મળ્યું છે. પરંતુ વાસ્તવમાં તે સંખ્યા વધવાની પૂરી આશંકા છે. તકલીફ તે છે કે શબ એટલી બધી બળેલી હાલતમાં છે કે તેમને ઓળખવા મુશ્કેલ છે. તે માટે તેમનું ડીએનએ પરીક્ષણ કરવામાં આવશે.

આ દુર્ઘટના પછી તુર્ત જ લાઈબંબા ત્યાં પહોંચી ગયા હતા અને આગ બુઝાવવામાં કાર્યરત થઈ ગયા હતા. દાઝેલાઓને આપાતકાલીન ચિકિત્સા દળોએ હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. તે માટે ડઝનબંધ એમ્બ્યુલન્સો પણ કામે લગાડાઈ હતી. નિરીક્ષકો જણાવે છે કે ઈજીપ્તમાં માર્ગ અકસ્માતો ગંભીર સમસ્યા સમાન બની ગયા છે. ગત વર્ષે દેશમાં માર્ગ અકસ્માતમાં ૬૦૦૦નાં મૃત્યુ થયા હતા. આ વર્ષે ઓગસ્ટમાં ઉત્તર ઈજીપ્તમાં બે પિકઅપ વાન વચ્ચે થયેલી અથડામણમાં ૧૮ના મૃત્યુ થયા હતા. મૃતકોમાં ઘણા યુવાન કામદારો હતા. સરકાર હવે માર્ગો સુધારે છે. અકસ્માત નિવારવા વાહનોની ગતિ ઉપર સખત મર્યાદા મુકી છે.

## પશ્ચિમ એશિયામાં ફરી પાછી તંગદિલી

# ભારે વિરોધ વચ્ચે કુર્દો પાસેથી ઈરાકે ઓઈલ ફિલ્ડ છીનવ્યા

ઈરબિલ(ઈરાક),તા.૨૬

ઈરાકના અર્ધસ્વાયત્ત પ્રાંત ઉત્તર કુર્દિસ્તાનની રાજધાની ઈરબિલમાં હજારો કુર્દિશ દેખાવકારો એકઠા થયા હતા અને ફેડરલ ગવર્નમેન્ટે ઓઈલ સેક્ટરની કામગીરી અને બોર્ડર ક્રોસિસંગ પોતાના હાથમાં લઈ લીધુ તેનો વિરોધ કર્યો હતો. અગાઉ તેનું સંચાલન કુર્દિશ સત્તાવાળા કરતા હતા. આગામી દિવસોમાં કુર્દિશોનો વિરોધ વધુ તીવ્ર બની શકે છે. આ બનાવના પગલે આગામી દિવસોમાં ઈરાકમાં ગૃહયુદ્ધ ફાટી નીકળે તેવી સંભાવના છે.

## ઈરાકના ઈરબિલમાં હજારો લોકો રસ્તા પર ઉતરતા ગૃહયુદ્ધ ફાટી નીકળે તેવી વકી

ઈરાકના વડાપ્રધાન અલી અલ-ઝૈદીએ મંગળવારે જણાવ્યું હતું કે ઓઈલની દાણચોરી રોકવા માટે ફેડરલ ગવર્નમેન્ટે આ પગલું લીધું છે. આ નિર્ણયના પગલે ઈરાકની સેન્ટ્રલ ગવર્નમેન્ટ અને કુર્દિશ સત્તાવાળાઓ વચ્ચે લાંબા સમયથી ચાલતા સત્તા સંઘર્ષમાં સ્થિતિ વધુ વણસી છે. શાસક અને વિપક્ષ બંને પ્રકારની કુર્દિશ પાર્ટીઓએ ભેગા થઈને બગદાદના આ નિર્ણયનો વિરોધ કર્યો છે.

આ વર્ષે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના સમર્થનથી સત્તા સંભાળનારા અલ ઝૈદી કેટલાય મોરચે તેમની સત્તા સ્થાપવા પ્રયત્નશીલ છે. તેમા ગયા સપ્તાહે લાંબા સમયથી ઈરાન સમર્થિત શક્તિશાળી આતંકીઓના જૂથના વિસ્તારમાં લશ્કરી દળો મોકલવાનો સમાવેશ થાય છે. ફેડરલ ઓઈલ મંત્રાલયના નેજા હેઠળ બધી ઓઈલ નિકાસને મંજૂરી આપવાનો નિર્ણય લેવાયો છે. તેની સાથે બોર્ડર ક્રોસિંગ્સ પર પણ ઈરાકી સરકારના હવાલે કરી દેવાનો નિર્ણય લેવાયા છે. તેના પગલે દિયલા, કિરકુક, સલાહુદ્દિન અને નિનેવેહ પ્રાંતના ઓઈલ ફિલ્ડનું મેનેજમેન્ટ પણ ઈરાકી સરકાર પાસે જતું રહેશે. ઈરાકની સુપ્રીમ કોર્ટે પણ આ નિર્ણય યોગ્ય ઠેરવ્યો છે.

### નેટફ્લિક્સ પાક. શો ભારતમાં ન બતાવે : કેન્દ્રનો આદેશ

નવી દિલ્હી, તા.૨૬

માહિતી અને પ્રસારણ મંત્રાલયને નેટફ્લિક્સના પ્રથમ પાકિસ્તાની શો જો બચે હૈ સંગ સમેટ લોને ભારતમાં પ્રસારિત કરવા સામે ફરિયાદો મળી છે. તેના પગલે મંત્રાલયે નેટફ્લિક્સને જણાવ્યું છે કે તેઓ પાકિસ્તાનના કન્ટેન્ટ ધરાવતા શોનું પ્રસારણ ભારતમાં ન થાય તે સુનિશ્ચિત કરે. મંગળવારે આ શોનું ટ્રેલર પ્રસારિત થયું હતું, પરંતુ નેટફ્લિક્સે ચોથી ડિસેમ્બરે રજૂ થનારો આ શો ભારતમાં પ્રસારિત થશે કે નહી તે અંગે કશું જણાવ્યુ નથી કે આ શો ફક્ત પાકિસ્તાન કે બીજા દેશોમાં જ જારી કરવામાં આવશે તેમ પણ જણાવ્યું નથી. ભારતમાં સ્ત્રિને વર્કર્સના બે એકમોએ પીએમ મોદીને પત્ર લખીને તેના પર પ્રતિબંધ મૂકવાની માંગ કરી છે.

## કેલિફોર્નિયા : અલ નીનો, કિંગ ટાઈડ્સનો કહેર



કેલિફોર્નિયાના દરિયાકાંઠે કિંગ ટાઈડ્સ અને અલ નીનોની અસરના કારણે દરિયાઈ પૂરનું જોખમ વધી ગયું છે. દરિયામાં પાણીનું સ્તર સામાન્ય કરતાં ઘણું ઊંચું જતાં અનેક દરિયાકાંઠાના વિસ્તારોમાં રસ્તાઓ, ઘરો અને દુકાનોમાં પાણી ઘૂસી ગયાં છે. પેસિફિકા શહેરમાં વિશાળ મોજાંના કારણે ૩૫૦ મીટર લાંબા પિયરના એક ભાગને નુકસાન થયું હતું અને તેનો કેટલોક હિસ્સો દરિયામાં તૂટી પડ્યો હતો. મિલ વેલી, લાર્કસ્પર, સાઉસાલિટો અને કોર્ટે મેડેરા સહિતના વિસ્તારોમાં પણ પાણી ભરાવાની ઘટનાઓ નોંધાઈ હતી. હમ્બોલ્ટ કાઉન્ટીના દરિયાકાંઠાના વિસ્તારમાં મોટા ભાગની બિલ્ડિંગોમાં પાણી ભરાતાં સ્થાનિક સત્તાવાળાઓએ લોકોને સ્થળાંતર કરવાની સૂચના આપી હતી.

### સાઉદીની સૌથી

(૧૫મા પાનાનું ચાલુ)

**હુથી બળવાખોરોના પ્રવક્તા યાહ્યા સારીએ જણાવ્યું હતું કે, વિશ્વના સૌથી મોટા ફ્લોટ ઓઈલ નિકાસ ટર્મિનલ્સમાંની એક રાસ તનુરા સુવિધામાં અમારો હુમલો એટલો સચોટ હતો કે તેમાં ભયાનક આગ લાગી હતી. દરિયાકાંઠે આવેલા આ ટર્મિનલમાંથી ધુમાડાના ગોટા સેટેલાઈટ ઈમેજમાં કેદ થયા હતા. આ હુમલા બાદ ટર્મિનલ પરથી ઓઈલનું લોડિંગ રદ કરી દેવાયું હતું. અહીં કામકાજ ક્યારથી શરૂ થશે તે અંગે કોઈ સ્પષ્ટતા કરાઈ નથી. આથી, ઓઈલ પૂરવઠો ખોરવાઈ જવાની આશંકા છે.**

બીજીબાજુ ઈઝરાયેલે ગાઝામાં હુમલો કરતાં આઠ પેલેસ્ટાઈનવાસીનાં મોત નીપજ્યાં હતા તેમ સાફિયા હોસ્પિટલના અધિકારીઓએ જણાવ્યું હતું. ઈઝરાયેલે મધ્ય ગાઝામાં ડેર અલ-બલાહ શહેરમાં એક રહેણાંક એપાર્ટમેન્ટ પર હુમલો કર્યો હતો. આ હુમલામાં હમાસનો આતંકી ખાલેદ અબુ નાડા માર્યો ગયો હોવાનો ઈઝરાયેલે દાવો કર્યો હતો. ગાઝા શહેરમાં અન્ય બે હુમલામાં ત્રણ લોકો માર્યા ગયા હતા તેમ હોસ્પિટલના સૂત્રોએ જણાવ્યું હતું.

### જેન્સેન પછી

(૧૫મા પાનાનું ચાલુ)

ઓફિસર હતી. તેણે તેના કારણે સતત જય પુરી સાથે સંપર્કમાં આવવાનું થતું હતું. શોર્ટ સેલિંગ ફર્મ મડી વોટર રિસર્ચે સુપર માઈક્રો સામે ફાઈલ કરેલી અરજીના પગલે બંનેના સંબંધો પ્રકાશમાં આવ્યા હતા. આ ફર્મનો આરોપ છે કે ચેને જય પુરી સાથે તેના ગાઢ સંબંધો હતા ત્યારે જ એનવિડિયાના જીપીયુનું એક્વિઝિશન કર્યુ હતુ અને તેનું ગ્રાહકોમાં વિતરણ કર્યુ હતુ.એનવિડિયા પાવર્ડ સર્વર ચીન તરફ વાળવામાં આવ્યા હોવાની અમેરિકન તપાસના પગલે ચેન તરફ આંગળી ચીંધાઈ છે. સુપર માઈક્રો કમ્પ્યુટરના સહસ્થાપક યિહ-શિયાન વેલી લિયાઉ પર એનવિડિયાના ૫૧ કરોડના સર્વર ચીનમાં ડાઈવર્ટ કરવાનો આરોપ છે. જો કે ચેન અને સુપર માઈક્રો બંનેએ તેમના પરના આરોપ નકાર્યા છે.

### જંક ફૂડના

(૧૫મા પાનાનું ચાલુ)

હોય તો લેબલમાં તેવું સ્પષ્ટ રીતે લખેલુ હોવું જોઈએ તેવુ બેન્ચે કહ્યું હતું. પોષક તત્વોની નિર્ધારિત મર્યાદા નક્કી કરતી વખતે ઉમેરેલી ખાંડ અને ઉમેરેલી ચરબીના સ્થાને કુલ ખાંડ અને સંતૃપ્ત ચરબી (સેચ્યુરેટેડ ફેટ)ને ધ્યાનમાં લેવું જોઈએ. વૈજ્ઞાનિક પુરાવાઓના આધાર પર દરેક પોષક તત્વની મર્યાદાસ્તરને ફરી નિર્ધારિત કરવા બેન્ચે એફએસએસએઆઈને નિર્દેશ આપ્યા છે. આ મર્યાદા ન તો ઘણી ઓછી અથવા ન તો ઘણી વધુ હોવી જોઈએ તેવું કોર્ટે કહ્યું હતું.

જો મર્યાદા સ્તર ઓછું રાખવામાં આવે તો તમામ પેકેઝડ ખાદ્ય ઉત્પાદનો પર ચેતવણી લેબલો લગાવવા પડશે અને ગ્રાહકો ચેતવણીઓને હળવાશથી લેવાનું શરૂ કરશે તેવું બેન્ચે કહ્યું હતું. જો મર્યાદાસ્તર વધુ રાખવામાં આવે તો મોટા ભાગના ખાદ્યઉત્પાદનોમાં ચેતવણી લેબલ લગાવવું નહીં પડશે અને ગ્રાહકો અજાણતા સેચ્યુરેટેડ ફેટ, ખાંડ અને મીઠાનું વધુ પ્રમાણ ખાશે જે તેમને માટે જોખમી સાબિત થઈ શકે છે. પેકેજની મુખ્ય ડિસ્પ્લે પેનલમાં હેકસાગોનનું કદ એટલું હોવું જોઈએ જે પેનલના ચારથી પાંચ ટકા હિસ્સાને આવરી લેશે તેવું બેન્ચે કહ્યું હતું.

એફએસએસએઆઈએ દરેક પટકોણની અંદર લિખિત શબ્દોની ફોન્ટસાઈઝ પણ નક્કી કરવી પડશે જેથી ચિત્ર અને ચેતવણી બંને ગ્રાહકને સ્પષ્ટ રીતે દેખાશે તેવું બેન્ચે કહ્યું હતું. ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ (લેબલિંગ એન્ડ ડિસ્પ્લે) રેગ્યુલેશન્સ, ૨૦૨૦ સહિત હાલના નિયમોનું વધુ કડકાઈથી અમલ કરવાનો બેન્ચે કેન્દ્ર સરકારને નિર્દેશ આપ્યા હતા. પેકેજડ ખાદ્યાન્નો પર ન્યુટ્રીશન લેબલિંગનો ફરજિયાત અમલ કરાવવા કેન્દ્ર રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને નિર્દેશ આપવા જાહેર ધર્માદા ટ્રસ્ટ 'ઉએસ એન્ડ અવર હેલ્થ સોસાયટી'એ કરેલી પીટિશન અંગે સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો હતો. આ મામલામાં કોર્ટે ૨૮મી સપ્ટેમ્બરે પોતાનો ચુકાદો સુરક્ષિત રાખ્યો હતો.

એફએસએસએઆઈએ નિયમોને જાહેર કરવા અંગે ૩૬૫ દિવસ (એક વર્ષ)નો સ્વૈચ્છિક અમલ સમયગાળાની દરખાસ્ત રજૂ કરી છે. ડ્રાફ્ટ નિયમોને તૈયાર કરવા અને અંતિમ રૂપ આપવા એફએસએસએઆઈએ ચાર સપ્તાહનો સમય માગ્યો હતો.

કોર્ટે કહ્યું હતું કે વધુ સમય આપવામાં નહીં આવે અને નિયમોનું અનુપાલન નહીં કરતા ઉત્પાદકો સામે કાયદા અનુસાર કડકાઈથી પગલાં ભરવા તેવા નિર્દેશ કોર્ટે આપ્યા હતા. ૧૦ સપ્તાહ પછી વધુ સુનાવણી હાથ ધરાશે તેવું બેન્ચે કહ્યું હતું. શાળાઓના અભ્યાક્રમમાં બદલાવ કરીને પૌષ્ટિક અને બિનઆરોગ્યપ્રદ ભોજન વચ્ચેનો તફાવત બાળકો સમજી શકે તેવી શિક્ષણપદ્ધતિ દાખલ કરવા કોર્ટે નિર્દેશ આપ્યા હતા.

### ટાટા સન્સના

(૧૫મા પાનાનું ચાલુ)

જ્યારે અંધકાર પર પ્રકાશનો વિજય થાય છે, ત્યારે હું નમ્રતાપૂર્વક તમારૂ ધ્યાન એવા મુદ્દા પર દોરવા માગું છું, જેમાં ન્યાય અને ધર્મના આધારે તમારા હસ્તક્ષેપની જરૂર છે. આ મુદ્દો ટાટા સન્સના લાંબા સમયથી ચાલી રહેલા ગતિરોધનો છે.''

મિસ્ત્રીએ ટાટા ટ્રસ્ટ્સ પર ટાટા સન્સને 'સત્તા અને વ્યક્તિગત હિત માટે બાનમાં રાખવાનો' આરોપ મૂક્યો હતો. તેમણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે, આરબીઆઈના નિયમોના કથિત ઉલ્લંઘન અને લિસ્ટિંગની સમયમર્યાદા ચૂકી જવાને કારણે 'અધર્મની પરાકાષ્ઠા' આવી ગઈ છે. તેમણે ૧૨, જૂન, ૨૦૨૬ના રોજ ફરી એક વખત વડાપ્રધાનને પત્ર લખ્યો હતો. જો કે, આરબીઆઈએ મિન્ટને બીજા પત્રનું માત્ર કવર લેટર જ આપ્યું હતું. બિઝનેસની ગોપનીયતા સંબંધિત જોગવાઈઓ હેઠળ આરટીઆઈ કાયદાની કલમ ૮(૧)(ડી)નો ઉલ્લેખ કરીને પત્રની વિગતો જાહેર કરવાનો ઈન્કાર કર્યો હતો.મિન્ટને મળેલા દસ્તાવેજોમાં એવો કોઈ સંકેત નથી કે વડાપ્રધાન કાર્યાલયે મિસ્ત્રીની રજૂઆતોનો જવાબ આપ્યો હોય અથવા તેમને મુલાકાત માટે સમય આપ્યો હોય. ઓક્ટોબર ૨૦૨૫નો પત્ર નાણા મંત્રાલયના ફાઈનાન્શિયલ સર્વિસિઝ ડિપાર્ટમેન્ટને મોકલવામાં આવ્યો હતો. આ ડિપાર્ટમેન્ટે આરબીઆઈના ડેપ્યુટી ગવર્નર શિરીષ ચંદ્ર મુર્મુ અને સ્વામીનાથન જે. ના અભિપ્રાય માગ્યા હતા. જૂન ૨૦૨૬માં કરવામાં આવેલી રજૂઆત પણ આ ડિપાર્ટમેન્ટ મારફતે આરબીઆઈ સુધી પહોંચાડવામાં આવી હતી.

આરટીઆઈના જવાબમાં સપ્ટેમ્બર ૨૦૨૨થી ઓક્ટોબર ૨૦૨૬ દરમિયાન આરબીઆઈના વરિષ્ઠ અધિકારીઓ અને ટાટા ગ્રુપના પ્રતિનિધિઓ વચ્ચે યોજાયેલી ૧૬ મીટિંગોની વિગતો પણ આપવામાં આવી છે. ટાટા સન્સના ચેરમેન એન. ચંદ્રશેખરન આરબીઆઈના ભૂતપૂર્વ ગવર્નર શક્તિકાંત દાસને નવ વખત મળ્યા હતા. આ મીટિંગોમાં માર્ચ ૨૦૨૪માં બે મીટિંગોના પણ સમાવેશ થાય છે. આ મીટિંગોના થોડા સમય અગાઉ જ કંપનીએ પોતાનું કોર ઈન્વેસ્ટમેન્ટ કંપની (સીઆઈસી)નું રજીસ્ટ્રેશન સરેન્ડર કરવા માટે અરજી કરી હતી. તેમણે માર્ચ ૨૦૨૫માં આરબીઆઈના વર્તમાન ગવર્નર સંજય મલ્હોત્રા સાથે પણ મુલાકાત કરી હતી.

નોએલ ટાટાએ ૯, ઓક્ટોબર ૨૦૨૪ના રોજ શક્તિકાંત દાસ સાથે મુલાકાત કરી હતી. આ એજ દિવસ હતો, જ્યારે રતન ટાટાનું અવસાન થયું હતું. ત્યાર બાદ તેમણે ૨૯, એપ્રિલ ૨૦૨૬ના રોજ સંજય મલ્હોત્રા સાથે પણ મુલાકાત કરી હતી. ડેપ્યુટી ગવર્નર મુર્મુએ આ વર્ષે ટાટા ગ્રુપના કંપની સેક્રેટરી સુપ્રકાશ મુખોપાધ્યાય સાથે ચાર વખત મુલાકાત કરી હતી. જેમાં ૨૮, ઓક્ટોબરની મીટિંગનો પણ સમાવેશ થાય છે. આ મીટિંગ ટાટા સન્સ દ્વારા નિયમનકારી માર્ગદર્શન માંગવામાં આવ્યા બાદ અને લિસ્ટિંગ અંગે આરબીઆઈના તાજેતરના પત્ર પહેલા યોજાઈ હતી. આ મીટિંગોની સંખ્યા દર્શાવે છે કે, ટાટા ગ્રુપે પબ્લિક શેર ઓફરિંગ ટાળવાનો પ્રયાસ કર્યો તે દરમિયાન આરબીઆઈ સાથે સતત સંપર્ક જાળવી રાખ્યો હતો. જો કે, આ ખુલાસાઓથી એ સાબિત થતું નથી કે આ મીટિંગોના કારણે આરબીઆઈના નિર્ણયોને કોઈ અસર થઈ હતી.

નિયમનકારી વિવાદની શરૂઆત સપ્ટેમ્બર ૨૦૨૨માં થઈ હતી. તે સમયે આરબીઆઈએ ટાટા સન્સને અપર-લેયર નોન-બેંકિંગ ફાઈનાન્શિયલ કંપની (એનબીએફસી-યુએલ) તરીકે વર્ગીકૃત કરી હતી. આ વર્ગીકરણને કારણે કંપની વધુ કડક નિયમનકારી માળખા હેઠળ આવી હતી. આ નિયમો મુજબ, અપર-લેયર તરીકે ઓળખાયેલી આવી કંપનીઓએ વર્ગીકરણ થયાના ત્રણ વર્ષની અંદર પોતાના શેરનું લિસ્ટિંગ કરાવવું જરૂરી છે. આ માટેની મૂળ સમયમર્યાદા ૩૦, સપ્ટેમ્બર ૨૦૨૫ હતી. આ નિયમમાંથી બચવા માટે ટાટા સન્સે રૂ.૨૧,૦૦૦ કરોડથી વધુનું દેવું ચૂકવી દીધું હતું અને માર્ચ ૨૦૨૪માં પોતાનું કોર ઈન્વેસ્ટમેન્ટ કંપની તરીકેનું રજીસ્ટ્રેશન રદ કરવાની અરજી કરી હતી. કંપનીનો દાવો હતો કે, તે એવા નિયમનકારી વર્ગીકરણ હેઠળ આવતી નથી. જેના કારણે ફરજિયાત લિસ્ટિંગ કરાવવું પડે.

આ આરજી લગભગ ૨૯ મહિના સુધી પડતર રહી હતી. આખરે આરબીઆઈએ ૧૧, સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ આ આરજી ફગાવી દીધી હતી. જો કે, તેના કારણો અંગે જાહેરમાં કોઈ વિગતવાર સ્પષ્ટતા કરવામાં આવી નહોતી. ૩૧, માર્ચ ૨૦૨૬ સુધીમાં ટાટા સન્સની કુલ સંપત્તિ આશરે રૂ.૨.૦૧ લાખ કરોડ હતી, જે સુધારેલા નિયમનકારી માળખા હેઠળ નક્કી કરાયેલી રૂ.૧ લાખ કરોડની મર્યાદા કરતાં નોંધપાત્ર રીતે વધારે છે. જૂન ૨૦૨૬માં આરબીઆઈએ અપર-લેયર એનબીએફસીની ઓળખ કરવા માટે અગાઉની સ્કોરિંગ આધારિત પદ્ધતિને બદલીને સંપત્તિના કદ પર આધારિત નવી મર્યાદા નક્કી કરી હતી.

આરબીઆઈએ ૧૬, નવેમ્બર ૨૦૨૬ના રોજ ટાટા સન્સના ચીફ ફાઈનાન્શિયલ ઓફિસર સૌરભ અગ્રવાલને મોકલેલા પત્રમાં પોતાનું વલણ વધુ સ્પષ્ટ કર્યું હતું. આ પત્રમાં કંપનીને લિસ્ટિંગની જરૂરિયાત સહિત લાગુ પડતાં તમામ નિયમોનું પાલન કરવાની સલાહ આપવામાં આવી હતી. આ પત્ર ૬, ઓક્ટોબરે ટાટા સન્સ દ્વારા નિયમનકારી માર્ગદર્શન માગવામાં આવ્યા બાદ મોકલવામાં આવ્યો હતો. આરબીઆઈના આ તાજેતરના પત્રને કારણે ટાટા સન્સ માટે હાલના નિયમનકારી દલીલોના આધારે લિસ્ટિંગનો વિરોધ ચાલુ રાખવાની શક્યતાઓ ઘણી મર્યાદિત થઈ ગઈ છે. નિયમનકારી દબાણની સાથે નોએલ ટાટા અને ટાટા સન્સના બોર્ડના બહુમતી મેમ્બરો વચ્ચેનો સંઘર્ષ પણ વધતો ગયો છે.

આ મતભેદો વચ્ચે ૨૬, નવેમ્બરે યોજાનારી બોર્ડ મીટિંગને નોએલ ટાટાએ નોટિસ પિરિયડ અને એજન્ડાના દસ્તાવેજો મોકલવાની પ્રક્રિયા અંગે વાંધો ઉઠાવ્યા બાદ ૩૦, નવેમ્બર સુધી મુલત્તવી રાખવામાં આવી હતી. બોર્ડની આ મીટિંગમાં લિસ્ટિંગનો મુદ્દો, સૂચિત પુનર્ગઠન અને ચંદ્રશેખરનની પુનઃનિયુક્તિની અસરો અંગે ફરી ચર્ચા થવાની શક્યતા છે. ટાટા ટ્રસ્ટ્સ, જે વિવિધ ચેરિટેબલ ટ્રસ્ટ્સનો સમૂહ છે, તેની પાસે ટાટા સન્સનો આશરે ૬૫.૯ ટકા હિસ્સો છે, જ્યારે એસપી ગ્રુપ સૌથી મોટો લઘુમત્તી શેરહોલ્ડર છે. બાકીના શેરો મોટાભાગે ટાટા ગ્રુપની કંપનીઓ અને બીજા શેરહોલ્ડરો પાસે છે.

## ઈડીએ પીએમએલએ હેઠળ કરેલ કાર્યવાહી

# ગુરુગ્રામનાં વાટિકા ગ્રુપની ૫૪૫ કરોડની સંપત્તિ ટાંચમાં

(પીટીઆઈ) નવી દિલ્હી, તા. ૨૬

**ઘર ખરીદનારાઓ સાથે છેતરપિંડીથી જોડાયેલ મની લોન્ડરિંગ કેસમાં ગુરુગ્રામની રિયલ એસ્ટેટ કંપની વાટિકા ગ્રુપનાં એક પ્રમોટરની ૫૪૫ કરોડ રૂપિયાથી વધુની સંપત્તિ ટાંચમાં લેવામાં આવી છે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ એક નિવેદનમાં જણાવ્યું છે.**

### ઈડીએ સપ્ટેમ્બરમાં અનિલ ભલ્લા અને કંપનીનાં અન્ય પ્રમોટર ગૌતમ ભલ્લાની ધરપકડ કરી હતી

ટાંચમાં લેવામાં આવેલ સંપત્તિમાં દક્ષિણ દિલ્હીમાં સ્થિત એક ફાર્મ હાઉસ પણ સામેલ છે. આ સંપત્તિઓ વાટિકા ગ્રુપનાં ચેરમેન કમ મેનેજિંગ ડાયરેક્ટર અનિલ ભલ્લા, તેમના પત્ની કંચન ભલ્લા, અનિલ ભલ્લા ફેમિલી ટ્રસ્ટ-૧, કંચન ભલ્લા ફેમિલી ટ્રસ્ટ અને ગ્રુપની અન્ય કંપનીઓની છે.

પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) હેઠળ જારી કરવામાં આવેલ પ્રોવિઝનલ અટેચમેન્ટ ઓર્ડર હેઠળ દિલ્હીનાં મહરૌલી વિસ્તારનાં સુલતાનપુર ફાર્મ્સમાં કંચન ભલ્લાનું પણ એક ફાર્મ ટાંચમાં લેવામાં આવ્યું છે.

કેન્દ્રીય એજન્સીએ એક નિવેદનમાં જણાવ્યું છે કે ટાંચમાં લેવામાં આવેલ કુલ સંપત્તિનું મૂલ્ય ૫૪૫.૦૬ કરોડ રૂપિયા આંકવામાં આવ્યું છે.

### જમ્મુ કાશ્મીરમા ૧૩ કેસમા વોન્ટેડ આતંકવાદી બે દાયકાબાદ ઝડપાયો

(પીટીઆઈ) જમ્મુ, તા. ૨૬

જમ્મુ કાશ્મીર પોલીસે ગુરૂવારે ભૂતપૂર્વ આતંકવાદીની ધરપકડ કરી છે. જે એક સ્પેશ્યલ પોલીસ ઓફિસરની હત્યા સહિત ૧૩ ગુનાહિત કેસોમાં બે દાયકા કરતા વધુ સમયથી ફરાર હતો. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે રિયાસી પોલીસની એક વિશેષ ટીમે સ્થાનિક પોલીસની મદદથી અવંતિપોર જિલ્લાના ત્રાલ વિસ્તારમાંથી તેની ધરપકડ કરી છે. આરોપીની ઓળખ રિયાસી જિલ્લાના થુરુ લસોલીના રહેવાસી મોહમ્મદ મનશા તરીકે થઈ છે. મનશા વર્ષ ૨૦૦૦ માં માહોર પોલીસ સ્ટેશનમાં આરપીસી અને હથિયાર કાયદા હેઠળ વોન્ટેડ હતો. આ ઘટનામા જમ્મુ કાશ્મીરના એક એસઓપીની હત્યા કેસમાં વોન્ટેડ હતો. પોલીસે જણાવ્યું હતું કે મનશા વર્ષ ૨૦૦૦ થી ૨૦૦૭ સુધી સક્રિય આતંકવાદી હતો. ૨૦૦૭મા તેણે સુરક્ષાદળો સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું.

## દોઢ લાખની સંખ્યા ધરાવતા ડિવિઝનના એચ-૧બી અને ગ્રીન કાર્ડ કર્મચારીઓ માટે ૩૧ ડિસેમ્બર ૨૦૨૬ અંતિમ તારીખ

### એચ-૧ બી

(૧૫મા પાનાનું ચાલુ)

આગળ વધવું પડી શકે છે.

તાજેતરની આઈબીએમની કેરિયર વેકેન્સીની પોસ્ટ બતાવતી હતી કે અમેરિકાની બહાર ૧,૨૭૮ કન્સલ્ટિંગ વેકેન્સી છે. આમાની ૧,૧૨૫ ભારતમાં છે, ૨૩ સિંગાપોરમાં છે અને બાકીની ૧૮ યુકેમાં છે. કંપનીએ આ ઉપરાંત અમેરિકામાં ૯૯ કન્સલ્ટિંગની જોબ ઓપન કરી છે. આના લીધે કેટલાક અને તેમા પમ મુખ્યત્વે ભારતીયોને ભારત પરત ફરીને અમેરિકન કંપનીમાં જોબ ચાલુ રાખવાની તક મળી શકે છે. પણ બધા માટે તે શક્ય નથી. કંપનીએ પોતે જ જણાવ્યું નથી કે કેટલા કર્મચારીઓ અમેરિકાની બહાર આઈબીએમમાં કારકિર્દી ઈચ્છી રહ્યા છે. આ ઉપરાંત વિદેશમાં ઉપલબ્ધ જોબ્સ તેમની વર્તમાન ભૂમિકા અને વળતરને અનુરુપ હશે.

## બ્રિટિશ સરકારે લીધેલા આકરાં પગલાંના કારણે ઈમિગ્રેશનમાં ૯૨ ટકા સુધીનો ઘટાડો કરવો શક્ય બન્યોઃ શબાના મહેમૂદ

### યુકે છોડનારા

(૧૫મા પાનાનું ચાલુ)

જો કે આજે પણ યુકેના ઈમિગ્રેશનમાં ભારતીયો ૭૭,૦૦૦ સ્ટુડન્ટ વિઝા સાથે સૌથી ટોપ પર છે અને બીજા ૪૦,૦૦૦ વર્ક વિઝા માટે આવે છે. ઓએનએસના માઈગ્રેશનને આવરી લેતા આંકડા મુજબ યુકે હોમ ઓફિસે ગેરકાયદે માઈગ્રેશન અને આશ્રયના દાવાને લગતા આંકડા જાહેર કર્યા હતા. આ આંકડા દર્શાવે છે કે યુકેમાં ૩૧ હજાર જેટલા લોકો ગેરકાયદે પ્રવેશતા પકડાયા હતા. તેઓ ઈંગ્લીશ ચેનલ બોટ પાર કરીને આવતા પકડાયા હતા અને ઈંગ્લીશ ચેનલ પાર કરીને આવેલા કુલ ૮૬ ટકા લોકોની ધરપકડ થઈ ચૂકી છે. સરકાર માઈગ્રેશનને ૭૭,૦૦૦ સુધી લાવી તે અગાઉની સરકારની ટોચ કરતાં ૯૨ ટકાનો ઘટાડો દર્શાવે છે. આ વર્તમાન સરકારની સફળતા છે. આ કંઈ અચાનક અકસ્માતે બન્યું નથી, પણ સરકારે લીધેલા પગલાંના લીધે બન્યું છે. ચોખ્ખા માઈગ્રેશનમાં ઘટાડો કરવો તે બ્રિટિશ સરકારની ટોચના પ્રાથમિકતા છે. છેલ્લા આંકડા દર્શાવે છે કે ઈમિગ્રેશન ૮

# ક્રિસમસ સેલિબ્રેશન : ૨૦ લાખ લાઈટ્સથી લઈને ગુફામાં માર્કેટ































યુરોપમાં ક્રિસમસ માત્ર એક દિવસનો તહેવાર નથી, પરંતુ અનેક શહેરો માટે એક મહિના કરતાં પણ લાંબી ઉજવણીનો પ્રસંગ છે. આજે આવા જ કેટલાક શહેરોની ઉજવણી વિશે જાણીશું. **કાયોવા, રોમાનિયા :** રોમાનિયાના કાયોવા શહેરના મુખ્ય રસ્તાઓ અને ચોકમાં ૨૦ લાખથી વધુ લાઈટ્સ લગાવવામાં આવી છે. આ વર્ષની થીમ 'ધ રિયલ્મ ઓફ ધ એલ્વ્સ' છે, જેમાં આખા શહેરને પરીવાર્તા જેવું સ્વરૂપ આપવામાં આવ્યું છે. **રીગા, લાતવિયા :** લાતવિયાની રાજધાની રીગા ક્રિસમસ લાઈટ્સ માટે જાણીતી છે. શહેરના જૂના વિસ્તારમાં લાકડાના સ્ટોલમાં સ્થાનિક ખાણીપીણી, હસ્તકલા અને ભેટસોગાદની વસ્તુઓ મળે છે. **સોફિયા, બલ્ગેરિયા :** બલ્ગેરિયાની રાજધાની સોફિયામાં ક્રિસમસની ઉજવણી માત્ર એક ચોક પૂરતી મર્યાદિત નથી. શહેરના અલગ-અલગ વિસ્તારોમાં ક્રિસમસ માર્કેટ યોજાય છે. **લિસ્બન, પોર્ટુગલ :** પોર્ટુગલની રાજધાની લિસ્બનમાં વિશાળ ક્રિસમસ ફેસ્ટ યોજાય છે. જેમાં, પેનોરમિક ફેરિસ વ્હીલ, બાળકો માટે રાઈડ્સ, સ્થાનિક હસ્તકલાના સ્ટોલ અને પોર્ટુગીઝ વાનગીઓ મળે છે. **આસ્તી-ગોવોને, ઈટાલી :** આસ્તીમાં ૧૪૦થી વધુ સ્ટોલ ઊભા કરવામાં આવે છે. ગોવોનેના સેવોય રોયલ કાસલમાં સાન્તાનું ઘર બનાવવામાં આવે છે, જ્યાં એલ્ફ બાળકોને સંગીત, નૃત્ય અને વાર્તાઓ દ્વારા લગભગ ૨૫ મિનિટની સફર કરાવે છે. **સલામાન્કા, સ્પેન :** સ્પેનનું સલામાન્કા શહેર તેના ઐતિહાસિક સ્થાપત્ય માટે જાણીતું છે. ક્રિસમસ દરમિયાન અહીંનો પ્લાઝા મેયર ચોક ખાસ આકર્ષણ બને છે. આ ચોકમાં ૨૩ મીટર ઊંચું ક્રિસમસ ટ્રી ઊભું કરવામાં આવે છે. **ડેબ્રેસેન, હંગેરી :** હંગેરીના બીજા સૌથી મોટા શહેર ડેબ્રેસેનમાં ક્રિસમસની ઉજવણીને 'એડવેન્ટ' તરીકે ઓળખવામાં આવે છે. અહીં ક્રિસમસની શરૂઆત સાથે આઈસ ફ્લાવર કાર્નિવલ યોજાય છે. આ કાર્નિવલમાં લાઈટ્સથી સજાવેલી ઝાંખીઓ, નૃત્યકારો અને સંગીતના કાર્યક્રમો યોજાય છે. **વાલ્કેનબર્ગ, નેધરલેન્ડ્સ :** નેધરલેન્ડ્સના વાલ્કેનબર્ગમાં ગુફાઓની અંદર લાઈટિંગ અને ક્રિસમસ ડેકોરેશન વચ્ચે સ્ટોલ ઊભા કરવામાં આવે છે. **મોન્ટબેલિયાર્ડ, ફ્રાંસ :** ફ્રાન્સના મોન્ટબેલિયાર્ડ શહેરમાં ક્રિસમસ દરમિયાન 'લેસ લુમિયેર દ નાતાલે' નામનો ઉત્સવ યોજાય છે. અહીંની ખાસિયત એ છે કે બજારમાં મોટા પાયે મશીનથી બનેલી વસ્તુઓને બદલે સ્થાનિક કારીગરો દ્વારા તૈયાર કરેલી વસ્તુઓને પ્રાધાન્ય આપવામાં આવે છે. ક્રિસમસ લાઈટિંગ અને પરંપરાગત સજાવટ આ ઉત્સવને અલગ ઓળખ આપે છે. **બ્રુઝ, બેલ્જિયમ :** બેલ્જિયમનું બ્રુઝ સિટી આખું વર્ષ ઐતિહાસિક ઈમારતો અને નહેરો માટે જાણીતું છે, પરંતુ ક્રિસમસ દરમિયાન તેની સુંદરતા અનેકગણી વધી જાય છે. અહીં વિન્ટર ગ્લો નામે વિન્ટર ફેસ્ટિવલ યોજાય છે. તેમાં બે અલગ ક્રિસમસ માર્કેટ, આઈસ સ્કેટિંગ રિંક અને લાઈટ-મ્યુઝિક શોનો સમાવેશ થાય છે.

---

**નાની પરંતુ મહત્ત્વની ભૂમિકા હોવાનો દાવો**

## અલ્લુ અર્જુનની રાકાથી ગોવિંદા સાઉથમાં ડેબ્યૂ કરશે તેવી ચર્ચા

મુંબઈ, તા. ૨૬

એટલી નિદર્શિત ફિલ્મ 'રાકા'માં ગોવિંદાને નાની પણ મહત્વની ભૂમિકા ફાળવવામાં આવી હોવાની ચર્ચા ચાલી રહી છે. જો આ અટકળો સાચી પડશે તો ગોવિંદાની સાઉથના ફિલ્મ ઉદ્યોગમાં આ પહેલી ફિલ્મ બની રહેશે.



અલ્લુ અર્જુનની મુખ્ય ભૂમિકા ધરાવતી 'રાકા'માં કલાકારોનો મોટો કાફલો છે. દીપિકા પાદુકોણ પણ એક્શન સીન કરી ચૂકી છે. દીપિકા ઉપરાંત આ ફિલ્મમાં મૃણાલ ઠાકુર, જાહ્નવી કપૂર અને રશ્મિકા મંદાના પણ કામ કરી રહ્યાં છે. આ ઉપરાંત રામ્યા કૃષ્ણન, યોગીબાબુ અને જિમ સર્ભની પણ તેમાં મહત્વની ભૂમિકાઓ છે.

ગોવિંદા હાલ તેની પત્ની સાથે કથળેલાં સબંધોને કારણે ચર્ચામાં છે. બોલીવુડના અન્ય કળાકારોની જેમ ગોવિંદાએ પણ ઢળતી ઉંમરે સાઉથની ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કદમ મુકવાનું પસંદ કર્યું હોય તેમ લાગે છે. જેકી શ્રોફ અને અનુરાગ કશ્યપ સાઉથની ફિલ્મોમાં નિયમિત દેખાય છે.

**રાકામાં દીપિકા, મૃણાલ, જાહ્નવી, રશ્મિકા, રામ્યા, જિમ સર્ભ સહિતના કલાકારોનો કાફલો**

---

**ભેડિયાને ચાર વર્ષ પૂરા થતા જાહેરાત**

## ભેડિયા ટુ બનાવવાની જાહેરાત, હાલ સ્ટોરી લખાઈ રહી છે

મુંબઈ, તા. ૨૬

બુધવારે હીટ હોરર ફિલ્મ 'ભેડિયા'ને ચાર વર્ષ થયા તે નિમિત્તે ફિલ્મના નિર્દેશક અમર કૌશિકે એક વિડિયો સોશ્યલ મિડિયા પર મુકી ચાહકોને જણાવ્યું હતું કે ભેડિયા અંકલ ફરી આવી રહ્યાં છે.



૨૦૨૨માં રીલિઝ થયેલી 'ભેડિયા' ફિલ્મમાં વરૂણ ધવન અને કિતી સેનને મુખ્ય ભૂમિકાઓ ભજવી હતી. અમર કૌશિકે મુકેલાં વિડિયોમાં તેમની ઓફિસમાં એક ભેડિયો હંગામો મચાવી તેમના લેપટોપને ફંગોળતો દેખાય છે. કેપ્શનમાં કૌશિકે જણાવ્યું હતું કે તેની કહાની લખવામાં થઈ રહેલાં વિલંબથી ભેડિયા અંકલ ખુશ નથી.

'ભેડિયા ટુ' માં વરૂણ ધવન અને કિતી સેનન ફરી સાથે જોવા મળશે તે ઉપરાંત તેમની સાથે શ્રદ્ધા કપૂર પણ જોવા મળે તેવી તમામ શક્યતાઓ છે. હોરર કોમેડી 'સ્ત્રી'ને કારણે ચાહકો હવે તેની હિરોઈન શ્રદ્ધા કપૂરને પણ 'ભેડિયા ટુ' માં જોવા ઉત્સુક બન્યા છે.

**વરુણ ધવન અને કીતિ રીપિટ થશે, સાથે શ્રદ્ધાની નવી એન્ટ્રીની ચર્ચા**

---

**હજુ કમ્પ્યુટર ગ્રાફિક્સ, રીરેકોર્ડિંગ અધૂરાં છે**

## વારાણસીના પોસ્ટ પ્રોડક્શનમાં વિલંબ, ફિલ્મ પાછી ઠેલાઈ શકે

મુંબઈ, તા. ૨૬

રાજામૌલિની આગામી ભવ્ય ફિલ્મ 'વારાણસી'નું શૂટિંગ પુરૂ થઈ ગયું છે અને હાલ ફિલ્મ પોસ્ટ પ્રોડક્શનના તબક્કે છે. જોકે, પોસ્ટ પ્રોડક્શનમાં વિલંબ થઈ રહ્યો છે. નિર્માતાઓ ફિલ્મને આગામી વર્ષે ૨૭મી એપ્રિલે રજૂ કરવાની જાહેરાત કરી ચૂક્યા છે પરંતુ આ ડેડલાઈન સચવાશે કે કેમ તે અંગે શંકાકુશંકા પ્રવર્તી રહી છે.

મહેશ બાબુ, પૃથ્વીરાજ સુકુમારન અને પ્રિયંકા ચોપડા જોનાસને મુખ્ય ભૂમિકાઓમાં ચમકાવતી ફિલ્મનું હાલ કમ્પ્યુટર ગ્રાફિક્સ ઈમેજરી અને રિરેકોર્ડિંગનું કામ જે ગતિએ ચાલી રહ્યું છે તે જોતાં એવું લાગે છે કે ફિલ્મની રજૂઆત વિલંબમાં પડી શકે છે. ફિલ્મના ડબિંગનું કામ પણ હજી શરૂ થયું નથી. રાજામૌલિ અને મહેશબાબુની આ પ્રથમ ફિલ્મ છે. મહેશ બાબુ ફિલ્મમાં રૂદ્ર નામના આર્કિયોલોજિસ્ટની ભૂમિકા ભજવી રહ્યો છે. દુનિયાભરમાં વિવિધ સ્થળે ફિલ્મનું શૂટિંગ કરાયું હોવાથી સીજીઆઈનું કામ મોટું છે. ફિલ્મને રજૂ કરવાની તારીખમાં ફેરફારની સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી પણ ડબિંગ અને વીએફએક્સનું કામ જે ગતિએ ચાલી રહ્યું છે તે જોતાં ફિલ્મને થોડા સપ્તાહો મોડી રજૂ કરવામાં આવે તેવી શક્યતા અસ્થાને નથી.



**નિર્માતાઓ એપ્રિલ ૨૭ની તારીખ જાહેર કરી ચૂક્યા છે પરંતુ ડેડલાઈન સાચવવાનું અઘરું**

---

**તારાનાં બર્થ ડે પાર્ટીના ફોટા પર વીરનું ઈમોજી**

## વીર પહાડિયા તથા તારા સુતરિયાનું ફરી પેચ અપ

મુંબઈ, તા. ૨૬

તારા સુતરિયાના ઘરે યોજાયેલી બર્થ ડે પાટીના વીડિયોની સોશિયલ મીડિયા પોસ્ટ પર વીર પહાડિયાએ નીચે કેક અને સફેદ દિલનું ઈમોજી મુકતાં બંને વચ્ચે પેચ અપ થઈ ગયું હોવાનું મનાય છે.



૨૦૨૫માં ડિસેમ્બરમાં યોજાયેલી મુંબઈમાં એ પી ધિલ્લોંની કોન્સર્ટમાં બંને જણાં સાથે દેખાયા હતા.

આ કોન્સર્ટમાં તારા ધિલ્લોંને ભેટી પડી હતી. એ પછી વીર અને તારા વચ્ચે બ્રેક અપ થઈ ગયું હોવાના સમાચાર આવ્યા હતા. બંનેમાંથી એક પણ જણે બ્રેક અપના સમાચારને સમર્થન આપ્યું નહોતું. પણ એ પછી બંને જણાં જાહેરમાં ન દેખાતાં તેમના ચાહકોએ માની લીધું હતું કે બંને વચ્ચે બ્રેક અપ થઈ ગયું.

રસપ્રદ બાબત એ છે કે જાહ્નવી કપૂર અને વરૂણ ધવન કરણ જોહરના કાર્યક્રમમાં આવ્યા ત્યારે કરણે જાહ્નવીને સવાલ કર્યો હતો કે વીર સાથે ડેટિંગ કરવાના મામલે તું શું સલાહ આપે ત્યારે જાહ્નવીએ જણાવ્યું હતું કે તેને કદી કોઈ કોન્સર્ટમાં ન લઈ જતો.

**તારા કોન્સર્ટમાં સિંગર એપ ધિલ્લોંને ભેટી પડી તે પછી વીર સાથે બ્રેક અપ થયું હતું**

---

**વૈશ્વિક સ્તરે મોખરે રહેલા ભારતમાં કાર્યસ્થળે ૯૧ ટકા લોકો એઆઈનો ઉપયોગ કરે છે, ૮૮ ટકા ઉપયોગ સાથે ચીન બીજા ક્રમે**

# વિશ્વમાં AIનો સૌથી વધુ ઉપયોગ ભારતમાં થાય છે

આધુનિક ટેકનોલોજીના ઈતિહાસમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સે માત્ર થોડા જ વર્ષોમાં વર્કપ્લેસની વ્યાખ્યા અને કામ કરવાની પદ્ધતિને ધરમૂળથી બદલી નાખી છે. અગાઉ જે કાર્યો કરવા માટે કલાકો કે દિવસો લાગતા હતા, તે આજે એઆઈ ટૂલ્સની મદદથી ગણતરીની મિનિટોમાં પૂર્ણ થઈ રહ્યા છે. તાજેતરમાં એઆઈના વૈશ્વિક ઉપયોગ અંગે એક અહેવાલ સામે આવ્યો છે. યુનિવર્સિટી ઓફ મેલબોર્ન અને **KPMG**ના ૨૦૨૫ના વૈશ્વિક અભ્યાસના આધારે એક અત્યંત મહત્વપૂર્ણ અહેવાલ પ્રકાશિત કરવામાં આવ્યો છે. આ અહેવાલમાં વિશ્વના ૪૭ દેશોના કર્મચારીઓ પર કરવામાં આવેલા સર્વેક્ષણ આધારે એ દર્શાવવામાં આવ્યું છે કે કાર્યસ્થળ પર એઆઈનો ઉપયોગ કરવામાં કયા દેશો સૌથી આગળ છે. આ વૈશ્વિક રેન્કિંગમાં ભારતે વિશ્વની તમામ મહાસત્તાઓને પાછળ છોડીને ૯૧ ટકા સાથે પ્રથમ સ્થાન હાંસલ કર્યું છે, જે દર્શાવે છે કે ભારતીય કાર્યબળ ટેકનોલોજીને અપનાવવામાં વિશ્વમાં સૌથી વધુ ઝડપી અને ઉત્સાહી છે.

આ સર્વેક્ષણમાં વિશ્વના ૪૭ દેશોના હજારો કર્મચારીઓના અભિપ્રાય લેવામાં આવ્યા હતા, જેમાં દર થોડા મહિને કે નિયમિતપણે કામના સ્થળે એઆઈનો ઉપયોગ કરનારા કર્મચારીઓની ટકાવારી માપવામાં આવી હતી. આ અહેવાલનું સૌથી આશ્ચર્યજનક તારણ એ છે કે કાર્યસ્થળ પર એઆઈના ઉપયોગની બાબતમાં ટોચના છ દેશો પશ્ચિમી વિકસિત દેશો નહીં, પરંતુ એશિયા અને આફ્રિકાના ઊભરતા અર્થતંત્રો છે. સમગ્ર ૪૭ દેશોની વૈશ્વિક સરેરાશ જોઈએ તો વિશ્વભરમાં સરેરાશ ૫૮ ટકા કર્મચારીઓ કામ પર એઆઈ નો ઉપયોગ કરે છે અને ૫૩ ટકા કર્મચારીઓ કામના હેતુઓ માટે એઆઈ પર વિશ્વાસ મૂકવા તૈયાર છે. પરંતુ ભારતની વાત કરીએ તો અહીં ૯૧ ટકા કર્મચારીઓ કાર્યસ્થળે એઆઈ નો સક્રિય ઉપયોગ કરી રહ્યા છે, જે વૈશ્વિક સરેરાશ કરતાં ૩૩ ટકા જેટલું વધારે છે.

આ વૈશ્વિક યાદીમાં ભારત પછી બીજા ક્રમે ચીન છે, જ્યાં ૮૮ ટકા કર્મચારીઓ કામ પર એઆઈ નો ઉપયોગ કરે છે, એટલે કે ભારત પોતાના હરીફ ચીન કરતાં ૩ ટકા આગળ છે. ત્રીજા સ્થાને આફ્રિકન દેશ નાઈજીરીયા છે, જ્યાં ૮૫ ટકા કર્મચારીઓ એઆઈ ટૂલ્સનો ઉપયોગ કરે છે. ચોથા અને પાંચમા સ્થાને સંયુક્ત રીતે સંયુક્ત આરબ અમીરાત અને ઈજિપ્ત છે, જ્યાં ૮૪ ટકા કર્મચારીઓ કાર્યસ્થળે એઆઈ અપનાવી ચૂક્યા છે. ત્યારબાદ સાઉદી અરેબિયા ૮૨ ટકા સાથે છઠ્ઠા ક્રમે છે. લેટિન અમેરિકન દેશોમાં કોસ્ટા રિકા ૭૬% અને બ્રાઝિલ ૭૫% સાથે અનુક્રમે સાતમા અને આઠમા ક્રમે છે. આ સિવાય દક્ષિણ આફ્રિકા ૭૪%સાથે નવમા અને તુર્કીયે ૬૯% સાથે દસમા ક્રમે છે. આ આંકડાઓ સ્પષ્ટપણે સાબિત કરે છે કે વિકસિત દેશોની સરખામણીમાં વિકાસશીલ અને વિકસતા અર્થતંત્રોમાં યુવા વસ્તી અને ડિજિટલ ક્રાંતિને કારણે એઆઈ નો સ્વીકાર અનેકગણો ઝડપી છે.

આ અભ્યાસનું બીજું એક અત્યંત રસપ્રદ પાસું એ છે કે કર્મચારીઓ કામ માટે એઆઈ પર કેટલો વિશ્વાસ મૂકે છે. વૈશ્વિક સ્તરે એઆઈના ઉપયોગ કરનારા લોકોમાંથી તેના પર વિશ્વાસ મૂકનારા લોકોની સંખ્યા ૫૩% જેટલી ઓછી છે, પરંતુ ભારત અને નાઈજીરીયા આ બાબતમાં પણ વિશ્વમાં પ્રથમ સ્થાને છે. ભારતમાં ૮૧ ટકા કર્મચારીઓ કામના પરિણામો માટે એઆઈ પર વિશ્વાસ મૂકવા તૈયાર છે, જે નાઈજીરીયા ૮૧%ની સમાંતર છે. ચીનમાં ૭૩% લોકોને એઆઈમાં વિશ્વાસ છે. વિકસતા અર્થતંત્રોમાં એઆઈ પર વિશ્વાસનું પ્રમાણ સરેરાશ ૬૩ ટકા છે, જ્યારે અમેરિકા અને યુરોપ જેવા વિકસિત અર્થતંત્રોમાં માત્ર ૪૫ ટકા કર્મચારીઓ જ એઆઈ પર વિશ્વાસ મૂકે છે. વિકસિત દેશોમાં ડેટા પ્રાઈવસી, કડક નિયમો અને નોકરી ગુમાવવાના ભયને કારણે એઆઈ પ્રત્યે થોડો સંકોચ જોવા મળે છે, જ્યારે ભારતમાં કર્મચારીઓ તેને પોતાની કાર્યક્ષમતા વધારવાના અને કારકિર્દીમાં આગળ વધવાના એક શક્તિશાળી માધ્યમ તરીકે જુએ છે. સ્વાભાવિક રીતે પ્રશ્ન એ થાય છે કે ભારતમાં ૯૧ ટકા કર્મચારીઓ આખરે કયા સેગમેન્ટ્સ (ક્ષેત્રો) અને કયા કાર્યોમાં એઆઈ નો સૌથી વધુ ઉપયોગ કરી રહ્યા છે? જાણકારોના મતે, ભારતમાં આઈટી અને સોફ્ટવેર ડેવલપમેન્ટ ક્ષેત્ર એઆઈ ના ઉપયોગમાં સૌથી મોખરે છે. ભારત વિશ્વનું સૌથી મોટું ડેવલપર હબ બની રહ્યું છે, જ્યાં કોડિંગ લખવા, સોફ્ટવેર બગ્સ શોધવા, ઓટોમેટેડ ટેસ્ટિંગ કરવા અને ક્લાઉડ મેનેજમેન્ટ માટે ૮૫ થી ૯૦ ટકાથી વધુ ટેક પ્રોફેશનલ્સ જનરેટિવ એઆઈ ટૂલ્સનો ઉપયોગ કરે છે. સ્ટેનફોર્ડ ગ્લોબલ એઆઈ ઈન્ડેક્સ મુજબ, ભારતમાં એઆઈ કૌશલ્યનો વ્યાપ વૈશ્વિક સરેરાશ કરતાં ૨.૫ ગણો વધારે છે, અને **NASSCOM** ના રિપોર્ટ મુજબ ભારતની ૮૭ ટકા એન્ટરપ્રાઈઝ કંપનીઓ સક્રિયપણે એઆઈ સોલ્યુશન્સનો ઉપયોગ કરી રહી છે.

ભારતમાં એઆઈના મહત્તમ ઉપયોગનું બીજું સૌથી મોટું સેગમેન્ટ બેંકિંગ, ફાઈનાન્શિયલ સર્વિસીસ અને ઈન્સ્યોરન્સ છે. ડિજિટલ પેમેન્ટ્સ અને જંગી ડેટા વોલ્યુમને કારણે ભારતીય બેંકો અને **NBFC** કંપનીઓમાં એઆઈ નો વ્યાપક ઉપયોગ થઈ રહ્યો છે. આંકડાઓ દર્શાવે છે કે ભારતની ૭૫ થી ૮૫ ટકા નાણાકીય સંસ્થાઓ ઓનલાઈન ફ્રોડ ડિટેક્શન માટે એઆઈ નો ઉપયોગ કરે છે, જેનાથી છેતરપિંડી પકડવાની ઝડપ ૬૦ થી ૮૦ ટકા વધી છે. આ ઉપરાંત, ૬૦ થી ૭૦ ટકા મોટી બેંકો ગ્રાહક સેવા માટે વોઈસ એઆઈ અને ચેટબોટ્સનો ઉપયોગ કરે છે, જ્યારે ૪૦ થી ૫૦ ટકા **NBFC** કંપનીઓ વૈકલ્પિક ડેટાના આધારે ક્રેડિટ સ્કોરિંગ અને લોન મંજૂરી માટે એઆઈ પર આધાર રાખે છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના એક અંદાજ મુજબ, જનરેટિવ એઆઈ ભારતીય બેંકિંગ કામગીરીની કાર્યક્ષમતામાં ૪૬ ટકા સુધીનો વધારો કરી શકે છે.

ત્રીજા ક્રમે કસ્ટમર સર્વિસ, **BPO**, સેલ્સ અને માર્કેટિંગ સેગમેન્ટ આવે છે, જ્યાં ભારતનું વિશાળ સર્વિસ સેક્ટર એઆઈને કારણે સંપૂર્ણપણે બદલાઈ ગયું છે. ભારતની ૬૫ થી ૭૫ ટકા ઈ-કોમર્સ અને ટેલિકોમ કંપનીઓ ગ્રાહકોના પ્રશ્નોના નિરાકરણ માટે એઆઈ ચેટબોટ્સ અને વર્ચ્યુઅલ આસિસ્ટન્ટ્સનો ઉપયોગ કરે છે, જેનાથી ૭૦ થી ૮૦ ટકા સામાન્ય ક્વેરીઝનું ઓટોમેશન થઈ ગયું છે. માર્કેટિંગ અને કન્ટેન્ટ ક્રિએશન ક્ષેત્રે પણ ભારત વિશ્વનું બીજું સૌથી મોટું જનરેટિવ એઆઈ અપનાવનાર બજાર છે. વૈશ્વિક સ્તરે એઆઈ આધારિત કન્ટેન્ટ એડિટિંગ ટૂલ્સના બજારમાં ભારતનો હિસ્સો ૧૨ ટકા છે. માહિતીની સમરી બનાવવા, ઈમેલ ડ્રાફ્ટિંગ, પ્રેઝન્ટેશન તૈયાર કરવા, પ્રાદેશિક ભાષાઓમાં અનુવાદ કરવા અને પર્સનલાઈઝ્ડ જાહેરાતો બનાવવા ભારતીયો રોજિંદા ધોરણે એઆઈનો ઉપયોગ કરે છે.

ચોથા મહત્વના સેગમેન્ટ તરીકે હેલ્થકેર, ફાર્માસ્યુટિકલ્સ અને એજ્યુકેશન ક્ષેત્રમાં એઆઈ નો ઉપયોગ ઝડપથી વધી રહ્યો છે. ભારતની ૮૦ ટકા ફાર્માસ્યુટિકલ અને લાઈફ સાયન્સ કંપનીઓએ નવી દવાઓના સંશોધન અને ક્લિનિકલ ટ્રાયલ્સની પ્રક્રિયા ઝડપી બનાવવા એઆઈને અપનાવ્યું છે, જેનાથી પ્રારંભિક સંશોધન સમયમાં ૪૦ થી ૬૦ ટકાનો ઘટાડો થયો છે. હોસ્પિટલોમાં ૨૦ થી ૩૦ ટકા તબીબો ક્લિનિકલ ડોક્યુમેન્ટેશન માટે એઆઈ વાપરે છે, જેનાથી કાગળકામનો સમય ૭૦ થી ૮૦ ટકા ઘટ્યો છે. તેવી જ રીતે, શિક્ષણ અને **EdTech** ક્ષેત્રમાં ભારતની ૫૦ થી ૬૦ ટકા કંપનીઓ અભ્યાસક્રમ તૈયાર કરવા અને ૪૦ થી ૫૦ ટકા સંસ્થાઓ ઓટોમેટેડ એસેસમેન્ટ માટે એઆઈ નો ઉપયોગ કરે છે. આ ઉપરાંત, ભારતમાં ૧૧.૫ ટકા વિદ્યાર્થીઓ અભ્યાસ અને હોમવર્ક માટે એઆઈ નો ઉપયોગ કરે છે, જે વિશ્વમાં બ્રાઝિલ (૧૧.૬%) પછી બીજા ક્રમે છે.



> વિશ્વના ૪૭ દેશોના દરરોજ એઆઈનો ઉપયોગ કરતા હજારો કર્મચારીઓના અભિપ્રાય લેવામાં આવ્યા હતા. આ અહેવાલ પ્રમાણે ૪૭ દેશોની વૈશ્વિક સરેરાશ જોઈએ તો વિશ્વભરમાં સરેરાશ ૫૮ ટકા કર્મચારીઓ કામ પર એઆઈનો ઉપયોગ કરે છે અને ૫૩ ટકા કર્મચારીઓ કામના હેતુઓ માટે એઆઈ પર વિશ્વાસ મૂકવા તૈયાર છે : દુનિયામાં કાર્યસ્થળે એઆઈના ઉપયોગમાં નાઈજીરીયા ૮૫ ટકા કર્મચારીઓ સાથે ત્રીજા સ્થાને, ૮૪ ટકા કર્મચારીઓ સાથે સંયુક્ત રીતે ચોથા સ્થાને સંયુક્ત આરબ અમીરાત અને ઈજિપ્તના છે. સાઉદી અરેબિયા ૮૨ ટકા સાથે છઠ્ઠા તથા લેટિન અમેરિકન દેશોમાં કોસ્ટા રિકા ૭૬% અને બ્રાઝિલ ૭૫% સાથે અનુક્રમે સાતમા અને આઠમા ક્રમે છે. દક્ષિણ આફ્રિકા ૭૪% સાથે નવમા અને તુર્કીયે ૬૯% સાથે દસમા ક્રમે છે : ભારતમાં આઈટી અને સોફ્ટવેર ક્ષેત્ર કોડિંગ લખવા, સોફ્ટવેર બગ્સ શોધવા, ઓટોમેટેડ ટેસ્ટિંગ કરવા અને ક્લાઉડ મેનેજમેન્ટ માટે ૮૫ થી ૯૦ ટકાથી વધુ ટેક પ્રોફેશનલ્સ જનરેટિવ એઆઈ ટૂલ્સનો ઉપયોગ કરે છે. બેન્કિંગમાં પણ એઆઈનો ૮૫ ટકા જેટલો ઉપયોગ થાય છે. તે સિવાય સર્વિસ અને ઈકોમર્સમાં ૭૫ ટકા, હેલ્થકેર અને ફાર્મામાં ૮૦ ટકા, એજ્યુકેશનમાં ૬૫ ટકા એઆઈનો ઉપયોગ

---

## અમેરિકા અને યુરોપમાં એઆઈનો ઉપયોગ ૫૦થી ૬૦ ટકા જેટલો છે

વિશ્વના અન્ય દેશોની સરખામણી કરીએ તો દરેક દેશની આર્થિક સંરચના મુજબ એઆઈ ના ઉપયોગના ક્ષેત્રોમાં વિવિધતા જોવા મળે છે.

ઉદાહરણ તરીકે, ચીન (૮૮%) માં મેન્યુફેક્ચરિંગ, રોબોટિક્સ, ઈ-કોમર્સ, સપ્લાય ચેઈન અને સ્માર્ટ સિટી મેનેજમેન્ટમાં એઆઈ નો સૌથી વધુ ઉપયોગ થાય છે, જ્યાં ફેક્ટરીઓમાં ઓટોમેશન અને લોજિસ્ટિક્સ પર વિશેષ ભાર છે. યુએઈ (૮૪%) અને સાઉદી અરેબિયા (૮૨%) જેવા ગલ્ફ દેશોમાં સરકારી સેવાઓ, પબ્લિક એડમિનિસ્ટ્રેશન, એનર્જી સેક્ટર, રિયલ એસ્ટેટ અને ફિનટેકમાં એઆઈ નો વ્યાપક ઉપયોગ થઈ રહ્યો છે; માઈક્રોસોફ્ટના ૨૦૨૬ ના રિપોર્ટ મુજબ યુએઈની ૭૩.૩ ટકા કાર્યકારી વસ્તી જનરેટિવ એઆઈ નો ઉપયોગ કરે છે. બીજી તરફ, અમેરિકા અને યુરોપ જેવા વિકસિત દેશોમાં ભલે સામાન્ય કર્મચારીઓમાં એઆઈના ઉપયોગની ટકાવારી ૫૦ થી ૬૦ ટકાની આસપાસ હોય, પરંતુ ત્યાં હાઈ-એન્ડ એઆઈ મોડલ ડેવલપમેન્ટ, બાયોટેકનોલોજી, ડિફેન્સ, લીગલ રિસર્ચ અને નાણાકીય વિશ્લેષણ **(Quantitative Finance)** જેવા વિશિષ્ટ ક્ષેત્રોમાં એઆઈ નો ઊંડો ઉપયોગ થાય છે.

યુનિવર્સિટી ઓફ મેલબોલગપ-**KPMG** નો આ અહેવાલ ભારતની વધતી જતી ડિજિટલ શક્તિનું પ્રમાણપત્ર છે. ભારતની સરેરાશ વય માત્ર ૩૦ વર્ષની આસપાસ હોવાથી આપણું યુવા કાર્યબળ નવી ટેકનોલોજીને સ્વીકારવામાં જરાય ખચકાતું નથી. ભારત સરકારના 'ઈન્ડિયા એઆઈ મિશન' હેઠળ ૩૮,૦૦૦ થી વધુ **GPUs** ની સ્થાપના, રૂા. ૧૦,૩૦૦ કરોડથી વધુનું રોકાણ અને 'યુવા એઆઈ ફોર ઓલ' જેવા કૌશલ્ય વિકાસ કાર્યક્રમોએ દેશના ખૂણેખૂણે એઆઈ ની પહોંચ સરળ બનાવી છે.

અંદાજ મુજબ, એઆઈના આ વ્યાપક ઉપયોગથી વર્ષ ૨૦૩૫ સુધીમાં ભારતના અર્થતંત્રમાં ૫૫૦ થી ૬૦૭ અબજ ડોલરનો વધારાનો ઉમેરો થશે.

આજના સમયમાં ભારત માત્ર વિશ્વનું બેક-ઓફિસ નથી રહ્યું, પરંતુ ૯૧ ટકા કાર્યસ્થળ એઆઈ અપનાવવાના દર સાથે તે વિશ્વનું 'એઆઈ પાવરહાઉસ' બનીને ઉભરી રહ્યું છે.

## ગયા વર્ષે કુલ ૮૫,૦૦૦ ભારતીયો-કામદારોએ યુકે છોડ્યું

# યુકે છોડનારામાં ભારતીય વિદ્યાર્થીઓ-ઈમિગ્રન્ટ વર્કરો મોખરે

(પીટીઆઈ) લંડન,તા.૨૬

યુકેના છેલ્લા માઈગ્રેશન ડેટા મુજબ વિઝાધારકોમાં ભારતીય વિદ્યાર્થીઓ અને વર્કરોમાં દેશ છોડવાનું પ્રમાણ વધારે છે. જો કે તેમા અગાઉના આંકડાથી ઘટાડા તરફી વલણ જોવા મળે છે. યુકે ઓફિસ ફોર નેશનલ સ્ટેટિસ્ટિક્સ (ઓએનએસ)ના અઆંકડા મુજબ સ્ટુડન્ટ વિઝા પરના લગભગ ૫૫,૦૦૦ ભારતીયો અને વર્ક વિઝા પરના ૨૮,૦૦૦ ભારતીયોએએ જૂન ૨૦૨૬ સુધીમાં યુકે છોડ્યું હતું. આ ઉપરાંત અન્ય વિઝા કેટેગરીમાં આવતા બીજા બે હજાર ભારતીયોએ પણ યુકે છોડયું હતું.

### ચાલુ વર્ષે નેટ માઈગ્રેશન ૭૭,૦૦૦ થયુ હોવાનો દાવો: બીજા ક્રમે ૫૧,૦૦૦ની સંખ્યા સાથે ચાઈનીઝ નાગરિકો

આમ કુલ ૮૫ હજાર ભારતીયોએ યુકે છોડ્યુ હતુ અને તેના પછી ૫૧,૦૦૦ની સંખ્યા સાથે ચાઈનીઝ બીજા ક્રમે આવે છે. ઈમિગ્રેટિંગ કરનારાઓમાં નોન-ઈયુ રાષ્ટ્રીયતામાં ભારતીયોનું પ્રમાણ સૌથી વધારે છે.

આમ એજન્સીનું તારણ છે કે જુન ૨૦૨૬ના અંતે નેટ ઈમિગ્રેશન ૭૭,૦૦૦નું હતું. આ આંકડો યુકેમાં ઈમિગ્રેશનથી જતા અને આવનારા વચ્ચેનો ફરક બતાવે છે. આ ટ્રેન્ડ નવેમ્બર ૨૦૨૫થી જોવા મળ્યો છે. તે મુખ્યત્વે નોન યુરોપીયન દેશો ભારત,ચીન, નાઈજીરિયા અને પાકિસ્તાનમાં વધારે છે.

(અનુસંધાન ૧ ૩મે પાને)

## બરફાચ્છાદિત ઓસ્ટ્રિયાનું સ્વર્ગ જેવું સૌંદર્ય



સ્નોફોલ બાદ ઓસ્ટ્રિયા જાણે સ્વર્ગ સમાન સુંદર બની ગયું હતું. બરફની સફેદ ચાદરે સમગ્ર શહેરને ઢાંકી દેતાં રસ્તાઓ, ઐતિહાસિક ઈમારતો, ભવ્ય સ્થાપત્યો અને સુંદર સ્થાપત્ય ધરાવતાં સ્મારકોનું સૌંદર્ય અનેકગણું વધી ગયું હતું. વૃક્ષોથી ઘેરાયેલા રસ્તાઓથી લઈને વિશાળ ઈમારતો અને જાહેર ચોક સુધી દરેક સ્થળ જાણે કોઈ પોસ્ટકાર્ડમાંથી સીધું ઉતાર્યું હોય તેવું લાગી રહ્યું હતું. બરફની સફેદ ચાદર વચ્ચે ઐતિહાસિક ઈમારતોની ભવ્યતા અને રસ્તાઓની સુંદરતા અદભુત નજારો સર્જી રહી હતી. સમગ્ર ઓસ્ટ્રિયા જાણે કોઈ પરીકથાના શહેરમાં ફેરવાઈ ગયું હોય તેવું મનમોહક દૃશ્ય જોવા મળ્યું હતું.

### કર્મચારી રિલોકેટ થાય અથવા ત્રણ મહિનાનું ભથ્થું લઈ રવાના થાય !

## એચ-૧બી વિઝા ધારકો અમેરિકા છોડો આઈબીએમએ ભારતીયોને ફટકો માર્યો

વોશિંગ્ટન,તા.૨૬

અમેરિકાની ટેક જાયન્ટ આઈબીએમ (ઈન્ટરનેશનલ બિઝનેસ મશીન્સ)એ તેના કન્સલ્ટેશન ડિવિઝનમાં મોટાભાગની જોબ્સ માટે વર્ક વિઝા અને ગ્રીન કાર્ડ સ્પોન્સર કરવાનું બંધ કરવાનો નિર્ણય લીધો છે. તેના કન્સલ્ટેશન ડિવિઝનમાં આખા વિશ્વમાં ૧.૫૦ લાખથી વધુ કર્મચારીઓ કામ કરે છે. કંપનીના આ નિર્ણયના કારણે અસર પામેલા કર્મચારીઓને ૩૧ ડિસેમ્બર ૨૦૨૬ સુધીમાં તેમના દેશમાં રિલોકેટ કરવામાં આવશે અથવા તો તેમણે કંપની છોડવી પડશે, એમ તેમણે જણાવ્યું હતું.

### કન્સલ્ટેશન ડિવિઝનની મોટાભાગની જોબ્સ માટે વર્ક વિઝા - ગ્રીન કાર્ડ સ્પોન્સરશિપ બંધ કરવાનો આઈબીએમનો નિર્ણય

આના લીધે અમેરિકાના ટેકનોલોજી સેક્ટરમાં કામ કરતાં હજારો ભારતીય કર્મચારીઓ કે ટેક પ્રોફેશનલ્સ પર અસર પડી શકે છે. આઈબીએમના આ પગલાંના લીધે કેટલાય ભારતીયોના વર્ક વિઝાથી લઈને ગ્રીન કાર્ડ સ્પોન્સર શિપના પગલાં પર અસર પડી શકે છે. કંપનીએ તો તેના કર્મચારીઓને જણાવી દીધું છે કે કંપનીમાં કામ કરવું હોય તો અમેરિકાથી બહાર રહીને કામ કરો અથવા તો ૨૦૨૬ના અંત સુધીમાં તેમની નોકરી છોડી દો.

આઈબીએમે જણાવ્યું નથી કે તેના આ પગલાંથી કેટલા ભારતીયો પર અસર પડશે. આમાના કેટલા કર્મચારીઓ અમેરિકામાં છે. આ પગલાંના લીધે એચ-૧બી વિઝાધારક અને ગ્રીન કાર્ડની રાહ જોતાં કર્મચારીઓ પર વિપરીત અસર પડી શકે છે. કેટલાય વિદેશી વ્યવસાયિકો કે નિષ્ણાતો તેમના વર્ક વિઝા માટે અને અમેરિકામાં કાયમી વસવાટની અરજી માટે તેમના માલિક પર આધારિત હોય છે.

મીડિયા રિપોર્ટના જણાવ્યા મુજબ કર્મચારીઓને રિલોકેટ થવા માટે ત્રણ સપ્તાહનો સમય આપવામાં આવ્યો છે. હવે જે લોકો વિદેશમાં આવી કોઈ પોઝિશન ઈચ્છતા ન હોય તેમને ત્રણ મહિનાનું ભથ્થું આપવામાં આવશે. તેમની નોકરીનો અંતિમ દિવસ ૩૧ ડિસેમ્બર ૨૦૨૬ હશે. કંપનીએ આ નિર્ણય બદલાતી જતી ધંધાકીય જરૂરિયાતો અને સ્કિલ્ડ વર્કરની ઉપલબ્ધતાના આધારે લીધો છે. જો કે આમ છતાં તેની પાછળ વર્તમાન અમેરિકન તંત્રનું દબાણ વધુ કામ કરી ગયું હોવાનું માનવામાં આવે છે. ટ્રમ્પ તંત્રએ એચ-૧બી વિઝા ફરતે ગાળિયો સખત બનાવ્યો પછી જ કંપનીએ આ પગલું લીધું છે. તે બતાવે છે કે એચ-૧બી વિઝા પર આધારિત બીજી કંપનીઓએ પણ આ જ દિશામાં

(અનુસંધાન ૧ ૩મે પાને)

### એનવિડિયામાં કંપની અફેર્સની બોલબાલા

## જેન્સેન પછી એનવિડિયાના ભારતીય મૂળના જય પુરીનું અફેર ફરી ચર્ચામાં

વોશિંગ્ટન,તા.૨૬

એનવિડિયાના સીઈઓ જેન્સેન હુઆંગના લગ્નેતર સંબંધો શું બહાર આવ્યા તેના પછી એક પછી એક બીજા અફેર બહાર આવવા લાગ્યા છે. હવે વધુ એક અફેર તેની ગ્લોબલ સેલ્સ ટીમના ભારતીય મૂળના વડા જય પુરીનું બહાર આવ્યું છે. જો કે તેમણે જેની સાથે અફેર કર્યુ તેની સાથે લગ્ન પણ કરી લીધા હતા.

### એનવિડિયાની ચિપ ચીન પહોંચાડનારી કંપનીની અધિકારી સાથે અફેર બાદ પુરીએ લગ્ન કરી લીધા

જય પુરીના નામે ઓળખાતા ભારતીય મૂળના વડા જય કે પુરીનું ચીનની કંપની સુપર માઈક્રો કમ્પ્યુટરની સીનિયર એક્ઝીક્યુટિવ સાથે અફેર હતું. તેનું નામ સેન્ડી ચેન છે. કેટલાય વર્ષોના અફેર પછી આ વર્ષે માર્ચમાં બંનેએ લગ્ન કરી લીધા હતા. જય પુરી જેન્સેનના ગાઢ સહયોગી માનવામાં આવે છે.

હવે આ સુપર માઈક્રો કમ્પ્યુટર એ જ કંપની છે જેની સામે અમેરિકા તપાસ કરી રહ્યુ છે. તેના પર એનવિડિયાના સર્વર ડાઈવર્ટ કરીને ચીનમાં મોકલવાનો આરોપ છે. ચેન સુપર માઈક્રોની ચીફ ગ્રોથ

(અનુસંધાન ૧ ૩મે પાને)

### મેક ઈન ઈન્ડિયા સહિતની યોજના અમેરિકા માટે નુકસાનકારક : ટ્રમ્પ

## ભારતના આર્થિક વિકાસની યોજનાઓ અટકાવવા માટે ટ્રમ્પના હવાતિયાં

(પીટીઆઈ) વોશિંગ્ટન/નવી દિલ્હી, તા.૨૬

વૈશ્વિક સ્તર પર ભારતનો વિકાસ રોકવા ચીન પાકિસ્તાનને મદદ કરી અવરોધો ઊભા કરી રહ્યું છે તેમ અમેરિકા પ્રત્યક્ષ રીતે ભારતના આર્થિક વિકાસ માટેની યોજનાઓને નિશાન બનાવી રહ્યું છે. આ રીતે બંને વૈશ્વિક મહાસત્તાઓ ભારતને કચડવા મથી રહી છે. ટ્રમ્પ સરકારે જાહેર કરેલી નવા ટેરિફની દરખાસ્ત આ બાબતની સાબિતી છે. યુએસટીઆરે સ્ટ્રક્ચરલ પ્રોડક્શન એક્સેસના આક્ષેપો સાથે ભારત પર ૨૫ ટકા વધારાના ટેરિફ નાંખવાની દરખાસ્ત કરી છે. મોદી સરકારે દેશના ઔદ્યોગિક વિકાસ માટે મેક ઈન ઈન્ડિયા, આત્મનિર્ભર ભારત, પીએલઆઈ જેવી યોજનાઓ તૈયાર કરી છે ત્યારે યુએસટીઆરે આ યોજનાઓ પર જ પ્રહાર કરતાં નવા ટેરિફ નાંખવાની જાહેરાત કરી છે.

### અમારી યોજનાઓ સ્થાનિક ઉદ્યોગના વિકાસ અને અન્ય દેશો પરની નિર્ભરતા ઘટાડવાના હેતુથી ઘડાઈ છે : ભારતનો બચાવ

ટ્રમ્પ સરકારે સ્ટ્રક્ચરલ પ્રોડક્શન એક્સેસના આક્ષેપો સાથે ભારત ઉપર વધારાનો ૨૫% ટેરીફ લાદવા નિર્ણય કર્યો છે. યુએસટીઆરે ભારત સહિત કુલ ૧૬ દેશો ઉપર વધારાનો ટેરિફ નાંખવાની જાહેરાત કરી છે. જો કે તેનો અમલ જાન્યુઆરી ૨૦૨૭ પછી થવાની શક્યતા છે. અમેરિકાની નવા ટેરિફની દરખાસ્ત મુજબ ભારત સાથે દ્વિપક્ષીય વેપાર કરાર થશે તો ટેરિફ ૨૫ ટકાથી ઘટીને ૧૭ ટકા થઈ જશે.

યુએસટીઆરે આક્ષેપ કર્યો છે કે મોદી સરકારની ફ્લેગશિપ યોજનાઓ 'મેક ઈન ઈંડીયા, આત્મનિર્ભર ભારત તથા પીએલઆઈ (પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટીવ્ઝ - ઉત્પાદન સાથે સંકળાયેલા પ્રોત્સાહનો) અને આઈબીઈએફ યોજનાઓથી ભારત જરૂર કરતાં વધુ ઉત્પાદન કરીને વૈશ્વિક બજારમાં ઠાલવે છે. મોદી સરકારે આ યોજનાઓ હેઠળ સોલાર, સ્ટીલ, સ્વાસ્થ્ય અને ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેક્નોલોજી (આઈટીસી) જેવા સેક્ટર્સમાં ઉત્પાદન વધારવા પર ભાર મૂક્યો છે.

અમેરિકાએ આ યોજનાઓ અંગે તપાસ શરૂ કરી છે. તેનું કહેવું છે કે ભારતની આ નીતિઓને લીધે ઉદ્યોગો બજારની માગ કરતાં પણ વધુ ઉત્પાદન કરે છે. આ ઉપરાંત અમેરિકાએ ભારતના લેબર કાયદા તથા ઉદ્યોગોમાં સરકારની ભાગીદારી અને વિદેશી કંપનીઓ પ્રત્યે ભારતના અભિગમની પણ આકરી ટીકા કરી છે. ભારતે યુએસટીઆરના આક્ષેપોને

(અનુસંધાન ૧ ૩મે પાને)

### બીજી ઓક્ટોબરે મુંબઈમાં કરેલાં આંદોલન સંદર્ભમાં પગલું

## અભિજીત દીપકે, સૌરવ દાસ અને આશુતોષ રાંકા સામે લુક આઉટ સર્ક્યુલર

મુંબઈ, તા.૨૬

મુંબઈ પોલીસે કોકરોચ જનતા પાર્ટી (સીજેપી)ના સ્થાપક અભિજીત દીપકે, સહ- સંયોજક આશુતોષ રાંકા અને સૌરવદાસ સામે લુકઆઉટ સર્ક્યુલર (એલઓસી) જારી કર્યા છે એમ એક વરિષ્ઠ અધિકારીએ ગુરુવારે જણાવ્યું હતું.

### મુંબઈમાં આંદોલન સંદર્ભમાં સીજેપીના ત્રણેય નેતાઓની પૂછપરછ જરૂરી હોવાથી સર્ક્યુલર બહાર પડાયાનો પોલીસનો દાવો

આ ત્રણેય જણે ગાંધી જયંતિના દિવસે કોઈપણ પૂર્વ પરવાનગી વગર મુંબઈમાં આંદોલન કર્યું હતું. આ મામલે મુંબઈ પોલીસે તેમની સામે કેસ નોંધ્યો હતો. હવે મુંબઈ પોલીસે તેમની સામે લુક આઉટ સર્ક્યુલર જારી કર્યું છે જેથી તેઓ દેશ છોડીને ભાગી ન જાય. આ સર્ક્યુલર ચાર- પાંચ દિવસ પહેલાં જ બહાર પાડવામાં આવ્યું હતું. મુંબઈ પોલીસ અનુસાર તપાસ દરમિયાન તેમની પૂછપરછ કરવાની જરૂર પડી તેમ હોવાથી તેમનું દેશમાં હોવું જરૂરી છે તેથી આ સર્ક્યુલર બહાર પાડવામાં આવ્યું છે.

સૌરવદાસ વિરુદ્ધનો પરિપત્ર ગુરુવારે કેન્દ્રીય ગૃહ મંત્રાલયે દિલ્હી હાઇકોર્ટમાં માહિતી આપ્યા બાદ પ્રકાશમાં આવ્યો હતો. સૌરવ દાસને ૨૩ નવેમ્બરના રોજ દિલ્હી એરપોર્ટ પર રોકવામાં આવ્યો હતો. સુનાવણી દરમિયાન કેન્દ્ર સરકારે જણાવ્યું હતું કે મુંબઈ પોલીસે ૨૩ નવેમ્બરના રોજ સૌરવ દાસ સામે લુક આઉટ સર્ક્યુલર જારી કર્યું હતું. દાસના વકીલે કોર્ટને જણાવ્યું હતું કે તેમના અસીલને આ સર્ક્યુલર વિશે કોઇ જાણ કરવામાં આવી નહોતી અને આ સર્ક્યુલર જારી કરવા પાછળનું કારણ પણ જણાવવામાં આવ્યું નહોતું.

હાઇકોર્ટમાં સૌરવ દાસની અરજી પર સુનાવણી કરવામાં આવી હતી જેમા તેણે ઓક્સફોર્ડ યુનિવર્સિટીના કાર્યક્રમમાં ભાગ લેવા યુકે જતા તેને રોકવામાં આવ્યો હોવાનું જણાવ્યું હતું અને આ પગલાને કોર્ટમાં પડકાર્યું હતું. આ કાર્યક્રમમાં દાસને 'કોકરોચ મુવમેન્ટ' બાબતે બોલવાનું હતું. સૌરવે જણાવ્યું હતું કે ૨૩ નવેમ્બરની રાત્રે તેને લંડન જતી ફ્લાઇટમાં સવાર થતા એરપોર્ટ પર જ રોકવામાં આવ્યો હતો. કોર્ટે હવે આ મામલાની આગામી સુનાવણી ૯ ડિસેમ્બરના કરશે.

બીજી ઓક્ટોબરના રોજ મુંબઈમાં સીજેપી 'ચલો મુંબઈ' નામે વિરોધ પ્રદર્શન કર્યું હતું. જેમાં મતદાર

(અનુસંધાન ૧૧મે પાને)

### બંને દેશ રાજદ્વારી અને સૈન્ય માધ્યમોથી સંપર્કમાં

## ચીન-ભારત સરહદે સ્થિતિ સ્થિર અને સામાન્ય હોવાનો ચીનનો દાવો

(પીટીઆઈ) બેઈજિંગ, તા. ૨૬

ભારત-ચીન સરહદે સ્થિતિ એકંદરે સ્થિર છે તેમ ચીનની સેનાએ એક નિવેદનમાં જણાવ્યું છે. શાંતિ અને સ્થિરતા બનાવી રાખવા માટે થયેલી સમજૂતીને લાગુ કરવાનાં હેતુથી બંને પક્ષ રાજદ્વારી અને સૈન્ય માધ્યમોથી મંત્રણા કરી રહ્યાં છે.

### ચીનના સંરક્ષણ પ્રવક્તાએ ફરી એક વખત અરુણાચલ પ્રદેશને ચીનનો હિસ્સો ગણાવ્યો

અરુણાચલ પ્રદેશમાં વાસ્તવિક નિયંત્રણ રેખા (એલએસી)ની પાસે ચીનનાં સૈનિકોનાં આક્રમક વલણનાં સમાચારો વચ્ચે આ મહિને થયેલ ઉચ્ચ સ્તરીય સૈન્ય મંત્રણા અંગે પૂછવામાં આવતા ચીનનાં સંરક્ષણ પ્રવક્તા સીનિયર કર્નલ ચેન શીએ જણાવ્યું હતું કે બંને પક્ષ રાજદ્વારી અને સૈન્ય માધ્યમોથી સંપર્કમાં છે.

તેમણે અહીં પોતાની માસિક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે હાલમાં ચીન અને ભારતની વચ્ચે સરહદી વિસ્તારોમાં સ્થિતિ સામાન્ય રીતે સ્થિર છે.

તેમણે સંક્ષિપ્ત જવાબમાં જણાવ્યું હતું કે ચીન અને ભારત રાજદ્વારી અને સૈન્ય માધ્યમો (જનરલ સ્તરની બેઠકો)થી મંત્રણા કરી રહ્યાં છે. જેથી બંને પક્ષો

(અનુસંધાન ૧૧મે પાને)

### લાલ ફ્લેગ સાથે જંકફૂડની ચેતવણીનું લેબલ આપવા સુપ્રીમનો નિર્દેશ

## જંક ફૂડના પેકેટ પર આગળ જ ફેટ, ખાંડ, ચરબી, મીઠાંની માહિતી આપવી પડશે

(પીટીઆઈ) નવી દિલ્હી, તા.૨૬

દેશમાં સ્થૂળતા સંબંધિત બીમારીઓનું પ્રમાણ વધી રહ્યું છે ત્યારે સુપ્રીમ કોર્ટે ખાદ્ય ઉત્પાદનોના પેકિંગ પર આગળની બાજુ જ ચેતવણીસૂચક લાલ ફ્લેગ સાથે 'હાઈ ફેટ', 'હાઈ સોલ્ટ', 'હાઈ સુગર'ની દરેક અલગ ષટકોણમાં માહિતી આપવી પડશે તેમ સુપ્રીમ કોર્ટે ગુરુવારે આદેશ આપ્યો છે. ખાદ્ય ઉત્પાદનોના પેકેટ પર પાછળની બાજુ નાના અક્ષરોમાં આપવામાં આવતી માહિતી ચલાવી નહીં લેવાય તેમ સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું છે.

એફએસએસએઆઈને ખાદ્ય ઉત્પાદનોના પેકિંગ પર આગળની બાજુ જ ન્યુટ્રિશન લેબલિંગનો અસરકારક અમલ કરવાની તકેદારી લેવાનો નિર્દેશ સુપ્રીમ કોર્ટે આપ્યો છે. આમ કરવું

### વૈજ્ઞાનિક પુરાવાઓના આધારે પોષક તત્વોના મર્યાદાસ્તરોનું ફરી નિર્ધારણ કરવા સુપ્રીમનો આદેશ

ઈન્ટરનેશનલ પ્રેક્ટિસિસ હેઠળ છે, તેમ સુપ્રીમ કોર્ટે કહ્યું હતું. ખાદ્ય પદાર્થોના પેકિંગ પર પોષક તત્વોની વિગતો જણાવવી જરૂરી છે અને આ પ્રકારના લેબલને એફઓપીએમએલ કહેવામાં આવે છે જે ખાદ્ય ઉત્પાદનોમાં ચરબી, ખાંડ, અને મીઠાનું પ્રમાણ વધુ હોય તેવા કિસ્સામાં પેકેટ પર જુદા જુદા ષટકોણીય ચેતવણી લેબલ લગાવવા જરૂરી છે તેવું સુપ્રીમ કોર્ટની જસ્ટિસ જેબી પારડીવાલા અને જસ્ટિસ કે વિનોદચંદ્રનની બેન્ચે ગુરુવારે કહ્યું હતું. દરેક ષટકોણીય ચેતવણી લેબલમાં સંબંધિત પોષક તત્વની સચિત્ર રજૂઆત થવી જોઈએ. વધુ ચરબી, વધુ ખાંડ અને વધુ મીઠું

(અનુસંધાન ૧ ૩મે પાને)

### એફએસએસએઆઈ પેકિંગવાળા ખાદ્ય પદાર્થો પરના માહિતી સૂચક લેબલિંગનો અસરકારક અમલ કરાવે : સુપ્રીમ

### લિસ્ટિંગ મામલે સંઘર્ષ ઘેરો બન્યો : ન્યાય અને ધર્મના આધારે હસ્તક્ષેપ કરવાની માંગ સાથે...

# ટાટા સન્સના IPO માટે શાપૂર મિસ્ત્રીએ વડાપ્રધાન મોદીને બે વખત રજૂઆત કરી હતી

(પી.ટી.આઈ.) મુંબઈ તા.૨૬

ટાટા સન્સનું શેર બજારમાં લિસ્ટિંગ કારવાવ માટે હસ્તક્ષેત્ર કરવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને બે વખત શાપૂરજી પલોનજી (એસપી) ગ્રુપના ચેરમેન શાપૂર મિસ્ત્રીએ રજૂઆત કરી હતી. આ ઘટનાએ ભારતના સૌથી પ્રતિષ્ઠિત બિઝનેસ ગ્રુપમાં માલિકી, નિયંત્રણ અને તેની હોલ્ડિંગ કંપનીના ભવિષ્યને લઈને ચાલી રહેલા આંતરિક મતભેદોને વધુ ઘેરા બનાવ્યા છે.

### ઓકટોબર ૨૦૨૫ અને જૂન ૨૦૨૬માં રજૂઆત થઈ હતી : દેવા બોજ હેઠળનું એસપી ગ્રુપ ટાટા સન્સમાં પોતાના ૧૮.૩૭ ટકા હોલ્ડિંગનું મૂલ્ય અનલોક કરવા માગતું હતું

આ રજૂઆતો ઓકટોબર ૨૦૨૫ અને જૂન ૨૦૨૬માં કરવામાં આવી હતી. જે સમયે દેવાના બોજ હેઠળ રહેલા શાપૂરજી પાલોનજી (એસપી) ગ્રુપ ટાટા સન્સમાં પોતાના ૧૮.૩૭ ટકા હોલ્ડિંગનું મૂલ્ય અનલોક કરવા માગતું હતું. જ્યારે બીજી બાજુ હોલ્ડિંગ કંપનીના નિયંત્રક શેરહોલ્ડર ટાટા ટ્રસ્ટ્સ પબ્લિક ઈસ્યુ-આઈપીઓનો વિરોધ કરી રહ્યા હતા. રાઈટ-ટુ-ઈન્ફોર્મેશન (આરટીઆઈ)ના જવાબોના આધારે મિન્ટ દ્વારા કરવામાં આવેલી તપાસમાં આ પત્રવ્યવહારોનો ખુલાસો થયો છે. આ તપાસમાં ટાટાના વરિષ્ઠ અધિકારીઓ અને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) વચ્ચે ટાટા સન્સની નિયમનકારી સ્થિતિ અને લિસ્ટિંગની જવાબદારીઓ અંગે થયેલી વ્યાપક ચર્ચાઓની વિગતો પણ સામે આવી છે.




આ ખુલાસાથી ટાટા ગ્રુપમાં ચાલી રહેલા વિવાદને વધુ એક નવો વળાંક મળ્યો છે. ટાટા ટ્રસ્ટ્સના ચેરમેન નોએલ ટાટાએ ટાટા સન્સના બોર્ડ દ્વારા લિસ્ટિંગ તરફ આગળ વધવાના નિર્ણય તેમ જ ચેરમેન એન. ચંદ્રશેખરનને વધુ પાંચ વર્ષ માટે પુનઃનિયુક્ત કરવાના નિર્ણયનો ખુલ્લેઆમ વિરોધ કર્યો છે. આ ઘટનાક્રમને કારણે હોલ્ડિંગ કંપનીના નિયંત્રક શેરહોલ્ડરના ચેરમેન અને કંપનીના બહુમતી બોર્ડ સભ્યો વચ્ચે અસામાન્ય મતભેદો સામે આવ્યા છે. જેના પરિણામે માલિકી, કોર્પોરેટ ગવર્નન્સ, નેતૃત્વ અને નિયમનકારી પાલનના મુદ્દાઓ સીધા ટકરાવા લાગ્યા છે.

મિન્ટની આરપીઆઈ તપાસ મુજબ, શાપૂર મિસ્ત્રીએ ૨૪, ઓકટોબર ૨૦૨૫ના રોજ ટાટા સન્સના લિસ્ટિંગ અંગે લાંબા સમયથી ચાલી રહેલા ગતિરોધમાં હસ્તક્ષેત્ર કરવા વડાપ્રધાન મોદીને પત્ર લખ્યો હતો. તેમણે ''અ દિપાવલી લેટર ઓફ ફેઈથ, હોપ એન્ડ ધર્મ- રિક્વેસ્ટ ફોર અપોઈન્ટમેન્ટ'' શીર્ષક ધરાવતા ઈમેઈલમાં લખ્યું હતું કે,'' દિવાળીના આ પવિત્ર અવસરે,

(અનુસંધાન ૧ ૩મે પાને)





ભારતમાં અત્યારે બે વર્ગના લોકો વસવાટ કરે છે. એક રાજકારણ સાથે જોડાયેલા વગદાર લોકો છે, જેને મોંઘવારી નડતી નથી. જ્યારે બીજો વર્ગ જીવન જીવવા માટે સતત હાડમારી વેઠી રહ્યો છે. પ્રામાણિકતાથી કામ કરતા બીજા વર્ગના આ લોકોની મહેનતના પૈસે રાજકારણીઓ જલસા કરે છે. થોડા સમયથી તો દેશમાં એવી હાલત થઈ ગઈ છે કે, તમારે આર્થિક પ્રગતિ કરવી હોય તો કોઈપણ રાજકીય પક્ષ સાથે જોડાઈ જાવ! એક વખત રાજકીય નેતા બની ગયા, એટલે લગભગ સાત પેઢી સુધી ક્યાંય ગરીબી નડશે નહીં. (તસવીર : સુરેશ મિસ્ત્રી)

### સરપંચ અને સદસ્ય બનવા હજુ રાહ જોવી પડશે

# ગ્રામ પંચાયત ચૂંટણી : આખરી મતદાર યાદીની પ્રસિદ્ધિ મુલત્વી

અમદાવાદ,બુધવાર

રાજ્યમાં આગામી સમયમાં યોજાનારી ગ્રામ પંચાયતની ચૂંટણી પાછળ ધકેલાય તેવુ ચિત્ર ઉભુ થયુ છે. ચૂંટણી પંચના અગાઉના આયોજન મુજબ જાહેર થનારી આખરી મતદાર યાદી વહીવટી કારણોસર છેલ્લી ઘડીએ મોકૂફ રાખવામાં આવી છે. આ નિર્ણયને પગલે સરપંચ અને સભ્ય બનવા થનગનતા ભાવી ઉમેદવારોએ હજુ વધુ રાહ જોવી પડશે.

## મતદાર યાદીના વિલંબ થતાં પંચાયતોની ચૂંટણીઓ પાછળ ધકેલાશે : આગામી સપ્તાહે નવી યાદી

અગાઉના આયોજન મુજબ આવતીકાલે આખરી મતદાર યાદી પ્રસિદ્ધ થવાની હતી, પરંતુ વહીવટી કારણોસર તે મોકૂફ રાખવામાં આવી છે. ચૂંટણી તંત્ર દ્વારા મતદાર યાદી સુધારણા અને ચકાસણીની કામગીરી હજુ પૂર્ણ ન થઈ હોવાથી શુક્રવારે આખરી મતદાર યાદી જાહેર કરવામાં આવશે નહીં.

નિયમ મુજબ આખરી મતદાર યાદી પ્રસિદ્ધ થયા બાદ જ ચૂંટણીની તારીખોની તબક્કાવાર જાહેરાત કરવામાં આવતી હોય છે. હવે મતદાર યાદી જાહેર થવામાં એકાદ બે સપ્તાહનો વિલંબ થવાથી તેની સીધી અસર ગ્રામ પંચાયતની ચૂંટણીની જાહેરાત પર પડશે અને ચૂંટણી કાર્યક્રમ પાછળ ઠેલાય તેવી શક્યતા છે.

રાજ્ય ચૂંટણી તંત્ર દ્વારા મતદાર યાદી સુધારણા અને ચકાસણીની કામગીરી હજુ પૂર્ણ થઈ નથી. ચૂંટણી અધિકારીઓએ તમામ ૧૦૦ ટકા વાંધા અને અરજીઓનો નિકાલ કર્યા બાદ જ અંતિમ યાદી બહાર પાડવાનો નિર્ણય કર્યો છે.

સંભવતઃ આગામી ૭ દિવસમાં એટલે કે આવતા સપ્તાહે નવી આખરી મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવે તેવી પૂરેપૂરી શક્યતા છે.

આખરી મતદાર યાદી છેલ્લી ઘડીએ રદ થતાં સરપંચ અને સદસ્યના ઉમેદવારોની આતુરતાનો અંત પાછો ઠેલાયો છે.

### ગુજરાતમાં 'ઓપરેશન હેલ્થ', ફૂડ-ડ્રગ્સ વિભાગનો દેખાડો

# મુસાફરોના આરોગ્ય સાથે ચેડાં : ૧૭૫ હોટલોને નોટિસથી જ તંત્રને સંતોષ

અમદાવાદ,ગુરુવાર

આરોગ્ય વિભાગે ભલે ઓપરેશન હેલ્થના નામે અભિયાન ચલાવે પણ રાજ્યના નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરનારાઓને હવે કાયદાનો જરાય ડર રહ્યો નથી. હાઈવે હોટેલોમાં રસોડામાં અત્યંત ગંદકી અને બિનઆરોગ્યપ્રદ સ્થિતિ જોવા મળતા ૧૭૫ હોટેલ સંચાલકોને નોટિસ ફટકારવામાં આવી હતી. દિવાળીના તહેવારો બાદ કાર્યવાહી કરવાને બદલે રાજ્યના ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગે માત્ર નોટિસ આપીને કાર્યવાહી કર્યાનો દેખાડો કર્યો છે.

## ૧૪ હાઈવે હોટલોમાંથી બિન આરોગ્યપ્રદ જથ્થો નાશ કરાયો આઈસક્રીમના નામે ૧૯૬ સ્થળોએ ફ્રોઝન ડેઝર્ટનું ધૂમ વેચાણ

ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગે 'ઓપરેશન હેલ્થ' રાજ્યવ્યાપી ઝુંબેશ શરૂ કરી છે. આ સઘન અભિયાન અંતર્ગત સમગ્ર રાજ્યમાં હાઈવે હોટેલો તેમજ આઈસ્ક્રીમ અને ફ્રોઝન ડેઝર્ટના કુલ ૧,૪૭૭ સ્થળો પર તપાસ કરાઈ હતી. ૧૪ હોટેલોમાંથી બિનઆરોગ્યપ્રદ ખાદ્ય જથ્થો ઝડપાયો હતો જેનો સ્થળ પર જ નાશ કરાયો હતો. એટલુ જ નહીં, ખાદ્ય પદાર્થના નમૂનાઓ લેબોરેટરીમાં તપાસ અર્થે મોકલી અપાયા છે. જો લેબોરેટરી રિપોર્ટમાં ગંભીર ખામી જણાશે, તો કોર્ટ કેસથી લઈને હોટેલને સીલ મારવા સુધીના આકરા પગલાં લેવાશે.હવેથી દરેક હોટેલમાં રસોઈયા અને વેઈટર્સ માટે હેન્ડ ગ્લોવ્ઝ અને માથા પર કેપ પહેરવી ફરજિયાત બનાવી દેવામાં આવી છે. જોકે, હાઈવે હોટલોને નોટિસો

(અનુસંધાન ૪થે પાને)

### 'હેલ્થ ડાયનામિક્સ ઓફ ઈન્ડિયા'એ આરોગ્યની પોલ ખોલી

# દર્દીઓ રામભરોસે : કમ્યુનિટી હેલ્થ સેન્ટરો પર ૬૫ ટકા સ્પે.ડોક્ટરો નથી

અમદાવાદ,ગુરુવાર

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના 'હેલ્થ ડાયનામિક્સ ઓફ ઈન્ડિયા ૨૦૨૪-૨૫' રિપોર્ટમાં ગુજરાતની જાહેર આરોગ્ય વ્યવસ્થાની સચ્ચાઈ ઉજાગર કરી છે. આ અહેવાલ મુજબ, ગુજરાતમાં કોમ્યુનિટી હેલ્થ સેન્ટર થી લઈને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો સુધી નિષ્ણાત ડોક્ટરો, ન સગ સ્ટાફ અને માળખાકીય સુવિધાઓની મોટી અછત જોવા મળી રહી છે. માત્ર કોમ્યુનિટી હેલ્થ સેન્ટરમાં ૬૫ ટકા સ્પેશ્યાલિસ્ટ ડોક્ટરો જ નથી.

## નર્સિંગની ૨૨૦૩, ફાર્માસિસ્ટની ૧૪૭, લેબ ટેકનિશિયનની ૪૦૧, મેડિકલ ઓફિસરની ૮૧, ડોક્ટરોની ૩૮૦ જગ્યા ખાલી

રિપોર્ટના આંકડા મુજબ, રાજ્યના કોમ્યુનિટી હેલ્થ સેન્ટરોમાં સ્પેશ્યાલિસ્ટ ડોક્ટરોની મંજૂર થયેલી ૪૮૫ જગ્યાઓમાંથી ૩૧૭ જગ્યાઓ ખાલી છે, જે ૬૫.૩ ટકા જેટલી મોટી ઘટ દર્શાવે છે. રાજ્યના ૩૫૩ કમ્યુનિટી હેલ્થ સેન્ટરમાં નિયમ મુજબ સર્જન હોવા જોઈએ, પરંતુ તેની સામે માત્ર ૨૨ સર્જન જ કાર્યરત છે. આ ઉપરાંત, સમગ્ર રાજ્યના ૩૫૩ સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં માત્ર ૫૮ ગાયનેકોલોજિસ્ટ અને ૫૭ બાળરોગ નિષ્ણાત ડોક્ટરો ઉપલબ્ધ છે. ગ્રામ્ય વિસ્તારના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં પણ ૩૮૦ ડોક્ટરોની જગ્યાઓ ખાલી પડી છે. માત્ર ડોક્ટરો જ નહીં, પરંતુ હોસ્પિટલોની કરોડરજ્જુ ગણાતા નર્સિંગ અને પેરામેડિકલ સ્ટાફની પણ મોટી અછત છે. રાજ્યમાં ૬,૫૧૪ નર્સિંગ સ્ટાફની જરૂરિયાત સામે ૨,૨૦૩

(અનુસંધાન ૪થે પાને)






### દુકાળગ્રસ્ત વિસ્તારોમાં વીજ કંપનીનું ધરતીપુત્રો પર દમન

# ખેડૂતોને દાઝ્યા પર ડામ : સહાય તો ન મળી, લાખોનો વીજ દંડ ફટકારાયો

અમદાવાદ,ગુરુવાર

રાજ્યના દેવભૂમિ દ્વારકા, પોરબંદર અને જામનગર જિલ્લામાં દુષ્કાળની કપરી પરિસ્થિતિ વચ્ચે જગતનો તાત આ થક સંકડામણમાં મુકાયો છે, એક તરફ. આ વિસ્તારોમાં દુષ્કાળની સ્થિતિ છે તો બીજી તરફ, વીજકંપનીઓએ ધરતીપુત્રો પર દમન ગુજારવાનું શરૂ કર્યુ છે. ખેતરોમાં સિંચાઈનુ પાણી નથી ત્યારે વીજકંપનીઓએ લાખ-દોઢ લાખ સુધીનો વીજદંડ ફટકારવામાં આવ્યો છે. આ જોતાં ખેડૂતો પર દાઝ્યા પર ડામ જેવી સ્થિતીનું નિર્માણ થયુ છે.

## દિવાળી પર દુકાળની જાહેરાત કરાઈ પણ સહાયના નામે ખેડૂતોને માત્ર લોલીપોપ, હજુ સહાયપેટે ફૂટી કોડી મળી નથી

દિવાળીના દિવસોમાં આ ચારેય જિલ્લાને દુકાળગ્રસ્ત જાહેર કરાયા હતાં. આ વાતને આજે એક મહિના કરતાં ય વધુ સમય વિત્યો છે તેમ છતાંય હજુ સુધી ખેડૂતોના ખાતામાં ફૂટી કોડી પણ જમા થઈ નથી. ખેડૂતોનો આરોપ છેકે, ભાજપ સરકારે દુકાળ સહાયના નામે માત્ર લોલીપોપ આપી છે અને તે સહાયના નાણાંના ઠેકાણાં નથી. હાલ દુકાળ અસરગ્રસ્તો પર ધ્યાન કેન્દ્રીત કરવાને બદલે સરકાર-પક્ષ દિવાળી સ્નેહમિલનમાં વ્યસ્ત બન્યાં છે. હાલ તો વોટબેંકમાં ગાબડુ પડે તેવા ડરથી સરકારનું ધ્યાન આદિવાસી વિસ્તારો પર મંડાયુ છે. આ કારણોસર જ દુકાળગ્રસ્ત વિસ્તારો જાણે રેઢા મૂકાયા હોય તેમ લાગી રહ્યુ છે.

**ખેતરોમાં પાણી નથી છતાં વીજકંપનીએ ખેડૂતોને લાખ-દોઢ લાખના દંડ ફટકાર્યો, એકેય ધારાસભ્ય હરફ ઉચ્ચારતાં નથી**

હાલ આ વિસ્તારોમાં સિચાઈના પાણીના અભાવે આ વખતે તો શિયાળુ સિઝનમાં પાક ઉત્પાદન કરવું પણ અઘરુ બન્યુ છે. પશુઓ માટે ઘાસચારાની સમસ્યા વિકટ બની છે ત્યારે ખેડૂતો પર અત્યારે 'દાઝ્યા પર ડામ' દેવાનું કામ શરૂ થયું છે. ખેડૂતોનો આરોપ છેકે, ખેતરો-

(અનુસંધાન ૪થે પાને)

### ગત વર્ષ કરતા કેસ બમણા

# અમદાવાદમાં શિયાળામાં પણ ડેન્ગ્યુ વધ્યો : પોણા બે માસમાં ૭૦૦ કેસ

અમદાવાદ, ગુરુવાર

સામાન્ય રીતે ચોમાસામાં ડેન્ગ્યુ, મલેરિયા જેવા મચ્છરજન્ય રોગ વધુ ફેલાતા હોય છે. પરંતુ અમદાવાદમાં શિયાળામાં પણ ડેન્ગ્યુના કેસ સામે આવી રહ્યા છે. ઓક્ટોબર અને ૨૨ નવેમ્બર સુધી મ્યુનિ.ના ચોપડે ૭૦૦થી વધુ કેસ નોંધાયા છે. જે ગત વર્ષની સરખામણીએ બમણા છે.

## ૨૨ દિવસમાં પાણીના ૧૦ નમૂના અનફિટ, ટાઈફોઈડ, કમળો, ઝાડા-ઉલટીના કેસ યથાવત

સ્વચ્છતાની વાતો વચ્ચે અમદાવાદમાં મચ્છરોનો ત્રાસ વધી રહ્યો હોય તેવી સ્થિતિ જોવા મળે છે. વરસાદ રોકાયાના દોઢેક મહિના બાદ પણ ડેન્ગ્યુના કેસમાં ઘટાડો થયો નથી. એક બાજુ નવરાત્રિ અને દિવાળીની તહેવારોની ઉજવણી ચાલી રહી હતી. તેની વચ્ચે ઓક્ટોબર એક જ મહિનામાં ૫૫૩ કેસ, અને નવેમ્બરમાં પણ આ આંકડો ૨૦૦એ પહોંચી શકે છે. સામાન્ય રીતે ચોમાસામાં આટલા પ્રમાણમાં કેસ નોંધાતા હોય છે. જો કે મલેરિયા હાલ કાબૂમાં હોવાનો દાવો કરાય છે. પરંતુ તેના માટે આ વખતે ગત વર્ષ કરતા લોહીના માંડ ૩૦ ટકા નમૂના લેવાયા છે! બીજી બાજુ ટાઈફોઈડ, કમળો, ઝાડા ઉલટી જેવા પાણીજન્ય રોગ પણ

(અનુસંધાન ૪થે પાને)

**કયા મહિનામાં કેટલા કેસ?**

| રોગ | ઓક્ટોબર | ૨૨ નવે. સુધી |
|---|---|---|
| ડેન્ગ્યુ | ૫૫૩ | ૧૪૮ |
| સાદા મલેરિયા | ૬૭ | ૨૫ |
| ઝેરી મલેરિયા | ૧૫ | ૫ |
| ઝાડા ઉલટી | ૧૬૭ | ૧૧૦ |
| કમળો | ૪૨ | ૨૩ |
| ટાઈફોઈડ | ૧૯૪ | ૧૨૩ |

દુઃખદ અવસાન તથા બેસણાંની જાહેરાત માટે જુઓ પાના નં.૬


